શ્રી સિદ્ધગિરિના સૂરજકુંડમાં સ્નાન કરવાથી કુકડા મટી ચંદ્રરાજા બને છે

# ચંદ્રરાજા ચરિત્ર




રચયિતા :

પ.પૂ. ધર્મરાજા પાકૃતવિશારદ

પૂ. આ.મ.શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મ.

શ્રી સુરજમંડન પાર્શ્વનાથાય નમઃ

# શ્રી ચંદ્રરાજ ચરિત્ર

(પ્રાકૃત "ચંદરાય ચરિયં"નું ભાષાંતર)


**ચરિત્રકાર**

**સ્વ. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કસ્તૂરસૂરીશ્વરજી મહારાજશ્રી**

**અનુવાદક**

પં. શ્રી કપૂરચંદ રણછોડદાસ વારૈયા



**— પ્રકાશક —**

શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તુરસૂરિ જ્ઞાન મંદિર

ગોપીપુરા, સુરત-૧.

આવૃત્તિ પહેલી | નકલ ૧૫૦૦

પ્રકાશન વર્ષ સં. ૨૦૩૮

મૂલ્ય રૂ. ૧૬-૫૦

**પ્રાપ્તિસ્થાન**

શ્રી નેમિ-વિજ્ઞાન કસ્તુરસૂરિ
જ્ઞાનમંદીર, ગોપીપુરા,
સુરત-૧

શ્રી સરસ્વતી પુસ્તક ભંડાર
હાથીખાના, રતનપોળ
અમદાવાદ-૧

# અનુવાદકીય નિવેદન

અનંત ઉપકારી શ્રી જ્ઞાની ભગવંતોએ માનવજન્મની જે મહત્તા બતાવી છે તેનો મુખ્ય હેતુ આ માનવજન્મમાં જ સમ્યગ્ દર્શન–જ્ઞાન-ચારિત્રની આરાધના સવિશેષપણે શકય છે.

**सम्यग् दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः** તેમજ **ज्ञानक्रियाभ्यां मोक्षः।** આદિ સૂત્રો દ્વારા સમ્યગ્ જ્ઞાનનું મહત્ત્વ શાસ્ત્રોમાં સ્થાને સ્થાને બતાવવામાં આવેલ છે.

જૈન સાહિત્ય મુખ્યત્વે દ્રવ્યાનુયોગ,ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને કથાનુયોગ એમચાર વિભાગમાં વહેંચાયેલછે.

તેમાં પણ બાળજીવોને ધર્મમાર્ગે વાળવા માટે કથાનુયોગ સવિશેષ ઉપયોગી છે. આથી પૂર્વના જ્ઞાની મહાત્માઓએ સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી આદિ પ્રાદેશિક ભાષાઓમાં વિપુલપ્રમાણમાં કથાસાહિત્યની રચના કરી છે.

વર્તમાન સમયે ગુજરાતી રાસસાહિત્ય વિપુલ પ્રમાણમાં મળે છે. સેંકડોની સંખ્યામાં નાના–મોટા રાસો પ્રસિદ્ધ થયા છે. જેમાં ('લટકાળા' ઉપનામથી પ્રસિદ્ધ) પં. શ્રી મોહન વિજયજી મહારાજશ્રીએ વિ. સં. ૧૭૮૩માં **શ્રી ચંદ્રરાજાનો રાસ** રચ્યો છે. તેમાં ચાર ઉલ્લાસમાં ૧૦૮ ઢાળો અને કુલ ગાથા ૨૬૭૯ છે. આ રાસમાં મુખ્યત્વે શીલગુણની પ્રધાનતા,પુણ્યનું પ્રાબલ્ય અને શ્રીશત્રુંજયતીર્થનું માહાત્મ્ય છે. શ્રીચંદ્રરાજાને તેની અપરમાતા વીરમતીએ મંત્રપ્રયોગથી કૂકડારૂપે બનાવી દીધો હતો, તે કૂકડાનું રૂપ મટાડી મનુષ્યરૂપે બનાવવામાં કારણભૂત શ્રી શત્રુંજયતીર્થ

ઉપર આવેલ સૂર્યકુંડનું જળ છે. કથા ઘણી રોચક છે, વાચકને રસવૃત્તિ પેદા કરે છે.

આ શ્રી ચંદ્રરાજાના રાસ ઉપરથી શાસનસમ્રાટ સ્વ. પૂ. આ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજીમ. શ્રીના પટ્ટધર સ્વ. પૂ. આ.શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મ. શ્રીનાપટ્ટધર,પ્રાકૃત ભાષાના તલસ્પર્શી વિદ્વાન, શાંત, તપોમૂર્તિ, સૌમ્ય પ્રકૃતિ યુક્ત સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજય કસ્તૂર સૂરીશ્વરજી મહારાજ**શ્રીએ પ્રાકૃતભાષામાંગદ્યબદ્ધ **"सिरि चंदरायचरियं**" ગ્રંથની સુંદર રચના કરી છે. પ્રાકૃતભાષાનો અભ્યાસ કર્યા પછી અભ્યાસકો સારી રીતે વાચનમાં પ્રવેશ કરી શકે તેવો અને વ્યાખ્યાનમાં સારી રીતે વાંચી શકાય એવો એ ગ્રંથ છે.

પૂજ્ય શ્રીએ પ્રાકૃતભાષાનો અભ્યાસ કરવા માટે "**પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળાની** વિશિષ્ટ રચના કરી છે. આજે તો પ્રાકૃતભાષાના અભ્યાસ માટે મુખ્યત્વે એ જ પાઠમાળા દરેક સ્થળે ઉપયોગી થયેલ છે. તદુપરાંત **પાઇયવિન્નાણ કહા, સિરિ ચંદરાય ચરિયં, સિરિ ઉસહ-નાહ ચરિયં** આદિ અનેક ગ્રંથો પૂજ્યશ્રીએ પ્રાકૃત ભાષામાં રચ્યા છે. પૂજ્ય શ્રીનો પ્રાકૃતભાષા ઉપરનો કાબૂ અજોડ છે,

પૂ. આચાર્યદેવ વિ.સં. ૨૦૩૨ની સાલમાં માઘમાસમાં શ્રી શત્રુંજય ગિરિરાજ ઉપર નૂતન બાવન જિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે પધારેલ, તે વખતે મારે તેઓશ્રી સાથે વિશેષ પરિચય થયો. ત્યારે પૂજ્ય શ્રીએ અને તેઓશ્રીના શિષ્યરત્ન

પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરિ મ. શ્રીએ **सिरिं चंद-राय-चरियं**નો અનુવાદ કરવાનું કાર્ય મને સોંપ્યું. પૂજ્યશ્રી-ની પ્રેરણા અને આશીર્વાદથી શ્રી સિદ્ધાચલ ગિરિરાજની પાવન છાયામાં વિ.સં. ૨૦૩૨ના મહાવદ ૫ ના શુભદિવસે અનુવાદનું કાર્ય શરૂ કરી ચૈત્ર વદ ૫ ના દિવસે પૂર્ણ કર્યું. અનુવાદની દરેક નોટો પૂજ્યશ્રીએ જાતે તપાસી સંતોષ વ્યક્ત કર્યો અને એ જ પદ્ધતિએ **सिरिउसहनाह चरियं** નો અનુવાદ કરવાનું કામ મને સોંપવા પૂ. આ, શ્રી વિજય-ચદ્રોદયસૂરિજી મ.ને ભલામણ કરી સોજિત્રા મુકામે કાળધર્મ પામ્યા. પૂજ્યશ્રીની સૂચનાનુસાર પૂ. આ. શ્રી વિજયચંદ્રોદય સૂરિ મ. શ્રીએ અમદાવાદ પહોંચ્યા પછી **सिरि उसहनाह चरियं** ના અનુવાદનું કાર્ય મને સોંપ્યું. તે કામ પણ વિ. સં. ૨૦૩૨ના દીપાલિકાપર્વના શુભદિવસે પૂર્ણ કર્યું. દરેક નોટો પૂ. આ. શ્રી વિજય ચંદ્રોદય સૂરિજીમ. શ્રી ઉપર મોકલી અને તે અનુવાદ વિ. સં. ૨૦૩૩માં પુસ્તકરૂપે પ્રસિદ્ધ પણથઈ ગયો.

આ ગ્રંથનું કાર્ય પ્રેસમાં પ્રથમ સોંપાયેલ છતાં ભવિતવ્યતાના યોગે મુદ્રણકાર્યની મુશ્કેલીઓ આદિ કારણે આજે પ્રસિદ્ધ થાય છે. તેથી પણ કંઈક સંતોષ અનુભવાય છે.

સ્વ. પૂ આચાર્ય દેવે **चंदराय चरियं** અને **उसहनाह चरियं** સરલ સુબોધ પ્રાકૃતભાષામાં રચેલ છે. બન્નેય ગ્રંથોમાં વ્યાકરણને લગતા કર્તરિ–કર્મણિ વગેરે પ્રયોગો, શબ્દજ્ઞાન, વિભક્તિના જુદા જુદા પ્રયોગો, કાળના તથા રૂપોના વિવિધ પ્રયોગો. પ્રેરક, ઇચ્છા દર્શક આદિ પ્રયોગોનો જૂદે જૂદે

જગદ્ગુરુ શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તિ પૌઢપ્રભાવશાલિ
ભટ્ટારક આચાર્ય દેવ



શાસનસમ્રાટ

## શ્રીમાન વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ

જન્મ સંવત ૧૯૨૯ કારતક સુદ ૧ મહુવા — દીક્ષા સંવત ૧૯૪૫
આચાર્યપદ ૧૯૬૪—સ્વર્ગવાસ ૨૦૦૫ આસો વદ ૦)) મહુવા

શાન્તમૂર્તિ વાત્સલ્યવારિધિ સમયજ્ઞ આચાર્ય દેવ



શ્રીમાન વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ

જન્મ સંવત ૧૯૪૭ પાટણ — દીક્ષા સંવત ૧૯૬૨

આચાર્યપદ ૧૯૯૧—સ્વર્ગવાસ ૨૦૨૨ ચૈત્ર સુદ ૧૦ ખંભાત

પરમપૂજ્ય પ્રાકૃતવિશારદ સિદ્ધાન્તમહોદધિ આચાર્ય દેવ

**શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજ**



જન્મ વિ. સં. ૧૯૫૭ પોષ વદ ૧ અમદાવાદ

દીક્ષા વિ. સં. ૧૯૭૬ – ફાગણ વદ ૩ મેવાડ

આચાર્યપદ વિ. સં. ૨૦૦૧ ફાગણ સુદ ૪ બુરાનપુર

સ્વર્ગવાસ વિ. સં. ૨૦૩૨ વૈશાક વદ ૧૪ સોજીત્રા

સ્થાને મુક્તપણે પ્રયોગ કરી સરળભાષામાં પણ પ્રાકૃતભાષા જ્ઞાન મેળવનાર અભ્યાસકો ઉપર મહાન ઉપકાર કર્યો છે.

આજે તો પ્રાકૃતભાષાના અભ્યાસ માટે પૂજ્યશ્રીએ બનાવેલ **પ્રાકૃતવિજ્ઞાન પાઠમાળા** જ મુખ્યત્વે ઉપયોગી બની રહી છે. અને તે પછી વાચનમાં પ્રવેશ કરવા માટે તેઓ શ્રીએ રચેલ **પાઇય વિન્નાણ કહા, ચંદરાય–ચરિયં, ઉસહનાહ ચરિયં** ઉપયોગી થઈ પડયા છે. તે ગ્રંથો વ્યાખ્યાનમાં વાંચવા માટે પણ અત્યંત છે. તે પછી આગળના અભ્યાસીઓ માટે તો **समराइच्चकहा, वसुदेवहिंडी, पउम चरियं, चउपन्नपुरिष महाचरियं, संवेग रंगशाला** આદિ અનેક પ્રાકૃત ગ્રંથો છે.

સ્વ. પૂ. આચાર્યદેવે પોતાનું સમગ્રજીવન જ્ઞાન–ધ્યાનમાં પસાર કરી પ્રાકૃતભાષામાં અનેક ગ્રંથોની રચના કરવા દ્વારા અનેક ભવ્યાત્માઓ ઉપર મહાન ઉપકાર કરેલ છે.

આ અનુવાદ દ્વારા બાળજીવો પણ પુણ્યશીલ શ્રી ચંદ્રરાજાનું ચરિત્ર અને પરમતારક તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિરાજનું માહાત્મ્ય જાણી, પોતાનું જીવન શીલ-સંપન્ન ઉચ્ચકોટિનું બનાવી સમ્યગ્–દર્શન જ્ઞાન–ચારિત્રની આરાધના કરી મુક્તિના પરમસુખના ભાગી બને એવી હાર્દિક અભિલાષા.

શ્રી સિદ્ધક્ષેત્ર–પાદલિપ્તપુર લિ. સંઘ સેવક
વિ. સં ૨૦૩૬, વૈશાખ વદ–૬ કપૂરચંદ રણછોડદાસ વારૈયા
તા. ૬–૫–૮૦ મંગળવાર અધ્યાપક
શ્રી જૈન સૂક્ષ્મ તત્ત્વબોધ પાઠશાળા

# પ્રેરણાદાતાનું પ્રાક્ કથન

પ્રસ્તુત ગ્રંથ એ પ્રથમ શ્રી મોહનવિજયજી મ. સા.ના **ચંદ્રદરાજાના રાસ** (ગુજરાતીમાં) છે તે ઉપરથી પ્રાકૃત ભાષામાં પ્રતિભાવંત અજોડ જ્ઞાતા સ્વ. પ.પૂ. આચાર્યશ્રી કસ્તુરસૂરીશ્વરજી મ. સાહેબે પ્રાકૃત ગદ્યમાં "ચંદરાય-ચરિયં"ની રચના કરી.

આ રચનાથી પ્રાકૃત ભાષાના સુશ્રુત પંડિતો ખૂબ મુગ્ધ બન્યા. પૂ. આચાર્ય દેવે આ રચનાથી પ્રાકૃત સાહિત્યને સમૃદ્ધ ને ગૌરવવંત બનાવ્યું છે.

પૂ. આચાર્ય દેવને મનમાં વિચાર–પ્રકાશ ઝબૂકયો કે આ પ્રાકૃત ગદ્યરચનાનું ગુજરાતીમાં ભાષાંતર થાય અને તે કાર્યો માટે તેઓશ્રીએ પં. શ્રી કપૂરચંદભાઈ વારૈયાને પસંદ કર્યા. અનુવાદનું "ચંદરાય ચરિયંનું" અક્ષરશઃ ભાષાંતર કર્યું અને તે ભાષાંતર પૂ. આચાર્ય દેવ પોતે જ તપાસી ગયા હતા.

છેલ્લું ભાષાંતર તેઓશ્રીએ બોરસદ મુકામે સં. ૨૦૩૩ ના વૈશાખ વદ ૧૧ના દિવસે તપાસ્યું અને છપાવવા માટે સંમતિ આપી. ત્યારબાદ મહાન આત્મા ૨૦૩૩ના વૈશાખ વદ ૧૪ ના દિવસે સોજિત્રામાં સ્વર્ગવાસી બન્યા.

એટલે આ ભાષાંતર પૂ. આચાર્યદેવે સ્વયં વાંચી. પ્રમાણિત કર્યું છે. તે પૂર્વે સં. ૨૦૩૨ ના મહા સુદ ૭ ના દિવસે શ્રી સિદ્ધગિરિ ઉપર નૂતન ટૂંકમાં ૫૦૪ પ્રતિમાઓની પ્રતિષ્ઠા સ્વ. પ. પૂ. આચાર્ય શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજી

મ. સાહેબના શુભ હસ્તે સકલ સંઘની ઉપસ્થિતિમાં થઈ. તે દિવસને સ્મરણીય બનાવવા માટે મેં સંકલ્પ કર્યો કે પૂ. આ. મ. શ્રી રચિત ગ્રંથ "ચંદરાય ચરિયં" નું ભાષાંતર ગુજરાતીમાં "**પુણ્ય સ્મૃતિ**" રૂપે છપાવવું.

અને તે હવે થોડા સમય પછી પ્રકાશિત થાય છે. મારો સંકલ્પ સફળતાને વરે છે તેવી આનંદોલ્લાસ થાય તે સ્વાભાવિક છે.

જરૂર સંકલ્પ અને સિદ્ધિ વચ્ચે ચાર–સાડા ચાર વરસનાં વહાણાં વીતી ગયાં, કારણ કે પ્રેસની અગવડતા. વિલંબ અને કેટલીક મુશ્કેલી કારણભૂત છે.

પૂ. આ.મ.શ્રીના પ્રાકૃત ગદ્યને વફાદાર રહી ગુજરાતીમાં ભાષાંતર કરનાર પં. શ્રી કપૂરચંદ વારૈયા અભિનંદનને પાત્ર છે. તેમની સાહિત્ય સેવાભક્તિ પ્રશંસનીય તેમજ અનુમોદનીય છે.

આ દળદાર ગ્રંથ વાચકને આત્મકલ્યાણ સાધવામાં સહાયભૂત થશે. તથા વૈરાગ્યભાવના પ્રજ્જવલિત કરશે.

આવું વાચન હરહંમેશ માટે સ્મરણીય બની રહે તેવું પોષક ને રોચક છે.

મારા સંકલ્પને સફળતા આપવામાં સહાયભૂત બનનાર દરેક અભિનંદનીય છે.

શિવમસ્તુ સર્વજગત:

—ચંદ્રોદયસૂરિ

# શ્રી ચંદરાય ચરિયં (ભાષાંતર)ના પુસ્તકમાં લાભ લેનાર ભાગ્યશાળીઓના નામ

રૂ. પૈસા

૨૦૦૦–૦૦ પ. પૂ પંન્યાસજી શ્રી અજિત ચંદ્ર વિજયજી ગણિવર્ય તથા મુનિશ્રી વિનિતચંદ્ર વિજય મ. સાહેબના સદ્ઉપદેશથી શ્રીપુરૂષાદાનીય પાર્શ્વનાથ શ્વે. મૂ. જૈન સંઘ તરફથી (જ્ઞાનખાતામાંના)

૧૦૦૦–૦૦ સાધ્વી શ્રી મંજુલા શ્રીજી મ. તથા સાધ્વી શ્રી વારષેણા શ્રીજીના સદ્ઉપદેશથી સદ્‌ગૃહસ્થો તરફથી ( જ્ઞાનખાતાના )

૭૫૧–૦૦ સ્વ. પ.પૂ ગણિવર્ય શ્રી અભયચંદ્ર વિજયજી મ. સા. ના સદ્ઉપદેશથી સદ્‌ગૃહસ્થો તરફથી (જ્ઞાનખાતાના)

૫૦૧–૦૦ સાધ્વીશ્રી ગુણોદયા શ્રીજી મ. ના સદ્ઉપદેશથી. સદ્‌ગૃસ્થો તરફથી (જ્ઞાનખાતાના)

૫૦૧–૦૦ શ્રી વીસા ઓસવાલ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ **ખંભાત** (જ્ઞાનખાતાના)

૫૦૧–૦૦ શેઠશ્રી નંદલાલ ભોગીલાલ **ખંભાત**

૫૦૧–૦૦ શેઠશ્રી મુલચંદભાઈ સોમચંદ **ખંભાત**

૨૫૧–૦૦ શેઠશ્રી સાંકલચંદભાઈ ગાંડાલાલ ઘીયા **ખંભાત**

૨૫૧–૦૦ શેઠશ્રી ચુનીલાલ મગનલાલ ઘીવાલા મુંબઈ

૨૦૧–૦૦ શેઠશ્રી રતીલાલ જેઠાલાલ સલોત સાયન મુંબઈ

આચાર્ય શ્રી વિજય કસ્તૂરસૂરિ વિરચિત

# શ્રી ચંદ્રરાજ ચરિત્રની વિષયાનુક્રમણિકા


મંગલાચરણ (મૂળ) ૧

મંગલાચરણનો–અનુવાદ ૨

## પ્રથમ ઉદ્દેશો

જંબૂદ્વીપનું વર્ણન ૪

આભાપુરી નગરીના વીરસેન રાજાનું વર્ણન ૫

શિકાર નિમિત્તે વક્રગતિ અશ્વ સાથે રાજાનું અટવીમાં જવું ૫

વીરસેન રાજાનો વાવમાં પ્રવેશ, યોગી સાથે યુદ્ધ અને કન્યાનું રક્ષણ. ૮

વીરસેન રાજાની આગળ કન્યાનું પોતાના સ્વરૂપનું કથન ૧૧

રાજાને સૈન્યનો સમાગમ. ૧૫

ચંદ્રાવતી કન્યાનું પાણિગ્રહણ. ૧૬

ચંદ્રકુમારનો જન્મ ૧૯

વસંત મહોત્સવ. ૨૧

વીરમતીની ચિંતા ૨૨

શુકનું આગમન ૨૩

શુકે વીરમતીને ઉપાય બતાવ્યો. ૨૮

વીરમતીનું કાર્યસિદ્ધિ માટે ગમન ૨૯

વીરમતીને આકાશગામિની વગેરે વિદ્યાઓની પ્રાપ્તિ ૩૩

ચંદ્રકુમારનો ગુણાવલી સાથે વિવાહ ૩૫

વીરસેન રાજાનો વૈરાગ્ય. ૩૬

ચંદ્રકુમારને રાજ્ય અને વીરસેન રાજા તથા ચંદ્રાવતીનીદીક્ષા ૩૮

વીરમતીનું ચંદ્રરાજા આગળ પોતાની વિદ્યાશક્તિનું કહેવું ૪૦

વીરમતીનું ગુણાવલીને સ્વાધીન કરવું. ૪૩

ગુણાવલીને દેશાંતર ગમન માટે સમજાવવું. ૪૬

વીરમતીએ કરેલ દેવની આરાધનાથી ચંદ્રરાજાનું જલદી ઘેર આવવું. ૫૮

ચંદ્રરાજાનું કપટપૂર્વક સૂવું. ૬૦
વિમળાપુરી તરફ જવાનો પ્રારંભ ૬૬
અષ્ટાપદ આદિ તીર્થોનું વર્ણન ૬૭
સમ્મેતશિખર ગિરિનું વર્ણન ૬૮
સિદ્ધાચળ તીર્થનું વર્ણન ૬૯
ગિરનાર પર્વતનું વર્ણન ૭૦
લવણ સમુદ્રનું વર્ણન ૭૦
વિમળાપુરીમાં આગમન ૭૨

## દ્વિતીય ઉદ્દેશો

મંગલાચરણ ૭૫
નગરના દરવાજે રાજપુરૂષો સાથે ચંદ્રરાજાનું મિલન અને વિવાદ ૭૫
સેવકો સાથે ચંદ્રરાજાનું સિંહલરાજાની સભામાં આગમન ૮૧
ચંદ્ર રાજાનું સત્ય સ્વરૂપ જાણવા સિંહલરાજાની વિજ્ઞપ્તિ ૮૪
હિંસક મંત્રી વગેરેના આગ્રહથી ચંદ્રરાજાનું કાંઈક પોતાનું સ્વરૂપ પ્રગટ કરવું. ૮૬
હિંસક મંત્રીનું સિહલરાજાના કુષ્ઠી પુત્ર માટે પ્રેમલા-લચ્છીને પરણીને આપવા માટે ચંદ્ર રાજાને કહેવું ૮૯
હિંસક મંત્રીને ચંદ્રરાજાએ પોતાનો પરિચય આપવો. ૯૧
કનકવતીની પુત્ર ચિંતા
રાજાએ અઠ્ઠમ કરી કુળદેવીનું આરાધન કરવું. ૯૬
દેવીએ આપેલુ કુષ્ઠી પુત્રનું વરદાન. ૯૭
પુત્ર જન્મનો મહોત્સવ-કનકધ્વજ નામ પાડવું. ૯૯
સિંહલપુરના વ્યાપારીઓનું વિમલાપુરીમાં આગમન અને કનકધ્વજ કુમારના રૂપની પ્રશંસા કરવી. ૧૦૧

અન્ય વ્યાપારીઓએ કરેલી કનકધ્વજકુમારના રૂપની પ્રશંસા ૧૦૫
વ્યાપારીઓ સાથે પ્રધાન પુરૂષોને વિવાહ માટે સિંહલપુરી મોકલવા ૧૦૭
પ્રેમલાલચ્છી સાથે કનકધ્વજકુમારના વિવાહ માટે માગણી ૧૦૮
હિંસક મંત્રી સાથે સિંહલ રાજાની વિચારણા. ૧૧૧
પ્રેમલાલચ્છી અને કનકધ્વજના વિવાહનો નિર્ણય ૧૧૨
ચારે મંત્રીઓને ક્રોડ ક્રોડ ધન આપી વશ કરવા. ૧૧૪
વિવાહદિન નિર્ણય ૧૧૭
કુલ દેવીના વચનથી વિવાહ માટે આગમન ૧૧૯
હિંસક મંત્રીની ચંદ્રરાજા પાસે પ્રેમલાલચ્છીને ભાડાથી પરણી આપવાની માગણી. ૧૨૧
ચંદ્રરાજાનું કનકધ્વજના બહાને પ્રેમલાલચ્છીને પરણવા માટે નિર્ગમન ૧૨૩
વરને જોઈને સાસુ-વહુનો વિવાદ ૧૨૬
વરકન્યાની પાસાની સારી રમત ૧૨૮
સિંહલરાજા અને હિંસકમંત્રીનું ચંદ્રરાજાને નીકળી જવા માટે કહેવું, ૧૩૧
સ્ત્રીને છોડીને ચંદ્રરાજાનું નિર્ગમન અને વૃક્ષના પોલાણમાં છૂપાઈ જવું, ૧૩૬
સાસુ વહુનો વાર્તાલાપ — ૧૩૭
આભાપુરામાં આગમન ૧૩૯
કપટ નિદ્રાથી સૂતેલા ચંદ્ર રાજાને જગાડયો. ૧૪૦
પરસ્પર પ્રપંચ કરતા ચંદ્રરાજા અને ગુણાવલીનો વાર્તાલાપ ૧૪૧

## તૃતીય ઉદ્દેશો


| | |
|---|---|
| મંગલાચરણ | ૧૫૧ |
| ચંદ્રરાજા અને ગુણાવલીનો વાર્તાલાપ | ૧૫૨ |
| ગુણાવલીનું વીરમતી પાસે જવું. | ૧૫૫ |
| ક્રોધ પામેલી વીરમતીએ ચંદ્રરાજાને કૂકડો કરવો. | ૧૫૭ |
| કૂર્કુટભાવને પામેલા ચંદ્ર રાજાને જોઈ ગુણાવલીનાં દીનવચનો | ૧૬૦ |
| કૂકડાને લઈને આવેલી ગુણાવલી ઉપર વીરમતીનો કોપ | ૧૬૫ |
| ભિક્ષા માટે આવેલા મુનિરાજનો ઉપદેશ. | ૧૬૮ |
| કૂકડાનું રક્ષણ કરતાં ગુણાવલીનાં કરુણ વચનો. | ૧૭૦ |
| કૂકડાને જોઈ નગરજનોનો વાર્તાલાપ | ૧૭૧ |
| હિંસક મંત્રીની કપટરચના પ્રેમલાલચ્છીએ કરેલ કનકધ્વજનું અપમાન | ૧૭૫ |
| હિંસક મંત્રીએ પ્રેમલાલચ્છીને વિષકન્યાનું કલંક આપવું | ૧૮૦ |
| પ્રેમલા-લચ્છીનો વધ કરવા માટે તેના પિતાએ ચંડાળોને સોંપી. | ૧૮૩ |
| નગરજનોની વિનંતીનો રાજાએ કરેલ અનાદર | ૧૮૪ |
| વધસ્થાને લાવેલી પ્રેમલા લચ્છી અને ચંડાળોનો વાર્તાલાપ | ૧૮૫ |
| પ્રેમલાલચ્છીએ પોતાના પિતાને કહેલી સત્ય હકીકત | ૧૮૮ |
| પ્રેમલાલચ્છીના વિવાહ માટે ગયેલા પ્રધાનોને હકીકત પૂછવી. | ૧૯૩ |
| પ્રધાનો પાસેથી સત્ય હકીકત જાણી રાજાનું શંકારહિત થવું. | ૧૯૮ |
| સિંહલ રાજા આદિ પાંચનો નિગ્રહ કરવો. | ૧૯૮ |
| જંઘાચરણ મુનિનું આગમન અને ઉપદેશ. | ૨૦૦ |
| નમસ્કાર મંત્રના ધ્યાનના પ્રભાવે શાસનદેવીનું વચન | ૨૦૪ |
| યોગિનીના મુખે ચંદ્રરાજાના ગુણોનું શ્રવણ | ૨૦૪ |

ચંદ્રરાજાને ન જોવાથી નગરજનોનો ક્ષોભ ૨૦૮
હિતશિક્ષા આપનાર મંત્રી ઉપર વીરમતીએ ખોટું આળ આપવું ૨૦૮
શિવકુમાર નટનું પોતાની પુત્રી શિવમાલા સાથે રાજસભામાં આગમન ૨૨૫
પોતાનો યશ સાંભળી કૂકડા રૂપે રહેલ ચંદ્રરાજાનું દાન ૨૨૯
નિયમ વિરૂદ્ધ દાનથી વીરમતીનો રોષ ૨૩૦
બીજા દિવસે પણ કૂર્કુટ રાજનું દાન ૨૩૩
વીરમતીનો કૂકડા રૂપે રહેલ ચંદ્રરાજા ઉપર રોષ ૨૩૪
કુકડા રૂપે રહેલા ચંદ્ર રાજાનું શિવમાલાને પક્ષીની ભાષામાં કથન ૨૩૫
વીરમતી આગળ નટરાજની કુકડાની માંગણી ૨૩૬
કૂર્કુટ રાજના વિયોગમાં ગુણાવલીનો વિલાપ ૨૩૮
કૂકડારૂપે રહેલ ચંદ્ર રાજાનું ગુણાવલીને આશ્વાસન ૨૪૩
કૂકડા રૂપે રહેલ ચંદ્રરાજા પાસે નટકન્યા શિવમાલાની પ્રાર્થના ૨૪૪
મંત્રીએ ગુણાવલીને આપેલ આશ્વાસન ૨૪૬
નટોનું પ્રયાણ અને ગુણાવલીનો વિલાપ ૨૪૮
પોતાના સ્વામીનીરક્ષા માટે ગુણાવલીએ સૈન્યને મોકલ્યું. ૨૫૧
નટોનું બંગ દેશમાં આગમન ૨૫૨
બંગદેશના રાજા અરિમર્દને કરેલ ચંદ્રરાજાનું સન્માન ૨૫૩
નટોનું સિંહલપુરમાં આગમન ૨૫૪
સિંહલા દેવીએ કરેલી કૂકડાની માંગણી ૨૫૫
નટો પાસે સિંહલ રાજાએ કૂકડાની માંગણી ૨૫૬
નટોનો પ્રત્યુત્તર અને યુદ્ધ અને નટોની થયેલી જીત ૨૫૭
નટોનું પોતનપુરમાં આગમન ૨૫૮

શ્રેષ્ઠિ પુત્ર લીલાધરનો પરદેશ ગમન વિચાર ૨૫૯
નિમિત્તિયાએ કૂકડાનો શબ્દ થયે આપેલ પ્રયાણ મુહૂર્ત ૨૬૫
કૂકડાનો શબ્દ સાંભળી લીલાધરનું વિદેશગમન ૨૬૯
પતિના પરદેશગમનથી લીલાવતીની વિરહવ્યથા ૨૬૯
નટો પાસે મંત્રીએ કરેલી કૂકડાની માંગણી ૨૭૦
મંત્રીએ સમજાવવાથીનટોએથોડાવખતમાટે કૂકડાનેઆપ્યો ૨૭૨
લીલાવતીનો કૂકડા સાથેનો વાર્તાલાપ ૨૭૩
કૂકડા રૂપે રહેલા ચંદ્રરાજાએ લીલાવતીને આપેલી પોતાની ઓળખાણ ૨૭૫
નટોનું કૂકડા સાથે વિમળાપુરીમાં આગમન ૨૭૭
પ્રેમલાલચ્છીના ડાબા નેત્રનું ફરકવું અને સખીઓ સાથે વાર્તાલાપ ૨૭૮
રાજયસભામાં નટોનુ આગમન ૨૭૯
પ્રેમલાલચ્છીને જોઈ કુકુંટ રૂપે રહેલા ચંદ્રરાજાનો હર્ષ ૨૮૨
બન્નેનું દૃષ્ટિ મિલન ૨૮૩

## ચતુર્થ ઉદ્દેશો

મંગલાચરણ ૨૮૫
વિમલાપુરીના રાજાનું નટરાજ પાસેથી ચંદ્રરાજાનું વૃત્તાંત સાંભળવું ૨૮૮
પ્રેમલાલચ્છીની કૂકડાને ગહણ કરવાની ઇચ્છા ૨૯૦
કૂકુંટરાજને લેવા માટે રાજાનું નટરાજ પાસે જવું. ૨૯૧
શિવમાલા અને કૂકુંટ રાજનો વાર્તાલાપ ૨૮૨
કુકુટરાજની આગળ પ્રેમલાલચ્છીનું પોતાનું દુઃખ પ્રગટ કરવું ૨૯૫
કૂકુંટ રાજની સાથે પ્રેમલાલચ્છીનું પુંડરીક ગિરિની ૩૦૦

યાત્રા નિમિત્તે નિર્ગમન, સૂર્યકુંડમાં કૂકુંટરાજનું પડવું ૩૦૨
કૂકડાપણાનો ત્યાગ કરીને ચંદ્રરાજા તરીકે પ્રગટ થવું ૩૦૫
શ્રી ઋષભદેવ જિનેશ્વરનું પૂજન અને યુગાદિજિનના ગુણગાન ૩૦૬
ચારણ શ્રમણ મુનિ પાસેથી ધર્મ શ્રવણ ૩૦૯
મકરધ્વજ રાજા વગેરેનું વિમલાચલગિરિ ઉપર ચંદ્રરાજાને મળવા માટે આવવું. ૩૦૧
ચંદ્રરાજાનો વિમલાપૂરીમાં પ્રવેશ ૩૦૩
મકરધ્વજ રાજાનો પશ્ચાત્તાપ ૩૦૫
ચંદ્રરાજાએ મકરધ્વજ રાજાની આગળ પોતાની પૂર્વ વાત કહેવી ૩૦૯
મકરધ્વજ રાજાએ વધ માટે આદેશ કરેલા સિંહલ રાજા આદિ પાંચેનું ચંદ્રરાજાએ છોડાવવું ૩૨૦
ચંદ્રરાજાએ ગુણાવલી ઉપર લેખ મોકલ્યો ૩૨૪
ચંદ્રરાજા કૂકડાપણાનો ત્યાગ કરી મનુષ્ય થયો તે વાત ૩૨૮
વીરમતીએ જાણી ચંદ્રરાજાને મારવા માટે વીરમતીએ કરેલી દેવોની આરાધના ૩૩૧
ચંદ્રરાજાનાપુણ્ય પ્રભાવે વીરમતીની દેવોની આરાધના નિષ્ફળ થઈ ૩૩૩
વીરમતીનું વિમલાપુરીમાં આગમન ૩૩૪
વીરમતીનું મરણ અને છઠ્ઠી નરકમાં જવું. ૩૩૪
ગુણાવલીએ શુક દ્વારા ચંદ્રરાજા ઉપર પત્ર મોકલ્યો ૩૩૮
ચંદ્રરાજાની આભાપુરી જવાની તૈયારી ૩૪૦

ચંદ્રરાજા સાથે જતી પ્રેમલાલચ્છીને માતાપિતાની હિતશિક્ષા ૩૪૨
વિમલગિરિની યાત્રા કરીને ચંદ્રરાજાનું પ્રયાણ ૩૪૭
પોતનપુરમાં આગમન ૩૪૯
ઇન્દ્રે કરેલી ચંદ્ર રાજાના શીલની પ્રશંસા ૨૪૯
દેવે વિદ્યાધરી રૂપે આવીને ચંદ્રરાજાના શીલની પરીક્ષા કરી ૩૫૦
ગુણાવલી અને પ્રેમલાલચ્છીને પુત્રજન્મ ૩૬૨
શ્રી મુનિસુવ્રત સ્વામીનું આભાપુરીમાં આગમન અને સમવસરણ ૩૬૫
પરિવાર સાથે ચંદરાજાનું વંદન માટે ગમન અને જિનેશ્વરની દેશનાનું શ્રવણ ૩૬૬
શ્રી મુનિસુવ્રત સ્વામીએ કહેલ ચંદ્રરાજા વગેરેના પૂર્વભવો. ૩૭૨
ચંદ્રરાજાનો સંવેગ અને પોતાની સ્ત્રીઓને પોતાનો અભિપ્રાય જણાવવો ૩૯૪
શ્રી મુનિસુવ્રતસ્વામી પાસે ચંદ્રરાજા વગેરેનું દીક્ષાગ્રહણ ૩૯૮
આભાપુરીથી વિહાર અને હિતશિક્ષા ૪૦૩
ચંદ્રરાજર્ષિનો શાસ્ત્રાભ્યાસ ૪૦૫
ચંદ્ર રાજર્ષિને કેવળજ્ઞાનની પ્રાપ્તિ ૪૦૮
શ્રી ચંદ્રકેવળીની ધર્મદેશના ૪૧૦
શ્રી સિદ્ધાચળ તીર્થમાં ચંદ્રકેવળીનો મોક્ષ ૪૧૫
સિદ્ધ શિલાનું સ્વરૂપ ૪૧૬

॥ ॐ अर्हं नमः ॥

॥ ॐ ह्रीँ अर्हं श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ॥

नमो गुरुपायणं आयरियसिरिविजयनेमिसूरीसरसिरि-
विजयविन्नाणसूरीसराणं ॥

આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિવિરચિત

# શ્રી ચંદ્રરાજ ચરિત્ર

(सिरिचंदरायचरियं નો ગુજરાતી અનુવાદ)

## મંગલાચરણ

पढमो पुढवीनाहो, जो आसी तित्थनायगो पढमो ।
तं जिणचंदं वंदे, नाहिसुयं सूरसरिसाऽऽहं ॥१॥

निम्मलयर–कंति–सिहा,–भूसियसिरयं उसहजिणंदस्स ।
जाओ पोम्मदहाओ, सिंधुनईए पवाहो किं ? ॥२॥

सहिऊण छुहं लद्धं, केवलनाणं समप्पियं जेण ।
नियमाऊए लोए, सो जणणी वच्छलो जयउ ॥३॥

जास य वंसाऽऽहरणा, एसरियजुया सुभोगिणो भूवा ।
नाणं लहिऊणाऽऽयं–सघरे सिववरवहुं वरिआ ॥४॥

बल्ले इक्खुरसासी, पारणगे सो वि चेव संजाओ ।
महुरो इक्खुरसो सो, कुणेउ भद्दं सुभत्ताणं ॥५॥

बारसअंगधरो जो, सुत्तत्थाणं परूवगो निच्चं ।
जंगमनाणसमुद्दं, नमेमि तं पुंडरीगगणिं ॥६॥
भवियाण इट्ठदाइणि !, मणगयतमहरणि ! सारए ! तं च ।
सीलायारकहाए, वत्तुस्स ममाणणे वससु ॥७॥
गुणरयणनियरभरिओ, गुरुवारिनिही तरिज्जइ कहमिमो ।
जस्सुवयारोऽणंतो, तं गुरुपायं नमंसामि ॥८॥
पगुरुसिरिनेमिसुरिं, तित्थसमुद्धरणतप्परं निच्चं ।
तवगच्छगयणतवणं, पहावसोहंतसूरिवरं ॥९॥
नमिऊण तह य सगुरुं, वच्छल्लनिहिं पसंतमुत्तिधरं ।
विन्नाणसूरिरायं, झाइय हं सपरबोहट्ठं ॥१०॥
सीलरयणरमणिज्जं, रएमि चंदनिवइस्स सच्चरियं ।
जं सवणुत्तंस सइ, सिया निउणधम्मसुपवित्तं ॥११॥
एयकहारसपुरओ, विबुहाण सुहारसो मुहा होइ ।
तं कविवयणविलासं, सुणेह भविया कहारसिगा ॥१२॥
महुरो कहापबंधो, वयणविलासो कहागरो य बुहो ।
जइया सोया वियड्ढो, तइया अप्पेइ महुरत्तं ॥१३॥

## મંગલાચરણનો અનુવાદ

જે પ્રથમ પૃથ્વીનાથ, પ્રથમ તીર્થનાયક હતા, તે સૂર્યસરખી કાંતિવાળા, નાભિરાજાના પુત્ર, જિનોમાં ચંદ્રસમાન શ્રી ઋષભદેવ પ્રભુને વંદન કરું છું. ૧

અત્યંત નિર્મળ કાંતિવાળી શિખાથી ભૂષિત શ્રી ઋષિભજિનેંદ્રનું મસ્તક જાણે પદ્મદ્રહથી ઉત્પન્ન થયેલો સિંધુનદીનો પ્રવાહ શું હોયની? ૨

જેઓએ ક્ષુધા સહન કરીને પ્રાપ્ત કરેલું કેવલજ્ઞાન પોતાની માતાને સમર્પણ કર્યું, તે જનનીવત્સલ જિન જયવંતા વર્તો. ૩

જેમના વંશના આભરણરૂપ, ઐશ્વર્યયુક્ત, ઉત્તમ ભોગવાળા રાજાઓ આરીસાભવનમાં (કેવળ) જ્ઞાન પામીને મુક્તિરૂપ શ્રેષ્ઠ વધૂને વર્યા. ૪

બાલ્યપણામાં ઈક્ષુરસનો આસ્વાદ કરનાર, પારણામાં પણ તે જ (ઈક્ષુરસ) થયો, તે મધુર ઈક્ષુરસ સુભક્તોનું કલ્યાણ કરો. ૫

જે દ્વાદશાંગીને ધારણ કરનાર, હંમેશાં સૂત્ર અને અર્થના પ્રરૂપક, જંગમ જ્ઞાનસમુદ્ર સમા, તે શ્રી પુંડરીક ગણધરને નમસ્કાર કરું છું. ૬

હે ભવ્યજીવોને ઇષ્ટ આપનારી, મનમાં રહેલ (અજ્ઞાનરૂપી) અંધકારને હરણ કરનારી, શારદા! તું શીલ અને આચારની કથાને કહેનારા મારા મુખને વિષે નિવાસ કર. ૭

ગુણોરૂપી રત્નોથી ભરેલો આ ગુરુરૂપી સમુદ્ર કેવી રીતે તરી શકાય? જેમનો ઉપકાર અનંત છે, તે ગુરુના ચરણને હું નમસ્કાર કરું છું. ૮

હંમેશાં તીર્થોનો ઉદ્ધાર કરવામાં તત્પર, તપાગચ્છરૂપી આકાશને વિષે સૂર્યસમાન, પ્રભાવથી શોભતા સૂરિવર્ય પ્રગુરુ શ્રી વિજયનેમિસૂરિને નમસ્કાર કરીને, તેમજ વાત્સ-

લ્યના ભંડાર, પ્રશાંતમૂર્તિને ધારણ કરનાર પોતાના ગુરુ શ્રી વિજ્ઞાનસૂરિરાજનું ધ્યાન કરીને હું સ્વ-પર-બોધને માટે શીલરૂપી રત્ન વડે મનોહર શ્રી ચંદ્રરાજાનું સુચરિત્ર રચું છું. નિપુણધર્મ વડે સુપવિત્ર એવું જે હંમેશાં કાનના આભૂષણરૂપ થાઓ. ૯-૧૦-૧૧

આ કથારસની આગળ વિબુધો (= પંડિત, દેવ)ને અમૃતરસ ફોગટ થાય છે, તે કવિના વચનનો વિલાસ, કથારસિક હે ભવ્યો ! તમે સાંભળો. ૧૨

મધુર કથાની રચના, વચનનો વિલાસ, પંડિત કથાકાર હોય, અને જો શ્રોતા ચતુર હોય, તો મધુરપણું આપે છે. ૧૩

## પ્રથમ ઉદ્દેશ

## જંબૂદ્વીપનું વર્ણન

વલાયાકારે અસંખ્ય દ્વીપ અને સમુદ્રોથી વીંટાયેલો, એક લાખ યોજન વિસ્તારવાળો જંબૂવૃક્ષોથી સુશોભિત જંબૂદ્વીપ નામે દ્વીપ છે. તે જંબૂદ્વીપમાં છ ખંડોથી શોભિત, અષ્ટમીના ચંદ્ર સરખું પ્રકાશક ભરતક્ષેત્ર સકલ ક્ષેત્રોના શિરોમણિભાવને પામે છે. જે કારણથી ત્યાં પરમ-પવિત્ર **તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલ મહાતીર્થ** શોભે છે.

જે ક્ષેત્રમાં ૧૪-૧૪ હજાર નદીઓના પરિવારવાળી ગંગા અને સિંધુ નામની ૨ શ્રેષ્ઠ નદીઓ છે. જેમાં સાડીપચીસ આર્ય દેશો છે. બાકીના સર્વ અનાર્ય દેશો જાણવા.

**આભાપુરી નગરીના વીરસેન રાજાનું વર્ણન. શિકાર નિમિત્તે વક્રગતિ અશ્વ સાથે રાજાનું અટવીમાં જવું.**

ભરતક્ષેત્રના મધ્યખંડમાં અત્યંત મનોહર પૂર્વ દેશ છે. જ્યાં જિનેશ્વરો કેવલજ્ઞાન પામે છે. તેમાં અનેક દેશમાંથી આવેલ સમસ્ત વસ્તુઓથી પરિપૂર્ણ અતિવિશાલ **આભાપુરી** નામની નગરી હતી. તે નગરીની શોભા જોઈને લજ્જા પામતી હોય તેમ લંકા અને અલકાપુરી જાણે દૂર ચાલી ગઈ.

તે નગરીમાં પોતાના રૂપથી દેવેન્દ્રને જીતનારો, અભિમાની શત્રુઓને દલન કરનારો, વૈરીઓના સમૂહને જીતવામાં વીર એવો **વીરસેન** નામે રાજા નીતિ વડે રાજ્ય કરે છે. કહ્યું છે કે—

**दुट्ठस्स दंडो सुअणस्स पूआ, नाएण कोसस्स य संपवुड्ढी ।**
**अपक्खवाओ रिउदेसरक्खा, पंचेव जागा कहिया निवाणं॥१॥**

[1] દુષ્ટનો દંડ, [2] સજ્જનની પૂજા, [3] ન્યાય વડે ખજાનાની વૃદ્ધિ, [4] પક્ષપાતરહિતપણું, [5] શત્રુઓથી દેશની રક્ષા. આ રાજાઓના પાંચ યજ્ઞ કહ્યા છે.

તે રાજાને સર્વ અંતઃપુરમાં પ્રધાન, વિશાળ કુળમાં ઉત્પન્ન થયેલ, વિશાળ નેત્રવાળી, પોતાના રૂપની શોભાથી દેવાંગનાઓની જેણે હાંસી કરી છે એવી **વીરમતી** નામે પટ્ટરાણી છે, તેની સાથે વિષયસુખ અનુભવતા રાજ્યની

ધુસરીને ધારણ કરવામાં વૃષભ સમાન, સુખી એવા તે રાજાનો કાળ પસાર થાય છે.

હવે એક વખત અશ્વરત્નોના સંગ્રહ કરનારા કેટલાક અશ્વના વ્યાપારીઓ તે નગરીની બહાર નિવાસ કરીને રહ્યા. તે અશ્વો સિંધુ, વનાયુ, કાંબોજ, વાલ્હિક, તૂર્ક, હંસ વગેરે વિવિધ દેશમાં ઉત્પન્ન થયેલા, વીજળીના ચમકારા જેવા, વાયુના વેગને જીતનારા, દૃઢ કાયાવાળા, તીક્ષ્ણ ખરીના ઘાત વડે પૃથ્વીતલને કંપાવનારા છે.

અશ્વોના આગમનનું સ્વરૂપ જાણીને રાજાએ તે સર્વ અશ્વના વ્યાપારીઓને બોલાવ્યા. ઉત્તમ લક્ષણોથી અંકિત દેહવાળા તે અશ્વોને જોઈને મોં-માગ્યું ધન તેઓને આપીને તે સર્વ અશ્વોને ખરીદી લીધા.

એક વખત એક વિશિષ્ટ આકારવાળા અશ્વરત્નને જોઈને પ્રસન્ન મનવાળો રાજા તે અશ્વ ઉપર ચઢીને સેના સહિત શિકાર કરવા માટે વનમાં ગયો.

જુદી જુદી જાતનાં શિકારી પશુઓથી વ્યાપ્ત તે વનમાં, બીજાના પ્રાણોનો નાશ કરવાના વ્યસનવાળો ધર્મરહિત રાજા, સ્વતંત્રપણે ફરનારા તૃણ-પાણી અને સંતોષ વડે આજીવિકા કરનારા મૃગ, સસલા, વરાહ અને સાબર આદિ પ્રાણીઓના સમૂહોને ત્રાસ પમાડે છે. ઘોડે-સ્વારો પણ વૃક્ષે-વૃક્ષે ભ્રમણ કરીને જેમ પરમાધામી દેવો નારકોને ત્રાસ પમાડે તેમ તે પ્રાણીઓના સમૂહને બહુ ત્રાસ પમાડે છે. કહ્યું છે કે-

**हंतूण परप्पाणे, अप्पाणं जो करेइ सप्पाणं ।**
**अप्पाणं दिवसाणं, कएण णासेइ अप्पाणं ॥२॥**

**दुक्खस्स उव्वियंतो, हंतूण परं करेइ पडियारं ।**
**पाविहिइ पुणो दुक्खं, बहुययरं तन्निमित्तेण ॥३॥**

પારકાના પ્રાણોને હણીને જે પોતાને પ્રાણ સહિત કરે છે, તે થોડા દિવસો માટે પોતાનો નાશ કરે છે. ૨

દુઃખથી ઉદ્વેગ પામનારો બીજાને હણીને તે દુઃખનો પ્રતિકાર કરે છે, તે (હિંસા)ના નિમિત્તથી ફરીથી તે અતિઘણાં દુઃખને પામશે. ૩

તે પશુઓના સમૂહમાંથી કોઈ રીતે એક હરણ નાસવા લાગ્યો. નાસતા એવા તે મૃગને જોઈને શિકારમાં આસક્ત એવો રાજા તેની પાછળ પોતાના અશ્વને દોડાવે છે. પવનના વેગને જીતનારો તે મૃગ દોડતો–કૂદતો ક્ષણવારમાં અદૃશ્ય થયો. 'જેનું આયુષ્ય બાકી છે, તેવા પ્રાણીને મારવાને કોઈપણ સમર્થ થતું નથી.'

મૃગને પ્રહાર કરવાને ઇચ્છતા રાજાએ મૃગની પાછળ જતાં, ઉલ્લંઘન કરાયેલા ઘણા માર્ગને પણ જાણ્યો નહીં. રાજાની પાછળ જનારા ઘોડેસ્વારો વેગ પકડવા છતાં પણ તે રાજાને નહીં જોતાં, અશ્વના પગલાના માર્ગને અનુસરતા અરણ્યની મધ્યમાં પાછળ જવા લાગ્યા.

વક્રગતિવાળા અશ્વને નહિ જાણવાથી રાજા જેમ જેમ લગામને ખેંચે છે, તેમ તેમ તે ઘોડો સમુદ્રના તરંગના

સમૂહની જેમ ઉછળતો આશ્ચર્યકારી ગતિવાળો થયો. તે અશ્વ કોઈપણ સ્થાને ઊભો ન રહ્યો, પરંતુ અલ્પકાળમાં ઘણી ભૂમિને ઓળંગી ગયો.

અત્યંત વ્યાકુળ, 'શું કરવું' એ પ્રમાણે મૂઢ મનવાળો, અશ્વ વડે હરણ કરાતો તે રાજા ત્યાં સુધી જાય છે કે આગળ એક સુગંધી કમળોથી શોભતી વાવ છે, અને તે વાવના કાંઠે દીર્ઘજટામંડલ (મોટી વડવાઈઓ)થી સુશોભિત, ઘણી શાખા–પ્રશાખાવાળા વડના ઝાડને જુએ છે. તે જોઈને રાજા વિચારે છે કે–' જો આ અધમ અશ્વને છોડી દઈને કોઈ રીતે આ વડના ઝાડની શાખાને પકડી લઉં તો સારુ'' આ પ્રમાણે વિચાર કરતાં તે વડનું ઝાડ નજીક આવ્યું. જેટલામાં રાજા વટવૃક્ષની શાખાને પકડવા માટે હાથમાંથી લગામને ઢીલી કરે છે, તેટલામાં લગામ ઢીલી થતાં તે વક્રગતિવાળો અશ્વ ગતિની સ્ખલના થવાથી ત્યાં જ ઊભો રહ્યો.

તે વખતે ઉત્પન્ન થયેલા આશ્ચર્યવાળો રાજા વિચારે છે કે–' આ અશ્વ વિપરીતશિક્ષિત છે ' એ પ્રમાણે જાણીને તેને વિષે પ્રસન્નચિત્તવાળો થયો. અશ્વની વિપરીતગતિ નહિ જાણવાથી મેં ફોગટ લગામ ખેંચવાનો પરિશ્રમ કર્યો. તેમાં આ અશ્વનો દોષ નથી.

## વીરસેન રાજાનો વાવમાં પ્રવેશ, યોગી સાથે યુદ્ધ અને કન્યાનું રક્ષણ

તે પછી દયાપૂર્ણ મનવાળો રાજા અશ્વ ઉપરથી ઉતરીને તે અશ્વને વટવૃક્ષની છાયામાં બાંધીને જલપાન કરવા

માટે વાવની અંદર ઊતરે છે. રાજાએ ત્યાં ઇચ્છા મુજબ જળપાન કરી તરસ છિપાવી. તે પછી સ્નાન કરી જળક્રીડા કરે છે અને મકરંદના રસનું પાન કરે છે. સ્નાન કરી, જળની બહાર નીકળી વસ્ત્ર-પરાવર્તન કરે છે. ત્યાર પછી શાંતચિત્તવાળો, સ્વસ્થ થયેલો, વાવની શોભા જોવામાં લીન થયેલો રાજા તે વાવના ગુપ્ત ભાગમાં રહેલી એક વિશાળ જાળીને જુએ છે, તે જાળીની અંદર અત્યંત મનોહર પગથિયાં-સોપાનશ્રેણીને જોઈને નીચે ઊતરે છે.

હવે તલવારની સહાયવાળો તે સાહસિક રાજા સોપાનમાર્ગે ઊતરતાં કુતૂહલમાં રક્ત થયેલો પાતાળની અંદર આગળ જતાં એક મહાવનને જુએ છે, કહ્યું છે કે—

**उज्जमो साहसं धिज्जं, बलं बुद्धिपरक्कमा ।**
**छ एए जहि विज्जंते, तहिं देवो वि संकए ॥४॥**

"ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બળ, બુદ્ધિ અને પરાક્રમ આ છ વસ્તુ જ્યાં હોય, ત્યાં દેવ પણ શંકા કરે છે."૪

સત્ત્વરૂપી મિત્રવાળો, નિર્ભય ચિત્તવાળો રાજા ત્યાં જતો હતો; તેટલામાં કોઈક બાલિકાનું કરુણસ્વરગર્ભિત રુદન સાંભળીને આશ્ચર્યસહિત વિચારે છે કે—આ પાતાળની અંદર વન ક્યાંથી ? અને આ નિર્જન વનમાં દીનમુખવાળી બાળા કરુણસ્વરે કેમ રુદન કરે છે ? 'આ અસંભવનીય છે !' એમ વિચાર કરતાં યમરાજાની જિહ્વા સરખી તલવારને હાથમાં ધારણ કરી, પરોપકારપરાયણ રાજા તે શબ્દને

અનુસારે આગળ જતાં નેત્રયુગલને બંધ કરી પદ્માસને બેઠેલા, હાથમાં જપમાળા લઈ જાપ કરતાં, વિવિધ પ્રકારના પુષ્પ, ધૂપ આદિ પૂજાની સામગ્રી લઈને બેઠેલા કોઈક યોગીને જુએ છે. તે યોગીની આગળ મ્યાન રહિત–ખુલ્લી તલવાર અને પ્રચંડ જ્વાળાથી પ્રજ્વલિત અગ્નિકુંડને જોઈ, પરમાર્થ જાણી, વિવેકરહિત તે યોગીને જાણી રાજા તેના ઉપર અત્યંત કોપ પામે છે. વળી તે તાપસની આગળ ગાઢ બંધનોથી બાંધેલી, આંસુથી ભીંજાયેલા નેત્રવાળી, રુદન કરતી એક બાલિકાને આ પ્રમાણે બોલતી સાંભળે છે– "હે આભાપુરીના સ્વામી! હે શરણાગતવત્સલ! શરણ-રહિત અને દીન એવી મારું રક્ષણ કરો! રક્ષણ કરો! અન્યથા આ નિર્દય યોગી આ અગ્નિકુંડમાં મને નાંખી દેશે.'

આ પ્રમાણે સાંભળવાથી દયાળુ, પોતાનું નામ સાંભળી આશ્ચર્ય ઉત્પન્ન થવાથી રાજા પ્રત્યક્ષ થઈને નેત્રસંજ્ઞા વડે તે બાળાને સંકેત કરીને શીઘ્રપણે યોગીની પાસે રહેલા ખડ્ગને પ્રથમ ગ્રહણ કરીને તે યોગીને કહે છે. 'હે નિર્ઘૃણ! નિર્દય! નિષ્ઠુર મનવાળા! પાપરક્ત! હીનબુદ્ધિ! હું અહીં વિદ્યમાન છતાં તું આ બાળાનું બલિ કેવી રીતે કરીશ? આ મનોહર બાળાને જલદી મુક્ત કર! અથવા યુદ્ધ માટે તૈયાર થા! હવે તને હું છોડીશ નહીં.

આ પ્રમાણે રાજાનું વચન સાંભળી, ધ્યાનનો ત્યાગ કરી, પોતાના શરીરનું રક્ષણ કરવામાં તત્પર તે યોગી વનમાં ભાગી ગયો. રાજા તેની પાછળ ન ગયો. તેની વિદ્યાસાધનની

સમગ્ર સામગ્રીને રાજાએ ગ્રહણ કરી, પરાક્રમથી દેવ, દાનવ, ખેચરો અને ક્રૂર પશુઓ પણ વશ થાય છે. કહ્યું છે કે-

**विक्कमंचियभूवाणं, सेणा सोहाइ कारणं ।**
**केवलंसत्तमुक्किट्ठं, जगरक्खाविहायगं ॥५॥**

"પરાક્રમી રાજાઓને સેના ફક્ત શોભાનું કારણ છે. ફક્ત ઉત્કૃષ્ટ સત્ત્વ એ જ જગતની રક્ષા કરનાર છે." ૫

તે પછી રાજા તે બાળાને બંધનરહિત કરી આદરપૂર્વક પૂછે છે-"હે નિરુપમલાવણ્યથી શોભતી બાળા! તું આ અધમ તાપસના પાશમાં કેમ પડી? આભાપુરીનો રાજા તારો પ્રિયતમ કેવી રીતે? તું કયા રાજાની પુત્રી છે? હવે તું નિર્ભયપણે સ્વસ્થતા ધારણ કરીને મને સઘળી હકીકત જણાવ."

## વીરસેન રાજાની આગળ કન્યાનું પોતાના સ્વરૂપનું કથન

તે પછી તે બાળા તે આભાપુરીના સ્વામીને પોતાના પતિ તરીકે જાણી લજ્જાથી નમ્ર મુખવાળી થઇને કહે છે. કહ્યું છે કે-

**असंतोसी दिओ नट्ठो, संतोसी य महीवई ।**
**सलज्जा गणिगा नट्ठा, निल्लज्जा य कुलंगणा ॥६॥**

સંતોષ વિના બ્રાહ્મણ વિનાશ પામે, સંતોષવાળો રાજા વિનાશ પામે, લજ્જાવાળી ગણિકા વિનાશ પામે, અને લજ્જા વિનાની કુલાંગના વિનાશ પામે. ૬.

હે રાજન્! આભાપુરીથી પચીસ યોજન દૂર અત્યંત મનોહર પદ્મપુરી નામે નગરી છે. ત્યાં શૂરવીર પુરુષોમાં શિરોમણિ પદ્મશેખર નામે રાજા છે. તે રાજાને શરદઋતુના ચંદ્ર સમાન મનોહર મુખવાળી, સરસ્વતી સમાન બુદ્ધિ-વૈભવવાળી રતિરૂપા નામે પટરાણી છે. તે રાણીની કુક્ષિથી મારો જન્મ થયો છે. મારું નામ ચંદ્રાવતી છે. જૈનધર્મના તત્ત્વોનો અભ્યાસ કરી, બાલ્યભાવ વ્યતીત કરી, કામિજનોને મનોહર, યૌવનવયને પામેલી મને જોઈને મારા પિતા યોગ્ય વરની ચિંતા કરવા લાગ્યા. કહ્યું છે કે–

निप्पंकसुवन्नसमुज्जला वि, सुइसीलसोरभजुया वि ।
केयइफडसच्च सुया, परोवयाराय निम्मविया ।।७।।

कुलं च सीलं च सणाहया य,
विज्जा च वित्तं च देहो वयं च ।
वरे गुणा सत्त विलोअणिज्जा,
अओ परं भग्गवसा हि कन्ना ।।८।।

कन्नत्ति जाया महइ हि चिंता,
कास पदेय त्ति महावियक्को ।
दिण्णा सुहं जाहिइ वा न वा,
कन्नापिउत्तं खलु कट्ठदाइं ।।९।।

जम्मंतीए सोगो, वड्ढंतीए य वड्ढए चिंता ।
परिणीआए दंडो, जुवइपिआ दुक्खिओ निच्चं ।।१०।।

"નિર્મળ સુવર્ણ સમાન ઉજ્જ્વલ, પવિત્ર શીલરૂપી સૌરભથી યુક્ત હોવા છતાં પણ કેતકીના પત્રની જેમ પુત્રી પરના ઉપકાર માટે બનાવાઈ છે." ૭

"કુલ, શીલ, સનાથપણું, વિદ્યા, ધન, શરીર અને વય, આ સાત ગુણો વરમાં જોવા જોઈએ, તે પછી કન્યા ભાગ્યને વશ છે." ૮

"કન્યા ઉત્પન્ન થઈ, એ સાંભળી મોટી ચિંતા થાય છે, તે કોને આપવી તે અંગે મોટો વિચાર થાય છે, પરણાવ્યા પછી તે સુખ પામશે કે નહિ? તેની ચિંતા થાય છે. ખરેખર કન્યાનું પિતૃત્વ કષ્ટદાયી છે." ૯

"કન્યા જન્મે ત્યારે શોક થાય છે, તે મોટી થાય ત્યારે ચિંતા વધે છે, પરણાવે ત્યારે દંડ (દાયજો) આપવો પડે છે. કન્યાનો પિતા હંમેશાં દુઃખી હોય છે." ૧૦

એ વખતે કોઈ નૈમિત્તિક રાજસભામાં આવ્યો. રાજાની ચિંતાનું કારણ પોતાના જ્ઞાનથી જાણીને રાજાને કહે છે કે—"હે રાજન્! તમે ચિંતા ન કરો. તમારી કન્યાનો પતિ ગુણોરૂપી રત્નોને ધારણ કરવામાં રત્નાકર સમાન આભાપુરીનો રાજા થશે."

આ પ્રમાણે નૈમિત્તિકના વચનરૂપી અમૃતનું પાન કરવાથી હર્ષિત મનવાળાં માત-પિતા વસ્ત્ર, ભૂષણ અને ધનથી નૈમિત્તિકનો સત્કાર કરીને તેને વિસર્જન કરે છે. હું પણ પ્રિયનું નામ સાંભળીને રોમાંચિત થઈને વચનાતીત આનંદ પામી.

હવે એક વખત સખીજનોથી પરિવરેલી હું જળક્રીડા નિમિત્તે નદીકાંઠે ગઈ. ત્યાં રહેલા આ અધમ તાપસે ઐન્દ્રજાલિક વિદ્યા વડે મને ઠગી. જેથી તે તાપસ વિના હું બીજા કોઈને જોતી ન હતી. મારી સખીઓની નજર બાંધીને મારું અપહરણ કરી અહીં આવીને વાવડીની જાળીના માર્ગે ઉતારીને એ યોગી આ વનમાં મને લાવ્યો. હે રાજન્! દુઃખસમુદ્રમાં મગ્ન થયેલી મને સહાયના સમયે અહીં આવીને આ મહાસંકટમાંથી તમે છોડાવી. હે ગુણરત્નના સમુદ્ર! હે મનોહર! તમારા ગુણો કહેવા માટે હું સમર્થ નથી. અથવા તો પોતાની પ્રિયાનું રક્ષણ કરવા માટે જે કાંઈ પણ કરવામાં આવે, તેમાં ઉપકાર કેવી રીતે માની શકાય? પોતાની પ્રિયાનું રક્ષણ કરવું તે પ્રિયનો ધર્મ જ છે. કહ્યું છે કે—

**बालत्तणम्मि जणओ, जुब्वणपत्ताइ होई भत्तारो।**
**वुड्ढतणेण पुत्तो, सच्छंदत्तं न नारीणं ॥११॥**

"બાલ્યવયમાં પિતા, યૌવન પામે ત્યારે પતિ, અને વૃદ્ધપણામાં પુત્રને આધીન સ્ત્રી હોય છે. સ્ત્રીઓને સ્વચ્છંદપણું ઘટતું નથી." ૧૧

જો હું યાચનારી હોત તો તમારી કીર્તિ ગાત અને યશપટહ વગાડત, હમણાં તો આવી જાતના આચારવિશેષથી આપને હું પ્રાણપ્રિય જાણું છું. કહ્યું છે કે—

**आयारो कुलमक्खेइ, देसमक्खेइ भासणं।**
**संभमो नेहमक्खेइ, देहमक्खेइ भोयणं ॥१२॥**

"આચાર કુળને જણાવે છે, ભાષા દેશને જણાવે છે, સંભ્રમ સ્નેહને બતાવે છે, ભોજન દેહને બતાવે છે." ૧૨

આ ગાઢ દુઃખમાં બીજો કોણ સહાય કરવા માટે આવે ?

આવી રીતે તે બાળાનું વચન સાંભળીને વીરસેન રાજા, તે બાળાની પ્રશંસા કરીને, તે મનોહર બાળાને આગળ કરી, વન ઓળંગી તે સોપાનપંક્તિ ઉપર થઇને જાળીના દ્વાર માર્ગે વાવની અંદર આવ્યો. ફરીથી તે વાવમાં સ્નાન કરીને વાવની બહાર નીકળ્યો.

## રાજાને સૈન્યનો સમાગમ

તે વખતે રાજાની પાછળ નીકળેલું સર્વ સૈન્ય ત્યાં આવ્યું. રાજાનું દર્શન થવાથી જીવિત પ્રાપ્ત કર્યું હોય તેમ સર્વે મસ્તક નમાવી કહે છે કે–"હે સ્વામી ! સુભટોના સમૂહને છોડીને શિકારી પશુઓથી વ્યાપ્ત આ ભયંકર વનમાં મૃગ નિમિત્તે આપે એકલા નીકળવું યોગ્ય નથી. તમારા જેવા, પુરુષોના મુકુટમણિ જેવા પુરુષોનું યત્નથી રક્ષણ કરવું જોઇએ. કારણ કે ઉત્તમ પુરુષો દરેક સ્થળે મળતા નથી. કહ્યું છે કે–

**सेले सेले न माणिक्कं, मोत्तियं न गए गए ।**
**साहवो न हि सव्वत्थ, चंदणं न वणे वणे ॥१३॥**

"દરેક પર્વતો ઉપર રત્ન હોતાં નથી, દરેક હાથીમાં મોતી હોતાં નથી, સર્વ જગ્યાએ સજ્જનો હોતા નથી. દરેક વનમાં ચંદન હોતું નથી." ૧૩

મહાપુરુષોને પણ દુઃખ આપનારા દુર્જનો લોકમાં ઘણા દેખાય છે. અમે પુણ્યશાળી છીએ કે–જેથી સુખકારી એવા આપ શ્રીમાનનું દર્શન થયું. વળી હે દેવ! દેવાંગનાના રૂપને જીતે એવી આ કન્યા કોણ છે? તેને કેવી રીતે પ્રાપ્ત કરી? હે નાથ! આ હકીકત જો કહી શકાય તેવી હોય તો કહો.

રાજાએ વિપરીત શિક્ષાવાળા અશ્વની, વાવના મધ્ય ભાગમાં રહેલી જાળીની સોપાનપંક્તિ વડે પાતાલની અંદર ગમન અને વનની અંદર રહેલા અધમ તાપસ અને કન્યાનો સર્વ વૃત્તાંત કહ્યો. અત્યંત અદ્ભુત તે વૃત્તાંતને સાંભળીને સર્વ સામંતોએ મહારાજાની પ્રશંસા કરી. તે પછી અશ્વરત્ન ઉપર ચઢી કન્યા અને સામંત વગેરેના પરિવારવાળા રાજાએ મહોત્સવ સહિત પોતાની નગરીમાં પ્રવેશ કર્યો.

## ચંદ્રાવતી કન્યાનું પાણિગ્રહણ

હવે વીરસેન રાજા પોતાના દૂતને મોકલીને પદ્મશેખર રાજાને આ પ્રમાણે જણાવે છે. 'તમારી પુત્રી અહીં કુશળ છે, તેને મળવા માટે તમો અહીં શીઘ્ર પધારો. તમારું ધ્યાન કરતી તમારી પુત્રી ચંદ્રાવતી તમારા ચરણકમળનું દર્શન કરવા માટે અત્યંત ઉત્સુક છે.' આ પ્રમાણે પોતાની પુત્રીનું વૃત્તાંત જાણીને પદ્મપુરી નગરીના સ્વામી પદ્મશેખર રાજાએ મુકુટ સિવાયનાં પોતાના અંગ ઉપરનાં આભૂષણો આપી દૂતનો સત્કાર કરી પરિવાર સહિત આભાપુરીમાં આવ્યો.

હવે પદ્મશેખર રાજાના આગમનના વૃત્તાંતને જાણી વીરસેન રાજાએ મોટા મહોત્સવપૂર્વક તે રાજાનું સ્વાગત કર્યું. પરસ્પર દૃઢ આલિંગન કરી તેઓ અસીમ આનંદ-રસમાં નિમગ્ન થયા. તે પછી વીરસેન રાજાએ ચંદ્રાવતીનો સકલ વૃત્તાંત પદ્મશેખર રાજાને કહ્યો.

પુત્રીના દુઃખનું શ્રવણ કરવાથી અતિવેદના પામેલ પદ્મશેખર રાજા કહે છે કે : 'અરે રે! દૈવની ગતિ વિચિત્ર છે, ક્યાં આ કન્યાનું સુકુમાળપણું ? અને ક્યાં દુષ્ટ હૃદય-વાળો તાપસ ? ક્યાં સાહસિક શિરોમણિ એવા આપનું ત્યાં ગમન ? આ દુર્ઘટ વસ્તુ પણ ભાગ્યથી સુઘટિત થઈ. તેથી મહાપુરુષનો કોઈ અપૂર્વ પ્રભાવ છે. હે રાજન્! આવા પ્રકારનું આચરણ કરતા તમે મારા ઉપર કયો ઉપકાર ન કર્યો ? આ પ્રમાણે પ્રશંસા કરતાં રાજાએ પોતાની પુત્રીને ખોળામાં બેસાડી. રોમાંચિત શરીરવાળો રાજા બે હાથ જોડવાપૂર્વક વિનય સહિત કહે છે : 'હે ગુણોના સમુદ્ર! તમારા ગુણોને કહેવા માટે હું સમર્થ નથી. હે સાહસિક–શિરોમણિ! તમારા ઉપકારનો બદલો વાળવા માટે હું અસમર્થ છું. તેથી હે બુદ્ધિશાળી! આ કન્યાને પરણીને મારા મનોરથ સફળ કરો. આપે મારી પ્રાર્થનાનો સ્વીકાર કરવો. પૂર્વે પણ નૈમિત્તિકના વચનથી તમને જ આ કન્યાના વર માનેલ છે.'

આ પ્રમાણે પદ્મશેખર રાજાનું વચન સાંભળીને વીરસેન રાજા મૌન રહ્યો. 'न निषिद्धम अनुमतम् ( નિષેધ ન

કરવાથી કબૂલ કર્યું") એ પ્રમાણે જાણીને પદ્મશેખર રાજાએ જ્યોતિષીએ આપેલ શુભ લગ્ન દિવસે પોતાના વૈભવને અનુસારે વીરસેન રાજાને પોતાની પુત્રી આપી વિવાહ-મહોત્સવ કર્યો. તે વખતે મૃગસમાન નેત્રવાળી સુંદરીઓ ધવલમંગળ ગાવા લાગી. અનુરૂપ વર–વધૂના યોગને જોઈને મહાદેવી વીરમતીને છોડીને રાજપરિવાર અને નગરજનો અત્યંત હર્ષિત થયા.

પદ્મશેખર રાજા પોતાની પુત્રીને પરણાવીને શિખામણ આપે છે :

**जंपेज्ज पियं विणयं, करेज्ज वज्जेज्ज पुत्ति ! परनिंदं ।**
**वसणे वि मा विमुंचसु, देहच्छायव्व नियनाहं ॥१४॥**

"હે પુત્રી ! તું પ્રિય બોલજે, વિનય કરજે, પરનિંદા ન કરતી, સંકટમાં પણ દેહની છાયાની જેમ પોતાના પતિને છોડતી નહિ." ૧૪

આ પ્રમાણે શિખામણ આપીને વીરસેન રાજાની અનુજ્ઞા લઈને તે પોતાના નગરમાં ગયો.

હવે પાંચ પ્રકારના વિષયસુખમાં મગ્ન, પ્રતિક્ષણ વધતા સ્નેહવાળાં ચંદ્રાવતી અને વીરસેન રાજાના દિવસો સુખપૂર્વક પસાર થાય છે, વીરમતી રાણી તેઓના અતિ ગાઢ સ્નેહને જોઈને ઇર્ષ્યાળુ મનવાળી, રોષથી લાલ નેત્ર-વાળી, તેઓને અપકાર કરવાના ચિત્તવાળી દિવસો પસાર કરે છે. કહ્યું છે :

**असच्चं साहसं माया–मुक्खत्तमइलोहया ।**
**निन्नेह–निद्दयत्तं च, थीणं दोसा सहावया ॥१५॥**

"અસત્ય, સાહસ, માયા, મૂર્ખતા, અતિલોભપણું નિઃસ્નેહતા અને નિર્દયતા એ સ્ત્રીઓના સ્વાભાવિક દોષો હોય છે." ૧૫

## ચંદ્રકુમારનો જન્મ

હવે એક વખત ચંદ્રાવતીની કુક્ષિરૂપી સરોવરમાં ચંદ્રસ્વપ્નથી સૂચિત કોઈ પુણ્યવંત આત્મા ગર્ભપણે ઉત્પન્ન થયો. ગર્ભના પ્રભાવથી તેને પ્રશસ્ત દોહદો થયાં, તે સર્વ રાજાએ શિઘ્ર પૂર્યાં. અનુક્રમે તે ચંદ્રાવતીએ શુભ દિવસે ઉત્તમ મુહૂર્તમાં ચંદ્ર સમાન મુખવાળા પુત્રરત્નને જન્મ આપ્યો. કહ્યું છે :

**रयणीदीवगो चंदो पच्चूसे रविदीवगो ।**
**तेल्लुके दीवगो धम्मो, सुपुत्तो कुलदीवगो ॥१६॥**

"રાત્રિને પ્રકાશ કરનાર ચંદ્ર છે, પ્રાતઃકાળે પ્રકાશ કરનાર સૂર્ય છે, ત્રણે ય લોકમાં પ્રકાશ કરનાર ધર્મ છે, કુળને પ્રકાશિત કરનાર સુપુત્ર છે." ૧૬

જેમ નિર્ધન પુરુષ ધનપ્રાપ્તિ થયાનું સાંભળી આનંદ પામે તેમ રાજા પુત્રજન્મ સાંભળી આનંદપૂર્ણ મનવાળો થયો. સર્વ ઠેકાણે પુત્રનાં વધામણાં થયાં, સ્ત્રીજનો ધવલ-મંગલનાં ગીતો ગાવા લાગી, રાજાના આંગણામાં મંગલ-વાજિંત્રો વાગવા લાગ્યાં. વીરસેન રાજાએ યાચક લોકોને

ઇચ્છા કરતાં અધિક ધન આપ્યું. કેદખાનામાંથી બંદીજનોને છોડાવ્યા. વિવિધ પકવાન્ન આદિનાં ભોજન તેમજ વસ્ત્ર, આભૂષણ આપવા વડે સ્વજન–પરિવારને સંતોષ પમાડી બારમા દિવસે સ્વપ્નાનુસારે પુત્રનું 'ચંદ્ર' એ પ્રમાણે નામ પાડયું.

તેજના સમૂહથી સૂર્યની જેમ દીપતો, કલાઓ વડે ચંદ્રની જેમ વૃદ્ધિ પામતો, પાંચ ધાવમાતાઓ વડે પાલન કરાતો, પોતાના અંગૂઠાના અમૃતરસનું પાન કરતો તે બાળક અત્યંત તૃપ્તિ પામતો હતો.

બાળપણને ઉચિત નવનવી ક્રીડાઓ વડે રમતા રાજકુમારને જોઈને હર્ષિત મનવાળો વીરસેન રાજા પોતાના જન્મને સફળ ગણે છે. યત્ન વડે પુત્રનું રક્ષણ કરે છે. ચંદ્રસમાન મુખવાળો ચંદ્રકુમાર કલ્પવૃક્ષની જેમ પ્રતિદિવસ વૃદ્ધિ પામતો, કામદેવથી પણ અધિક રૂપવાળો, મધુર વચનોથી માતાપિતાના ચિત્તને પ્રસન્ન કરે છે. જિનધર્મમાં કુશળ રાણી હંમેશાં ધર્મકાર્યો કરે છે. જિનધર્મની આરાધનામાં તત્પર તેને જોઈને વીરસેન રાજા પણ જીવહિંસાનો ત્યાગ કરી શ્રી જિનેશ્વરદેવે કહેલા દયામૂળ ધર્મનો સ્વીકાર કરીને પ્રતિદિન વિશુદ્ધ ભાવનાથી વાસિત હૃદયવાળો જિનપૂજા, ગુરુજને કહેલા સિદ્ધાંતના સારને સાંભળવામાં તત્પર થયો. સજ્જનના સમાગમથી શું ગુણો થતા નથી ? અવશ્ય થાય છે. તે રાજાએ અનેક પ્રાસાદોથી મંડિત પૃથ્વીતળને કર્યું. તેમજ વિશેષપણે સાધુ–સાધ્વીજનોની સેવાભક્તિ વડે દિવસો પસાર કરવા લાગ્યો. કહ્યું છે :

**जिणपूया मुणिदाणं, अेत्तियमेत्तं गिहीण सच्चरियं ।**
**जइ अेयाओ भट्ठो, ता भट्ठो सव्वकज्जाओ ॥१७॥**

"ગૃહસ્થોનું સત્કાર્ય ફક્ત જિનપૂજા અને મુનિદાન છે, જો તે કાર્યોથી ભ્રષ્ટ થાય તો તે સર્વ શુભ કાર્યોથી ભ્રષ્ટ થયો છે." ૧૭

હવે ચંદ્રકુમાર આઠ વર્ષનો થયો. વીરસેન રાજાએ તેનો વિદ્યાગ્રહણનો સમય જાણીને વિદ્વાનોમાં પ્રધાનશ્રેષ્ઠ કલાચાર્ય પાસે તેને અધ્યયન કરવા માટે મૂક્યો.

## વસંત–મહોત્સવ

એક વખત વસંતઋતુનો સમય આવ્યો ત્યારે જે ઉદ્યાનમાં આમ્રવૃક્ષની મંજરીઓનો આસ્વાદ કરવાથી કોયલ આદિ પક્ષીઓ કર્ણને વિષે અમૃત સમાન મધુર ગીતો ગાય છે. પલાશ વૃક્ષોનાં રક્ત કુસુમો વડે જાણે વસંતરાજ ક્રીડા કરે છે. પવનથી પ્રેરણા પામેલી વનલતાઓ પુષ્પ–ફળ વડે આવેલા વસંતરાજને જાણે વધાવતી ન હોય! ચંપકવૃક્ષનાં પુષ્પો મંગળદીપક પ્રગટાવ્યાં હોય તેમ વસંતરાજની આગળ શોભતાં હતાં. તે વખતે વીરસેન રાજા પોતાના સર્વ પરિવાર સહિત નગરજનો સાથે વસંતરાજની શોભાને જોવા માટે ઉદ્યાનમાં આવ્યો.

વસંત–મહોત્સવમાં ક્રીડામાં તત્પર રાજા, ઉછળેલ કેસર–બરાસ વગેરેના વિવિધ રંગથી ખુશ થયેલ મનવાળો મધ્ય દિવસને પણ પ્રભાત સમાન કલ્પે છે. ચંદ્રકુમાર

સમાનવયવાળા મિત્રો સાથે તે વનમાં જુદી જુદી જાતની ક્રીડા કરવા લાગ્યો. સ્ત્રીસહિત રાજા અનુપમ વિવિધ રંગ વડે ક્રીડા કરે છે.

ગજ સરખી ગતિવાળી; ચંદ્ર સમાન મુખવાળી નગરનારીઓ પણ ત્યાં ક્રીડા કરે છે. તેઓમાં કોઈક સ્ત્રી બાળકને કેડ ઉપર સ્થાપીને ચંપકવૃક્ષની છાયામાં બેઠી હતી, કોઈક સ્ત્રી આમ્રવૃક્ષની શાખામાં હીંચોળો બાંધીને બાળકને હીંચકાવતી હતી, કોઈક સ્ત્રી પોતાના બાળકને હૃદય સાથે સ્નેહ વડે ગાઢ આલિંગન કરતી હતી, કોઈક સ્ત્રી પોતાના બાળકને ચાલવાનું શીખવાડતી હતી, વળી બીજી કોઈક સ્ત્રી સુખડી આપતી હતી તેમજ કોઈક સ્ત્રી સ્તનપાન કરાવતી હતી.

## વીરમતીની ચિંતા

આ પ્રમાણે પોતપોતાનાં બાળકો સાથે ક્રીડા કરતી સ્ત્રીઓને જોઈને ઉદ્યાનક્રીડા ભૂલી જઈ અત્યંત વ્યાકુળ વીરમતી પોતાને પુત્રરહિત અધન્ય માનતી નિઃશ્વાસ મૂકતી દૈવને ઉપાલંભ આપે છે. 'હે દૈવ! દુર્ભાગ્યથી દૂષિત મને શા માટે દુઃખી કરે છે? નિર્દય એવા તારા વડે દુઃખપાત્ર એવી હું શા માટે બનાવાઈ? જેમ દીપક વગરનું ગૃહ; જીવ રહિત દેહ, સુગંધ વગરનું પુષ્પ, જળ રહિત મેઘ, જ્ઞાન વગરની દયા, સન્માન વગરનું દાન, મીઠા વગરનું ભોજન, કંઠ વગરનું ગાન તેમ પુત્ર વગરની હું

થઈ છું જે સ્ત્રીના ખોળામાં બાળક રમતું નથી, તેનો જન્મ નકામો છે. કહ્યું છે :

**हसंतो निवडंतो य, वमंतो लालमंगओ ।**
**कासइ चेव धन्नाए, अंके रमइ सव्वया ॥१८॥**

"હસતો, પડતો અને લાળ વમતો પુત્ર કોઈ ધન્ય સ્ત્રીના ખોળામાં હંમેશાં રમે છે." ૧૮

દુઃખના એક પાત્ર તેના જન્મને ધિક્કાર હો. પુત્ર વિના રાજ્યસમૃદ્ધિ નકામી છે. પૂર્વજન્મમાં મેં કેવું કર્મ કર્યું કે જેથી એક પણ મનોહર પુત્ર ભાગ્યે મને ન આપ્યો. આ પ્રમાણે વારંવાર વિલાપ કરતી, નેત્રોમાંથી અશ્રુને મૂકતી વીરમતી દુર્ધ્યાન કરવા લાગી.

તે વખતે પોતાની સ્વામિનીને રુદન કરતી જોઈને તેનો સખીજન પૂછે છે કે— 'હે પૂજ્યે ! આ વસંતમહોત્સવના પ્રસંગમાં તમને ક્યાંથી દુઃખ ઉત્પન્ન થયું ? આ તરફ તમારો કામદેવ સરખો સ્વામી છે, અહીં તમારો સાવકો પુત્ર ચંદ્રકુમાર વિલાસપૂર્વક ક્રીડા કરે છે. આ તરફ નગરજનો, નગરની યુવતીઓ રમે છે. અનેક પ્રકારની ક્રીડાના રસમાં નિમગ્ન તેઓને જોઈને આ ચિત્તને આનંદ આપનાર ક્રીડાના સમયે હે સ્વામિની ! તમારું મન કેમ કલુષિત થયું ? છતાં વીરમતી કાંઈપણ બોલતી નથી. લમણે હાથ મૂકી શૂન્યમનસ્ક થઈને વિચાર કરે છે.

## શુકનું આગમન

તે વખતે તેના પુણ્યથી પ્રેરાયેલો કોઈક શુક–પોપટ

કોઈ સ્થાનેથી આવીને આમ્રવૃક્ષની શાખા ઉપર બેઠો. કરમાયેલ મુખકમળવાળી વીરમતીને જોઈને પરોપકાર કરવામાં તત્પર તે શુક મનુષ્યની ભાષા દ્વારા તેને કહે છે : "હે સુંદરી ! તું શા માટે રડે છે ? વસંતક્રીડાના આનંદને મૂકીને દુઃખાર્ત એવી તું શું વિચાર કરે છે ? તારું દુઃખ મને જણાવ."

તે વીરમતી આવા પ્રકારનું શુકનું વચન સાંભળી, ઊંચે જોઈ, મનુષ્યભાષા બોલનાર શુકનું નિરીક્ષણ કરી કૌતુક ઉત્પન્ન થવાથી મૌનનો ત્યાગ કરી કહે છે : 'હે પક્ષી ! મારા મનોગત ભાવ જાણીને તું શું કરીશ ?'

**फलभक्खो लहू पक्खी, भमंतो गयणे सया ।**
**तिरिच्छो सि वणेवासी, विवेगविगलो तुमं ॥१९॥**

"ફળનું ભક્ષણ કરનારો, આકાશમાં હંમેશાં ભ્રમણ કરનારો, વનમાં રહેનારો, તિર્યંચ, તું વિવેક વગરનો લઘુ પક્ષી છે." ૧૯

'જો મારા દુઃખને દૂર કરનારો થા તો તારી આગળ રહસ્ય કહેવું ઉચિત છે, જે મૂઢમતિ બીજાઓને પોતાનું ગુપ્ત વૃત્તાંત કહે છે; તે ફક્ત પરાભવનું સ્થાન પામે છે.' કહ્યું છે :

**रहस्सं भासए मूढो, जारिसे तारिसे जणे ।**
**कज्जहाणिं विवत्तिं च, लहए हि पए पए ॥२०॥**

"જે મૂર્ખ જે-તે લોકોને પોતાની ગુપ્ત વાત

કહે છે, તે કાર્યની હાનિ અને વિપત્તિને પગલે પગલે પામે છે.” ૨૦

આથી ગુપ્ત વાત પ્રગટ ન કરવી એ જ શ્રેષ્ઠ છે.

તે પછી શુક કહે છે કે : ‘ હે મહાદેવી ! તું આ પ્રમાણે શંકા કેમ કરે છે? પક્ષીઓ જે જે કાર્ય સાધી શકે છે, તે કરવા માટે મનુષ્યો પણ અસમર્થ છે.’

તે સાંભળીને વિસ્મિત ચિત્તવાળી વીરમતી કહે છે કે : ‘ હે શુક ! તું અસત્ય બોલતાં કેમ શરમાતો નથી? મનુષ્ય કરતાં જ્ઞાન વગરની પક્ષી જાતિ કેવી રીતે દક્ષ હોય ?’

ત્યારે શુક કહે છે : ‘ હે દેવી ! જગતમાં પક્ષી સરખો કોણ છે ? ત્રણ ખંડના અધિપતિ કૃષ્ણવાસુદેવનું વાહન પક્ષીરાજ ગરુડ છે. કવિજનોના મુખની શોભારૂપ, વરદાન આપનારી, જડતાને દૂર કરનારી ભગવતી સરસ્વતી હંસવાહનવાળી છે. અહીં તેની શોભાનું કારણ પક્ષી છે. કોઈક શ્રેષ્ઠીની કામબાણ પીડાને સહન ન કરનારી સ્ત્રીનું શુકરાજે નવી નવી કથાઓ કહી અખંડ શીલરક્ષણ કર્યું, આ તેં શું સાંભળ્યું નથી ? નળરાજા અને દમયંતીનો સંબંધ કરાવનારો હંસ હતો. આ પ્રમાણે પક્ષીઓએ અનેક ઉપકાર કર્યા છે. અક્ષર માત્ર ભણેલાં પક્ષીઓ પણ જીવદયા કરે છે. આગમ–સિદ્ધાંતમાં પણ તિર્યંચોને પાંચમા ગુણસ્થાનના અધિકારી કહ્યા છે. અમે ગગનગામી હોવા છતાં પણ શાસ્ત્રના સારને જાણનારા છીએ. પોતાની

જાતિની પ્રશંસા યોગ્ય છે, પણ તે બીજાના લઘુપણા માટે ન હોવું જોઈએ.

આ પ્રમાણે શુકરાજનું વચન સાંભળી હર્ષિત મનવાળી વીરમતી કહે છે, 'હે શુકરાજ ! તું સત્ય વચનવાળો પંડિત છે, તારા વચનવિલાસથી રોમાંચિત દેહવાળી હું તેને જીવિતથી પણ વધારે પ્રિય માનું છું. આ ઉપવનમાં તારું આગમન અન્યની પ્રેરણાથી થયું કે પોતાની ઇચ્છાથી ?'

શુક કહે છે–'કોઈક વિદ્યાધરે મને પાળ્યો હતો અને સ્નેહપૂર્વક પાંજરામાં રાખ્યો હતો. હું તેણે બતાવેલાં કાર્યો કરીને તેના ચિત્તનું રંજન કરતો હતો. હવે એક વખત વિદ્યાધર મને સાથે લઈને મુનિરાજનાં વંદન માટે ગયો. મુનીશ્વરને પ્રણામ કરી, અંજલી કરી તેમની આગળ તે બેઠો. મુનિરાજના દર્શનથી પાપરહિત એવો હું પણ તેમનું ધ્યાન કરતો રહ્યો. મુનિવરે મધુર વાણીથી ધર્મદેશના આપી. દેશનાના અંતે પંજરમાં રહેલા મને જોઈને કહે છે કે 'જે તિર્યંચોનાં બંધન આસક્ત હોય છે, તેને મહાપાપ થાય. હૃદયમાં દયા વિના ધર્મસિદ્ધિ કેવી રીતે થાય ? બંધનમાં પડેલાં પ્રાણીઓ પરમ દુઃખને અનુભવે છે, તેથી ધર્મના અર્થીઓએ કોઈપણ જીવને બંધનગ્રસ્ત ન કરવો જોઈએ. સર્વ જીવોને સુખ જ પ્રિય હોય છે.' કહ્યું છે :

**सव्वाणि भूआणि सुहे रयाणि, सव्वाणि दुक्खाउ समुव्वियंति**
**तम्हा सुहत्थी सुहमेव देइ, सुहप्पदाया लहए सुहाई ॥२१॥**

'સર્વ જીવો સુખમાં આસક્ત હોય છે, સર્વ જીવો દુઃખથી ઉદ્વેગ પામે છે, તેથી જે સુખનો અર્થી હોય તે સુખને જ આપે છે. સુખને આપનાર સુખોને મેળવે છે.' ૨૧

ઇત્યાદિ વચનથી પ્રતિબોધ પામેલ તે વિદ્યાધરે નિયમ ગ્રહણ કરી મને બંધનથી મુક્ત કર્યો.

તે પછી હું મુનિરાજને નમસ્કાર કરીને, તેમના ઉપકારને યાદ કરતો, એક વનમાંથી બીજા વનમાં જતો, ક્રીડા કરતો અહીં આવીને આમ્રવૃક્ષની શાખા ઉપર બેઠો. અને તમે મને જોયો. તેથી હે દેવી! મારી પાસે તમારે કાંઈ છુપાવવા લાયક નથી. હું અસત્ય બોલતો નથી. તમારી ચિંતા અવશ્ય દૂર કરીશ.

વીરમતી વિચારે છે કે, 'શાસ્ત્રના રહસ્યને જાણનારો આ શુક મારી પુત્રચિંતાને દૂર કરશે' એ પ્રમાણે વિચારીને તેને કહે છે કે 'હે શુકરાજા! સમગ્ર સંપત્તિથી યુક્ત એવી મારા મનમાં પુત્રચિંતા વર્તે છે. કહ્યું છે :

**अपुत्तस्स सुहं नत्थि, नेव निद्दा समो वि न ।**
**सुहकिच्चं कओ तस्स, चिंताजुत्तस्स सव्वया ॥२२॥**

'અપુત્રીયાને સુખ નથી, નિદ્રા નથી, શાંતિ નથી. ચિંતાયુક્ત એવા તેને સર્વદા શુભ કૃત્ય ક્યાંથી હોય? ૨૨

"હે શુકરાજ! તું જો મંત્ર, તંત્ર કે ઔષધિના પ્રભાવ વડે મને ચિંતારહિત કરે તો હું તારી શક્તિ જાણું, અન્યથા તારી શક્તિ હું કેવી રીતે જાણું? વિજયાદશમીના

દિવસે અશ્વ ન દોડે તો તેનું રાખવું નકામું જ છે. તું પંડિત, સાહસિક અને ધીર છે. તને પ્રાણ કરતાં પણ અધિક બંધુ તરીકે હું માનું છું. મારું કાર્ય સિદ્ધ થયા પછી હું તને નવલખો હાર આપીશ. હંમેશાં તારો સુગંધી ભોજન અને સ્વાદિષ્ટ ફલોથી સત્કાર–ઉપચાર કરીશ. તારા ઉપકારને હું ભૂલીશ નહિ.”

## શુકે વીરમતીને ઉપાય બતાવ્યો

શુક કહે છે, ‘હે દેવી! ખેદ ધારણ ન કરો. પરમાત્મા તમારા મનોરથ પૂરશે. તમે મારી ધર્મમાતા છો. ચિંતાનો ત્યાગ કરીને હૃદયમાં ધીરતા ધારણ કરો. માર્ગ બતાવી હું તમોને સુખ કરનારો થઈશ. જેઓ પરદુઃખભંજન અને શૂર હોય છે તેઓના પુણ્યના અંકૂરો સર્વત્ર પ્રગટ થાય છે, હે માતા! મનવાંછિત આપનાર મારું વચન સારી રીતે અવધારો.

“આ વનમાં ઉત્તરદિશાએ શ્રી ઋષભદેવ સ્વામીનો પ્રાસાદ છે. જ્યાં ચૈત્રીપૂર્ણિમાની રાત્રિએ દિવ્ય આભરણોથી ભૂષિત અપ્સરાઓ નાટકનાં ઉપકરણો લઈ મહોત્સવ કરવા માટે આવશે. તેઓમાં એક નીલવસ્ત્રને ધારણ કરનારી મુખ્ય અપ્સરા છે. તેનું વસ્ત્ર જો હાથમાં આવે તો તમારી કાર્યસિદ્ધિ થાય.”

વીરમતી કહે છે કે, ‘આ તેં કેવી રીતે જાણ્યું ?’

શુકે કહ્યું કે, ‘પહેલાં હું તે વિદ્યાધર સાથે ચૈત્રી–

પ્રણિંમાએ તે જિનાલયમાં યાત્રાનિમિત્તે ગયો હતો. તેથી મેં આ જાણ્યું છે. ત્યાં તમારે એકલાએ જ જવું, અને મેં કહેલો સંકેત ભૂલવો નહિ.'

આ પ્રમાણે તે શુક વીરમતીને જણાવીને આકાશમાં ઊડી ગયો. તેના વિરહદુ:ખ વડે પીડા પામેલી વીરમતી નેત્રાશ્રુ વડે સ્નેહ પ્રકાશે છે.

## વીરમતીનું કાર્યસિદ્ધિ માટે ગમન

આ તરફ પરિવાર સહિત વીરસેન રાજા અને નગરલોક વસંતક્રીડા કરીને સંધ્યા સમયે નગરીમાં પોત-પોતાના નિવાસસ્થાને ગયાં. ક્રમે કરીને ચૈત્રીપૂર્ણિમા આવી વીરમતીએ શુકના વચનનું સ્મરણ કર્યું. કારણ કે આ જગતમાં સર્વ પ્રાણીઓ સ્વાર્થ સાધવામાં ચતુર હોય છે. ફળસિદ્ધિ કર્માનુસારે પામે છે. સંધ્યાસમય થયો. તે વખતે સોળે કળાથી વ્યાપ્ત, ગગનમંડળને પ્રકાશિત કરતો ચંદ્ર કામદેવના અપ્રતિહત ચક્ર જેવો શોભે છે. તે સમયે પોતાની અંગરક્ષિકા અને વિશ્વાસપાત્ર દાસીને ઘરની રક્ષા માટે રાખી, વેશપરિવર્તન કરી વીરમતી એકલી નગરમાંથી બહાર નીકળી.

સ્ત્રીચરિત્ર જુઓ !—ચંદ્રનાં કિરણોથી શ્વેત વનમાં ભયરહિત જતી વીરમતી ઉત્તર દિશામાં દૂરથી દિવસે ભ્રમણ કરવાથી ઉત્પન્ન થયેલ પરિશ્રમને દૂર કરવા બેઠેલો સૂર્ય હોય એવા દેદીપ્યમાન સુવર્ણકલશને ધારણ કરતા જિનમંદિરને જુએ છે. વાયુથી કંપતી ધ્વજપતાકાઓ

વડે પથિકલોકને જાણે બોલાવતા હોય એવા તે ઋષભ-દેવ સ્વામીના પ્રાસાદને સમીપ આવેલો જોઈ તે હર્ષિત મનવાળી થઈ.

તે પછી સોપાનપંક્તિ ઉપર ચઢીને તે જિનચૈત્યમાં ગઈ. બે હાથ જોડી વિનયપૂર્વક શ્રી ઋષભદેવ પ્રભુને ઘણી-વાર સુધી પ્રણામ કરીને પોતાના અપરાધની ક્ષમા માગી ભગવંતની પાછળ ગુપ્તપણે રહી.

ત્યાર પછી સંકેતસમયે અપ્સરાગણ પણ ત્યાં આવ્યો. પ્રથમ શ્રી ઋષભદેવ પ્રભુને ત્રણ વખત પ્રદક્ષિણા કરી મસ્તકે બે હાથ જોડી પ્રણામ કરી કેસર આદિ શ્રેષ્ઠ પદાર્થો વડે દ્રવ્યપૂજા કરે છે. તે પછી જિનેશ્વરના ગુણોનું ગાન કરવા વડે ભાવપૂજા કરતી સંગીતકળામાં કુશળ તે અપ્સરાઓ વાજિંત્રોને તૈયાર કરી વિવિધ નૃત્યકળાઓ વડે પ્રભુની આગળ નૃત્ય કરવા લાગી. તેઓમાં કોઈ सा रि ग म प ध नि એ પ્રમાણે સાત સ્વરના ભેદથી ભિન્ન વિવિધ પ્રકારના ગીત–ગાનપૂર્વક ચિત્તને પ્રમાદ આપનારી વીણા વગાડે છે, કોઈક ત્રાં तां धिकू तां धिकू એ પ્રમાણે નાદ વડે મૃદંગ વગાડે છે. એક ઢોલ વગાડે છે, કોઈક કાહલ વગેરે વિવિધ વાજિંત્રો વગાડે છે. એક–બે–ત્રણ–ચાર તાલ, વસંત સ્વર-તાલ, બ્રહ્મતાલ આદિ ભેદવાળા નૃત્યને કરીને થાકી ગયેલી વિરામ પામી.

હવે ત્યાં જિનમંદિરની આગળ નિર્મળ જળથી ભરેલી એક પુષ્કરિણી (=વાવ) છે. તેના કાંઠે પોતાપોતાનાં

વસ્ત્રો મૂકી, પોતાનો પરિશ્રમ દૂર કરવા તે અપ્સરાઓ વાવમાં ઉતરી. પરસ્પર ઉપહાસ કરતી, ક્રીડારસને અનુભવતી નિર્ભય એવી તે અપ્સરાઓ ક્રીડા કરવા લાગી.

આ તરફ વીરમતી અવસર જોઈને મંદ મંદ ચાલતી વસ્ત્રોની પાસે જઈને શુકરાજે કહેલા નીલવસ્ત્રનું અપહરણ કરી જિનપ્રસાદની અંદર પ્રવેશ કરીને મંદિરનું દ્વાર બંધ કરીને પ્રભુના ચરણનું શરણ અંગીકાર કરીને દૃઢ મનવાળી તે પોતાના કાર્યની સિદ્ધિને માનતી દ્વારની સમીપે ઊભી રહી.

હવે સર્વ અપ્સરાઓ જળક્રીડા કરી વાવને કાંઠે આવી પોતપોતાનાં વસ્ત્રો પહેરવા લાગી. મુખ્ય અપ્સરા પોતાનાં વસ્ત્રો ન જોવાથી વિલખી થઈ અને બીજી અપ્સરાઓને પૂછે છે કે 'હે સખીઓ! આ ઉપહાસનો સમય નથી, કોઈએ મારું નીલવસ્ત્ર ગ્રહણ કર્યું છે, તે મને જલ્દી આપો.'

તેનું વચન સાંભળીને સર્વ અપ્સરાઓ હાથ જોડી વિનયપૂર્વક કહે છે કે, 'હે મોટીબહેન! સતત સેવા કરવા લાયક તમારી હાંસી કરવા માટે શું અમે યોગ્ય છીએ? હે સ્વામિની! અમે શપથપૂર્વક કહીએ છીએ કે અમે તમારું વસ્ત્ર ગ્રહણ કર્યું નથી. જેની કૃપાથી અમે જીવીએ છીએ તેનો અવિનય અમે મનથી પણ ન કરીએ. અમારી ઉપર વિશ્વાસ રાખો.

તે વખતે કોઈ અપ્સરા કહે છે કે, 'પ્રથમ આ મંદિરનું દ્વાર ઉઘાડું હતું, હમણાં તે બંધ છે. આથી

કોઇક વસ્ત્રનું અપહરણ કરનાર દ્વાર બંધ કરીને ત્યાં અંદર જ રહ્યો હોય તેમ સંભવે છે.

તેનું વચન સત્ય માનતી સર્વ દેવીઓ દ્વાર પાસે આવી આ પ્રમાણે કહે છે :

'અરે વસ્ત્રનું અપહરણ કરનાર ! અમારી સ્વામિનીનું વસ્ત્ર જલદી આપ. રાત્રિ પૂરી થવા આવી છે. હમણાં પ્રાતઃકાળ થશે. અમારે અહીંથી દૂર જવાનું છે. દેવદૂષ્ય મનુષ્યોના ઉપભોગમાં આવી શકતું નથી, એમ સમજ. જો અમારું વસ્ત્ર આપીશ તો નૃત્ય જોવાથી, હર્ષિત ચિત્તવાળા તેં અમને ભેટ આપી એમ અમે માનશું અથવા કોઈ બીજા કામે અપહરણ કર્યું હોય તો પણ તે વસ્ત્ર આપ. તારું જે કામ હશે તે અમે સાધી આપશું. જે કોઈ સ્ત્રી કે પુરુષ હોય તે જલદી દ્વાર ઉઘાડો. અમે વિલંબ સહી શકતાં નથી."

'દેવતાનું વચન અસત્ય હોતું નથી.' એથી વિશ્વાસપૂર્વક તે વીરમતીએ દ્વાર ઉઘાડયું. કહ્યું છે :

**अमोहा वासरे विज्जू, अमोहं निसि गज्जियं ।**
**नारीबालवओऽमोहं, अमोहं देवदंसणं ॥२३॥**

"દિવસે વીજળી અમોઘ છે, રાત્રિએ મેઘની ગર્જના અમોઘ છે, સ્ત્રી અને બાળકનું વચન અમોઘ છે અને દેવનું દર્શન અમોઘ છે.–અર્થાત્ જરૂર ફળે છે." ૨૩

તે અપ્સરાઓ તે વીરમતીને જોઈ આશ્ચર્ય પામી.

વીરમતી કહે છે : 'જો મારા કાર્યની સિદ્ધિ કરો તો તમારું વસ્ત્ર આપું.'

મુખ્ય અપ્સરા કહે છે : 'હે પ્રિયસખી ! તારું કાર્ય કેવા પ્રકારનું છે ? તે પ્રથમ લજ્જા છોડીને તું જણાવ, કારણ કે આહાર અને વ્યવહારમાં સ્પષ્ટ બોલનાર હોય તે સુખી થાય છે.'

તે પછી વીરમતીએ કહ્યું : 'હે દેવીઓ ! મારી શોકયને ચંદ્રકુમાર નામે પુત્ર છે. દુર્ભાગ્યથી પીડિત હું પુત્રના સુખને અનુભવતી નથી. તેથી મેં સજ્જનોને નિંદ્ય એવી ચોરી કરી.'

દેવીઓએ કહ્યું : 'તેં કેવી રીતે અમારો વૃત્તાંત જાણ્યો ?'

વીરમતીએ કહ્યું : 'કોઈક વિદ્યાધરે પાલન કરેલા શુકરાજે મારી પાસે આવીને તમારી સર્વ હકીકત કહી. અન્યથા તમારું દર્શન કઈ રીતે થઈ શકે ? હે દેવીઓ ! મેં મારી સર્વ હકીકત તમને કહી. હવે મારી પુત્રની અભિલાષા પૂર્ણ કરીને વસ્ત્રગ્રહણ કરી ઇચ્છા મુજબ ગમન કરો.'

## વીરમતીને આકાશગામિની વગેરે વિદ્યાઓની પ્રાપ્તિ

હવે પરમાર્થ જાણીને અપ્સરાઓની સ્વામિનીએ દુર્ભાગ્યથી દુષિત એવી તેના ભાગ્યમાં પુત્ર નથી એમ

અવધિજ્ઞાનથી જાણીને કહ્યું : 'આ જન્મમાં તારે સર્વથા પુત્રસુખ નથી, ભાગ્યવિરુદ્ધ સર્વથા કરી શકાતું નથી. તોપણ પુત્રરહિત એવી તને વાંછિત અર્થને આપનારી, આકાશગામિની–વૈરીનિવારિણી–જલતારિણી અને વિવિધ કાર્યસાધિની વિદ્યાઓ હું તને આપું છું. એ વિદ્યાઓના પ્રભાવથી ચંદ્રકુમાર સહિત સમગ્ર રાજ્ય તારે આધીન થશે: મારાં વચનો હૃદયમાં સ્થાપન કરીને પુત્રદુઃખને તું છોડી દે. ચંદ્રકુમાર તને માતૃભાવે જોશે. તારે પણ તેને પુત્રભાવે જોવો. તેને જ પુત્ર માનતી તું સમસ્ત સુખને પાત્ર થઈશ.'

આ પ્રમાણે દેવીનું વચન સાંભળીને પુત્રની આશાથી રહિત વીરમતીએ તે દેવી પાસેથી આકાશગામિની પ્રમુખ વિદ્યાઓ ગ્રહણ કરી, પોતાનો અપરાધ ખમાવીને તે દેવીને તે નીલવસ્ત્ર સમર્પણ કરે છે. વસ્ત્ર ગ્રહણ કરી તે દેવી પરિવાર સહિત પોતાના સ્થાને ગઈ. હવે વિદ્યાઓ પ્રાપ્ત કરીને વીરમતી શ્રી ઋષભપ્રભુના ચરણકમળને નમી, પોતાના ગૃહે આવી. આ રીતે આ રાત્રિનું વૃત્તાંત રાજા વગેરે કોઈએ જાણ્યું નહિ.

હવે પ્રભાત થવાથી પ્રસન્ન મનવાળી પ્રાતઃકાર્યો સારી રીતે કરી તે વીરમતી તે વિદ્યાઓ સાધવા લાગી. અનુક્રમે સર્વ વિદ્યાઓ સાધીને તે ચિંતારહિત થઈ. વિદ્યાના સામર્થ્યથી પાંખ પામેલી સાપણની જેમ વક્રભાવ પામીને સિંહણની જેમ નિર્ભય, અત્યંત મદોન્મત્ત ચિત્ત-

વાળી તે વિલાસ કરે છે. મંત્રતંત્રના પ્રયોગ વડે તે વીરમતી રાજા વગેરે સર્વ લોકને પોતાને આધીન કરે છે. તેથી તેની અન્ય દેશોમાં પણ પ્રસિદ્ધિ થઈ.

હવે વીરસેન રાજાએ કલાચાર્યની પાસે ભણવા મૂકેલો ચંદ્રકુમાર અનુક્રમે ગણિત, વ્યાકરણ, કાવ્ય, રસાલંકાર, છંદ, લક્ષણશાસ્ત્ર વગેરે વિદ્યાઓ શીખતો તેમજ શસ્ત્ર-અસ્ત્ર કળાઓનો અભ્યાસ કરતો સર્વ વિદ્યાઓમાં પારંગત બૃહસ્પતિ સરખો થયો.

તે ચંદ્રકુમાર સમાન વયવાળા મિત્રો સાથે ક્રીડા કરતો, દિવસો પસાર કરતો અનુક્રમે કામીપુરુષોને પ્રિય એવા યૌવનને પામ્યો.

## ચંદ્રકુમારનો ગુણાવલી સાથે વિવાહ

વીરસેન રાજાએ તેને યૌવનવય પામેલો જાણીને ગુણસેન રાજાની રંભા સમાન રૂપવાળી ગુણાવલી નામની પુત્રી સાથે નૈમિત્તિકે આપેલા શુભ મુહૂર્તે તે કુમારનો વિવાહમહોત્સવ કર્યો.

તે ચંદ્રકુમાર તે ગુણાવલી સાથે નવનવાં વસ્ત્રાભૂષણ પહેરવા વડે વિવિધ ક્રીડા વડે વિલાસ કરતો સમય પસાર કરે છે. તે વીરમતી કુમારની માતા ચંદ્રાવતી કરતાં પણ ચંદ્રકુમાર ઉપર અધિક સ્નેહ ધારણ કરતી તેના સર્વ અર્થને સાધનારી થઈ.

એક વખત પોતાના આવાસમાં રહેલી ચંદ્રાવતી

એકાંતમાં પોતાના પતિના કેશકલાપને સમારતી, કાંસકી વડે સરખા કરતી, સુગંધી તેલ વડે સુવાસિત કરતી હતી, તે વખતે રાજાના અત્યંત કૃષ્ણ કેશસમૂહમાં વળગેલી તેની આંગળીઓ કસોટીમાં કરેલી સુવર્ણરેખા સમાન શોભતી હતી.

તે વખતે તેણીએ રાજાના મસ્તકમાં ચંદ્રકળા સરખા નિર્મળ એક પલિત–શ્વેત વાળને જોઈને વદન ઉપર ખેદ પામીને પોતાના પ્રિયને કહ્યું : 'હે પ્રિયતમ ! અકસ્માત્ ભયજનક એક દૂત અહીં આવ્યો છે. આપે સર્વ અરિ-વર્ગને પોતાના પરાક્રમથી નિવાર્યો છે, પરંતુ આ એક ન નિવારી શકાય એવો આવ્યો છે.'

## વીરસેન રાજાનો વૈરાગ્ય

આ પ્રમાણે પોતાની પ્રિયાનું વચન સાંભળીને રાજા કહે છે : 'અહીં દૂત ક્યાંથી આવ્યો ? મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી અંતઃપુરમાં કેવી રીતે આવે ? તેને બતાવ, તેનો દંડ કરું' એ પ્રમાણે વિસ્મય સહિત આમતેમ કોઈને ન જોવાથી રાજા કહે છે : 'એવા પ્રકારનો કયો દૂત છે જે સુભટોથી રક્ષણ કરાયેલા, પ્રવેશ ન કરી શકાય એવા મારા અંતઃપુરમાં આવે ?'

ચંદ્રાવતી કહે : 'હે પ્રિય ! વ્યાકુળ ચિત્તવાળા ન થાઓ. જે દૂત શરીરધારી હોય તે અહીં કેવી રીતે આવે ? પરંતુ આ જગતનો સંહાર કરનાર જરાનો દૂત

ધર્માનુષ્ઠાનના સમયને સૂચવતો પલિત–શ્વેત કેશના બહાનાથી તમારા મસ્તકમાં આવ્યો છે.'

આ પ્રમાણે રાણીનાં વચનના રહસ્યને સમજી ક્રોધ શાંત કરી રાજા વિચારે છે : 'અનુપમ એવા આ શરીરમાં જરા આવી, જેથી અંગો શિથિલ થાય છે, કેશ શ્વેત થાય છે. દંતપંક્તિ ભ્રષ્ટ થાય છે, ઇંદ્રિયો પણ પોતપોતાનું કાર્ય કરવામાં વિમુખ થાય છે. જ્યારે મહાદેવે કામદેવને બાળ્યો, તે વખતે તેણે જરાનો કેમ વિનાશ ન કર્યો કે જરાના અભાવમાં ચિંતારહિત પ્રાણીઓ નિરંતર સુખ પામે !' આ પ્રમાણે વિચારતો રાજા પોતાના આત્માને સમજાવે છે : 'હે ચેતન ! ભયંકર દુઃખોથી ભરેલા આ સંસારમાં ધર્મ વિના એકાંત હિત કરનાર બીજો કોઈ નથી. શરીર અનિત્ય છે, સમૃદ્ધિ અશાશ્વત્ છે, હંમેશાં પ્રાણીઓના પ્રાણોનું અપહરણ કરનાર યમરાજ નજીક ઊભો છે, તેથી પોતાના ઇષ્ટને સાધવામાં તત્પર થાય. જીવોને શાશ્વત્ સુખસાધક ધર્માંરાધના છે. વિષયરૂપી વિષની વાસનાનો દૂરથી ત્યાગ કર. આ જરા બહાર પ્રકાશે છે, તેવી રીતે તું મનમાં ક્ષય ન પામે એવા આત્મામાં રહેલા સમભાવરૂપી અમૃતરસને પ્રગટ કર. જ્ઞાન–દર્શન–ચારિત્રમય પોતાના અભ્યંતર પ્રકાશને જો. નરકના દુઃખને આપનારા રાજ્યમાં કેમ મોહ પામ્યો છે ? તેથી વિષયસુખનો ત્યાગ કરીને સફેદ-કેશરૂપ ખડ્ગ વડે કામસુભટનો નાશ કરવા માટે સંયમરૂપી રાજ્ય ગ્રહણ કરવું ઉચિત છે. આ પ્રમાણે મનમાં નક્કી કરીને

વીરસેન રાજા ચંદ્રાવતી રાણીને કહે છે: 'હે પ્રિયા! હવે મારી સંસારમાં રહેવા ઇચ્છા નથી. આથી સંસારસમુદ્ર તરવામાં પ્રવહણ સમાન સંયમને ગ્રહણ કરીને હું અણગાર મુનિ થઈશ. કહ્યું છે:

**जयसिरिवंछियसुहए, अणिट्ठिहरणे तिवग्गसारम्मि ।**
**इहपरलोयहियट्ठं, सम्मं धम्मम्मि उज्जमह ॥२४॥**

'જય, લક્ષ્મી અને વાંછિત સુખને આપનારા, અનિષ્ટોને દૂર કરનાર, ત્રણ વર્ગમાં સારભૂત, એવા ધર્મમાં આલોક અને પરલોકના હિત માટે સારી રીતે ઉદ્યમ કરો.' ૨૪

આ પ્રમાણે પ્રિયતમનું વચન સાંભળીને પટરાણી વિષયને અનુસરતાં વાક્યો વડે રાજાને વિનવવા લાગી; તોપણ કામભોગથી વિરક્ત ચિત્તવાળો, સંયમને ગ્રહણ કરવાની અભિલાષાવાળો, અધિક વૈરાગ્યથી શોભતો એવો તે રાજા માન્ય કરતો નથી.

આ પ્રમાણે વીરમતી અને ચંદ્રાવતીએ વિલોભિત કરવા છતાં પણ વીરસેન રાજા સંસારવાસને કારાગૃહ માનતો પોતાના શુભ આશયથી ચલાયમાન ન થયો.

## ચંદ્રકુમારને રાજ્ય અને વીરસેન રાજા તથા ચંદ્રાવતીની દીક્ષા

રાજાના પરિણામ જાણીને ચંદ્રાવતી 'સતીઓ પતિના માર્ગને અનુસરનારી હોય છે' એ વચનને સત્ય કરતી હોય તેમ સંયમગ્રહણ કરવાનો પરિણામ થવાથી કહે છે: 'હું

પણ સંસારવાસથી ખેદ પામી તમારી સાથે શાશ્વત સુખ આપનારી પ્રવ્રજ્યા સ્વીકારીશ.' એમ નિવેદન કરી પોતાના પુત્ર ચંદ્રકુમારને હિતશિક્ષા આપી વીરમતીને સોંપ્યો. વીરસેન રાજાએ સર્વને યોગ્ય શિખામણ આપીને ચંદ્ર-કુમારનો રાજ્યાભિષેક કર્યો.

તે પછી જિનચૈત્યોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવી, દીન-અનાથ જનોનો ઉદ્ધાર કરી, સાત ક્ષેત્રોમાં ધન વાપરી મહોત્સવપૂર્વક ચંદ્રાવતી સાથે સુગુરુની પાસે દીક્ષા લીધી. કહ્યું છે :

**न य रायभयं न य चोरभयं, इहलोगहियं परलोगसुहं ।**
**नरदेवनयं वरकित्तिगरं, समणत्तमिमं रमणिज्जयरं ॥२५॥**

'જેમાં રાજાનો ભય નથી, ચોરનો ભય નથી, આ લોકમાં જે હિતકારી છે, પરલોકમાં જે સુખકર છે, મનુષ્યો અને દેવોએ જે જેને નમસ્કાર કર્યા છે, શ્રેષ્ઠ કીર્તિને કરનાર છે, (તેવું) આ સાધુપણું અત્યંત મનોહર છે.' ૨૫

હવે બન્ને પ્રકારની (ગ્રહણ અને આસેવન) શિક્ષા ગ્રહણ કરી વીરસેન રાજર્ષિ અનુક્રમે ગીતાર્થ થઈને ભવ્ય જીવોને પ્રતિબોધ કરતા શ્રી મુનિસુવ્રત સ્વામીના શાસનમાં કેવળજ્ઞાન પામીને પરમપદ–મોક્ષ પામ્યા. તે ચંદ્રાવતી આર્યા પણ નિરતિચાર સંયમની આરાધના કરીને ક્ષપક-શ્રેણિ વડે કેવળજ્ઞાન પામીને નિર્વાણસુખ–મોક્ષસુખ પામ્યાં.

આ પ્રમાણે વીરસેન રાજાનો અને ચંદ્રાવતીનો પ્રમોદ આપનારો નિર્મલ વૃત્તાંત સંક્ષેપથી કહ્યો.

હવે વીરમતી અને ચંદ્રકુમારનું વિવિધ રસ ઉત્પન્ન કરનાર, ચિત્તને આનંદ આપનાર ચરિત્ર કહીએ છીએ. ભવ્ય જીવો તે સાવધાન મનથી સાંભળો.

## વીરમતીનું ચંદ્રરાજા આગળ પોતાની વિદ્યાશક્તિનું કહેવું

હવે એક વખત વીરમતી એકાંતમાં ચંદ્રરાજાને બોલાવી કહે છે: 'હે પુત્ર! વિદ્યાબલયુક્ત હું હોવાથી તારે કોઈપણ પ્રકારની ચિંતા ન કરવી. જો તારી ઇચ્છા હોય તો ઇંદ્રનું સિંહાસન લાવું. હે દીર્ઘાયુષ્! જો તારી સૂર્યના રથના રેવંત અશ્વની ઇચ્છા હોય તો તે પણ તરત તારી આધીન કરું. હે બુદ્ધિશાળી! જો તું કહે તો કુબેરની ધનસમૃદ્ધિનું હરણ કરીને તારો રાજ્યભંડાર અક્ષત–પૂર્ણ કરું, મેરુપર્વતને તારા ઘરમાં લાવું, તને દેવકુમારી પણ પરણાવું. હે કુમાર! આ અસત્ય ન જાણ. મારી વિદ્યાના પ્રભાવને જાણવા માટે દેવો પણ સમર્થ નથી. તો મનુષ્યો કેવી રીતે હોય? આ લોકમાં સ્ત્રીના ચરિત્રનો કોઈ પાર પામી શકતા નથી. કહ્યું છે:

**जलणो वि घेप्पइ सुहं, पवणो भुयगो य केणइ नएण ।**
**महिलामणो न घेप्पइ, बहुएहिं नयसहस्सेहिं ॥२६॥**

'અગ્નિ સુખપૂર્વક ગ્રહણ કરાય છે, વાયુ અને સર્પ પણ કોઈક ઉપાય વડે ગ્રહણ કરાય છે; પરંતુ ઘણા હજારો ઉપાય વડે સ્ત્રીનું મન ગ્રહણ કરાતું નથી.' ૨૯

'હે વત્સ! ઇચ્છા મુજબ તારા સર્વ મનોરથો પૂર્ણ કરીશ. પરંતુ યૌવનવય પામેલા તારે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહિ. યૌવન સર્વ અનર્થ કરાવનાર થાય છે.' કહ્યું છે :

**जोव्वणं धणसंपत्ती, पहुत्तं अविवेगया ।**
**इक्किक्कं पि अणट्ठाय, किमु जत्थ चउक्कयं ॥२७॥**

'યૌવન, ધનસંપત્તિ, પ્રભુત્વ, અવિવેકપણું આ એકેક પણ અનર્થ માટે થાય છે, તો જ્યાં આ ચારે હોય તેની શું વાત કરવી?' ૨૭

'હે પુત્ર! જો હું પ્રસન્ન છું તો કલ્પવૃક્ષની લતા સરખી છું પણ જો કુપિત થાઉં તો વિષવેલી સમાન છું. આ પ્રમાણે જાણીને હંમેશાં સુખને ઇચ્છતા તારે ક્યારેય મારા વચનનું ઉલ્લંઘન કરીને કોઈ પણ કાર્ય ન કરવું અને બીજી વાત એ છે કે મારાં છિદ્ર ન જોવાં.'

ચંદ્રરાજા બે હાથ જોડી વીરમતીને કહે છે : 'હે માતા! એકાંતે હિત ચિંતવનારી તારા વચનનો લોપ હું ક્યારેય કરીશ નહિ.'

**तुं चेव मज्झ जणणी, तं जणगो ईसरो य राया मे ।**
**सइ रक्खिरी तुमं मम, सव्वं साहीणमेव तुह ॥२८॥**

'તું જ મારી માતા છે, તું જ મારો પિતા, ઈશ્વર અને રાજા છે, તું હંમેશાં મારું રક્ષણ કરનારી છે. આ સર્વ તને જ સ્વાધીન છે.' ૨૮

'હે માતા ! તમારી દયાથી મારે અગણિત દ્રવ્ય છે.'

આ પ્રમાણે ચંદ્રરાજાનું વચન સાંભળીને હર્ષિત મનવાળી વીરમતી કહે છે : 'હે પુત્ર! તું સો વર્ષ જીવ, તું મને પ્રાણ કરતાં પણ પ્રિય છે, તારા વિનયગુણ વડે હું તારા પર ઘણી પ્રસન્ન છું. મારાથી કોઈ ભયની આશંકા તારે ન કરવી. આ રાજ્યલક્ષ્મી સુખપૂર્વક ભોગવ. તને ક્રોડો કલ્યાણ થાઓ. આ પ્રમાણે શુભ આશીર્વાદોપૂર્વક તેની સાથે વાતચીત કરીને વીરમતી પોતાના પ્રસાદમાં આવી.

ગંગા નદીની જેમ નિર્મળ બુદ્ધિવાળી, સદ્ગુણોનાં સમૂહથી યુક્ત ગુણાવલીએ પોતાના પ્રિયના ચિત્તને તેવી રીતે આવર્જિત–વશ કર્યું કે જેથી તે ચંદ્રરાજા તેનામાં મન રાખવા લાગ્યો.

આ પ્રમાણે ચક્રવાક પક્ષીની જેમ ક્ષણવાર પણ વિરહની વેદનાને નહિ સહન કરતા, દોગુંદુકદેવની જેમ સ્નેહપાશથી બંધાયેલાં તે બંને ઘણા પ્રકારના ભોગોને ભોગવતાં ફરતાં હતાં. દૂધ અને પાણીની જેમ પરસ્પર સ્નેહવાળું તે યુગલ સુવર્ણજડિત રત્નની જેમ શોભે છે.

ચંદ્રરાજા હંમેશાં વીરમતીની ઇચ્છા મુજબ કાર્ય કરતો હતો અને પટરાણી ગુણાવલીએ પણ હંમેશાં મહાદેવી વીરમતીના ચરણોને પ્રણામ કરતાં કેટલાય દિવસો પસાર કર્યા. રાજસભાની અંદર ચંદ્રરાજા લઘુ હોવા છતાં રૂપ વડે કામદેવ સમાન, તેજથી મેરુપર્વતના શિખરે રહેલા સૂર્ય સમાન શોભતો હતો.

ચંદ્રરાજાની સભામાં બૃહસ્પતિ સરખા છ યે દર્શનને જાણનારા શ્રેષ્ઠ પંડિતો પરસ્પર વાદવિવાદ કરતાં લોકોના ચિત્તને આનંદ પમાડતા હતા.

## વીરમતીનું ગુણાવલીને સ્વાધીન કરવું

હવે એક વખત વિવિધ આભરણો વડે શોભતી ગુણાવલી રાણી અમૃત સમાન સ્વાદિષ્ટ ભોજનથી પોતાના પ્રિયને જમાડીને, પોતે પણ ભોજન કરી હર્ષિત ચિત્તવાળી પોતાના પ્રાસાદના ગવાક્ષમાં બેઠી હતી, તે વખતે તેનો દાસીવર્ગ એકબીજાની હરીફાઈથી તેની સેવા કરતો હતો. તે દાસીઓમાં કોઈક હાથમાં પંખો લઈ વીંજતી હતી, કોઈક તંબોલ–મુખવાસ આપતી હતી, કોઈક અમૃતસમાન પાણીથી ભરેલ કળશ લઈ ઊભી હતી, કોઈક હાથમાં વિલેપન લઈ ઊભી હતી, કોઈક હાથમાં દર્પણ લઈને ઊભી હતી. કોઈક કેસરયુક્ત જળ છાંટતી હતી, કોઈક વિકસિત દાડમ સરખા દાંતવાળી વિનોદ-વાર્તા વડે તેને હસાવતી હતી, કોઈક તેના કંઠમાં પંચવર્ણની પુષ્પમાળાઓ પહેરાવતી હતી. આ પ્રમાણે દાસીઓ અનેક પ્રકારે સેવા કરતી હતી તેથી ગુણાવલી રાણી પ્રફુલ્લ ચિત્તવાળી પ્રમોદને અનુભવતી કામદેવના વનની સંપત્તિની જેમ શોભતી હતી.

તે વખતે દૂરથી વિવિધ વેશથી વિભૂષિત વીરમતીને આવતી જોઈને દાસીઓ ગુણાવલીને હર્ષપૂર્વક કહેવા લાગી : ‘હે સ્વામિની ! જલ્દી ઊભાં થાઓ. તમારાં સાસુ તમારી સાથે વાતચીત કરવા માટે આવતાં દેખાય છે.

તેમનો યથોચિત વિનય કરો. જે પૂજવા યોગ્યની સેવા કરે છે, તે સર્વસંપદાઓને પાત્ર થાય છે. જેમ તમારો આદેશ અમે મસ્તકે ધારણ કરીએ છીએ; તેવી જ રીતે તમારે પણ તેમની આજ્ઞા પાળવી, કારણ કે તમારા પ્રિય મહારાજા પણ તેમની આજ્ઞામાં સતત બંધાયેલા છે, તેથી તમે પણ તેની બહુમાનપૂર્વક સેવા કરો. તેમની પ્રસન્નતાથી તમારા સર્વ મનોરથો ફળશે.

**पुज्जाण मच्चणाओ, माणं अरिहंति सेवगा निच्चं ।**
**कुलया न पयट्टंते, पुज्जसमच्चणवइक्कमणे ॥२९॥**

'પૂજ્યની પૂજા કરવાથી સેવકો હંમેશાં પૂજનીય થાય છે. કુલવાન જનો પૂજ્યની પૂજાનું ઉલ્લંઘન કરતા નથી.' ૨૯

આ પ્રમાણે પોતાની દાસીનાં વચનો સાંભળીને વસ્ત્રાભરણથી સુશોભિત ગુણાવલી એકદમ ઊભી થઈને તેની સન્મુખ જઈને તેના ચરણકમળમાં પડી વિનયથી નમ્ર મસ્તકવાળી તે આ પ્રમાણે બોલી : 'હે પૂજ્ય ! તમારાં દર્શનથી હું કૃતાર્થ થઈ, તમારી કૃપાથી હું પરમ ઐશ્વર્ય પામી. આજે મારે આંગણે કલ્પવેલી પ્રગટ થઈ, આજે મારો જન્મ સફળ થયો. આજે મારા પૂજેલ દેવતા પ્રસન્ન થયા, આજના દિવસને હું સફળ માનું છું. વધારે શું કહું ? હે પૂજ્ય ! આપે અહીં આવીને સુમેરુ કરતાં પણ મને અધિક કરી.

આ પ્રમાણે ગુણાવલીનાં વચનો સાંભળીને હર્ષિત મનવાળી વીરમતી તેને સરળ સ્વભાવવાળી જાણી તેને શુભ

આશિષ આપે છે, ‘ જ્યાં સુધી લોકમાં અક્ષયતેજયુક્ત ધ્રુવ તારો હોય, ત્યાં સુધી તારું કલ્યાણદાયક અચલ સૌભાગ્ય રહો. જ્યાં સુધી આ પૃથ્વીમંડલ છે, ત્યાં સુધી તું પુત્રપૌત્રના પરિવારવાળી સુખી રહે.’

તે પછી ગુણાવલી તેને ઉત્તમ આસન ઉપર બેસાડીને બે હાથ જોડી તેની સન્મુખ બેઠી.

તેના અપરિમિત ગુણ વડે ખુશ થયેલી વીરમતી બોલી : ‘ હે વધૂ ! તારું નામ યથાર્થ છે. તેં બંનેય કુળને ઉજાળ્યાં છે, તું વિનયગુણ વડે શ્રેષ્ઠ છો; આથી તારા મુખકમળમાંથી મધુર વચન નીકળે છે. તેમાં શું આશ્ચર્ય ? ચંદ્રમંડળમાંથી અમૃત ઝરે છે, કમળમાંથી સુગંધ ફેલાય છે. ઈક્ષુખંડમાંથી મધુરસ નીકળે છે, તે કાંઈ આશ્ચર્ય નથી. તું ક્રોડ દિવાળી જો. તું મને પ્રાણ કરતાં પણ વધારે પ્રિય છો. તને જે મનગમતું હોય તે મારી પાસે માગવું. તારે કોઈ ચિંતા ન કરવી. જો મારો પુત્ર ચંદ્ર તને કાંઈ દૂભવે તો મને જણાવવું, જેથી હું તેને શિખામણ આપીશ. તમે દંપતી મારા નેત્ર સમાન છો. જો સાસુ વહુ ઉપર સ્નેહવાળી હોય તો શું કહેવું ? હું તને પુત્રી સમાન માનું છું. તું શુદ્ધ હૃદયવાળી છે. મને તારામાં વિશ્વાસ છે. તું ક્યારેય મારા વચનનું ઉલ્લંઘન નહીં કરે એમ હું સંશય વિના જાણું છું. જો તું મારા વચન મુજબ ચાલીશ તો મારી પાસે વિદ્યા-પ્રમુખ જે કાંઈ છે તે સર્વ તારે સ્વાધીન જ છે એમ જાણવું.

આ પ્રમાણે વીરમતીએ વાણીની કુશળતાથી ગુણાવલીને વશ કરી.

ગુણાવલી અત્યંત સરળ આશયવાળી હોવાથી સાસુનાં કપટપૂર્વકનાં વચનોને જાણતી નથી. તેના વચનને સર્વ સત્ય માને છે. તેનો દાસીવર્ગ તે બન્ને વાત કરતાં હતાં ત્યારે પોતપોતાનું કામ કરવા લાગ્યો.

## ગુણાવલીને દેશાંતરગમન માટે સમજાવવું

હવે એકાંત મેળવીને વીરમતી ગુણાવલીને કહે છે : 'હે વહુ ! તું રાજકન્યા છે. મારો પુત્ર તારો પ્રિય છે, તેથી તું પોતાના મનમાં આ સંસારને સફળ માને છે. આલોકમાં મારાથી અધિક કોઈ નથી એવો ગર્વ ધારણ કરે છે. પરંતુ હું તારો જન્મ નકામો માનું છું. તું અત્યંત મુગ્ધ છે, પોતાના હિતને જાણતી નથી.

આ પ્રમાણે વીરમતીનાં મર્મયુક્ત વચનો સાંભળી ગુણાવલી કહે છે : 'હે માતા ! હું તમને મારી માતા સમાન ગણું છું. અપરાધ વિના શા માટે મને નિંદો છો ? મારી કઈ ન્યૂનતા છે ? હસ્તિ–અશ્વ–રથ–સુવર્ણ–રત્ન અને દુકૂલવસ્ત્ર વગેરે મનવાંછિત સર્વ વસ્તુઓ વિદ્યમાન છે. મારો પરિવારવર્ગ પણ હંમેશ અનુકૂળપણે મારી સેવા કરે છે. પ્રબળ પુણ્યોદયથી તમારા જેવાં સાસુ હંમેશ મને હિતકારી ઉપદેશ આપનારાં પ્રાપ્ત થયાં છે, તેથી હું મારા જન્મને કૃતાર્થ માનું છું. મારા જેવી કોઈ પુણ્યશાળી નથી.

તે પછી વીરમતી તેનો હાથ પકડી કહે છે: 'હે પુત્રી ! તું સર્વથા મુગ્ધ દેખાય છે. મારા વચનનું રહસ્ય તેં કાંઈ પણ ન જાણ્યું. હોઠ કંપવાથી હૃદયમાં રહેલા ભાવને જાણનારા સંસારમાં વિરલ હોય છે પરંતુ આ સર્વ ગુણો કરતાં બુદ્ધિગુણ અતિ દુર્લભ છે. કહ્યું છે:

**न दव्वं दव्वमिच्चाह, बुद्धिसज्झं इमं मयं ।**
**तम्हा बुद्धिगुणो सज्झो, पुव्वमेव हियत्थिणा ॥३०॥**
**गुणा सएव पुज्जंति, न रूवं न कुलं तहा ।**
**गुणाणमज्जणे लोगा, पयट्टंति जओ सया ॥३१॥**

"દ્રવ્ય તે દ્રવ્ય નથી, કારણ કે તે બુદ્ધિસાધ્ય છે, તેથી સૌથી પ્રથમ હિતના અર્થીએ બુદ્ધિગુણ સાધવો જોઈએ." ૩૦

"ગુણો હંમેશાં પૂજાય છે, તેવી રીતે રૂપ કે કુળ પૂજાતું નથી. જે કારણથી હંમેશાં લોકો ગુણો ઉપાર્જન કરવા પ્રયત્ન કરે છે." ૩૧

મૂર્ખ માણસ જ ધનના ઉપભોગની ઇચ્છા કરે છે. કોઈક રૂપ વડે આનંદ માને છે, પરંતુ તે સારું નથી. ઉત્તમ પુરુષો નિર્મળ ગુણોથી જ પ્રસન્ન થાય છે. તું પુષ્પ જેવી સુકુમાર છે. ફક્ત સૂક્ષ્મ દુકૂળવસ્ત્ર પહેરવાનું જ જાણે છે. પણ તારામાં કોઈપણ બુદ્ધિબળ નથી. એક તરફ ચાર વેદ અને એક તરફ બુદ્ધિકૌશલ્ય. એ પ્રમાણે બન્ને તું સરખા જાણે છે. પરંતુ વિદ્વાન જ તેના ભેદ જાણે છે. પોતાની

જાતે પોતાને પંડિત માને છે, પણ હું તો તને પશુસમાન માનું છું. વચનમાત્રમાં તારું કુશળપણું છે. એક વચનથી જ મેં તારી પરીક્ષા કરી છે.

હવે ગુણાવલી કહે છે: 'હે પૂજ્ય! હું મૂઢ બુદ્ધિવાળી છું એમ તમે કેવી રીતે જાણ્યું? હું વિદુષી છું એમ સાચી રીતે માનું છું. વધારે શું કહું? પોતાનાં વખાણ પોતાની જાતે કરવાં તે તો સર્વથા અનુચિત છે.' કહ્યું છે:

**पखुत्ता गुणा जस्स, निग्गुणो वि गुणी सिया ।**
**इंदो वि लहुओ होइ, सयं पक्खाविए गुणे ॥३२॥**

'જેના ગુણો બીજા કહે છે, તે નિર્ગુણી હોય તો પણ ગુણવાન થાય, જે પોતાના ગુણો પોતે કહે તે ઇંદ્ર હોય તો પણ લઘુ થાય છે.' ૩૨

'હે માતા! તમારો પુત્ર મારો સ્વામી છે. આ ત્રિભુવનમાં એના સમાન બીજો કોઈ પુરુષ નથી. નિર્મળ ગુણોના સમૂહથી ભરેલા તે સ્વામી વડે પુણ્યશાળી લોકોમાં હું મને અગ્રેસર માનું છું. તો પણ તમે મારા જન્મને ધિક્કારો છો?

વીરમતી કહે છે– હે પુત્રી! તું સાવધાનપણે મારું વચન સાંભળ. પોતાના મનમાં એ પ્રમાણે પ્રમોદ ન પામ. તારા સ્વામી ચંદ્રરાજાની કઈ ગણત્રી? તેને કોણ ઓળખે છે? જો બીજા પુરુષોને તું જુએ તો તને ગર્વ ન થાય. કૂવાનો દેડકો સમુદ્રના તરંગોને કેવી રીતે જાણે? કુબ્જા સ્ત્રી રતિના રૂપની સંપત્તિને કઈ રીતે જાણે? જે

નારિયેળના ફળના અસ્વાદને જાણતો નથી, તેને કાકડીનાં ફળ મીઠાં લાગે છે. નગરના લોકના વૈભવને વનેચર-ભિલ્લ કેવી રીતે જાણે? જે ગરમ કામળો પહેરે છે તે રેશમી વસ્ત્રના પહેરવાના આનંદને કેવી રીતે પામે? જેણે પ્રવહણ જોયાં નથી, તેને તરવા માટે તુંબડી જ પ્રિય હોય છે. ઘાંચીનો બળદ હળની ખેતીને કેવી રીતે જાણે? હે પુત્રી! તું માંચાના માંકણ જેવી સર્વથા અબુધ છે, જેથી લોકમાં એવા પ્રકારના એકેક પુરુષ હોય છે કે જે રૂપસંપત્તિ વડે પ્રત્યક્ષ નવીન કામદેવ અને ઇંદ્ર જેવા દેખાય છે.'

આ પ્રમાણે સાસુનાં વચનો સાંભળીને ગુણાવલી કહે છે: 'હે માતા! આ પ્રમાણે મને ન કહો. બીજા ચંદ્રરાજા કરતાં અધિક રૂપસંપત્તિવાળા હશે, પરંતુ તમારા કુળને ઉદ્યોત કરનારા ચંદ્ર જેવો એક ચંદ્રરાજા જ છે. સિંહણ એક જ પુત્રને જન્મ આપે છે, શિયાળણી અનેક પુત્રોને જન્મ આપે છે. કસ્તુરિયાં મૃગ ક્યારેક કોઈ ઠેકાણે જ મળે છે, બીજાં હરણો ઘણાં દેખાય છે. તેથી તમારો પુત્ર ચંદ્ર ક્યાં? અને બીજા મંદમતિ મનુષ્યો ક્યાં? બીજા સર્વ રાજાઓ તમારા પુત્ર ચંદ્રરાજાના પગના નખ જેવા જ છે. જ્યાં ગજરાજની તુલના કરાય ત્યાં ગર્દભ તેની સંગતિને કઈ રીતે યોગ્ય છે? જ્યાં કલ્પવૃક્ષ સરખાં વૃક્ષો શોભતાં હોય ત્યાં કેરડાના વૃક્ષની કઈ ગણત્રી? તમારા પુત્ર ચંદ્રરાજાને સ્વામી તરીકે પામીને હું મારા

જન્મને સફળ માનું છું. મારા ભાગ્યોદયથી જે પતિ મને મળ્યો તે મારે દેવની જેમ પૂજનીય છે. ભોજન-સમયે પાત્રમાં જે આવ્યું હોય તે પકવાન્ન જાણવું.'

તે પછી વીરમતી કહે છે: 'હે ગુણાવલી! તું જે કહે છે તે સત્ય છે. મારો પુત્ર ચંદ્રરાજ ઉત્તમ ગુણ-વાળો છે. પૃથ્વી બહુરત્ના છે. ચંદ્રરાજા કરતાં પણ અધિક ગુણવાળા અનેક પુરુષો હોય છે. જો તું દેશભ્રમણ કરતી હોય તો તને વિશેષ જ્ઞાન થાય. તું ફક્ત આભાપુરીને જ જાણે છે, તેથી બીજાં નગરોને કેવી રીતે જાણે? રમણીય અને અરમણીયનો વિવેક તને દુર્લભ છે, તેથી તારા જન્મને હું નિષ્ફળ જાણું છું. આ વાતમાં તારે ક્રોધ ન કરવો. જો આ સમયમાં મારા જેવી સર્વ વિજ્ઞાનમાં કુશળ સાસુ મળી છે તો તું જો અન્ય દેશોને જોશે નહિ તો તું ક્યારે જોઈશ? આટલો પણ સંકોચ તું ધારણ કરે છે તો તું સર્વથા કુતૂહલ જાણવામાં વિમુખ છે. વધારે કહે-વાથી સર્યું! તારો જન્મ વનપુષ્પની માફક નિરર્થક જાય છે. જો તું વિવિધ દેશના આચારોને નહિ જુએ તો માનવભવને સફળ કેવી રીતે કરીશ? નવીન તીર્થો, પર્વતો, છાવણીઓ, શિખર, નદી, ઉદ્યાન, વનખંડ, નર-વરો, રાજરમણીઓના વિવિધ વિનોદ, ગીત, નૃત્ય, વાજિંત્રો અને પવિત્ર ચરિત્રો જે જુએ છે, તે મનુષ્ય ધન્ય છે. તે માતાઓને ધન્ય છે કે જે વિવિધ કુતૂહલ જોવામાં રસિક એવી પુત્રીઓને જન્મ આપે છે. * અશ્વ-

* અશ્વમુખ વગેરે નામવાળા મનુષ્યો ૫૬ અંતરદ્વીપમાં હોય છે.

મુખ, હયકર્ણ, દીર્ઘકર્ણ, એકપાદ, ગૂઢદંતધર, વિશુદ્ધદંત મનુષ્યોને જોયા વિના તું લોકમાં મનુષ્યની ગણત્રીમાં કઈ રીતે યોગ્ય થાય? તું તો ફક્ત ભોજન-પાનના જ આસ્વાદને જાણનારી, વસ્ત્રાલંકારથી વિભૂષિત ફક્ત ઉદરને સ્પર્શ કરનારી પોતાના પ્રાસાદમાં પ્રમોદ કરતી રહે છે. ઘરમાં રહેતી તું કુશળપણું કેવી રીતે પામે? નીતિ-શાસ્ત્રમાં કુશળપણું પાંચ પ્રકારે બતાવ્યું છે. તે આ પ્રમાણે—

**देसाडणं पंडियमित्तया य, वारंगणा रायसहापवेसो ।**
**अणेगसत्थाण विलोगणंच,**
**कोसल्लमूलाइं भवंति पंच ॥३३॥**

"દેશાટન, પંડિતોની મિત્રતા, વારાંગના, રાજ-સભામાં પ્રવેશ, અનેક શાસ્ત્રોનું વિલોકન, એ પાંચ ચાતુર્યનાં મૂળ છે." ૩૩

અહીં દેશાટન મુખ્ય કહ્યું છે. તારા કરતાં પક્ષીઓ પણ ઉત્તમ છે, જેથી તેઓ આકાશમાં પરિભ્રમણ કરતાં વિવિધ આશ્ચર્યો જુએ છે. જેમ રંક માણસ ગોળને અમૃત સમાન માને છે, તેમ તું સર્વને છોડીને એક ચંદ્રરાજાને જ જાણે છે. સ્નેહ અને અસ્નેહની વાત જાણવા માટે પણ અશક્ત છે. જે વિદેશમાં ગમન કરનાર હોય તે કોઈથી પણ ઠગાતો નથી. કહ્યું છે કે—

**दीसइ विविहचरित्तं, जाणिज्जइ सुयणदुज्जणविसेसो ।**
**धुतेहिं न वंचिज्जइ, हिंडिज्जइ तेण पुढवीए ॥३४॥**

"વિવિધ ચરિત્રો જોઈ શકાય, સજ્જન અને દુર્જનનો વિશેષ ભેદ જાણી શકાય, ધૂર્ત માણસો ઠગી ન શકે, તે માટે પૃથ્વીમાં ભ્રમણ કરવું જોઈએ." ૩૪

બીજા તો ઘરમાં શૂરા, મઠપંડિત ઘણા દેખાય છે, પરંતુ જે વિદેશમાં સન્માન મેળવે તેવા ઓજસ્વી અને વિદ્વાન વિરલ હોય છે. જે કાંઈ બીજાને અપાય તે મેળવેલી સંપત્તિનું ફળ છે, અને જે બીજા દેશો સંબંધી કૌતૂક જોવાય તે જ જીવિતનું સફળપણું જાણવું.

આ પ્રમાણે વીરમતીનાં વચનો સાંભળીને ગુણાવલી કહે છે કે: 'હે માતા! તમારું વચન સાચું જ છે, તોપણ આપણે દેશાંતર જોવા માટે કેવી રીતે જઈ શકીએ? જે સ્ત્રીઓ નિરંકુશ, સ્વચ્છંદચારી, કૌતૂક જોવાના સ્વભાવવાળી, મનના આનંદ માટે ફરનારી હોય તે જ જુદા જુદા દેશોમાં વિચરે છે.

હે પૂજ્ય! હું તો વિશુદ્ધ કુળમાં ઉત્પન્ન થયેલી રાજમહિષી છું, તેથી પોતાના પ્રસાદમાંથી પદમાત્ર પણ બહાર જવા માટે અયુક્ત છે, તો દેશાંતર જવાની ક્યાં વાત? હે પૂજ્યપાદ! તમારા વચનથી કૌતૂક જોવાની મારી ઘણી ઇચ્છા છે, પરંતુ મયૂર નૃત્યકળા છોડીને પોતાનાં ચરણોને જુએ! જો શીખ્યા વિના અને જાણ્યા વિના હું કાંઈ પણ કરું તો ફક્ત દુઃખપાત્ર થાઉં. જળકુકડો ઇચ્છા મુજબ તરવા માટે શક્તિશાળી હોય, પણ કાગડો નહિ. હે માતા! હું અબળા છું. પ્રિયતમથી

ક્ષણમાત્ર પણ દૂર રહેવા અસમર્થ છું. અને તે સ્વામીને ઠગવાની બુદ્ધિ મને કઈ રીતે થાય? કુલાંગનાઓએ નિષ્કપટપણે જ પોતાના પ્રિયની સતત સેવા કરવી જોઈએ અને અનુવર્તન કરવું જોઈએ. કહ્યું છે કે:

**बालत्तणम्मि जणओ, जुव्वणपत्ताइ होइ भत्तारो ।**
**वुड्ढत्तणेण पुत्तो, सच्छंदत्तं न नारीणं ॥३५॥**

"બાલકપણામાં પિતા, યૌવન પ્રાપ્ત થાય ત્યારે પતિ અને વૃદ્ધ થાય ત્યારે પુત્ર હોય છે, સ્ત્રીઓને પોતાની ઇચ્છા પ્રમાણે વર્તવાનું હોતું નથી." ૩૫

આથી ધર્મપત્નીઓએ સ્વચ્છંદ–આચરણ સર્વથા છોડી દેવું જોઈએ. કદાચ ગુપ્તપણે કરેલ કાર્ય બીજો ભલે ન જાણે તો પણ ચંદ્ર–સૂર્ય સકળ વૃત્તાંત જાણે જ છે. આમ તે કરવાથી કદાચ તે અકાર્ય પોતાના સ્વામી જાણી જાય તો તે વખતે દેશ–પરદેશ મારું રક્ષણ કરવા શું સમર્થ થશે? તેથી 'પોતાના પતિ સાથે દેશાંતર–ગમન સ્ત્રીઓને યોગ્ય છે' એમ હું માનું છું. પુરુષ, પક્ષી અને પવન સ્વેચ્છાચારી છે. તેથી તેઓ ઇચ્છા મુજબ જાય છે.'

આ પ્રમાણે ગુણાવલીનો અભિપ્રાય જાણીને વીરમતી તેને અન્યથા કરવા માટે વિવિધ વચનયુક્તિથી કહેવાનું શરૂ કરે છે. 'હે ભોળી! જે કાર્યો સ્ત્રીજન કરે છે, તે કાર્યો કરવા માટે પુરુષવર્ગ સમર્થ થતો નથી. સ્ત્રીચરિત્ર અતિગહન હોય છે. કહ્યું છે કે:

**गह–चंद–सूरचरियं, तारा चरियं च राहुचरियं च।**
**जाणंति बुद्धिमंता, महिलाचरियं न जाणंति ॥३६॥**
**गंगाए वालुया सायरेजलं हिमवओ य परिमाणं।**
**जाणंति बुद्धिमंता, महिलाचरियं न जाणंति ॥३७॥**

"બુદ્ધિમાન પુરુષો ગ્રહ–સૂર્ય–ચંદ્ર–તારા અને રાહુનું ચરિત જાણે છે, પણ સ્ત્રીચરિતને જાણી શકતા નથી." ૩૬

"ગંગાની રેતી, સમુદ્રનું પાણી, હિમવંત પર્વતનું પરિમાણ બુદ્ધિમાન પુરુષો જાણે છે, પણ સ્ત્રીચરિતને જાણી શકતા નથી." ૩૭

જે કારણથી હરિ, હર, બ્રહ્મા અને ઇંદ્રો પણ સ્ત્રી–જનને વશવર્તી થયા છે, તે સ્ત્રીઓએ વિવિધ તપથી જેમણે પોતાના દેહને પણ સુકાવી નાખ્યો છે એવા મુનિઓને પણ પોતાને આધીન કર્યા છે; અને તેથી તેના જ અધ્યવસાયમાં તત્પર થયા છે એ પ્રમાણે લૌકિક શાસ્ત્રમાં પ્રસિદ્ધ દૃષ્ટાંતને કોણ જાણતા નથી. સ્ત્રીઓના ચરિત્રનો કોણ પાર પામે ? આ લોકમાં સ્ત્રીઓથી નહિ ઠગાયેલા પુરુષ વિરલ–જવલ્લે જ દેખાય છે. મદથી ભરેલી સ્ત્રીઓ વિષમ પર્વત ઉપર ચઢે છે, નાગરાજને પણ પોતાને વશ કરે છે, કપટની પેટી યુવતીઓ ભૂજા વડે મહાનદીને પણ તરે છે, કળાકુશળ એવી તે સિંહોથી પણ ભય પામતી નથી, પ્રસન્ન ચિત્તવાળી તેઓ કલ્પવૃક્ષ સરખી થાય છે, અને ક્રોધ પામે તો વિષવેલડીની જેમ

તરત જ પ્રાણ હરનારી થાય છે. જે સ્ત્રીઓ પોતાના ધણીથી બીએ છે તેનો જન્મ કષ્ટદાયક જાણવો. સ્ત્રીચરિત્ર કોણ શીખવાડે? સ્વભાવથી જ તેમાં પોતાની જાતે જ કુશળ હોય છે. મયૂરના ઈંડાને કોણ ચીતરે? હંસને ગતિ કોણ શીખવાડે? હાથીના કુંભસ્થળ ઉપર પ્રહાર કરવાનું સિંહને કોણ બતાવે? અભ્યાસ વિના સ્વભાવથી જ જાતિગુણો ઉત્પન્ન થાય છે તેથી તું ચંદ્રરાજાથી ભયની શંકા ન રાખ. હે પુત્રી! આપણે રાત્રિએ ગગનગામિની વિદ્યા વડે આકાશમાર્ગે અનેક કૌતૂક જોવા માટે જઈશું, અને ત્યાં પોતાના ચિત્તને અનુકૂલ પ્રમોદરસ અનુભવીને રાત્રિ પૂર્ણ થાય તે પહેલાં જ અહીં પાછાં આવી જઈશું. આપણો વૃત્તાંત તારો ભર્તા કેવી રીતે જાણશે? કદાચ તે જાણી જાય તો પણ તારે ભય ન પામવો. કારણ કે— મચ્છરના ઉપદ્રવથી ઘરનો ત્યાગ કેમ કરાય? તેથી તું નિશ્ચિંત મનવાળી રહે.

આ પ્રમાણે વીરમતીનાં યુક્તિપૂર્વકનાં વચનવિલાસ સાંભળીને ગુણાવલી વિચારવા લાગી : 'સાસુની સહાયથી વિવિધ આશ્ચર્યો હું સુખપૂર્વક જોઈશ. કારણ કે તેની પાસે ઘણી જાતની વિદ્યાઓ છે, તેથી મારા પતિ મારું નામ પણ લેશે નહિ.' આ પ્રમાણે વિચારીને ગુણાવલી વીરમતીને કહે છે કે: 'હે સાસુ! હું તમારા શરણે આવી છું. મારું જીવિત તમારે આધીન છે. તમારાં સર્વ વચન મને માન્ય છે. તમે મને નવાં નવાં કૌતૂક દેખાડવા ઇચ્છો છો, આથી મારું મન તે સર્વ જોવા ઉત્સાહ કરે

છે. પરંતુ મારી આ એક પ્રાર્થના છે કે– જે મારી લાજ રહે તેમ તમારે સર્વથા કરવું. મને તમારાથી અભિન્ન માનો. હે માતા! તમે જ મારા માથાનાં મુગુટ છો. પ્રસન્ન થઈને આજે જ મને કૌતૂક બતાવો. હમણાં મારું મન તે જોવાને આતુર છે. કારણ કે નાચતી વખતે મુખ ઢાંકવું યોગ્ય નથી. પ્રથમ તમારે મંત્રપ્રયોગથી મારા પતિને વશ કરવો, જેથી તે મને દુઃખ ન આપે, અને તે જાણીને પણ ક્રોધાકુળ ન થાય.

આ પ્રમાણે ગુણાવલીને પોતાને વશવર્તી જાણીને વીરમતીએ કહ્યું, 'હે પુત્રી! મારી પાસે અવસ્વાપિની વિદ્યા છે. જો તું કહે તો સમગ્ર નગરજનોને પાષાણ સરખા કરું, તો તારા સ્વામીને વશ કરવામાં કઈ ગણત્રી? હમણાં જ તારું ચિત્ત કૌતૂક જોવામાં જો ઉત્સાહ કરતું હોય તો સાંભળ, આજે જ જોવા લાયક કૌતૂક છે. અહીંથી ૧૮૦૦ કોશ પ્રમાણ દૂર ભૂમિમાં વિમલાપુરી નામે નગરી છે. ત્યાં શત્રુસમુદાયને જીતનાર **મકરધ્વજ** નામે રાજા રાજ્ય કરે છે. તેની લક્ષ્મી સરખી **પ્રેમલાલચ્છી** નામે પુત્રી છે. સર્વ અંગે સુંદર એવી તે બ્રહ્મા વડે જાણે પોતાના હાથે જ નિર્માણ કરી હોય એવી દેખાય છે. તે રાજકન્યાને આજે જ રાત્રિએ સિંહલપુરના અધિપતિ સિંહરાજાનો પુત્ર **કનકધ્વજ** પરણશે. ઘણા વૈભવવાળા તેઓનો વિવાહમહોત્સવ અત્યંત જોવા લાયક છે. જો તું મારી સાથે આવે તો જોવા યોગ્ય તે કૌતૂક તને આજે જ દેખાડું."

આ પ્રમાણે સાસુનાં આવા પ્રકારનાં વચનો સાંભળીને ગુણાવલી કહે છે: 'હે માતા! તમે સર્વગુણનાં આવાસ છો. આપના જેવાં સાસુ મને પ્રબલ પુણ્યોદયથી મળ્યાં છે. પરંતુ ૧૮૦૦ કોશ સુધી એક જ રાત્રિમાં કેવી રીતે જવાશે? અને ત્યાંનું કૌતૂક કેવી રીતે જોવાશે? જો કોઈ દેવતા હોય તો અલ્પકાળમાં ત્યાં જઈ શકાય. મનુષ્ય ત્યાં કેવી રીતે જઈ શકે?"

વીરમતી કહે છે: 'હે પુત્રી! દૂરનું પ્રયાણ જાણીને કેમ કંપે છે? હું આકાશગામિની વિદ્યા જાણું છું. તે વિદ્યાના પ્રાભાવથી હું કાંઈ પણ અસાધ્ય માનતી નથી. કાયરપણું ન કરવું.'

ગુણાવલી તેના અતિઅદ્દ્ભુત વિદ્યાપ્રભાવને સાંભળીને ઘણો આનંદ પામી કહે છે, 'હે સાસુ! આવા પ્રકારની મનને આનંદ આપનારી, સર્વ અર્થને સાધનારી વિદ્યા સ્વાધીન છે, પરંતુ આપણને જવાનો સમય કેવી રીતે મળશે? કારણ કે અત્યારે રાજા પરિવાર સહિત રાજસભામાં છે. સૂર્યાસ્ત સુધી ત્યાં તે રહેશે. તે પછી તે પોતાના સ્થાને આવી સંધ્યાવિધિ કરીને પ્રથમ પ્રહર ગયા પછી મારા પ્રાસાદમાં આવશે. તે પછી એક પ્રહર સુધી મારી સાથે હાસ્યવિનોદ કરશે. ત્રીજો પ્રહર આવશે ત્યારે શયનમાં નિદ્રાસુખ અનુભવશે. તે પછી પાછલા પહોરે ઊઠીને તે પ્રભાતકાર્યો કરશે. આથી મને રાત્રિમાં ક્ષણમાત્ર પણ સમય નથી. તેથી હું તમારી સાથે કેવી રીતે આવું?

વીરમતી કહે છે કે : 'હે વહુ ! તું નિશ્ચિત થા. ભયની શંકા ન કર. મારું કલાકૌશલ જો. આજે તારો પતિ તારા પ્રાસાદમાં જલ્દી આવશે. તે પછી તારે યુક્તિપૂર્વક તેને સુવડાવીને મારી પાસે તુરત આવવું.'

આ પ્રમાણે ગુણાવલીને જણાવીને વીરમતી પોતાના આવાસે આવી.

તે પછી ગુણાવલી પોતાના મનમાં વિચારે છે કે : મારી સાસુ મહાન ગુણરત્નોનો ભંડાર દેખાય છે. ઘરે રહ્યા થકાં જ મારે યાત્રા થઈ. વાર્તાની કળામાં અત્યંત કુશળ દેખાય છે. મને તેના વચનમાં વિશ્વાસ નથી. જો તેના વચન મુજબ આજે મારા પતિ જલ્દી આવશે તો વિશ્વાસ થશે.

## વીરમતીએ કરેલ દેવની આરાધનાથી ચંદ્રરાજાનું જલદી ઘેર આવવું

આ તરફ વીરમતી પોતાના નિવાસે જઈને એકદમ એકાંતમાં વિદ્યા સાધવા લાગી. તેથી વિદ્યાના પ્રભાવથી તેના વચનથી બંધાયેલ દેવ પ્રત્યક્ષ થઈને કહે છે : 'શા માટે મારી આરાધના કરી ?'

વીરમતીએ કહ્યું કે : 'કોઈ દેવતાનું આરાધન નિરર્થક ન કરે. તું આરાધનાનું નિમિત્ત આ પ્રમાણે જાણ. એવું કોઈ કપટ કર કે જેથી મારો પુત્ર રાજસભામાંથી સૂર્ય હોય તે વખતે પોતાના આવાસે આવે.'

દેવ કહે છે: આ કાર્યને હું મોટું માનતો નથી. અંજલિ પ્રમાણ જળમાં તરવાની ક્રિયાનો આરંભ કેમ કરાય, તો પણ તમારો પુત્ર હમણાં ઘેર આવે તેવો કોઈક ઉપાય કરું છું. એમ કહીને દેવે દુર્જનના હૃદયની જેવાં અત્યંત શ્યામ વાદળો વિકૂર્વ્યાં. મયૂરો તે વાદળાંઓને જોઈને કેકારવ કરવા લાગ્યા. કામદેવની તલવાર જેવી અતિચંચળ વીજળીઓ દશે દિશામાં પ્રકાશ કરવા લાગી. ચારે તરફ મેઘની ગર્જના વડે આકાશતલ વ્યાપ્ત થયું. ચારે તરફ ગાઢ અંધકાર થયો. ક્ષણવારમાં મેઘ ધારાબદ્ધ વરસવા લાગ્યો. શીતળ વાયુ લોકોના હૃદય સાથે વૃક્ષોને કંપાવતો ફેલાયો.

આ પ્રમાણે દેવના પ્રભાવ વડે આકાશમંડલ વ્યાપ્ત થયે ચારે દિશા અંધકારમય થવાથી રાજા રાજસભા વિસર્જન કરીને પોતાના આવાસે આવ્યો. સૂર્ય છતે આવેલા રાજાને જાણીને ગુણાવલી ઘણું આશ્ચર્ય પામી. તેને સાસુના વચનમાં ઘણો વિશ્વાસ થયો.

પોતાના આવાસે પ્રિયને આવતો જોઈ ગુણાવલી મસ્તકે અંજલિ કરી સન્મુખ ઊભી રહીને કહે છે, 'હે પ્રાણપ્રિય! આજે આપ સવેળા આવ્યા, વળી તમારું ચિત્ત અત્યંત વ્યાકુળ કેમ દેખાય છે?'

ચંદ્રરાજા કહે છે, 'હે પ્રિયે! અકાળે વરસાદ પડે છે, વાયુ અત્યંત શીતળ વાય છે, તેથી હું સત્વર–જલદી આવ્યો છું. આજે વરસાદ પડવાથી મારું શરીર કંપે

છે, તેથી મારામાં વ્યાકુળતા દેખાય છે.'

તે પછી ભક્તિના સમૂહથી નમ્ર ગુણાવલી સ્નેહપૂર્વક ગંગાની રેતી સમાન કોમળ શય્યા તૈયાર કરે છે, તેની ઉપર સુકુમાળ ઓશીકું મૂકે છે. તે પછી ચંદ્રરાજા સૂક્ષ્મ વસ્ત્રથી કર્ણયુગલ બાંધી પલંગમાં બેઠો. ગુણાવલીએ કસ્તુરી વગેરે ઉત્તમ દ્રવ્યોથી સુવાસિત તાંબૂલનું બીડું આપીને પીવા માટે વિવિધ આસવ આદિનું પાનક આપ્યું. તે પછી નારાયણ આદિ તૈલ વડે તેના શરીરને મર્દન—માલિશ કર્યું. આ પ્રમાણે અનેક સુગંધી દ્રવ્યના ઉપયોગથી ચારે તરફ સુગંધી ફેલાઈ. શીતની પીડા દૂર થવાથી રાજા ક્ષણવારમાં સ્વસ્થ ચિત્તવાળો થયો. તે પછી વસ્ત્ર વડે શરીર ઢાંકી રાજા સુઈ ગયો.

ગુણાવલી પોતાના સ્વામીના ચરણો દાબવા લાગી. તે પછી રાજા જાગે છે કે ઊંઘે છે તે જાણવા ઇચ્છતી તે વારંવાર તેને બોલાવતી હતી.

આ પ્રમાણે કેટલોક સમય વ્યતીત થયે સંધ્યાસમય થયો. ત્યારે તે પોતાની સાસુના સંકેતને વિચારતી શય્યામાંથી ઊઠે છે અને ફરી બેસે છે.

## ચંદ્રરાજાનું કપટપૂર્વક સૂવું

વસ્ત્રની અંદર જાગતો રાજા ગુણાવલીને અસ્વસ્થ ચિત્તવાળી જોઈને પોતાના મનમાં વિચારે છે કે, “આજે ખરેખર કાંઈક નવીન થયું હોય તેમ દેખાય છે. જેથી આનું ચિત્ત ચંચળ જણાય છે. કોઈ કાર્ય પ્રસંગમાં

આ વ્યાકુળ મનવાળી દેખાય છે. તેથી ઊઠ-બેસ કરતી મને છેતરીને કોઈ ઠેકાણે જવાની ઇચ્છાવાળી વર્તે છે. આ શીલવંતી સ્ત્રી દુષ્ટ સ્ત્રીની જેમ પાપ-પંક વડે પોતાને મલિન કરવા માટે કેમ પ્રવૃત્તિ કરે છે? રહસ્ય સમજાતું નથી. ખરેખર આ કુસંગના દોષથી દુષ્ટ આચારવાળી થઈ છે. અન્યથા મારી જેવો પ્રિયતમ હોવા છતાં અન્યની સાથે પ્રીતિવાળી કેમ થાય? અધમજનના સંગ વડે સ્ત્રી આવા પ્રકારની થાય છે. આ હકીકત સંદેહ વિનાની છે. જાત્યસુવર્ણન ટંકણખાર સાથે સંયોગ થાય છે, સુગંધી બરાસને અંગારા સાથે સ્થિરતા થાય છે. ચકોરપક્ષી અંગારાનું ભક્ષણ કરવા ઇચ્છે છે. ઉત્તમ બકુલવૃક્ષ કામવશ મદિરા પીવાને ઇચ્છે છે. આ પ્રમાણે ક્યારેક શુભ વસ્તુને અશુભમાં રુચિ થાય છે. તેવી રીતે આ મારી સ્ત્રી મને છેતરીને કોઈ ઠેકાણે જવાની ઇચ્છાવાળી છે. પરંતુ મને જાગતો જાણીને એ સંકોચ પામે છે. તો પણ મારી આગળ તેનો પ્રપંચ ચાલશે નહિ." એ પ્રમાણે વિચાર કરતા રાજાને નિદ્રા લેતા જાણીને ગુણાવલી છળ શોધીને તૈયાર થઈ, અને પરમ હર્ષપૂર્વક સાસુના ઘરે ગઈ.

તેનું ચરિત્ર જાણી, તલવાર લઈ રાજા ગુપ્તપણે તેની પાછળ ગયો.

આ તરફ વીરમતી સંધ્યા સમયે વહુના આગમનની રાહ જોતી ઊભી છે તેટલામાં ગુણાવલી તેના દરવાજા

પાસે આવી મંદસ્વરે દરવાજો ઉઘડાવે છે. વીરમતીએ તેને આવેલી જોઈને હર્ષિત મને આદરપૂર્વક તેનો સત્કાર કર્યો અને પોતાના મુખે પોતાની વિદ્યાની પ્રશંસા કરી.

હવે ગુણાવલી કહે છે કે, 'હે માતા! તમારા વચનથી મારા પતિને છેતરીને કોઈ ન જાણે તે રીતે તમારા સ્નેહપાશથી બંધાયેલી અહીં આવી છું. હવે તમને જે ગમે તે જણાવો. વળી વિલંબ વિના મનોરથ પૂર્ણ કરી અહીં જ્યાં સુધી પાછી આવું ત્યાં સુધી ન જાગે અને જેવી રીતે તે આપણા ચરિત્રને ન જાણે તેમ કરો.

આ સમયે દ્વાર પાસે ઉભેલો ચંદ્રરાજા તે બંનેની ગુપ્ત વાતચીત સાંભળીને પોતાના મનમાં નિશ્ચય કરે છે કે સાસુ–વહુ પરસ્પર મળીને હમણાં કાંઈક અનિષ્ટ કરવા માટે તૈયાર થયાં છે.

હવે વીરમતી તેને કહે છે કે– 'હે પુત્રી! ઉતાવળી બગીચામાં જઈને એક કણેરની સોટી લઈને અહીં જલ્દી આવ. તુચ્છબુદ્ધિવાળી સ્ત્રી સ્વભાવથી અત્યંત બીકણ હોય છે. આથી તારે નિર્ભયપણે ત્યાં જવું. તે સોટીને મંત્રીને તને હું આપીશ. તે સોટીથી જે શય્યામાં તારો પ્રિય સૂતો છે, તે શય્યાને તારે ત્રણ વાર તાડન કરવું. તેથી તારો સ્વામી જલદી નિદ્રાધીન થશે. તેટલામાં આપણે મનગમતું કૌતૂક જોઈને પ્રભાતે આવી જઈશું, ત્યાં સુધી રાજા જાગશે નહિ.

આ પ્રમાણે વીરમતીનું વચન સાંભળીને નિર્ભય ગુણાવલી કણેરની સોટી લેવા ઉદ્યાનમાં ગઈ. રાજા પણ અબલાની ચેષ્ટા જોવા માટે ભયરહિત તેની પાછળ ગયો. પોતાનું કાર્ય કરવામાં લીન બનેલી રાણી કણેરવૃક્ષની શાખા કાપીને તે લઈ સાસુ પાસે આવી.

રાજા પણ વિચારવા લાગ્યો કે-સ્ત્રીઓ દિવસે પણ ભય પામે છે. આ સુકુમાર અંગવાળી કઈ રીતે આ ગાઢ અંધકારમય ઉપવનમાં આવી ? આ પ્રમાણે તેના સાહસને વિચારતો પોતાની શય્યા પાસે આવ્યો અને વિચારે છે કે-હમણાં કણેરની સોટી લઈને મારી પ્રિયા શય્યાને પ્રહાર કરવા આવશે. એ પ્રમાણે નિશ્ચય કરીને શય્યામાં વસ્ત્રથી બનાવેલી પુરુષની આકૃતિ સ્થાપન કરીને, તેને વસ્ત્રથી ઢાંકીને પોતે દીપકની પાછળ ગુપ્તપણે રહ્યો. જેથી આવેલી ગુણાવલી મને જોઈ ન શકે. છલપ્રધાન પુરુષોની આગળ સ્ત્રીઓની કઈ ગણત્રી ?

હવે વીરમતી તે સોટીને મંત્રીને ગુણાવલીને આપીને કહ્યું : “ તારે ચંદ્રરાજાથી ભય ન પામવો. મનમાં ધીરજ ધારણ કરીને પૂર્વે કહેલું મારું સર્વે વચન કરવું.”

તે પછી ગુણાવલી ત્યાંથી જલદી નીકળીને રાજાની શય્યા પાસે જઈને સારી રીતે નિરીક્ષણ કરીને પોતાના સ્વામીને નિદ્રા લેતા જાણીને વધારે વિચાર કર્યા વિના શય્યાની ઉપર સોટીનો પ્રહાર કરીને પાછી ફરી.

ગુપ્ત રહેલો ચંદ્રરાજા વિચારે છે, અપરમાતા વીર-

મતીએ આ વહુને સારી રીતે શીખવી છે. જેથી ઉત્તમ-કુળમાં ઉત્પન્ન થયેલી આ અયોગ્ય પ્રપંચ સેવે છે. અહો સ્ત્રીઓનું સાહસ !

તે પછી કાર્ય કરી જલ્દી ગુણાવલી સાસુ પાસે આવી. રાજા પણ નિર્ભયપણે તેનું ચરિત્ર જોવામાં રક્ત તેની પાછળ જઈને દ્વારભાગમાં ગુપ્તપણે રહ્યો : 'નિશ્ચલ હૃદયવાળા, મોટા પરાક્રમવાળા પુરુષોને કોઈપણ ઠેકાણે ભય હોતો નથી.

હવે ગુણાવલીએ કહેલા સોટીના વૃત્તાંતને સાંભળીને વીરમતીએ તેના કાર્યકૌશલ્યની પ્રશંસા કરી.

તે વખતે હર્ષિત મનવાળી ગુણાવલી કહે છે કે, 'હે માતા ! મારા સ્વામી નિદ્રાધીન થયા છે, તો પણ આ સર્વ નગરજનો જાગે છે, તેઓમાંથી કોઈ આપણું રહસ્યવૃત્તાંત જાણીને જો રાજા કહે તો મારી કઈ ગતિ થાય ? તેથી તેનો કોઈ ઉપાય કરવો જોઈએ.'

વીરમતી કહે છે કે, 'હે પુત્રી ! તું મને શું ઉપદેશ આપે છે ? પાપડ કરતાં મારા ઘણા દિવસો વહી ગયા છે, હમણાં જ તેવાં જાતનો ઉપાય કરું છું, જેથી મારા ઘરના દરવાજાની બહાર રહેલા સર્વ લોક નિદ્રાવશ થાય. આ કામ મારે વગર મહેનતે સાધ્ય છે.

આ પ્રમાણે અપરમાતાનું વચન સાંભળીને ચંદ્રરાજા વિચારે છે હું તો ઘરના દરવાજાની અંદર રહેલો છું, તેથી મારે કોઈ ચિંતા નથી.

તે પછી વીરમતી ગુણાવલીને ત્યાં બેસાડીને ઘરની અંદર જઈને ગર્દભી (ગધેડી)નું રૂપ કરીને ક્રૂર સ્વરે ગર્દભનાદ કર્યો. જે સ્વર સાંભળીને સર્વ નગરજનો નિદ્રાળુ તથા મૂર્છિત થયા, કે જેથી ચક્રવર્તીનું સૈન્ય આવે તો પણ ન જાગે.

ચંદ્રરાજાએ પણ તેની સર્વ ચેષ્ટા જોઈ.

વીરમતી વહુની પાસે આવીને કહે કે, 'હે વહુ! મોટા દુંદુભિના અવાજથી પણ નગરજનો જાગશે નહિ. એથી તું નિર્ભય ચિત્તવાળી થા. હમણાં જ આપણે ચંદનવાટિકામાં જઈને પ્રથમ આમ્રવૃક્ષ ઉપર ચઢીને વિમળાપુરી જઈએ.'

અહો સ્ત્રીનું સાહસ!! કહ્યું છે કે—

**वेरिणो किं न सेवंते, किं न पासंति जोगिणो ।**
**कविणो किं न जप्पंति, नारीओ किं न कुव्विरे ॥३८॥**
**अणुइयकंज्जारंभो, सयणविरोहो बलीयसा कद्धा ।**
**पमयाजणवीसासो, चउरो निहणस्स दाराइं ॥३९॥**

"વૈરીઓ શું સેવતા નથી? યોગીઓ શું જોતા નથી? કવિઓ શું બોલતા નથી? સ્ત્રીઓ શું કરતી નથી?" ૩૮

"અયોગ્ય કાર્યનો આરંભ, સ્વજન સાથે વિરોધ, બળવાન સાથે સ્પર્ધા અને સ્ત્રીજનનો વિશ્વાસ એ ચાર મૃત્યુનાં દ્વારો છે." ૩૯

આથી અનર્થ કરનારો સ્ત્રીઓનો વિશ્વાસ બુદ્ધિશાળીએ સર્વથા ત્યાગ કરવો.

## વિમળાપુરી તરફ જવાનો પ્રારંભ

તે પછી વીરમતી ગુણાવલીને કહે છે કે, 'હે પુત્રી! તું એમ વિચારે છે કે અહીંથી વિમલાપુરી ૧૮૦૦ કોશ દૂર છે, ત્યાં કેવી રીતે જઈશું? પરંતુ એવી ચિંતા ન કર. ક્ષણમાત્રમાં જ તને ત્યાં લઈ જઈશ.'

આ પ્રમાણે તે બન્નેની વાતચીત સાંભળી ચંદ્રરાજાએ વિચાર્યું કે, 'હું પણ તેઓની સાથે જ જાઉં અને તેઓની ચેષ્ટા જોઉં. ત્યાં જઈને તેઓ શું કરે છે?'

આ પ્રમાણે હૃદયમાં વિચારીને તરત ત્યાંથી નીકળીને તલવાર લઈને તે પોતાની ચંદનવાટિકામાં આવીને પ્રથમ આમ્રવૃક્ષને જોઈને ક્ષણવાર વિચાર કરીને તે વૃક્ષના પોલાણમાં પેસી ગયો. તે પછી નિપુણ બુદ્ધિવાળો તે વિચારે છે કે: 'મારી પ્રિયા નિર્મળ શીલવાળી છે. તેનો કોઈ દોષ નથી. જેમ મહાપર્વતો પણ ક્યારેક ચલાયમાન થાય છે, તેમ આ સરળ આશયવાળી આને મારી વિમાતાએ ભ્રમિત મનવાળી કરી છે. હમણાં તેઓનું ચરિત્ર જોઉં.'

તે વખતે ત્યાં વીરમતી અને ગુણાવલીને આવતાં જોઈને તે વિચારે છે: 'જો આ બીજા વૃક્ષ ઉપર ચઢીને જશે તો મારો આ પ્રયાસ નકામો થશે.' એ પ્રમાણે

રાજા વિચાર કરતો હતો તેટલામાં હર્ષિત ચિત્તવાળી તે બન્ને તે જ વૃક્ષની પાસે આવીને તેની ઉપર ચઢી. વૃક્ષના કોટરમાં છુપાયેલા ચંદ્રરાજાને તેઓએ ન જોયો.

હવે વીરમતી આમ્રવૃક્ષને સોટીથી પ્રહાર કરીને કહે છે કે, 'હે આમ્ર ! તું જલદી અમને વિમલાપુરી દેખાડ.' આ પ્રમાણે વચનમાત્રથી તે આમ્રવૃક્ષ વિમાનની જેમ એકદમ આકાશમાર્ગે ચાલ્યું.

કેવલજ્ઞાનાવરણીય કર્મથી જેમ કેવલજ્ઞાન આચ્છાદન પામે તેમ કોટરના આવરણથી ચંદ્રરાજા આવરણ પામ્યો, તો પણ મતિ-શ્રુતજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ વડે જીવ હીનાધિક અવબોધ-જ્ઞાન પામે છે તેમ તે પણ ત્યાં રહ્યા થકાં બાહ્ય પ્રદેશને કાંઈક જુએ છે. આમ્રની ગતિ ચિત્ત કરતાં પણ વધારે વેગવાળી છે. ચંદ્રરાજા અનેક દેશ, પર્વત, વન અને ઉપવનોને જોતો જાય છે. આકાશતળમાં ફેલાયેલ ચંદ્રની જ્યોત્સ્નાના નિર્મળ પ્રકાશ વડે ક્ષીરસમુદ્રમાં જતી નાવની જેમ ચાંદનીમાં જતો આમ્રવૃક્ષ દેખાય છે.

## અષ્ટાપદ આદિ તીર્થોનું વર્ણન

વીરમતી પોતાની આંગળીથી ગુણાવલીને નવનવા પદાર્થો દેખાડતી કહે છે : 'હે પુત્રી ! આ ગંગા નિર્મળ જળપ્રવાહથી પૃથ્વીતળને પવિત્ર કરતી પ્રાણીઓના પાપ-પંકને ધૂએ છે. આ કાજળ સરખા જળવાળી યમુના છે, જે પૃથ્વીરૂપી સ્ત્રીની વેણી સરખી દેખાય છે.' આ પ્રમાણે

અનેક ગામ, નગર, દેશ, પર્વત, નદી, વન, દ્રહ, વાપી, ઉપવન પ્રમુખને દેખાડતી આગળ જતી વીરમતી અષ્ટાપદ પર્વત દેખાડીને કહે છે: 'હે મુગ્ધા! આ અષ્ટાપદ પર્વતને જો. આ પર્વત ઉપર ભરત ચક્રવર્તીએ કરાવેલું કંચન-મણિમય જિનચૈત્ય વિરાજે છે. તેમાં પૂર્વ દિશાએ ઋષભદેવ અને અજિતનાથની પોતપોતાના પ્રમાણ અને વર્ણયુક્ત બે રત્નમય જિનપ્રતિમાઓ છે. દક્ષિણ દિશાએ સંભવનાથ પ્રમુખ ચાર તીર્થંકરોની પોતપેતાના દેહ-પ્રમાણ અને વર્ણમય ચાર જિનપ્રતિમાઓ છે. પશ્ચિમ દિશાએ યથામાન અને વર્ણોપિત રત્નમય સુપાર્શ્વનાથ આદિ આઠ જિનેશ્વરોનાં આઠ જિનબિંબો છે, અને ઉત્તર દિશામાં શ્રી ધર્મનાથ પ્રમુખ દશ જિનેશ્વરોની દેહમાન અને વર્ણયુક્ત દશ પ્રતિમાઓ શોભે છે.

આ પર્વત ઉપર આવીને લંકાપતિ દશમુખ ( રાવણ ) પ્રભુના ધ્યાનરક્ત બની તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરશે. આ પર્વતની ચારે તરફ વલયાકારે વહેતી ગંગા નદી શોભે છે.

## સમેતશિખરગિરિનું વર્ણન

તે પછી આગળ જતી તે વીરમતી દૂરથી સમેત-શિખર ગિરિરાજને ઉદ્દેશીને કહે છે: 'હે પ્રિય વહુ! આ તીર્થ અંત્યંત પવિત્રતમ્ છે. તેથી આ તીર્થને વંદન કર. પહેલા–બારમા–બાવીસમા અને ચોવીસમા તીર્થંકરને છોડીને બીજા વીસ જિનેશ્વરો આ તીર્થ ઉપર જ મોક્ષ-

ગામી છે. તેમાં આજ સુધી સત્તર તીર્થંકરો સિદ્ધિપદ પામ્યા છે. બાકીના વીસમા, એકવીસમા અને ત્રેવીસમા તીર્થંકર મુક્તિ પામશે. કિલષ્ટ કર્મોનો ક્ષય કરનાર આ મુખ્ય તીર્થ છે.

## સિદ્ધાચળ તીર્થનું વર્ણન

હવે આગળ જતી વીરમતી ફરીથી તેને કહે છે: 'આ વૈભારગિરિ અને આ અર્બૂદાચલ (આબુ) વંદનીય છે. હે ભદ્રે! આ મનવાંછિત ફળ આપનારો સિદ્ધાચળ મહાગિરિ સુર, અસુર માનવો વડે વંદન કરવા લાયક સર્વ તીર્થોમાં શિરોમણિ છે. આ ગિરિરાજનાં દર્શનમાત્રથી ભવ્ય જીવોનાં પાપકર્મો નાશ પામે છે. આ સિદ્ધગિરિ ઉપર શ્રી ઋષભજિનેશ્વર ૯૯ પૂર્વવાર સમોસર્યા છે, બીજા પણ અનંત મુનિવરો સિદ્ધિગતિ પામ્યા છે. અહીં અનંત મુનિઓ કેવળજ્ઞાન પામ્યા છે. આ તીર્થના ઘણા ઉદ્ધારો થયા છે. તેમાં પ્રથમ ઉદ્ધાર કરાવનાર ભરતચક્રી, બીજો દંડવીર્યરાજા, ત્રીજો ઈશાનેન્દ્ર, ચોથો માહેંદ્ર, પાંચમો બ્રહ્મેન્દ્ર, છઠ્ઠો ભુવનપતીંદ્ર, સાતમો સગરચક્રવર્તી, આઠમો વ્યન્તરેન્દ્ર, નવમો ચંદ્રયશારાજા અને દશમો ચક્રાયુધરાજા એમ મોટા દશ ઉદ્ધાર કરાવનારા થયા છે. આ પ્રમાણે આગળ પણ રામચંદ્રજી વગેરે ઉદ્ધાર કરાવનારા થશે. આ ગિરિવરનાં દર્શનથી પોતાનો જન્મ સફળ થાય છે, તેથી હે સુભગે! આ તીર્થ સંસારસમુદ્રમાં ડૂબતાં પ્રાણીઓને પ્રવહણ સમાન અને

સર્વ પાપોનો નાશ કરવામાં સમર્થ છે. આથી આ મહાતીર્થને ત્રિવિધ યોગે વંદન કર કહ્યું છે કે—

**जहिं सिद्धिपयं जंति, केवलणाण धारिणो ।**
**तं महातित्थमिच्चाहु, पवित्तं पावनासगं ॥४०॥**

"જ્યાં કેવળજ્ઞાનધારી આત્માઓ સિદ્ધિપદ પામે છે તે પવિત્ર, પાપનાશક મહાતીર્થ કહેવાય છે." ૪૦

## ગિરનાર પર્વતનું વર્ણન

વળી આગળ જતાં જેનું બીજું નામ "રૈવત" છે તે ગિરનાર ગિરિવરને આવેલ જોઈને વીરમતી કહે છે: 'હે સુભદ્રે! આ ગિરનાર ગિરિવરને જો. આ તીર્થ ઉપર રાજીમતીના ભર્તાર શ્રી નેમિનાથપ્રભુ મુક્તિવધૂને વરશે. આ ઉજ્જયંતગિરિરાજને સિદ્ધગિરિ સરખો જાણવો. આ સિદ્ધગિરિનું પાંચમું શિખર કહેવાય છે. આ ગિરનાર તીર્થનો મહાપ્રભાવ છે. આ ગિરિના શિખર ઉપર જ્યાં હાથીનો પગ ખૂંચી ગયો ત્યાં ગજપદ નામે કુંડ પ્રસિદ્ધિ પામ્યો છે.

## લવણસમુદ્રનું વર્ણન

આ પ્રમાણે અનેક તીર્થો બતાવતી વીરમતી આગળ જતાં લવણસમુદ્રને જોઈને કહે છે: 'હે ભદ્રે! આ જંબૂદ્વીપને ચારે તરફ વીંટીને ગોળાકારે રહેલો આ લવણસમુદ્ર શોભે છે. તે બે લાખ યોજન વિસ્તારવાળો, તટપ્રદેશથી અનુક્રમે અધિક અધિક ઊંડાઈ અને ઊંચાઈને ધારણ

કરે છે. મધ્યભાગમાં દશ હજાર યોજન સુધી એક હજાર યોજનની ઊંડાઈ છે ત્યાં ઊર્ધ્વભાગમાં સોળ હજાર યોજન સુધી જળશિખા ઊછળે છે, તેની ઉપર બે કોશ સુધી વેલાનું જળ વધે છે. આ લવણસમુદ્રના મધ્યભાગમાં ચારે દિશામાં દશ હજાર યોજન વિસ્તારવાળું જેનું મુખ છે એવા હજાર યોજનની ઠીકરીવાળા, લાખ યોજનની ઊંડાઈવાળા ચાર પાતાળકળશો છે, તેમાંથી ગાઢ વાયુ અને પાતળા વાયુ ઊછળે છે, તેથી જળશિખા ઊંચે વધે છે. તેને રોકવા માટે ઘણા વેલંધરદેવો હાથમાં કડછી લઈને હંમેશા ઊભા રહે છે; આ બધા શાશ્વતા ભાવો છે.'

આ પ્રમાણે પરસ્પર વાતો કરતી તે બન્ને વિમળાપુરીની નજીક આવી. ગુણાવતી રાણી ત્યાં નવા પલ્લવ અને પુષ્પવાળા, નંદનવનની જેવા મનોહર ઉદ્યાનને જોઈને પરમપ્રસન્ન ચિત્તવાળી થઈ.

ચંદ્રરાજા પણ પોતાની પ્રિયાની વિવિધ ચેષ્ટા જોતો હર્ષિત મનવાળો થયો.

આ ઉદ્યાનમાં આમ્ર, કદંબ, નિંબ, જંબૂ, સપ્તપર્ણ, તાલ, તમાલ, નાગ, પુંનાંગ, પ્રિયંગુ, શિશુવૃક્ષ, મધૂક અને ન્યગ્રોધ વગેરે વૃક્ષોથી સુશોભિત ઉપવન છે. વળી ત્યાં જાઈ, જૂઈ, નવમલ્લિકા, ચંપક, કેતકી અને મચકૂંદની લતાઓ ખીલેલી શોભે છે. વળી ત્યાં નિર્મળકાંતિથી યુક્ત પુષ્પોનો સમૂહ આકાશમાંથી આવેલા જ્યોતિષના મંડળની જેમ શોભે છે. પવન પણ દશે દિશામાં લતાનાં પુષ્પોની સુગંધ વિસ્તારે છે.

ચંદ્રના બિંબનું પ્રતિબિંબ પડવાથી નિર્મળ સરોવરનું જળ બીજા ચંદ્રના ભ્રમને ઉત્પન્ન કરે છે. ચંદ્રનાં કિરણ સરખા જળથી ભરેલી વૃત્તવાપિકાઓ વિમળાપુરીમાં પોતાનું સ્વરૂપ જોવા માટે અરીસા સરખી દેખાય છે. તેથી અતિ અદ્ભુત સ્વરૂપવાળી તે નગરીને જોઈને ગુણાવલી અત્યંત હર્ષ પામી. જે નગરી સમૃદ્ધિ વડે કૈલાસપર્વત અને રોહણગિરિની હાંસી કરતી હોય એવી છે. દરેક મંદિરમાં પ્રગટ કરેલ દીપકરૂપી નેત્રથી ઉપવનમાં આવેલા ચંદ્રરાજાને હર્ષ વડે જોતી હોય તેમ દેખાય છે.

## વિમલાપુરીમાં આગમન

સમૃદ્ધિથી શોભતી તે નગરીને જોઈને ગુણાવલી પૂછે છે: 'હે માતા! આ કઈ મોટી નગરી છે?'

વીરમતી કહે છે: 'આ જ રમણીય વિમલાપુરી છે.' તેટલામાં આમ્રવૃક્ષ ગગનતળમાંથી નીચે ઊતરીને બાહ્ય ઉપવનમાં ઊભું રહ્યું.

તે પછી સાસુ–વહુ વૃક્ષ ઉપરથી ઊતરીને તે નગરી તરફ ચાલ્યાં. ચંદ્રરાજા પણ વૃક્ષના પોલાણમાંથી નીકળીને કોઈ ન જાણે તેમ તેઓની પાછળ ચાલવા લાગ્યો. અપરમાતાના આ અપૂર્વ વિદ્યાપ્રભાવને જોવા છતાં પણ તે કાંઈપણ ભય ન પામ્યો. ઓજસ્વી પુરુષો હંમેશા નિર્ભય હોય છે. કહ્યું છે કે—

**विक्कमंचियपाणीणं, भयसंका न विज्जइ ।**
**न भयं भयमिच्चाहु, धम्मलोवो महाभयं ॥४१॥**

"પરાક્રમયુક્ત પ્રાણીઓને ભયની શંકા હોતી નથી. ભય એ ભય નથી પણ ધર્મનો લોપ એ મહાભય છે." ૪૧

હવે હર્ષથી વિકસિત મનવાળી સાસુ-વહુ આગળ જતાં નગરના દરવાજા પાસે આવી. ચંદ્રરાજા પણ ત્યાં સુધી તેઓની પાછળ ગયો. વીરમતી નગરની અંદર પ્રવેશ કરીને વહુનો હાથ પકડીને ગુણાવલીને જોતી લગ્નમંડપ તરફ ચાલી.

ત્યાં સ્ત્રીસમૂહનાં વિવિધ ગીત અને નૃત્યો સાથે વાજિંત્રોનો નાદ લોકોના ચિત્તને આનંદ પમાડતો હતો. સધવા સ્ત્રીઓ ધવળમંગળ ગાતી હતી. આ પ્રમાણે અનેકવિધ શોભા જોવામાં ઉત્સુક ચિત્તવાળી તે બન્ને 'હમણાં વરઘોડો અહીં આવશે' એમ જાણીને એક સ્થાને બેઠી. આ બાજુ ચંદ્રરાજા પણ નગરના દ્વાર પાસે આવ્યો.

**इहवीरसेण-चंदा-वईण संजम-सिवपयसंपत्ती ।**
**वीरमईए विज्जा, पयारणं तह य सुण्हाए ॥१॥**
**तह य विमलापुरीए, पुत्तवहूए समं समागमणं ।**
**पढमुद्देसे भणियं, वृत्तं अच्छेरसंजुत्तं ॥२॥**

"અહીં વીરસેન રાજા અને ચંદ્રાવતી રાણી એ બન્નેના સંયમ અને શિવપદની પ્રાપ્તિ, વીરમતીની વિદ્યા

અને પુત્રવધૂનું છેતરવું, તેમ જ પુત્રવધૂ સાથે વિમલાપુરીમાં આવવું, એ પ્રથમ ઉદ્દેશમાં આશ્ચર્યસંયુક્ત વૃત્તાંત કહ્યું." ૧-૨.

આ પ્રમાણે તપાગચ્છાધિપતિ શ્રી કદંબગિરિ પ્રમુખ અનેક તીર્થોના ઉદ્ધાર કરનાર, આબાલબ્રહ્મચારી, સૂરીશ્વરશેખર-આચાર્ય વિજયનેમિસૂરીશ્વરજીના પટ્ટાલંકાર, સમયજ્ઞ, વાત્સલ્યવારિધિ-આચાર્ય વિજયવિજ્ઞાનસૂરીશ્વરજીના પટ્ટધર સિદ્ધાંતમહોદધિ પ્રાકૃતભાષાવિશારદ આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિએ રચેલ પ્રાકૃત શ્રી ચંદ્રરાજ ચરિતમાં વીરસેનરાજા અને ચંદ્રાવતીના પરમપદની પ્રાપ્તિસ્વરૂપ અને વીરમતીને વિદ્યાપ્રાપ્તિ અને પુત્રવધૂનું છેતરવું અને વિમલાપુરીમાં ગમનરૂપ પ્રથમ ઉદ્દેશનો અનુવાદ સમાપ્ત થયો.

# દ્વિતીય ઉદ્દેશ

## મંગલાચરણ

पसमसुहारसमग्गं, तिलोयनाहं परमसिवसुहगरं।
जगगुरुसंतिजिणंदं, वंदे सोलसमतित्थविहुं ॥१॥
सिरिचंदनरिंदस्स चरिए मोयदायगे ।
सीलायारगुणोवेओ, बीओद्देसोऽत्थ वुच्चइ ॥२॥
चरित्तं चंदरायस्स, महुरनिद्धसंजुयं ।
भव्वा सुणंतु साणंदं अच्छेरगनिहाणयं ॥३॥

"પ્રશમરૂપી સુધારસમા મગ્ન, ત્રણ લોકના નાથ, શ્રેષ્ઠ મોક્ષસુખને કરનાર સોળમા તીર્થંકર, જગદ્ગુરુ શ્રી શાંતિનાથ જિનેશ્વરને હું વંદન કરું છું." ૧

"પ્રમોદ આપનારા શ્રી ચંદ્રરાજાના ચરિત્રમાં શીલ-આચાર-ગુણોથી યુક્ત બીજો ઉદ્દેશ અહીં કહીએ છીએ."૨

"હે ભવ્યજને! મધુર અને સ્નિગ્ધ રસયુક્ત, આશ્ચર્યના નિધાનરૂપ શ્રી ચંદ્રરાજાનું ચરિત્ર આનંદપૂર્વક સાંભળો." ૩

### નગરના દરવાજે રાજપુરુષો સાથે ચંદ્રરાજાનું મિલન અને વિવાદ

હવે ચંદ્રરાજા નગરના મુખ્ય દ્વારમાં પ્રવેશ કરીને, જેટલામાં નગરની અંદરના પ્રથમ દરવાજે આવ્યો, તેટલામાં

ત્યાં રહેલા રાજસેવકોએ ઊભા થઈ પ્રણામ કરી કહ્યું : 'હે ચંદ્રરાજા ! વિજય પામો. તમારું સ્વાગત હો. તમે ગુણોરૂપી રત્નોના ભંડાર છો. આપના સમાગમનથી આજે અમે કૃતાર્થ થયા. તમને જોવાથી અમને ઘણો આનંદ થયો. બીજના ચંદ્રની જેમ તમારા આગમનની રાહ જોતાં અમે અહીં ઊભા છીએ. હવે અમારા ઉપર કૃપા કરીને સિંહલપુરના સ્વામી સિંહરથરાજાની રાજ-સભાને આપના ચરણના વિન્યાસ વડે પવિત્ર કરો.

આ પ્રમાણે સેવકજનોએ કહેલાં સુવચનને સાંભળીને ચંદ્રરાજા વિચારે છે કે, 'અન્યના ચિત્તને જાણતા હોય તેમ આ લોકોએ મને કેવી રીતે જાણ્યો ? અથવા તો સરખા નામથી મને આ પ્રમાણે કહે છે અથવા બીજા ચંદ્રની પ્રતીક્ષા કરતા તેઓ અહીં રહેલા સંભવે છે.'

આ પ્રમાણે પોતાના મનમાં નિશ્ચય કરીને ચંદ્ર-રાજા કહે છે : 'અરે પ્રતિહાર ! અહીં ચંદ્રરાજા કોણ છે ? ચંદ્ર તો આકાશમાં ઉદય પામ્યો છે. બીજો કોઈ અહીં દેખાતો નથી. તું ભ્રમિત ચિત્તવાળો લાગે છે. મને નકામો ન રોક'

તે પછી પ્રતિહાર બે હાથ જોડી કહે છે : 'હે ચંદ્ર-નૃપ ! તમે પોતાને શા માટે છુપાવો છો ? રત્ન કેટલા વખત સુધી ગુપ્ત રહે ? સર્વ ભુવનને પ્રકાશ કરનાર સૂર્ય છાબડી વડે કેવી રીતે ઢાંકી શકાય ? કસ્તૂરીની સુગંધી શું ગુપ્ત રહે ? ખરેખર તમે ચંદ્રરાજા જ છો

એમ હું જાણું છું. એમાં અહીં કોઈ શંકા નથી.' એમ કહીને ચંદ્રરાજાના હાથને ગ્રહણ કરે છે.

ચંદ્રરાજા પ્રતિહારોને કહે છે : 'અરે! તમે મને કેમ વળગો છો? દૂર રહીને વાત કરો. રાત્રિના દોષથી શું ભ્રાંતિ પામ્યા છો? અવકાશમાં સૂતા હો તેમ દેખાય છે! જેથી તમોને ભ્રમ ઉત્પન્ન થયો છે. દુરાગ્રહને મૂકી દ્યો. આ જગતમાં ચંદ્ર સરખા આકારવાળા અનેક પુરુષો હોય છે. કયો જાણકાર પોતાનું નામ છુપાવે. જે નિરર્થક અસત્ય બોલે તે દુષ્ટ છે. જો અહીં દરવાજામાં પ્રવેશ કરતા જકાત લાગતી હોય તો કહો, જેથી તે આપીને હું સુખપૂર્વક જાઉં. રાજાનો કર આપવામાં કોણ દૂબળો થાય? તમને છેતરીને જવા હું ઇચ્છતો નથી. ફોગટ મને શા માટે અટકાવો છો? તમારે જે કાંઈ લેવું હોય તે ઇચ્છા મુજબ લઈ લો. મારી માતા મારા વિયોગને સહન નહિ કરતી રાહ જુએ છે, કારણ કે અરણ્યમાં મારો ઘણો વખત પસાર થયો છે.

પ્રતિહાર કહે છે કે, 'હે સ્વામીન્! તમારું નગર અહીંથી ૧૮૦૦ કોશ પ્રમાણ દૂર છે. રાહ જોતી તમારી માતા અહીં ક્યાંથી હોય? મારી આગળ કપટ વચન ન બોલો. મારા ઉપર કોપ ન કરો. તમારા જેવા પુરુષો જો અસત્ય બોલશે તો પૃથ્વી ભાર કેવી રીતે ઉપાડશે? લોકમાં મેઘ કેમ વરસશે? અમે તો આપ જેવા રાજાઓના સેવક છીએ. તેથી આપની સઘળી હકીકત અમે

જાણીએ છીએ. અમારા સ્વામીને તમારી સાથે મોટું કામ છે. તેથી હે દીનવત્સલ! ચંદ્રરાજા! અમારી પ્રાર્થના સ્વીકારીને અમારી સાથે ચાલો.'

ચંદ્રરાજાએ મનમાં વિચાર્યું કે : 'આગળ જતી માતા જો મારું નામ સાંભળશે તો અનર્થ થશે. તેથી અહીં ક્લેશ કરવો અનુચિત છે, હમણાં મૌન ધારણ કરી જવું સારું છે,' એમ નિર્ણય કરી ચંદ્રરાજા તેઓ સાથે ચાલ્યો.

હવે આગળ જતાં, પગલે પગલે રાજસેવકો અને અન્ય લોકો વડે પ્રણામ કરાતાં ચંદ્રરાજાએ દ્વારપાળ સાથે બીજા દરવાજામાં પ્રવેશ કર્યો. ત્યાં રહેલા રક્ષક પુરુષોએ પણ તેમને પ્રણામ કરીને વિજ્ઞપ્તિ કરી કે, 'હે ચંદ્રરાજા! તમે વિજય પામો. તમારું સ્વાગત હો. અમારા સ્વામી તમારા આગમનની રાહ જોતા ઊભા છે. જેમ ભવ્યજીવ ક્ષાયિક ભાવને ઇચ્છે તેમ તેઓ તમારું દર્શન ઇચ્છે છે. જેમ ચક્રરત્ન પ્રગટ થવાથી ચક્રવર્તીના મનોરથ સિદ્ધ થાય છે અને નવ નિધિઓ પ્રગટ થાય છે તેમ આપના આગમનથી અમારા સ્વામીનાં કાર્યો સિદ્ધ થશે.'

તે પછી ચંદ્રરાજા તે સેવકોને કહે છે : 'અરે મૂઢ લોકો! મને જોઈને ચંદ્રરાજાની શંકા કેમ કરો છો? ધંતૂરો ખાધેલા પુરુષોની જેવું તમારું આચરણ દેખાય છે! તમે બધા એક જ પાઠશાળામાં ભણ્યા હો તેમ દેખાય છે. તમારા જેવા સેવકો જેની સેવા કરે છે તે રાજા પણ મુગ્ધમતિવાળો જણાય છે. તમારા સ્વામીને

મારી સાથે કોઈ પરિચય નથી, કે જેથી મારા આવવાથી તેની કાર્યસિદ્ધિ કેવી રીતે થાય ? આ તો ત્રીજું કૌતૂક ઉપસ્થિત થયું. તમારો આચાર ધૂર્તજન જેવો જણાય છે, તમે આવો અવિવેક કોની પાસે શીખ્યા ? હું માનું છું કે, ચંદ્ર ચંદ્ર એ પ્રમાણે રટણ કરતાં તમે ઘણા લોકોને ઠગ્યા.' આ પ્રમાણે ઉપાલંભ આપવાથી તે રક્ષકોએ કહ્યું :

'હે રાજન્ ! અમે સિંહલરાજાના સેવક છીએ. તેમણે અમને બધાને એક સંકેત કરી દરવાજે ઊભા રાખ્યા છે. તે સંકેતથી અમે જાણ્યું કે, તમે ચંદ્રરાજા છો. તેથી તમને નામ લઈ ને બોલાવીએ છીએ, તેથી તમે સાચું કહો.'

તે પછી ચંદ્રરાજાએ કહ્યું કે, 'તમારા સંકેતનું સ્વરૂપ કઈ જાતનું છે ?' તે જણાવો.

તે સેવકોએ બે હાથ જોડી કહ્યું કે, "સિંહલરાજાએ અમને બોલાવીને કહ્યું કે, 'નગરની પૂર્વ દિશાએ દરવાજે તમારે ઊભા રહેવું. ત્યાં રાત્રિના પ્રથમ પ્રહર વ્યતીત થયે બે સ્ત્રીઓ આવશે, તેની પાછળ એક પુરુષ આવશે, તેને ચંદ્રરાજા જાણવો. નામગ્રહણ કરવાપૂર્વક તમારે તેને પ્રણામ કરવા. યોગ્ય સત્કાર કરીને તમારે મારી પાસે લાવવો.' આવા પ્રકારના સંકેતપૂર્વક અમને દરેક સ્થાને બેસાડ્યા છે. તે પ્રમાણે જ રાત્રિનો પ્રથમ પ્રહર ગયે છતે અમે બે સ્ત્રીની પાછળ આવતા તમને જોયા છે. આથી અમે જાણ્યું કે, તમે જ આભાનગરીના સ્વામી ચંદ્રરાજા છો. આ સર્વ અમે અમારા સ્વામીના

વચનથી જાણ્યું છે. સ્વામીનાં વચનોને સેવકો કેવી રીતે લોપે ? આથી હમણાં તમે અમારા રાજા પાસે આવો. અન્યથા આપનો છુટકારો થશે નહિ. તમારું જે કામ છે તે રાજા પોતાની જાતે જ કહેશે. અમે તો બતાવેલ કામ કરનારા છીએ. વધારે શું કહીએ ? અમારા જેવા સેવકોનાં લાખો વચનથી પણ મહાપુરુષો વશવર્તી થતા નથી. કાન પકડીને હાથીને શું કોઈ પોતાની સાથે ઘરે લઈ જઈ શકે ? તો પણ અમારી ઉપર કૃપા કરીને અમારા સ્વામી પાસે આવો.”

આ પ્રમાણે તેઓનાં મધુર વચનો સાંભળીને ચંદ્ર-રાજાએ વિચાર્યું કે : ‘ સેવક વગરનો એકલો હું શું કરું ? જો મારી સાથે સેવકો હોત તો આ લોકોને અટકાવીને આગળ ગયો હોત. એક તરફ મને માતાનો ભય છે, બીજી તરફ સિંહલરાજાનો ઘણો આગ્રહ છે. આ નગર પારકું છે. આ સેવકો અજ્ઞાન છે, તેથી અહીં વાદ-વિવાદ કરવો નકામો છે. જલ્દી ત્યાં જઈને કાર્યનો નિર્ણય કરવો. હમણાં કાળક્ષેપ ન કરવો, કારણ કે અહીં વિવાદથી છુટકારો થશે નહિ.’ આ પ્રમાણે વિચારીને તેણે કહ્યું : ‘ સારું, ચાલો. તમારી સાથે હું આવું છું, ત્યાં જઈને તમારા રાજાને હું સમજાવીશ.’

તે પછી તે સર્વેએ તે સ્થાનથી પ્રયાણ કર્યું. માર્ગમાં નવા નવા આરક્ષકો મળ્યા. તેઓ પણ ‘ ચંદ્રરાજાનું કલ્યાણ થાઓ ’ એમ બોલતાં સાથે ચાલે છે.

આ રીતે જતાં તે સર્વ અનુક્રમે સિંહલરાજાની સભામાં આવ્યા. પહેલેથી જ પોતાના સેવકના મુખે ચંદ્રરાજાનું આગમન સાંભળવાથી ત્યાં સર્વત્ર મહાન આનંદ ફેલાયો હતો.

## સેવકો સાથે ચંદ્રરાજાનું સિંહલરાજાની સભામાં આગમન

ત્યાં વિજયવાજિંત્રના નાદ વડે ચંદ્રરાજાનો પ્રવેશ કરાવવામાં આવ્યો.

સિંહલરાજે દૂરથી ચંદ્રરાજાને આવતા જોઈને પ્રસન્ન નેત્રે કેટલાંક ડગલાં સન્મુખ જઈને આશ્લેષ કરીને કહ્યું કે, 'વીરસેનરાજાના કુલરૂપી આકાશમાં ચંદ્રસમાન હે ચંદ્રરાજ! તમારું સ્વાગત હો. આપનાં દર્શનથી આજે મને ઘણો આનંદ થયો. આજે હું કૃતાર્થ થયો. આજે મારાં પૂર્વનાં સુકૃત ફળ્યાં. ઘણા સમયથી આપને જોવા માટે ઉત્કંઠાવાળું મારું મન આજે જ ઉપશાંત થયું. શરીરમાત્રથી દૂર રહેલા તમે મનથી તો મારા હૃદયમાં જ રહેલા છો. દૂર રહેલો સૂર્ય જેમ કમળોને વિકસિત કરે તેમ પૂર્વે સાંભળેલા તમારા ગુણોના સમૂહે અમારાં હૃદયોને વિકસિત કર્યાં હતાં. આજે પ્રત્યક્ષ મિલન થવાથી અમને અપૂર્વ આનંદ થયો. અમારા સર્વ મનોરથ સફળ થયા. વળી ચકોર અને ચંદ્રને, મોર અને મેઘને સ્નેહથી જ સાંનિધ્ય (નજીકપણું) છે,

પૂર્વના સંબંધીઓનું જે પરસ્પર સ્મરણ થાય તેમાં શું આશ્ચર્ય છે? પરંતુ સંબંધ વિના પણ જેને યાદ કરવામાં આવે તે પ્રશંસાને યોગ્ય છે. ચંદ્રના ઉદયમાં અને સંકટમાં સમુદ્રની વૃદ્ધિ અને હાનિ દેખાય છે. ત્યાં લોકપ્રસિદ્ધ સંબંધ છે. સંબંધ વિના પણ ચંદ્રના ઉપરથી કુમુદવન વિકાસ પામે છે.' આ પ્રમાણે વિવિધ કપટ-પૂર્વકનાં વચનોથી તેને લોભ પમાડીને સિંહલરાજાએ પોતાના સિંહાસન ઉપર બેસાડયો અને પોતે બીજા આસન ઉપર બેઠો.

પુણ્યશાળી જ્યાં જાય છે ત્યાં પગલે પગલે નિધાન પ્રગટ થાય છે. સ્નેહરહિત હોય તે પણ અધિક સ્નેહવાળા થાય છે. ચારે તરફ પુણ્ય ઘણા પ્રભાવવાળું છે. જેથી પુણ્યવાન પુરુષોને વિપત્તિઓ દૂર જાય છે, સંપત્તિઓ સન્મુખ થાય છે, દેશ-વિદેશમાં ઉપદ્રવો થતા નથી. કહ્યું છે કે—

**वच्चइ जत्थ सउण्णो, विदेसमउविं समुद्दमज्झे वा ।**
**नंदइ तहिं तहिं चिय, ता भो पुण्णं समज्जिणह ॥१॥**

"પુણ્યવાન પ્રાણી વિદેશ, અટવી કે સમુદ્રમાં જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં આનંદ પામે છે, તેથી હે લોકો! તમે પુણ્ય ઉપાર્જન કરો." ૧

હવે સિંહલનરેશ ચંદ્રરાજાને કહે છે કે, 'હે મહારાજ! તમે નીરોગી છો ને? તમે હંમેશા મારા હૃદયમાં રહેલા છો, તમે અમારા શિરોમણિ છો, હે

રાજન્! ચાતક જેમ મેઘની પ્રતીક્ષા કરે, વાછરડું જેમ ગાયની પ્રતીક્ષા કરે તેમ અમે તમારાં દર્શનની પ્રતીક્ષા કરતાં આટલો સમય રહ્યા. આજે આપ શ્રીમાનના સમાગમથી દિવસ સફળ થયો. સત્પુરુષોનો સમાગમ પુણ્યથી થાય છે, વિદેશમાં તમારા આદર સહિત સત્કાર અને વિશિષ્ટ સેવા શું કરીએ? આપના મુખચંદ્રને જોવાથી મારું મનરૂપી કમળ વિકાસ પામ્યું છે. જેમ કોઈ દીનમાતા પુત્ર ઉપર પ્રસન્ન થયેલી વચન-માત્રથી વાત્સલ્ય બતાવે છે તેમ ગજ, અશ્વ અને રથ આદિના પરિવારવાળા તમને હું શું આપું? પ્રણિપાતથી તમારી સેવાભક્તિ કરીએ. મોટા દાનગુણમાં તત્પર એવા તમારી આગળ અમારી કઈ ગણતરી? તો પણ જ્યારે અમારા દેશને પાવન કરશો ત્યારે અવશ્ય ગામ, નગર અને પુર આદિ આપી ઉચિત સત્કાર કરીશું. અહીં વિદેશમાં રહેલા અમે તમારી જેવા જ છીએ. યોગ્ય સમયે અમે પણ કાર્યથી વિમુખ નહિ થઈએ, એ નક્કી જાણજો.'

આવા પ્રકારનાં સિંહલરાજનાં વચનો સાંભળીને ચંદ્રરાજાએ કહ્યું કે, "હે રાજન્! તમે ચંદ્રરાજાની ભ્રાન્તિથી મારું સન્માન કરો છો, પરંતુ હું ચંદ્રરાજા નથી હું તો એકાકી દેશાંતરમાં નિવાસ કરનાર મહેમાન છું. તમે રાજા હોવા છતાં, અતિ દક્ષ હોવા છતાં મૂઢ-ચિત્તવાળાની જેમ આમ કેમ આચરો છો? તમારો અને

અમારો મેળાપ ક્યારેય થયો નથી. ચંદ્રરાજા તો પૂર્વ દેશનો સ્વામી છે, હું તો ક્ષત્રિયપુત્ર છું, આમ સમજવા છતાં પણ નિષ્કારણ અસત્ય શા માટે બોલો છો? ચંદ્રરાજા સરખા મને જોઈને ખરેખર તમોને ભ્રમ ઉત્પન્ન થયો છે. હે રાજન્! આ જગતમાં સમાન આકાર અને રૂપવાળા ઘણા લોકો દેખાય છે, પરંતુ તેવા પ્રકારના ગુણ જોયા વિના હર્ષ ન કરવો. તેથી તત્ત્વથી વિચારીને પ્રવૃત્તિ કરવી. સમાન રૂપવાળા કપૂર અને લવણના ગુણોમાં મોટું અંતર દેખાય છે, તેથી સમાનપણાથી ભ્રમ ન પામવો. તમે મૂઢપણાનો ત્યાગ કરીને મને જવા માટે અનુજ્ઞા આપો, જેથી હું પોતાનું કામ કરવામાં તૈયાર થાઉં.'

**ચંદ્રરાજાનું સત્યસ્વરૂપ જાણવા સિંહલરાજની વિજ્ઞપ્તિ**

તે પછી સિંહલનૃપે કહ્યું કે, "હે રાજન્! અસત્યવચનથી અમને ન છેતરો. સત્ય બોલો. સજ્જન પુરુષો પ્રાણ જાય તો પણ અસત્ય બોલતા નથી. તમે ચંદ્રરાજા છો તેમાં કોઈ સંશય નથી. ઉત્તમ પુરુષો ગુપ્ત રહેતા નથી. તેઓ પોતાની આકૃતિથી જ જણાઈ આવે છે. ઊંડા પાણીમાં ફેંકેલી તૂંબડી ઉપર જ આવે છે. ગુપ્ત સ્થાને રહેલી કસ્તૂરી પોતાના ગુણ વડે જ પ્રકાશે છે, ઘણા સમયથી તમારા આગમન સમયની રાહ જોતા અમે અહીં રહ્યા છીએ તેમ જ તમે બતાવેલ સમયે આવ્યા છો, તેથી હમણાં પોતાનું નામ પ્રગટ કરીને અમારું કાર્ય કરો.'

આ પ્રમાણે વિવાદ કરતા તેઓની આગળ સિંહલરાજાનો હિંસક નામે મંત્રી આવ્યો. તે મંત્રી કપટકળામાં કુશળ છે, કુટિલ પુરુષોનો નાયક છે, કદાગ્રહથી વ્યાપ્ત ચિત્તવાળો છે, દુષ્ટ બુદ્ધિવાળો અને વિશેષે કરીને અસત્યવાદી છે. જ્યાં જળનો સદ્‌ભાવ કહે ત્યાં કાદવ પણ ન હોય. સૂર્યોદયથી માંડી સૂર્યાસ્ત સુધી અસત્ય બોલવું એ જ તેનો વ્યાપાર છે.

તે મંત્રીએ ત્યાં આવી ચંદ્રરાજાને નમસ્કાર કરી, ઉચિત સ્થાને બેસી કુટિલતા કરવાનો પ્રારંભ કર્યો.

‘હે ચંદ્રરાજા ! આજે આપના આગમનથી અમારા સર્વ મનોરથ સફળ થયા. હમણાં અમારા રાજાની પ્રાર્થનાને કેમ માનતા નથી ? આમ કેમ મૂઢ થયા છો ? ખોટી હઠ છોડી દો. આ પ્રમાણે અસત્ય બોલી કુળ આદિ છુપાવવાથી મોટું નુકસાન થશે. શું તમે અમને બધાને બાળક સમજો છો ? જેથી આ પ્રમાણે અસત્ય બોલી અમને છેતરો છો ! અમે અસત્ય બોલતા નથી. માટે વિવાદ કરવાથી સર્યું. પોતાનું સ્વરૂપ સારી રીતે પ્રકાશીને અમારી પ્રાર્થના સ્વીકારો. હમણાં અમારી પાસે આવેલા તમે અમારી રજા સિવાય કેવી રીતે બીજે જશો ! અમારા મનોરથ પૂર્ણ કરી સુખપૂર્વક જાઓ. હે આભાનગરીના સ્વામી ! અમારી આશા પૂરનારા તમે જ છો ! અજ્ઞાનરૂપી અંધકારથી હણાયેલા અમે આ બોલતા નથી પરંતુ દેવીના વચનથી તમને ચંદ્રરાજા તરીકે જાણીએ

છીએ. તેથી ઘણો આગ્રહ કરવાથી સર્યું! કારણ કે રાત્રિ થોડી છે, કાર્ય ઘણાં કરવાનાં છે, મૃગશીર્ષ નક્ષત્ર આકાશના મધ્ય ભાગમાં આવ્યું છે. અમે પણ તમને કઠોર અક્ષર કહેવા અસમર્થ છીએ, કારણ કે અમારી કાર્યસિદ્ધિમાં તમારું કામ છે. તેથી કદાગ્રહ મૂકીને પોતાનું સ્વરૂપ સારી રીતે પ્રકાશો. જેથી અમે અમારું કાર્ય જણાવીએ.'

## હિંસકમંત્રી વગેરેના આગ્રહથી ચંદ્રરાજાનું કાંઈક પોતાનું સ્વરૂપ પ્રગટ કરવું

મંત્રીનું વચન સાંભળીને ચંદ્રરાજા કહે છે કે, 'તમારે ચંદ્રરાજા સાથે શું કામ છે? આ જગતમાં બીજા નરવરો શું નથી? જેથી તેની જ અપેક્ષા કરો છો? હું સત્ય કહું છું કે, 'હું આભાપુરીમાં રહું છું, તે તમે સાચું જ જાણો છો. ચંદ્રરાજા જે કરવા માટે સમર્થ છે, તે હું કરવા સમર્થ છું. હવે કહો, તમારે શું કામ છે?'

આ પ્રમાણે તેનું વચન સાંભળીને આ જ ચંદ્રરાજા છે એમ જાણીને સિંહલરાજ હર્ષિત ચિત્તવાળો થયો.

તે પછી હિંસકમંત્રીએ કહ્યું કે, 'હે સ્વામીન્! હવે નિશ્ચિંત થાઓ. આ આભાનરપતિ આપણી સર્વ ચિંતા દૂર કરશે. ચંદ્રરાજા ન સમજી શકે તેવું કાંઈ નથી, તેથી લજ્જા મૂકીને જે કરવા યોગ્ય છે તે એમને જણાવો. કહ્યું છે કે—

**आहारे ववहारे य, चत्तलज्जो सुही भवे ।**
**लज्जाजालं चइत्ताणं, तत्तओ सुहिणो नरा ॥२॥**

"આહાર અને વ્યવહારમાં જે લજ્જાનો ત્યાગ કરે તે સુખી થાય, લજ્જાની જાળનો ત્યાગ કરીને જ માણસો વાસ્તવિક સુખી છે" ૨

હવે ચંદ્રરાજા મનમાં વિચારવા લાગ્યો કે: 'આ દુષ્ટ મંત્રી શું કહે છે? તેનો પરમાર્થ સમજાતો નથી. મારાથી એનું કાર્ય સિદ્ધ થશે કે નહિ, પરંતુ હમણાં હું પરાધીનપણાને પામ્યો છું, આ સર્વ ધૂર્તોનો સમૂહ મળ્યો હોય તેમ લાગે છે. આથી એનું વચન સાંભળ્યા સિવાય બીજો કોઈ ઉપાય નથી.' એમ ચિંતાગ્રસ્ત મનવાળા ચંદ્રરાજાને જાણીને સિંહલનૃપ કહે છે: 'હે નરરત્ન! ફોગટ ચિંતાજાળ ન કરો, અમે ધૂર્ત નથી કે જેથી આપને છેતરીને કાર્ય કરવા ઇચ્છતા નથી, અહીં કોઈ જાતનો સંશય ન કરવો. વિરલમાતા જ પરોપકારમાં તત્પર એવા પુરુષને જન્મ આપે છે. કહ્યું છે કે—

**निअउअरपूरणे वि हु, असमत्था तेहि किं पि जाएहिं ।**
**सुसमत्था जे न परो-वयारिणो तेहि वि न किं पि ॥३॥**
**परपत्थणापवण्णं, मा जणणि! जणेसि एरिसं पुत्तं ।**
**मा उअरे विधरिज्जसु, पत्थिय भंगो कओ जेण ॥४॥**

"જેઓ પોતાનું ઉદર ભરવા માટે પણ અસમર્થ છે, તેઓને ઉત્પન્ન થવાથી શું? અને સમર્થ હોવા છતાં

જે પરોપકારી નથી તેઓના જન્મથી પણ કાંઈ પ્રયોજન નથી.” ૩

“હે માતા ! જે પારકા પાસે પ્રાર્થના કરે એવા પુત્રને જન્મ આપતી નહિ, અને જેણે બીજાની પ્રાર્થનાનો ભંગ કર્યો છે, એવા પુત્રને ઉદરમાં પણ ધારણ ન કર.” ૪

‘હે રાજન્ ! સૂર્ય શું પ્રત્યુપકારની અપેક્ષાથી વિશ્વને પ્રકાશ કરે છે ? વૃક્ષના સમૂહ ફળ–પુષ્પ આપે છે, તેનું મૂલ્ય શું કોઈ આપે છે ? ચિંતામણિ વાંછિત પૂરે છે તેનો પ્રત્યુપકાર કરવા કોઈ યત્ન કરે છે ? નિરંતર વહેતી નદીઓને કોણ શિખવાડે છે ? સરસ-નીરસ તૃણ આદિ ખાઈને નિર્મળ દૂધ આપનારી ગાયોના ગુણગૌરવને કોણ જાણે છે ? આ પ્રમાણે તમારી જેવા પુરુષો જગતમાં અલ્પ હોય છે. તેથી અમારી આશાઓ પૂર્ણ કરીને અમારી ઉપર ઉપકાર કરવામાં તત્પર થાઓ.’

આ પ્રમાણે સિંહલરાજની પ્રાર્થના વખતે તે રાજા, તેની પટરાણી, તેઓનો કનકધ્વજ નામે કુષ્ઠી પુત્ર, હિંસકમંત્રી અને કપિલા નામે ધાવમાતા એ પાંચ અને છઠ્ઠો ચંદ્રરાજા પાંચ ઇંદ્રિયો સાથે મનની જેમ શોભે છે.

તે વખતે ચંદ્રરાજાએ કહ્યું કે, ‘હે સિંહલભૂપ ! મનભેદ દૂર કરી શુદ્ધ હૃદયથી પોતાના મનની વાત ચોખ્ખી રીતે પ્રગટ કરો. તમે પાંચે અત્યંત ચિંતાતુર દેખાઓ છો. બહારની બાજુ વિવાહ મહોત્સવ શરૂ થયો છે તેથી યથાર્થ સ્વરૂપ નિવેદન કરો. જેથી હું તે જાણીને

તમારી ચિંતા દૂર કરું. સવાર પહેલાં મારે આભાપુરી જવાનું છે. તમે મારું નામ-ગોત્ર આદિ ક્યાંથી જાણ્યું? મારી પાસે જે કરાવવું હોય તે વિનાસંકોચે જણાવો. કારણ કે હું તમારા મનોગત ભાવ જાણવા માટે સમર્થ નથી.'

## હિંસકમંત્રીનું સિંહલરાજાના કુષ્ઠીપુત્ર માટે પ્રેમલા લચ્છીને પરણીને આપવા માટે ચંદ્રરાજાને કહેવું

આ પ્રમાણે ચંદ્રરાજાનું વચન સાંભળીને સિંહલ-રાજાએ આદેશ કરેલો હિંસકમંત્રી કહેવા લાગ્યો : 'હે મહારાજ ! અમારા પાલક અને કાર્ય કરી આપ-નાર તમે જ છો. તમે જ અમારા આશાનું અને વિશ્વાસનું સ્થાન છો. તમે જ અમને સુખ કરનારા અને અમારી ચિંતાને દૂર કરનારા છો. આથી તમારી પાસે ન કહેવા જેવું કાંઈ નથી. છાશના અર્થીને વાસણ છુપાવવાથી કેવી રીતે લાભ થાય ? પગમાં ઘૂઘરીઓ બાંધી નાચનારીને લાજ કાઢવી શું ઉચિત છે ? સેવકપણું સ્વીકારીને સ્વામીની સેવા કરવામાં કઈ શરમ ? તેથી લજ્જા મૂકીને તમારી પાસે કામ જણાવું છું.

'હે રાજન્ ! આ દેશના સ્વામીને **પ્રેમલા લચ્છી** નામની કન્યા છે. તે અમારા રાજાના પુત્રને જેવી રીતે પરણે તેવી રીતે તમારે પ્રવૃત્તિ કરવી, એટલું જ અમારે કામ છે. હે કૃપાસાગર ! તમે જ હંમેશા પરોપકાર કર-વામાં તત્પર છો. આથી અમારું કામ કરીને તમે કૃત-કૃત્ય થાઓ.'

તે પછી ચંદ્રરાજા કહે છે કે, 'હે મંત્રીન્! નિંદનીય આવું અસત્ય કેમ બોલે છે? પ્રાણસંશયમાં પણ સજ્જનો અસત્ય વચન બોલતાં નથી. કહ્યું છે કે—

**असच्चभासिणो खुद्दा, पावकम्मपरा सया ।**
**इहेच दुक्खिया जंति, परत्थ परमावयं ॥५॥**
**जेण परो दूमिज्जइ, पाणिवहो होइ जेण भणिएण ।**
**अप्पा पडइ अणत्थे, न हु तं जंपंति गीअत्था ॥६॥**

"અસત્ય બોલનાર, ક્ષુદ્ર, હંમેશા પાપકર્મમાં તત્પર આ લોકમાં દુઃખી થાય છે અને પરલોકમાં ઘણી આપત્તિ પામે છે."૫

"જેનાથી બીજો દુઃખી થાય, જે બોલવાથી જીવહિંસા થાય અને આત્મા અનર્થમાં પડે એવું વચન શાસ્ત્રના અર્થને જાણનારા બોલતા નથી."૬

'તેમ જ મેં પ્રથમ સાંભળ્યું છે કે, પ્રેમલા લચ્છી સિંહલરાજના પુત્ર કનકધ્વજને પરણશે, એ જાણીને તેઓના વિવાહ-મહોત્સવ જોવા માટે હું અહીં આવ્યો છું. વળી પ્રેમલા લચ્છી કનકધ્વજને પરણશે એ સર્વલોકમાં જાણીતું છે, તો શા માટે આ કનકધ્વજ કુમાર તેને ન પરણે? તેણીનું પાણિગ્રહણ કરવામાં તેને શું વાંધો છે? ફોગટ મારા માથા ઉપર ભાર શા માટે નાખો છો?'

હિંસકમંત્રી કહે છે: 'હે સ્વામીન્! આ કનકધ્વજકુમાર પાપકર્મના ઉદયથી કોઢરોગથી વ્યાપ્ત થયો છે. આ વાત સર્વથા ન કહેવાય એવી છે. પૂર્વોપાર્જિત કર્મથી તેનો વિવાહસંબંધ થયો. હમણાં તે કાર્ય ઉપાડવું તમારા હાથમાં છે. પ્રચંડ પવનના વેગથી સમુદ્રની મધ્યમાં ગયેલ વહાણને કાંઠે લાવવા માટે તમારી જેવા ચતુર નિર્યામકની અપેક્ષા કરાય છે. હમણાં સિંહલરાજની લાજ તમારે રાખવાની છે. તમારી મારફત સર્વ આશા સફળ કરવા અમે ઇચ્છીએ છીએ.'

ચંદ્રરાજાએ કહ્યું કે, 'જો રાજકુમાર કોઢિયો છે તો પ્રથમ તમે વિવાહ શા માટે સ્વીકાર્યો? વળી રાજકુમારી સાથે તમારે શું વેર છે કે કોઢિયા સાથે એ કન્યાને તમે પરણાવવા ઇચ્છો છો? વળી તમે બધા ભેગા થઈને તેનો જન્મ નિષ્ફળ કરવા શા માટે પ્રવૃત્ત થયા? આવું પાપકર્મ પરમેશ્વર કઈ રીતે સહન કરશે? આ મકરધ્વજરાજાની પુત્રી પ્રેમલા લચ્છીને મારાથી કેમ પરણી શકાય? મારી તેવા પ્રકારની યોગ્યતા ક્યાંથી? તે છતાંય તેને પરણીને પછી તમને સોંપું એ સર્વ અશક્ય જ છે.'

સિંહલરાજ તેના કુશળતા ભરેલા વચન સાંભળીને પ્રસન્ન થયો.

## હિંસકમંત્રીને ચંદ્રરાજાએ પોતાનો પરિચય આપવો

તે પછી ચંદ્રરાજાએ હિંસકમંત્રીને એકાંતમાં લઈ જઈને કહ્યું કે, 'આ અયુક્ત વચન મને શા માટે

કહો છો ? મારો અને તમારો સમાગમ આજે પ્રથમ જ થયો છે. તેવામાં જ આવી જાતનો અયોગ્ય કાર્યનો આરંભ શા માટે શરૂ કર્યો ? હે મંત્રીન્! આવી જાતનું દુર્જનલોકને ઉચિત વાત કહેતાં તું કેમ લજ્જા પામતો નથી ? આ કામમાં તું કાંઈપણ સુખ પામીશ નહિ. આવી રૂપવતી કન્યારત્ન પ્રેમલા લચ્છીને કોઢિયા સાથે પરણાવીને આ તમારી મહેનત પરિણામે અનર્થ આપનારી જાણવી. તેથી આ નિંદનીય વિવાહને છોડી દો. આવું કાર્ય ન કરો. બીજી વાત એ છે કે, તમારો દેશ કયો ? નગરી કઈ ? નિવાસ કયાં ? આ અનુચિત સંબંધ કઈ રીતે થયો ? એ સઘળી હકીકત મારી આગળ સાચી રીતે પ્રગટ કરો, તે પછી તે સાંભળીને હું તમારા ચિત્તને પ્રસન્ન કરીશ.' આ પ્રમાણે ચંદ્રરાજાએ કહેલ વચન સાંભળીને હિંસકમંત્રી સંક્ષેપથી પોતાનો વૃત્તાંત કહે છે :

'સિંધુનદીને કાંઠે સિંધુ નામનો દેશ છે. તે દેશમાં રહેનારા લોકો સ્વભાવથી ભદ્ર, સ્વભાવથી વિનીત અને પરલોકભીરુ છે. ત્યાં સિંહલ નામે નગર છે. જે નગરમાં મુચકુંદના પુષ્પ સરખા નિર્મળ યશથી દિશાઓને શ્વેત કરનાર, પ્રતાપરૂપી સૂર્યથી પૃથ્વીમંડળને પ્રકાશિત કરનાર, રૂપ વડે કામદેવને જીતનાર, પરાક્રમથી શત્રુસમૂહને નમાવનાર **કનકરથ** નામે રાજા રાજ્ય કરે છે. જે રાજાને શરદઋતુના ચંદ્ર સરખા મુખવાળી, અનુપમ રૂપવૈભવથી રતિને જીતનારી, પતિભક્તિમાં પરાયણ કનકવતી નામે

મહાભાગ્યશાળી રાણી છે. તે રાજાનો બહુમાન્ય રાજ્યનાં સર્વ કાર્યોને કરનાર હું હિંસક નામે મંત્રી છું. ચોથી પિયૂષપૂર્ણ પયોધર વડે શોભતી બ્રાહ્મી સરખી કપિલા નામે ધાવમાતા છે. આ રાજાના અશ્વ, ગજ, રથ અને પદાતિઓની સંખ્યા ગણવા બૃહસ્પતિ પણ સમર્થ નથી. એની રાજ્યસમૃદ્ધિ જોઈને સભામાં વૈશ્રમણ દેવ પણ લજ્જા પામે છે. આ રાજા પૃથ્વી પર રાજ્ય કરતે છતે કોઈ પણ દારિદ્રને અનુભવતું નથી. હે ચંદ્રનૃપતિ! મારું કહેલું આ સર્વ સત્ય જાણો. આપ શ્રીમાનની આગળ મારે કાંઈ પણ છુપાવવાનું નથી.

## કનકવતીની પુત્રચિંતા

હવે એક વખત કનકવતી મહાદેવીને પુત્રચિંતા પ્રગટ થઈ. પુત્ર વિના મારી આ રાજ્યસંપત્તિ નિષ્ફળ છે. અહો મંદ ભાગ્યવાળી મને સંતતિનું સુખ કઈ રીતે થાય? પૂર્વે મેં તેવા પ્રકારનાં સુકૃત કર્યાં નથી, જેથી હું પુત્રસુખ ન પામી. આ પ્રમાણે વિચારતી નેત્રોમાંથી આંસુ સારતી તે અત્યંત વ્યાકુળ હૃદયવાળી થઈ. સતત નિસાસા નાખતી તે જળ વગરની માછલીની જેમ તડફડવા લાગી. કહ્યું છે કે—

मुक्खस्स हियय सुण्णं, दिसा सुण्णा अबंधुणो ।
अपुत्ताणं गिहं सुण्णं, सव्वसुण्णा दलिद्दया ॥७॥

"મૂર્ખજનનું હૃદય શૂન્ય હોય છે, બંધુ વગરનાને દિશાઓ શૂન્ય છે, અપુત્રિયાને ઘર શૂન્ય છે અને સર્વ શૂન્ય દરિદ્રતા છે." ૭

પોતાની સ્વામિનીને દુઃખ અનુભવતી જોઈને સમીપ રહેલી દાસીએ ઉતાવળી ગતિએ રાજાની આગળ જઈને તેણીની હકીકત જણાવી. સાંભળવા માત્રથી દુઃખ પામી રાજાએ ત્યાં દોડતા આવી તેને આશ્વાસન આપી કહ્યું : 'ચંદ્રમુખી ! તું અકાળે કેમ શોકાતુર થઈ? તારું વસ્ત્ર આંસુઓથી કેમ ભીંજાયું છે ? તારી આજ્ઞાનું અપમાન કોણે કર્યું ? તેનું નામ જલદી જણાવ, જેથી હું તેને શિક્ષા કરું. કે જેથી ફરીથી કોઈ તારી આજ્ઞા ન લોપે. તને કંઈ વસ્તુની ન્યૂનતા છે ? મારા પ્રાણ પણ તારે આધીન છે, તેથી ચિંતાનું કારણ કહે.'

તે પછી કનકવતીએ લાંબો નિસાસો નાખીને કહ્યું કે, "હે સ્વામીન્ ! તમારી કૃપાથી મારા મનોરથ પરિપૂર્ણ છે, તમારી દૃષ્ટિ જોનારી એવી મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરવા કોણ સમર્થ છે ? આપ જેવા પ્રાણપ્રિયને પામીને પ્રતિદિન નવાં-નવાં વસ્ત્રો વડે દેહને સુશોભિત કરું છું કે જે સ્વપ્નમાં પણ ઇંદ્રાણીએ ન જોયા હોય ! હંમેશા ઉત્તમ સ્વાદિષ્ટ ભોજન જમતી દિવ્ય શ્રેષ્ઠરત્નના આભરણથી સુશોભિત શરીરવાળી સુખપૂર્વક રહું છું. આવી રીતે હું સર્વથા સુખ-સંપન્ન છું પરંતુ હે સ્વામીન્ ! એક પુત્ર વિના સર્વ સુખ તૃણની માફક નિરર્થક જ છે. મારા જીવિતને પણ હું નિષ્ફળ માનું

છું. અરણ્યમાં ઉત્પન્ન થયેલ પુષ્પની જેમ પુત્ર વિનાનું જીવન ફોગટ વિનાશ પામશે. ધનવાન હોવા છતાં પણ અપુત્રિયાના મુખને પ્રભાતકાળે કોઈ જોતું નથી. ભૂમિ ઉપર આળોટતા, પડતા ઊભા થતાં, ધૂળથી વ્યાપ્ત શરીરવાળાં, હસતાં, રોતા, માતાનાં ખોળામાં વર્તતાં, અવ્યક્ત શબ્દ બોલતાં, લાકડીનો ઘોડો કરી તેની ઉપર ચઢી શેરીમાં ક્રીડા કરતાં બાળકો જેના ઘરના આંગણાને શોભાવે છે, તેઓનો જ જન્મ સફળ છે. વળી સુપુત્ર સંપત્તિ, યશકીર્તિ અને વંશને વિસ્તારે છે. વૃદ્ધપણામાં તે જ સુખ આપનાર થાય છે. આથી પુત્રનો અભાવ મારા મનને અત્યંત દુઃખ આપે છે. 'ક્યારે હું પુત્રનું મુખ જોઈશ' એ ચિંતા મને અત્યંત પીડા કરે છે."

આ પ્રમાણે કનકવતીનું વચન સાંભળીને રાજા કહે છે : 'હે પ્રાણપ્રિયે! તું પુત્રની ચિંતા ન કર. પ્રસન્ન ચિત્તવાળી થા, પૂર્વભવમાં કરેલા પુણ્યથી આ ભવમાં સર્વ કાર્ય સિદ્ધ થાય છે. તો પણ હું મંત્ર-તંત્ર આદિ વિવિધ પ્રયોગો કરીશ. જેથી તને થોડા સમયમાં પુત્ર-સુખ થશે.'

આ પ્રમાણે મહાદેવીને આશ્વાસન આપી રાજાએ મને બોલાવીને કનકવતીનું સર્વ વૃત્તાંત નિવેદન કર્યું.

તે પછી મેં ક્ષણવાર વિચારીને કહ્યું કે, 'હે રાજન્! અટ્ઠમ તપ વડે કુલદેવીનું આરાધન કરો. તે પ્રસન્ન થઈ પુત્રરત્ન આપશે.'

## રાજાએ અટ્ઠમ કરી કુલદેવીનું આરાધન કરવું

આ પ્રમાણે મારું વચન સાંભળીને રાજા બીજા દિવસે અટ્ઠમ તપ કરી એકાંતમાં કુલદેવીની આરાધના કરવા બેઠો. તે પછી ત્રીજા દિવસે જમીનથી ચાર આંગળ અદ્ધર ઊભેલી, કરમાયા વિનાનાં દિવ્ય પુષ્પોની માળા-વાળી, અનિમેષ નેત્રવાળી, મહાશક્તિશાળી, વૃદ્ધિ પામતા દેહના તેજવાળી, હાથમાં શસ્ત્રવાળી, સુપ્રસન્ન મુખવાળી, કરુણાથી ભરેલા નેત્રવાળી, કટી પ્રદેશમાં રહેલાં આભૂષણો વડે અને પગના નુપૂર વડે મધુર શબ્દ કરતી, પવિત્ર અને નિર્મલ ગાત્રવાળી કુલદેવીએ પ્રત્યક્ષ થઈ રાજાને કહ્યું : ' હે નરવર ! મારું આરાધન શા માટે કર્યું ? આ તારા તપથી હું તારા ઉપર પ્રસન્ન છું. જે તને ગમે તે માગ. તારું મનોવાંછિત આપીશ.'

આ પ્રમાણે દેવીની વાણી સાંભળીને મસ્તકે બે હાથ જોડી રાજાએ કહ્યું : ' હે કુળદેવતા ! માતા ! તું કુલની પરંપરાને વૃદ્ધિ કરનારી, સમૃદ્ધિને આપનારી અને દુઃખનું નિવારણ કરનારી છે. મેં પુત્ર નિમિત્તે તારી આરાધના કરી છે. જો પુત્ર વડે સુખાસન, તત્ત્વજ્ઞાન વડે મન અને સાધુના આગમન વડે ઘર સાંકડું થાય તો પુણ્ય મૂળસહિત વિનાશ પામ્યું છે એમ જાણવું.

હે માતા ! પુત્રની ભિક્ષા માગનાર મારો મનોરથ અવશ્ય પૂર્ણ કરવો. કારણ કે પુત્ર વિના તારી પૂજા કોણ કરશે ? વળી ' કુલદેવી ' એ પ્રમાણે તારું નામ

કેમ રહેશે ? રત્નાકર-સમુદ્રને કાંઠે નિવાસ કરનારને જો દારિદ્રય હોય તો લજ્જા પણ તેને છે. આ પ્રમાણે મારા કુળમાં પુત્ર ન થાય તો તને જ લજ્જા થાય. તેથી પ્રસન્ન થઈને એક શ્રેષ્ઠ પુત્ર આપ. મારી પટરાણીના આગ્રહથી મેં તારી આરાધના કરી છે. જો સંતુષ્ટ થઈ હોય તો મારા મનોરથને અવશ્ય પૂર્ણ કર.'

## દેવીએ આપેલું કુષ્ઠીપુત્રનું વરદાન

કુલદેવીએ કહ્યું કે, 'હે રાજન્! હું તારા તપથી તુષ્ટ થઈ છું. તેથી તને એક પુત્ર થશે, પણ તે પૂર્વે ઉપાર્જન કરેલ કર્મના યોગે કુષ્ઠી થશે.'

દેવીનું વચન સાંભળી રાજાએ કહ્યું : 'હે દેવી ! પગમાં પડીને ફરીથી વિનવું છું કે, વ્યાધિરહિત પુત્ર મને આપ. રોગથી વ્યાપ્ત તે પુત્રથી શું ? કહ્યું છે કે—

**दलिद्दो वाहिओ मुक्खो, पवासी निच्चसेवगो ।**
**जीवंता वि मुआ पंच, सुव्वंति किल भारहे ॥८॥**

"દરિદ્ર, રોગી, મૂર્ખ, પ્રવાસી અને નિત્ય સેવા કરનાર, આ પાંચ જીવતા છતાં પણ મરેલા મહાભારતમાં કહ્યાં છે." ૮

દેવીએ કહ્યું કે, "હે નરેશ્વર ! પંડિત હોવા છતાં મૂઢ કેમ થાય છે ? જેણે જેવા શુભ-અશુભ કર્મ બાંધ્યાં હોય તે કર્મ પરવશ એવા પ્રાણીએ અવશ્ય ભોગવવા

જોઈએ. જિનેશ્વર, ચક્રવર્તી, બળદેવ અને વાસુદેવ વગેરે પણ કર્મ વડે મુકાતા નથી. કહ્યું છે કે—

**अवस्सं चेव भोत्तव्वं, कयं कम्मं सुहासुहं ।**
**नाभुत्तं शिज्जए कम्मं कप्पकोडिसएसु वि ॥९॥**

"કરેલ શુભ-અશુભ કર્મ અવશ્ય ભોગવવું જોઈએ. સો ક્રોડ કલ્પ જાય તો પણ કર્મ ભોગવ્યા વિના ક્ષય પામતું નથી." ૯

આથી જે જીવે પૂર્વભવમાં પૂરેપૂરું સુકૃત કર્યું હોય તે જ આ જન્મમાં નિરંતર સુખ પામે છે, તેથી હમણાં મેં જે વરદાન આપ્યું કે 'તને કુષ્ઠીપુત્ર થશે' તે હું અન્યથા કરી શકું તેમ નથી."

રાજાએ કહ્યું કે, 'હે માતા! પ્રસન્ન થઈને તેં મને કુષ્ઠીપુત્ર કેમ આપ્યો ?'

કુલદેવીએ કહ્યું કે, 'હે વત્સ! તેનું કારણ સાંભળ.

મારો પ્રાણપ્રિય મહર્ધિક દેવ છે, તેને બે સ્ત્રીઓ છે. તેમાં એક હું છું. હંમેશા તે પ્રિય સાથે નવા નવા ઇચ્છિત ભોગો ભોગવતી અમે બન્ને આનંદ કરતી હતી. એક વખત મારા પ્રિયતમે ગુપ્તપણે મારી શોકયને એક દિવ્યરત્નનો હાર આપ્યો. તેથી તે જાણીને મને તેની ઉપર ઘણો રોષ ઉત્પન્ન થયો. તે પછી તેની સાથે વિવાદ કરતાં મેં મોટો કલહ કર્યો. તે વખતે ઘરે આવીને મારા પતિએ તે શોકયનો પક્ષ ગ્રહણ કર્યો, તેથી હું ગાઢ

દુઃખથી પીડિત, ચિંતાથી દુઃખી મનવાળી હતી, તે વખતે તારી આરાધનાથી હું સંભ્રમ સહિત અહીં આવી. આથી ઉદ્વેગ પામેલી મેં અનુચિત વરદાન આપ્યું. ખરેખર દેવીઓ પોતાનું વચન અન્યથા કરી શકતી નથી. પ્રાણીઓના ભાગ્યને અનુસારે જ દેવીઓના મુખમાંથી વચન નીકળે છે, તેથી તારે આ અંગે અધીરાઈ ન કરવી.'

રાજાએ વિચાર્યું કે : 'પુત્ર ન હોવા કરતાં કુષ્ઠીપુત્ર પણ સારો.' આ પ્રમાણે વિચારીને દેવીનું વચન સ્વીકાર્યું.

તે પછી દેવી પોતાના સ્થાને ગઈ. તપની આરાધના પૂરી કરી રાજાએ મારી પાસે આવીને કનકવતી અને મને પુત્રના વરદાનની પ્રાપ્તિનો સકળ વૃત્તાંત કહ્યો.

મેં પણ રાજાને કહ્યું કે, 'હે રાજન્! ધર્મની આરાધનાના પ્રતાપે સર્વ સારું થશે. પુત્ર ઉત્પન્ન થયા પછી કુષ્ઠ–કોઢરોગના નિવારણ માટે ઉપાય કરીશું અને પુત્રને રોગરહિત કરીશું.' આ પ્રમાણે મારું વચન સાંભળીને કનકવતી પ્રસન્ન થઈ.

## પુત્રજન્મનો મહોત્સવ–કનકધ્વજ નામ પાડવું

હવે તે જ રાત્રિએ સુખપૂર્વક સૂતેલી રાણીની કુક્ષિમાં કોઈ જીવ ગર્ભપણે અવતર્યો. તે જાણીને હર્ષિત મનવાળા રાજાએ સગર્ભા રાણીને ભૂમિગ્રહ-ભોંયરામાં રાખીને ગર્ભપાલન કરાવ્યું. જે કારણથી લોભાંધ પ્રાણીઓની સંપત્તિ ભૂમિગૃહમાં રક્ષણ કરાય છે. ગર્ભસમય પરિ-

પૂર્ણ થયે તે મહાદેવીએ પુત્રને જન્મ આપ્યો. દાસીના મુખે પુત્રજન્મ સાંભળીને હર્ષિત મનવાળા રાજાએ તે દાસીને પોતાના અંગ ઉપર રહેલા આભરણ આદિ આપીને તે દાસીને વિસર્જન કરી.

હવે હર્ષના સમૂહથી ભરેલા હૃદયવાળા રાજાએ પુત્રનો જન્મ-મહોત્સવ પોતાના વૈભવના અનુસાર કરાવ્યો. ચારે તરફ પુત્રજન્મની વધામણી પ્રવર્તી. રાજાના આંગણામાં મંગલવાજિંત્રો વાગવા લાગ્યાં. યુવતીજનોના ધવલ મંગલગીતાદિ પ્રવર્ત્યા, ગૃહ અને દુકાનોની પંક્તિઓ ધજા અને તોરણથી અલંકૃત થઈ. 'પુત્રજન્મ થયો' એ સાંભળીને નગરલોક હર્ષિત ચિત્તવાળા થયા. પ્રમોદપૂર્ણ રાજાએ શુભ દિવસે 'કનકધ્વજ' એ પ્રમાણે પુત્રનું નામ પાડ્યું. જન્મથી જ તે કુષ્ઠરોગથી દૂષિત હતો. વૈદ્યોએ પણ ઘણા ઉપચાર કરવા છતાં પણ પૂર્વ-કર્મના ઉદયથી તે નીરોગી ન થયો. રત્ન જેમ રત્નખાણમાં વધે તેમ રાજપુત્ર ભોંયરામાં રહ્યો છતાં દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યો.

પુત્ર બહાર ન નીકળવાથી નગરજનો રાજપુત્રને જોવામાં કુતૂહલપૂર્વક ઘણા હર્ષને ધારણ કરતાં સ્વદેશ અને પરદેશમાં ઉત્પન્ન થયેલ વિવિધ વસ્ત્ર-આભૂષણ આદિ લઈને રાજસભામાં આવ્યા.

રાજાને પ્રણામ કરી યોગ્ય સ્થાને ઊભેલા અને કુમારનું દર્શન કરવાની ઉત્કંઠાવાળા તે સર્વને મેં કહ્યું

કે, 'દેવકુમાર કરતાં અનુપમ રૂપસંપત્તિથી શોભતો રાજપુત્ર હમણાં ભૂમિગૃહમાં રહેલો છે. આ કુમાર ઉપર કોઈની દૃષ્ટિ ન પડે, તેથી વયથી બાળક પણ ગુણ-સંપત્તિ વડે પ્રૌઢ એવા તેને ભૂમિગૃહમાંથી બહાર કાઢતા નથી. આથી આ કુમાર ભૂમિગૃહમાં રહીને જ ધાવમાતા વગેરે પરિવારથી સેવાયેલો શુક્લપક્ષમાં જેમ ચંદ્ર કલાઓ ગ્રહણ કરે તેમ પ્રતિદિન કલાઓ ગ્રહણ કરે છે.' આ પ્રમાણે અતિગુપ્ત મંત્રણાવાળા અમે રાજાની આજ્ઞાથી કુમારનાં દર્શનની ઉત્કંઠાવાળા નગરજનોને કહ્યું.

આ પ્રમાણે કહેવાથી તે હકીકત સત્ય માનતા અત્યંત પ્રમુદિત ચિત્તવાળા નગરજનો રાજાની પુણ્ય-સંપદાની પ્રશંસા કરવા લાગ્યા. તેનું રહસ્ય નહિ જાણતાં તેઓ કહેવા લાગ્યા કે, સંપૂર્ણ સુખસાધનવાળા રાજા દેવકુમાર સરખા સુપુત્રના જન્મથી કૃતકૃત્ય થયા. સૂર્ય પણ કામદેવ સરખા તે પુત્રને જોવા સમર્થ નથી તો આપણી કઈ ગણતરી? 'મોંઘી-અમૂલ્ય વસ્તુ સારી રીતે યતનપૂર્વક રક્ષણ કરવી જોઈએ' એ પ્રમાણે શાસ્ત્રમાં પણ કહ્યું છે. માણસોના સુખેથી પરંપરાએ આ વાત પરદેશમાં પણ અત્યંત વિસ્તાર પામી. 'સારી રીતે પ્રયોગ કરેલ મંત્રનો બ્રહ્મા પણ અંત ન પામે.'

### સિંહલપુરના વ્યાપારીઓનું વિમલાપુરીમાં આગ-મન અને કનકધ્વજકુમારના રૂપની પ્રશંસા કરવી

હવે એક વખત અમારા નગરના વ્યાપારીઓ જુદી જુદી જાતના કરિયાણાં લઈ અનેક દેશોમાં ક્રય-

વિક્રય કરતા અનુક્રમે આ વિમલાપુરીમાં આવ્યા. અહીં **મકરધ્વજ** રાજા રાજ્ય કરે છે. તે વ્યાપારીઓ ઘણાં ભેટણાં લઈ રાજાનાં દર્શન માટે રાજસભામાં આવ્યા. બે હાથ જોડી ભેટણાં મૂકી પ્રણામ કરી યોગ્ય સ્થાને બેસી પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા.

તે વખતે લક્ષ્મીની જેમ લોકોના ચિત્તને હરણ કરનારી, ચોસઠ કળામાં નિપુણ, રૂપ-લાવણ્યનો ભંડાર, ચંદ્રસમાન મુખવાળી, નવીન યૌવનને પામેલી **પ્રેમલાલચ્છી** નામે રાજપુત્રી ત્યાં આવીને પોતાના પિતા મકરધ્વજ રાજાના ઉત્સંગમાં બેઠી.

અત્યંત અદ્‌ભુત રૂપ આદિ ગુણથી વ્યાપ્ત તે રાજકુમારીને જોઈને અમારા નગરના વ્યાપારીઓ અત્યંત વિસ્મયયુક્ત ચિત્તવાળા થયા.

તે વખતે રાજાએ તે વ્યાપારીઓને પૂછ્યું કે, 'હે શ્રેષ્ઠીજનો ! તમે કયા નગરથી આવ્યા ? ત્યાં રાજા કોણ છે ? તેનું નામ શું છે ? બીજો પણ જે સાંભળવા યોગ્ય હોય તે વૃત્તાંત કહો.'

આ પ્રમાણે રાજાનું વચન સાંભળીને તેઓમાંથી એક વચનકળામાં કુશળ વ્યાપારી કહે છે કે, "હે રાજન્, અમે સર્વ સિંધુ દેશમાં નિવાસ કરનારા, વણિક કુળમાં ઉત્પન્ન થયેલા વ્યાપાર માટે આ નગરમાં આવ્યા છીએ. તે સિંધુ દેશમાં અલકાપુરી સરખી સિંહલપુરી નામે નગરી છે. તે નગરીમાં **કનકરથ** નામે રાજા રાજ્ય કરે છે, તેને **કનકધ્વજ** નામે પુત્ર છે. તે કામદેવ સમાન

રૂપવાળો, શુભ લક્ષણોથી લક્ષિત, શુભ વિચારોથી વાસિત હૃદયવાળો, અદ્વિતીય તે રાજા વડે રત્નના ભંડારની જેમ રક્ષણ કરાયેલ ભૂમિગૃહમાં રહે છે. તેનું રૂપ જોવામાં નગરજનો ઉત્કંઠાવાળા હોવા છતાં 'કોઈની નજર ન પડે' એથી શંકિત મનવાળા રાજા ક્યારેય તેને ભૂમિ-ગૃહમાંથી બહાર કાઢતો નથી. તે પુત્રની રૂપસંપદાનું વર્ણન કરવા અમે શક્તિમાન નથી. પ્રત્યક્ષ કામદેવ સમાન તે છે. આ હકીકતમાં કાંઈ અસત્ય નથી."

આ અમારા વ્યાપારીઓના મુખેથી કનકધ્વજ-કુમારના રૂપ વગેરેની પ્રશંસા સાંભળીને મકરધ્વજરાજા અત્યંત પ્રસન્ન થયો અને તે વ્યાપારીઓનો વિવિધ ઉત્તમ વસ્ત્રો વડે સત્કાર કરીને તમારે હંમેશા સભામાં આવવું એમ કહીને વિસર્જન કર્યા.

રાજાનું સન્માન પામીને તે વ્યાપારીઓ પોતાના આવાસમાં જઈને યોગ્ય ક્રય-વિક્રય કરવામાં ઉદ્યમવાળા થયા.

તે પછી મકરધ્વજરાજાએ બૃહસ્પતિ સમાન બુદ્ધિના ભંડાર મંત્રીશ્વરને બોલાવીને કનકધ્વજનો વૃત્તાંત તેની આગળ જણાવ્યો.

મંત્રીએ કહ્યું કે, 'હે રાજન્! તેનો વૃત્તાંત મારી આગળ કહેવામાં શું પ્રયોજન છે?'

રાજાએ કહ્યું કે, 'મંત્રીશ્વર! પ્રેમલાલચ્છી માટે અમારે વરની ચિંતા ઘણી છે. હમણાં અકસ્માત યોગ્ય

વરનો સંયોગ પ્રાપ્ત થયો છે. આ વર મારી પુત્રીને યોગ્ય લાગે છે. પુત્રીને યોગ્ય વર જો મળે તો મને આનંદ થાય. આવા પ્રકારના ગુણોથી યુક્ત આ ભુવનમાં મોટે ભાગે દુર્લભ છે, તેથી આ સંબંધ તમને ગમે તો તેની સાથે કુમારીનો વિવાહ કરીએ.'

મંત્રીએ કહ્યું કે, 'મહારાજ! જેનું સ્વરૂપ આપણે જાણતા નથી તેવા પરદેશીઓનાં વચનમાં વિશ્વાસ કેવી રીતે રાખી શકાય? સારો કે ખોટો જો સ્વજન હોય તો સર્વને પ્રિય થાય, પરદેશમાં પણ તે પ્રશંસા પામે. પોતાની માતાને ડાકણ કોણ કહે? પોતાના દેશમાં ઉત્પન્ન થયેલા કાંટા પણ અત્યંત વહાલા હોય છે, પરદેશમાં ઉત્પન્ન થયેલાં પુષ્પો પણ ગમતાં નથી. આથી તે પરદેશી વ્યાપારીઓનાં વચનોમાં કેવી રીતે વિશ્વાસ કરાય? જો અન્ય દેશમાં રહેલા મધ્યસ્થ પરદેશી પુરુષો તેની પ્રશંસા કરે તો વિશ્વાસ આવે, અન્યથા નહિ.'

આ પ્રમાણે મંત્રીનું વચન સાંભળીને એ સાચું છે એમ સ્વીકારીને પોતાની પુત્રીને સ્નેહપૂર્વક વિસર્જન કરીને સેના સહિત ઉત્તમ અશ્વ ઉપર બેસી રાજા મૃગયા (શિકાર) નિમિત્તે વનમાં ગયો.

શિકારી પશુઓના સમૂહથી વ્યાપ્ત મહાટવીના મધ્યમાં જતાં શિકારમાં આસક્ત મંત્રી સહિત રાજા વિવિધ પ્રાણીઓના સમૂહને ત્રાસ પમાડતો, ઉપદ્રવ કરતો. ઘણો પરિશ્રમ થવાથી પરસેવાથી ભીંજાયેલા દેહવાળો

શીતળ જળથી ભરેલા સમીપમાં રહેલા એક સરોવરની પાળ ઉપર વિસામો લેવા બેઠો. તેટલામાં ત્યાં પાણી પીવા માટે કેટલાક વ્યવહારીઓ આવ્યા.

અમૃત સરખા નિર્મળ જળથી તરસ છિપાવીને પાછા ફરતા તે વ્યવહારીઓને મકરધ્વજરાજાએ આદર સહિત બોલાવીને પૂછ્યું : 'તમે પરદેશી જણાઓ છો. આથી ઘણાં કૌતૂકો જોયાં હશે. તેમાં કાંઈ મનોહર જાણવા જેવું હોય તો જણાવો. આકૃતિથી તમે વિચક્ષણ દેખાઓ છો. તેથી અપૂર્વ કોઈ મનોહર વૃત્તાંત સંભળાવીને મારો મનોરથ પૂરો.'

## અન્ય વ્યાપારીઓએ કરેલી કનકધ્વજકુમારના રૂપની પ્રશંસા

આ પ્રમાણે રાજાનું વચન સાંભળીને તે વ્યાપારીઓ બે હાથ જોડી વિનમ્રપણે રાજાની પાસે બેસીને પોતે જાણેલું અદ્‌ભુત વૃત્તાંત કહેવાનો પ્રારંભ કર્યો :

'હે રાજન્ ! અમે વ્યાપારીઓ વ્યાપાર માટે ભમતા અનુક્રમે સિંધુદેશમાં ગયા. ત્યાં સિંહલપુરી નગરીમાં કનકરથ નામે રાજા રાજ્ય કરે છે, તે રાજાને કામદેવના રૂપને જીતનારો, શુભલક્ષણોથી વ્યાપ્ત દેહવાળો કનકધ્વજ નામે પુત્ર છે. સ્વદેશ અને પરદેશમાં જેનો યશ વિસ્તાર પામ્યો છે એવા તેને ક્યારેય ભૂમિગૃહમાંથી બહાર કાઢતા નથી. હંમેશા તે ભોંયરામાં જ રહે છે. ત્યાં રહેલો તે બન્ને પ્રકારની સત્થ ( શાસ્ત્ર-શસ્ત્ર ) કળાનો અભ્યાસ કરે છે.

તેનું સુકોમળ અંગ પવનના સ્પર્શને પણ સહન કરી શકતું નથી. આવા પ્રકારનો અનુપમ દેહવાળો કુમાર કોઈની નજરે પડ્યો નથી. હે મહારાજ! આ આશ્ચર્ય-જનક વૃત્તાંત અમે ફક્ત સાંભળ્યો છે.'

રાજા તેઓનું સ્ફુટ-સ્પષ્ટ વચન સાંભળીને વિશ્વાસ થવાથી તે વ્યાપારીઓને સત્કાર કરી વિસર્જન કર્યા.

તે પછી વ્યાપારીઓના વચનમાં વિશ્વાસ પામી 'તે કુમારની સાથે પ્રેમલાલચ્છીનો વિવાહ કરવો' એ પ્રમાણે નિર્ણય કરી રાજાએ સાંજે પોતાના આવાસે આવી પોતાના મંત્રીશ્વરને બોલાવી તેની આગળ વ્યાપારીઓએ કહેલ હકીકત અને પોતાનો અભિપ્રાય જણાવ્યો.

મંત્રી કહે છે: 'હે સ્વામીન્! હજુ પણ મારું મન શંકિત છે. પરંપરાએ સાંભળેલી વસ્તુમાં વિશ્વાસ કેવી રીતે થાય? કેવળ સાંભળેલી વાત સારી રીતે નિર્ણય-પણાને પામતી નથી. નિર્ણય કર્યા વિના કોઈપણ કામ ન કરવું. પ્રત્યક્ષ જોયું હોય તે જ સત્ય માનવું. આથી આપણા સેવકો ત્યાં જઈને સર્વ પ્રત્યક્ષ જોઈને અહીં આવીને તે પ્રમાણે જ જો કહે તો તેની સાથે વિવાહ યોગ્ય છે. આ સાધારણ કામ નથી, કારણ કે આ વિવાહ-સંબંધ આખાય જીવન માટે છે. તેથી પહેલાં સારી રીતે તપાસ કરવી જોઈએ.'

## વ્યાપારીઓ સાથે પ્રધાન-પુરૂષોને વિવાહ માટે સિંહલપુરી મોકલવા

આ પ્રમાણે મંત્રીનું વચન સાંભળીને રાજાએ તે વ્યાપારીઓને ફરીથી બોલાવ્યા. આદર સહિત સત્કાર કરીને પૂછ્યું કે, 'હે શ્રેષ્ઠીઓ! અમારું એક કાર્ય તમે કરો. તમે મારા પ્રધાનો સાથે સિંહલપુરી જાઓ. તેમને કુમારનું રૂપ બતાવો. જો કુમારીને અનુરૂપ તેનું રૂપ હોય તો ત્યાં જ નાળિયેર આપીને વિવાહ કરવો. આ કાર્ય કર્યા પછી હું તમારો મોટો ઉપકાર માનીશ. તમારા એ ઉપકારને હું ક્યારેય ભૂલીશ નહિ.'

તે પછી તેઓએ કહ્યું કે, 'રાજન્! એમાં કહેવાનું શું હોય? આપ શ્રીમાન્‌ના આદેશ મુજબ અમે અવશ્ય કાર્ય કરીશું, કારણ કે તમારી કુમારીનું અને કનકધ્વજકુમાર એ બન્નેનું સ્વરૂપ સમાન છે. અહીં કાંઈ ન્યૂનપણું નથી. તેથી યોગ્ય સંબંધમાં અનુકૂળ પ્રકાશ અમે જરૂર કરીશું. અમારી સાથે આપના મંત્રીઓને મોકલો. એ માટે કોઈ વિલંબ ન કરો. અમે યથાયોગ્ય તેઓની પણ સેવા કરીશું.'

તે પછી રાજાના કહેવાથી ચાર બુદ્ધિશાળી પ્રધાન-પુરુષો તે વ્યાપારીઓ સાથે અનુક્રમે સિંહલપુરીમાં આવ્યા.

હવે તે વ્યાપારીઓ તે પુરુષોને પોતાના આવાસે લઈ ગયા. ત્યાં અભ્યંગ, ઉદ્વર્તન આદિથી પરિશ્રમરહિત થઈ, ઉત્તમ સ્વાદિષ્ટ ભોજન કરી તે સર્વ ઘણા સંતોષને પામ્યા.

તે પછી સંધ્યા સમયે તે શ્રેષ્ઠીઓ પ્રધાન-પુરુષોને લઈને કનકરથ રાજા પાસે આવ્યા. મંત્રીઓને બહાર ઊભા રાખીને તેઓ રાજા પાસે આવી આગળ ભેટણું મૂકી બે હાથ જોડી કહે છે કે, 'હે નરનાથ! અમે કરિયાણા વેચવા માટે વિમલાપુરી ગયા હતા. ત્યાં મકરધ્વજરાજાની પ્રેમલાલચ્છી નામે કન્યા રતિસમાન રૂપવાળી છે. આપના કુમારની સાથે વિવાહ માટે રાજાના ચાર મંત્રી અમારી સાથે આવ્યા છે, તેઓ દરવાજે ઊભા છે.'

તે પછી રાજાની આજ્ઞાથી દ્વારપાળે તરત તે મંત્રીઓને પ્રવેશ કરાવ્યો.

તેઓ પણ રાજાના ચરણકમળમાં પ્રણામ કરી, તેમની પ્રશંસા કરતા, રાજાથી સન્માન કરાયેલા યોગ્ય સ્થાનકે બેઠા.

તે પછી રાજા કુશળ વૃત્તાંત પૂછી કહે છે કે, 'તમે કયા દેશથી આવ્યા? ક્યાં જવાના છો? તમને કોણે કોણે મોકલ્યા? કયા કાર્ય નિમિત્તે અહીં તમારું આગમન થયું?'

## પ્રેમલાલચ્છી સાથે કનકધ્વજકુમારના વિવાહ માટે માગણી

આ પ્રમાણે રાજાનું વચન સાંભળીને તેઓમાંથી એક વાણીમાં કુશળ મંત્રી બોલ્યો : 'હે નરપતિ! અમે સોરઠદેશનિવાસી છીએ. અમારા સ્વામી મકરધ્વજરાજાએ તમારી પાસે મોકલ્યા છે. તમારા નગરમાં નિવાસ કર-

નાર આ શ્રેષ્ઠીઓએ અમારા સ્વામીની આગળ આપ શ્રીમાનની ઘણી પ્રશંસા કરી અને તમારા અતિ અદ્‌ભુત રૂપવાળા કનકધ્વજ પુત્રનું રૂપવર્ણન બહુ પ્રકારે કર્યું. વળી બીજા ત્યાં આવેલા વ્યવહારીઓએ તમારા પુત્રના રૂપની પ્રશંસા કરી. હે નરાધીશ! ઓજસ્વી એવો તમારો પુત્ર એવા પ્રકારના રૂપવાળો હોય તેમાં આશ્ચર્ય શું? કારણ કે હંસના કુળમાં હંસો જ ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે—

**जारिसो जणगो होइ, तस्स पुत्तो वि तारिसो।**
**होज्जा किं अंबबीयाओ, निंबरुक्खस्स संभवो ॥१०॥**

"જેવો પિતા હોય, તેનો પુત્ર પણ તેવો થાય છે. શું આમ્રના બીજથી નિંબવૃક્ષની ઉત્પત્તિ થાય?" ૧૦

અમારા રાજાની પુત્રી પ્રેમલાલચ્છીકુમારી રૂપ વડે લક્ષ્મી જેવી છે. તમારા પુત્ર સાથે તેનો વિવાહ કરવા માટે મકરધ્વજરાજાએ અમોને અહીં મોકલ્યા છે. આ કામમાં તમારે કાંઈ વિચારવા જેવું નથી, કારણ કે તે સૌરાષ્ટ્રદેશના રાજા છે. આપ પણ સિંહલદેશના સ્વામી છો. સમાનશીલવાળા બન્નેનો સંબંધ પ્રશંસનીય છે. કહ્યું છે કે—

**समाणसीलं समाणवित्तं, बलं समाणं च कुलं च जाणं।**
**मेत्ती विवाहो य विहिज्जए सिं,**
**समाण भावेण सुही हवंति ॥११॥**

"જેઓનું શીલ સમાન હોય, ધન સમાન હોય, કુળ સમાન હોય, એઓની મૈત્રી અને વિવાહ કરાય છે, સમાનભાવ વડે સુખી થાય છે." ૧૧

અમે દૂરદેશથી આ કામ કરવા આવ્યા છીએ, આથી વિવાહનો સ્વીકાર કરાવીને જઈશું, અન્યથા નહિ.'

આ પ્રમાણે મંત્રીનું વચન સાંભળીને રાજા કહે છે: "તમારી હકીકત મેં જાણી. સઘળું સારું થશે. સાવધાન ચિત્તે કામ કરો. ઉતાવળ કરવાથી કાર્યસિદ્ધિમાં સંદેહ થાય. વિચારીને કામ કરનાર ઇષ્ટરૂપ ભોગવે છે. પોતાના સ્વામીની આજ્ઞાથી તમે અહીં આવ્યા છો તે સારું કર્યું. તમારું કહેવું મેં માથે ચઢાવ્યું. હમણાં તમે પ્રશસ્ત મનવાળા થાઓ. સારી રીતે વિચારીને તમને પ્રત્યુત્તર આપીશ. દૂરદેશથી આવેલા તમને નિરાશ કરવા ઇચ્છતો નથી. વળી હજુ મારો પુત્ર નાનો છે. હમણાં વિવાહની વાત કેવી? જ્યારે તે વિવાહયોગ્ય વય પામશે ત્યારે વિવાહ કરીશું. તે કુમારે મારા ઘરનું આંગણું પણ જોયું નથી. ભૂમિગૃહમાં જ રહેલો તે હમણાં વિલાસ કરે છે, અમે ખોળામાં બેસારીને તે કુમારનું લાલન કર્યું નથી. 'તમારા રાજાની પુત્રી કેવી છે.' તે અમે જોઈ નથી. તેથી તે બન્નેનો વિવાહ કરવો, કેવી રીતે કરવો યોગ્ય છે? જો તમારા સ્વામીને ઉતાવળથી વિવાહ કરવાની ઇચ્છા હોય તો સુખેથી બીજો વર શોધીને વિવાહ કરે, એમાં અમને કોઈ હાનિ નથી." આ પ્રમાણે પ્રત્યુત્તર આપીને રાજાએ તે મંત્રીઓને આવાસે મોકલ્યા.

## હિંસકમંત્રી સાથે સિંહલરાજાની વિચારણા

તે પછી રાજાએ મને બોલાવીને કહ્યું : ‘ હિંસક! કહે, હવે શું કરવું ? આ વિદેશીઓને કેટલો કાળ છેતરવા ? રતિના રૂપ કરતાં ચઢિયાતી રાજપુત્રી સાથે આપણા કુષ્ઠીપુત્રનો વિવાહ કઈ રીતે કરાય ? મને દુર્જન લોકને ઉચિત આ કૂડ-કપટનું કામ સર્વથા ગમતું નથી. માયાવી જનો પોતાનું પુણ્ય હારીને ફક્ત દુઃખના ભાગી થાય છે. આથી પુણ્યરૂપી વેલના સમૂહને છેદવામાં કુહાડા સરખી માયા સર્વથા છોડી દેવા જેવી છે. તેથી આ મંત્રીઓને યથાર્થ સમજાવીને પોતાના દેશમાં વિસર્જન કર. બીજી વાત એ છે કે પુત્રનો દોષ જાણવા છતાં આપણે દેવકુમારી સરખી રાજપુત્રીને કુષ્ઠી સાથે પરણાવીને કેમ દુઃખી કરીએ ? પૂર્વજન્મમાં ઘણાં કૂડ-કપટ કર્યાં હશે, જેથી આ કુષ્ઠીપુત્ર થયો. વળી આ ભવમાં જો કૂડ-પ્રપંચ કરું તો તેના ફળ કેવાં થાય ? તેથી હું તેવા પ્રકારના અનિષ્ઠ કરવા ઇચ્છતો નથી. હે હિંસક, અહીં તારો શું અભિપ્રાય છે ? વિચારીને ચોખ્ખું કહે.’

આ પ્રમાણે રાજાનાં વચનો સાંભળી મેં કહ્યું : ‘ હે સ્વામીન્ ! કુમારનું સ્વરૂપ આજ સુધી કોઈ જાણતું નથી. જો એમ જ કરવાની તમારી ઇચ્છા હતી તો પહેલા ભૂમિગૃહમાં ગુપ્તપણે શા માટે છુપાવ્યો ? નીતિમાં નિપુણ એવા તમે મૂળથી જ અસત્ય માર્ગ શા માટે

અંગીકાર કર્યો ? જો એક વખત અનીતિનો માર્ગ સ્વીકાર્યો તો પછી જરા પણ ભય ન પામવો. જો નસીબ બળવાન હશે તો બધું સુખ સાધ્ય થશે. વળી આ મંત્રીઓ દૂરદેશથી આવ્યા છે, તેઓને નિરાશ ન કરવા, તેઓનો મનોરથ સ્વામીએ પૂર્ણ કરવો. વળી આપણને આ વિવાહ-સંબંધ વગર માગ્યે પ્રાપ્ત થયો છે, તેથી તે અંગીકાર કરવો. કુળદેવતાની આરાધના કરીને કુમારના દેહને નીરોગી કરીશું. અહીં બીજો વિચાર ન કરવો. બધું સારું થશે. આથી હમણાં વિવાહનો નિષેધ ન કરવો. 'ભાગ્યથી મળેલ વસ્તુનો ડાહ્યા માણસે ત્યાગ ન કરવો.' આ પ્રમાણે નીતિનિપુણ પુરુષોએ આચરેલા માર્ગમાં ચાલનારા આપણને કોઈ નુકસાન નથી. હે રાજન્! આ કામમાં તમારે કોઈ ચિંતા ન કરવી.'

મારું વચન સાંભળીને રાજાએ મને કહ્યું : 'હે મંત્રી ! ખોટા કામમાં મારી બુદ્ધિ ચાલતી નથી. તને જે ગમે તે કર. આ કામમાં ઊભા રહેવા હું ઇચ્છતો નથી.'

## પ્રેમલાલચ્છી અને કનકધ્વજના વિવાહનો નિર્ણય

આ પ્રમાણે અમારો વિવાદ ચાલતો હતો તે વખતે મકરધ્વજરાજાના મંત્રીઓએ આવી બે હાથ જોડી કહ્યું : 'આટલા દિવસ વાર્તાલાપ વડે જ ફોગટ પસાર કર્યા. હજુ પણ તમે વિચારમગ્ન દેખાઓ છો. અમને કાંઈપણ પ્રત્યુત્તર આપતા નથી. જો તમારી ઇચ્છા ન હોય તો

પરાણે પ્રીતિ થતી નથી. પરંતુ અમારું વચન સાંભળો : જો તમારો કુમાર બીજી રાજકુમારીને પરણશે તો અમારી સાથે શું વિરોધ છે ? કે જેથી અમારા રાજાની કન્યાને ન પરણે ! રાજપુત્રે રાજપુત્રી પરણવી એ લોક પ્રસિદ્ધ વ્યવહાર છે. તમે તો કોઈ નવી રીત કરવા તૈયાર થયા છો. અમારી રાજકુમારી તમારા પુત્રને પત્નીપણે આપવા કલ્પી છે, તે જો બીજા રાજકુમારને આપવામાં આવે તો તમને પણ શું લજ્જાકર નહિ થાય ? લક્ષ્મી-દેવી પોતાની મેળે પોતાના ઘરે આવે તો કયો ડાહ્યો માણસ નિવારે ? તેથી તમે ચતુર હોવા છતાં પણ વિભ્રાંત ચિત્તવાળા ન થાઓ. આજે પણ અમારું વચન માનવા જેવું છે. જેથી આવેલો અવસર વિશેષજ્ઞોએ ન તજવો.'

આ પ્રમાણે મંત્રીની વાણી સાંભળી હે ચંદ્રરાજા ! મેં અમારા રાજાને સમજાવ્યું કે 'હે સ્વામીન્ ! પરદેશી આ મંત્રીઓની માગણી નિષ્ફળ ન કરો. જો આ નિરાશ થઈ પાછા જશે તો આપણી શોભા કઈ ? વળી કનકધ્વજ-કુમાર પ્રેમલાલચ્છીને પરણશે તો આપણો વિમલાપુરીના રાજા સાથે સ્નેહ ઘણો વૃદ્ધિ પામશે.'

આ પ્રમાણે અમારા રાજાને વિજ્ઞપ્તિ કરીને તે પ્રતિ-કૂળ હોવા છતાં પણ મેં મહામહેનતે તેમની પાસે વિવાહ કબૂલ કરાવ્યો.

તે પછી નાળિયેર લઈને સર્વને પાન-સોપારી આપ્યાં. તેથી મનોરથ સિદ્ધ થવાથી તે મંત્રીઓ પરમ-સંતોષ પામ્યા.

તે પછી તે ચારે મંત્રીઓએ મને કહ્યું કે, 'હે મંત્રીપ્રવર! વિવાહ કબૂલ કરાવીને તમે અમારી ઉપર કૃપા કરી, પરંતુ હવે અમને કુમારનું રૂપ દેખાડો, જેથી અમે અમારા સ્વામી પાસે જઈને યથાસ્થિત કુમારનું રૂપ નિવેદન કરીએ. પ્રેમલાલચ્છી પણ તેને પરણીને કૃતાર્થ થશે. વળી અમારું ચિત્ત પણ કુમારનું રૂપ જોવા ઉત્સુક છે. તેથી કુમારનું રૂપ જોઈને અમે પ્રસન્ન નેત્ર-વાળા થઈએ તેમ કરો.'

આ પ્રમાણે તેઓનો આગ્રહ જાણીને માયા કરીને મેં તેઓને કહ્યું : 'હે મંત્રીવરો! અમારે પણ કુમારનું દર્શન દુર્લભ છે, તે હમણાં મામાના ઘરે રહે છે, અને તે સ્થાન અહીંથી દોઢસો યોજન દૂર છે. તે કુમારની પાસે ફક્ત ધાવમાતા રહે છે, ત્યાં પણ તે ભૂમિઘરમાં રહેલો વિલાસ કરે છે. તેના અધ્યાપક પણ તેનું મુખ જોયા વિના બહાર રહીને જ તેને ભણાવે છે, તેથી તમારી તેને જોવાની ઇચ્છા કેવી રીતે સફળ થશે? સૂર્યનાં કિરણો પણ તેનો સ્પર્શ કરવા શક્તિમાન નથી તો તમારી શી વાત?' આ પ્રમાણે કહેવા છતાં પણ તેઓએ કુમારને જોવાનો આગ્રહ ન છોડ્યો.

## ચારે મંત્રીઓને ક્રોડ ક્રોડ ધન આપી વશ કરવા

તે પછી તે ચારેય મંત્રીઓને હું મારા ઘરે લઈ ગયો. તે પછી તૈલમર્દન કરી સુગંધી જળથી સ્નાન કરી ચંદન આદિથી ગાત્રનું વિલેપન કરી મહામૂલ્યવાળા વસ્ત્ર-

આભરણથી સુશોભિત અંગવાળા તેઓ અનેક પ્રકારના પકવાન, ચોખા, દાળ, શાક આદિ ભોજન કરી પરમ સંતોષ પામ્યા.

મણિ-રત્નજડિત આભૂષણો અને શ્રેષ્ઠ વસ્ત્રો આપી મેં તેઓનું ચિત્ત પ્રસન્ન કર્યું, તો પણ તેઓએ કુમારને જોવાનો આગ્રહ ન છોડયો.

ફરીથી તેઓએ મને કહ્યું કે, 'હે મંત્રી! કુમારનું રૂપ જોઈને જ અમે જઈશું એ નિશ્ચે જાણો.'

તે પછી મેં કહ્યું કે, 'મંત્રીઓ! ઘણો ખોટો આગ્રહ શા માટે કરો છો? કુમારનું રૂપ દેવોને પણ પ્રાર્થના કરવા યોગ્ય છે. જગત્‌માં તેના જેવો રૂપવાન બીજો કોઈ નથી. વળી તમારો રાજા કોપ કરે એવી પ્રવૃત્તિ અમે શા માટે કરીએ? સર્વ લોકમાં પ્રસિદ્ધ કામદેવ સમાન રૂપવાળા કુમારને કોણ જાણતા નથી? અમે તમારું વચન સારી રીતે વિચારીને સ્વીકાર્યું છે કે આ કાર્યમાં તમારો ઉપહાસ ન થાય. જો કે આ સંબંધ અમારા સ્વામીને યોગ્ય લાગતો ન હતો તો પણ તમે શકુનબળથી આવ્યા હતા તેથી તમારું વચન અમારાથી લોપાયું નહિ, તેથી આ સંબંધ થયો. પ્રેમલાલચ્છી પણ પુણ્યવતી દેખાય છે, જેણે વિશુદ્ધભાવે ગૌરીપૂજન કર્યું. તેથી આવો રૂપવાન વર મળ્યો. હવે તમારે કુમારને જોવાનો આગ્રહ દૂર કરવો. અમે તો રોટલા માટે રહેંટનો વિક્રય કર્યો છે. પૂર્વના શુભકર્મના યોગે જ આ સંબંધ

થયો છે, તેથી આમાં તમારે કોઈ શંકા ન કરવી. અહીં કાંઈ પણ કહેવા જેવું નથી.'

આમ, ઘણા પ્રકારે સમજાવ્યા છતાં પણ તેઓ પોતાના હઠથી ડગ્યા નહિ, ત્યારે તે દરેકને ક્રોડ ક્રોડ ધન આપીને પ્રલોભિત કર્યા. તેથી તેઓ કાંઈપણ ન બોલ્યા. જગતમાં ધનનો પ્રભાવ બળવાન છે. જેથી બુદ્ધિમાન પુરુષો પણ જલદી વશ થાય છે. કહ્યું છે કે—

**जाई रूवं विज्जा, तिण्णि वि निवडंतु कंदराविवरे ।**
**अत्युच्चिय परिवड्ढउ, जेण गुणा पायडा हुंति ॥१२॥**
**अणहुंता वि हु हुंतीए हुंति हुंता वि जंति जंतीए ।**
**ओ! जीए समं नीसेसगुणगणा जयउ सा लच्छी ॥१३॥**

"જાતિ, રૂપ અને વિદ્યા એ ત્રણેય ગુફાના વિવરમાં પડો, ફક્ત પૈસો-લક્ષ્મી જ વધો કે જેથી ગુણો પ્રગટ થાય." ૧૨

લક્ષ્મી રહે છતે ગુણો ન હોય તો પણ ગુણો થાય છે, અને લક્ષ્મી જતી રહે તો તેની સાથે સર્વગુણોનો સમુદાય ચાલ્યો જાય છે.

"જે લક્ષ્મી હોતે છતે ગુણો પણ સદ્ગુણ થાય અને જે (લક્ષ્મી) જતી રહે તો સદ્ગુણો પણ જેની સાથે ચાલ્યા જાય તે લક્ષ્મી જયવંતી વર્તો." ૧૩

## વિવાહદિન નિર્ણય

તેથી તે સર્વ તપ્ત લોહશલાકાથી લાંછિત કપાળવાળાની જેમ શીતળ થઈ ગયા. દ્રવ્ય આપવાથી દાસ થયા હોય તેમ તેઓએ મને કહ્યું કે, 'લગ્નનો દિવસ નક્કી કરો.' આ પ્રમાણે તેઓનું વચન સાંભળીને હર્ષિત થયેલો હું મંત્રીઓને લઈને સિંહલરાજની આગળ આવ્યો.

રાજાએ હકીકત જાણી જ્યોતિષ-શાસ્ત્રવિશારદ પંડિતોને બોલાવીને લગ્નનો દિવસ પૂછ્યો. તેઓએ પણ છ માસને અંતે શુભ લગ્ન સમય જણાવ્યો.

પરિવાર સહિત રાજાએ સર્વની સમક્ષ તે લગ્નનો દિવસ નક્કી કરી મહામૂલ્યવાળા આભરણ-વસ્ત્રોથી તે પ્રધાનોનો સત્કાર કરીને વિસર્જન કર્યા.

હવે તેઓ પણ ઘણા ખુશ થયેલા મૌન ધારણ કરીને પોતાના દેશ તરફ જવા માટે નીકળ્યા. અમે આપેલું તે સર્વ દ્રવ્ય તેઓએ પહેલાં જ પોતાના દેશમાં મોકલી દીધું. અનુક્રમે તેઓએ પોતાના દેશમાં જઈ રાજાને પ્રણામ કરી કુમારીનો વિવાહ-સંબંધ કહ્યો. કુમારના રૂપગુણની ઘણી પ્રશંસા કરી. મંત્રીઓનું વચન સાંભળીને મકરધ્વજરાજાએ ઘણા પ્રમોદને ધારણ કરી એક લાખ સુવર્ણ આપવા વડે મંત્રીઓનું સન્માન કરી પોતાના આવાસે જવા માટે વિસર્જન કર્યા : 'આ કામ સારું થયું' એમ રાજાએ જાણ્યું. તેણે મંત્રીઓની કૂડ-કપટની વાત ન જાણી.

હવે રાજાના આદેશથી રાજલોક વિવાહ-યાત્રાની તૈયારી કરવા લાગ્યો. હાથી, ઘોડા, રથ અને પાયદળરૂપ ચતુરંગ સેના તૈયાર કરી. સમાન વયવાળા અને સમાન બળવાળા જાનૈયાઓને શ્રેષ્ઠ વસ્ત્રોથી વિભૂષિત કર્યા.

આ પ્રમાણે ઘણા પ્રકારની વિવાહની સામગ્રી જોઈને વિસ્મિત મનવાળા નગરજનોએ કોઈ અધિકારીને પૂછ્યું કે, 'આ તૈયારી શા નિમિત્તે છે?' તેણે કહ્યું કે, 'શું તમે જાણતા નથી? હમણાં રાજકુમાર પરણવા જશે.'

કુમારનો લગ્નમહોત્સવ સાંભળી નગરજનો પણ ઘણા પ્રમોદવાળા થયા. હવે કુમારનું દર્શન થશે એમ વિચારતા તે બધા રાજકુમારનાં દર્શન માટે ઉત્સુક હૃદયવાળા થયા.

આ પ્રમાણે વિવાહનો સમારંભ જોઈને સિંહલરાજાએ મને એકાંતમાં લઈ જઈને ઉપાલંભપૂર્વક કહ્યું, 'હે કૂડ-કપટના કરનારા! ઉપહાસના કારણરૂપ, આ સમારંભ વડે દિવ્ય રૂપવાળી રાજકુમારીનો જન્મ ફોગટ કરવા માટે કેમ તૈયાર થયો છે? ચોરીમંડપમાં કનકધ્વજનું સ્વરૂપ પ્રગટ થશે ત્યારે ઉત્તમ રૂપવાળી ચતુર તે પ્રેમલા, લચ્છી તે કુષ્ઠીકુમારને કઈ રીતે વરશે? તે વખતે અનુચિત કરનાર અમારી લાજ કઈ રીતે રહેશે? લોકમાં મુખ કેવી રીતે બતાવીશું?'

તે પછી મેં કહ્યું કે, 'સ્વામીન્! તમારે કોઈ ચિંતા

ન કરવી. તમે કુલદેવીની આરાધના કરો, તેથી આપણા સર્વ કાર્ય સિદ્ધ થશે.'

## કુલદેવીના વચનથી વિવાહ માટે આગમન

રાજા મારું વચન માનીને કુલદેવીની આરાધના કરવા બેઠો. તેના ધ્યાનના પ્રભાવથી આકર્ષાયેલી દેવી પ્રત્યક્ષ થઈ બોલી : 'હે નરાધીશ! વારંવાર મને શા માટે બોલાવે છે?'

રાજાએ વિનયપૂર્વક કહ્યું કે, 'હે માતા! મેં અટકાવવા છતાં પણ ધૃષ્ટ મંત્રીએ આ વિવાહરૂપ અયુક્ત કાર્ય શરૂ કર્યું છે. હવે કાર્યની સિદ્ધિ તમારા હાથમાં છે. આથી મારી ઉપર કૃપા કરીને કોઈપણ ઉપાય વડે કુમારને નીરોગી કરો. અન્યથા મારો આ દુઃખ–સમુદ્રથી ઉદ્ધાર નથી. તમને મૂકી બીજા કોના શરણે હું જાઉં? કારણ કે તમે મારા કુલદેવી છો. આથી આ પ્રમાણે દુઃખનું શમન કરવું એ તમારે આધીન છે. જો છીંક આવે તો સૂર્યનું દર્શન કરવું જોઈએ.'

કુલદેવીએ કહ્યું કે, 'હે રાજન્! તું પોતે સમજુ છે, તું શું નથી જાણતો? પૂર્વોપાર્જિત કર્મથી આ કુમાર નીરોગી થશે નહિ. નિકાચિત કર્મ અવશ્ય ભોગવવું જોઈએ. કહ્યું છે કે—

**धारिज्जइ इंतो जलनिही वि, कल्लोलभिन्नकुलसेलो ।**
**न हु पुव्वजम्मनिम्मिय–सुहाऽसुहो कम्मपरिणामो ॥१४॥**
**जह धेणुसहस्सेसु, वच्छो जाणइ मायरं ।**
**एवं पुव्वकयं कम्मं, कत्तारमणुगच्छइ ॥१५॥**

"કલ્લોલોથી કુલગિરિઓને ભેદી નાખનાર એવા ગમન કરતા સમુદ્રને ધારી શકાય છે, રોકી શકાય છે; પરંતુ પૂર્વજન્મમાં ઉપાર્જન કરેલા શુભ–અશુભ કર્મ પરિણામને રોકી શકાતો નથી" ૧૪

"જેમ હજારો ગાયમાં વાછરડો પોતાની માતાને ઓળખે છે, એમ પૂર્વે કરેલું કર્મ, કરનારને અનુસરે છે." ૧૫

તો પણ તારી ચિંતાને હું દૂર કરીશ. હે રાજન્! કુમારની લગ્નરાત્રિએ ભાગ્યથી પ્રેરાયેલો આભાપુરીનરેશ્વર ચંદ્રરાજા પોતાની અપરમાતા અને ભાર્યાને અનુસરતો વિમલાપુરીમાં આવશે. તે જ પ્રેમલાલચ્છીને પરણશે. એ રીતે હું કાર્ય સાધીશ. તેથી તું ધીરતા ધારણ કરીને વિવાહમહોત્સવ શરૂ કર' એમ કહી દેવી અદૃશ્ય થઈ.

તે પછી લગ્નદિવસ નજીક આવ્યો ત્યારે સિંહલરાજા જ્યોતિષીએ આપેલા લગ્નમાં રાજલોકથી પરિવરેલો કનકધ્વજકુમારને શણગારીને શ્વેત ગજરાજ ઉપર નિર્મળ પડદાવાળા શ્રેષ્ઠ આસન ઉપર બેસાડીને પોતાના નગરમાંથી નીકળીને પ્રયાણ કરતા અનુક્રમે વિમલાપુરીએ આવ્યા.

મકરધ્વજરાજા અમારું આગમન સાંભળીને રોમાંચિત શરીરવાળા થઈને પરિવાર સહિત સન્મુખ આવીને અપૂર્વ સત્કાર અને સન્માન કરીને નિવાસ માટે સુંદર પ્રાસાદ આપીને સરસ રસવતીથી અમને સર્વને જમાડયા.

હે ચંદ્રરાજા! આજ રાત્રિએ કનકધ્વજકુમારનું પાણિગ્રહણ થશે.

હાલમાં અમે આરાધન કરેલી કુલદેવીના વચનથી આ નગરીના સાત દરવાજે સંકેત જણાવી અમારા સેવકોને બેસાડયા. કુલદેવીના કથન મુજબ લગ્નદિવસની રાત્રિએ બે સ્ત્રીની પાછળ આવતા તમને જોયા. તેથી તમે આભાપતિ ચંદ્રરાજા છો, એમ અમે જાણ્યું. અમારા સેવકો આપને અહીં સુધી લાવ્યા છે.

## હિંસકમંત્રીની ચંદ્રરાજા પાસે પ્રેમલા લચ્છીને ભાડાથી પરણી આપવાની માગણી

હે ચંદ્રરાજા! તમારી આગળ સત્ય કહું છું. વધારે કહેવાથી શું? અમારી પ્રાર્થના સ્વીકારીને પ્રત્યક્ષ લક્ષ્મી સરખી પ્રેમલાલચ્છીને તમે પરણીને અમને આપો. અન્યથા તમારા પગને અમે છોડીશું નહિ. અમને મારવા કે જીવાડવા એ તમારે આધીન છે. શત્રુઓ પણ અમારી હાંસી કરશે. અહીંથી રાજમંદિર નજીક છે. ઘણા કોલાહલથી આ વાત જો મકરધ્વજરાજા જાણશે

તો પણ શોભા નથી, તેથી પ્રસન્ન થઈને આ કાર્ય કરવા તૈયાર થાઓ. અગાઉ પણ ઘણા પુરુષોએ આવાં કામ ભાડે કર્યાં છે. આ રસ્તે તમે પહેલ વહેલા ચાલતા નથી. આ કામ કરવામાં તમને કોઈ દોષ નથી. આથી અન્ય વિકલ્પો મૂકી દઈ મારું વચન સ્વીકારો. જેમ વિવાહનું મુહૂર્ત ચાલ્યું ન જાય તેમ કરો.”

આ પ્રમાણે હિંસકમંત્રીએ કહેલી સર્વ હકીકત સાંભળીને ચંદ્રરાજાએ સિંહલરાજને કહ્યું : ‘હે નરેશ ! અનાર્ય લોકોએ આચરેલી આ રીત ન્યાયનિપુણ આપના જેવાને સર્વથા ઉચિત નથી. ઉપાલંભને યોગ્ય આ મંત્રીને હું શું કહું ? કે જે આવા પ્રકારનું અકાર્ય કરવા તૈયાર થયો છે. વળી હું મનોહર દોષરહિત અંગવાળી રાજકન્યાને પરણીને તમને કેવી રીતે આપું ? આ રીતે કૂટનીતિ કરતાં મારું ક્ષત્રિયપણું કેવી રીતે શોભે ? હું નીતિ વગરનો નહિ થાઉં. કહ્યું છે કે—

**दुक्खं वरं चेव वरंच भिक्खा,**
**वरं च वाही अबुहत्तणं हि ।**
**मच्चू पवासो वि वरं नराणं,**
**परं सयायारवइक्कमो नो ॥१६॥**

“ દુઃખ સારું, ભિક્ષા માગવી સારી, વ્યાધિ સારો, અજ્ઞાનપણું સારું, મરણ સારું, પ્રવાસ પણ સારો,

પરંતુ મનુષ્યોને સદાચારનું ઉલ્લંઘન કરવું એ સારું નથી. " ૧૬

આ રીતે ચંદ્રરાજાએ ઘણી યુક્તિઓપૂર્વક સમજાવ્યા છતાં પણ રાજા અને મંત્રીએ પોતાનો કદાગ્રહ ન છોડયો. તે સર્વેએ મળીને અનેક પ્રકારના છળથી પરોપકારપરાયણ તે ચંદ્રરાજાને પ્રસન્ન કરીને પોતાનો અભિપ્રાય તેમની પાસે કબૂલ કરાવ્યો.

'કાર્ય કર્યા સિવાય અહીંથી છુટકારો થશે નહિ' એમ ક્ષણવાર વિચારીને ચંદ્રરાજાએ તે કન્યાને પરણવાનું સ્વીકાર્યું.

## ચંદ્રરાજાનું કનકધ્વજના બહાને પ્રેમલાલચ્છીને પરણવા માટે નિર્ગમન

હવે સિંહલરાજાએ હર્ષ પામી સત્વર વરને શણગારી વરઘોડાની તૈયારી કરવા આદેશ કર્યો. તે વખતે ત્યાં ચારે તરફથી વિવાહપ્રસંગે મંગળમય પ્રમોદ-આનંદદાયક વાજિંત્રોના અવાજોથી આકાશ ભરાઈ ગયું.

કનકધ્વજકુમારને પોતાના આવાસમાં ગુપ્તપણે રાખ્યો. તેને બદલે ચંદ્રરાજાને કલ્પીને બધી તૈયારીઓ કરવા લાગ્યા. સમયને ઓળખી ચંદ્રરાજાએ પોતાના મનમાં વિવાહમહોત્સવને કબૂલ કર્યો.

તે પછી સિંહલરાજાએ આદેશ કરેલા પુરુષો ચંદ્રરાજાના દેહને શીતળ સુગંધી જળ વડે સ્નાન કરાવી કીમતી આભૂષણ અને શ્રેષ્ઠ વસ્ત્રોથી શણગારે છે. ત્યાં

વિચિત્ર ધ્વજ અને તોરણોથી અલંકૃત, ઘૂઘરીઓના સમૂહથી શબ્દ કરતા, વેગવંત વૃષભ અને અશ્વોથી જોડેલા રથો પ્રાસાદની જેમ શોભે છે. ઘૂઘરીઓના સમૂહથી રણરણ અવાજ કરતી પાલખીઓ પ્રમોદરૂપી સમુદ્રમાં તરતી નાવની જેમ શોભે છે, વરરાજાને જોવા માટે ઊંચા પ્રાસાદના શિખર ઉપર ચઢેલી વિવિધ વસ્ત્રોથી વિભૂષિત અંગવાળી શ્રેષ્ઠ યુવતીઓ વિમાનમાં રહેલી દેવાંગનાઓની જેમ શોભે છે.

વરને જોવા માટે નગરજનોએ પોતાના કામ છોડીને હું આગળ જાઉં, હું આગળ જાઉં એમ કરી વિશાળ રાજમાર્ગને પણ સાંકડો બનાવી દીધો. પોત-પોતાના મકાનના ગોખમાં રહેલી સ્ત્રીઓ પરસ્પર બોલવા લાગી કે, 'હે સખી ! જો, આ સિંહલરાજાનો કુમાર કનકધ્વજ રૂપથી કામદેવને જીતનારો ઉત્તમ અશ્વ ઉપર બેઠેલો આવે છે. રાત્રિએ તેને જોવા માટે અશક્ત લોકોને સુખપૂર્વક જોવા માટે સૂર્યે મોકલેલા જાનૈયા સરખા પોતાના કિરણ જેવા ચારે તરફ હજારો દીવા પ્રકાશે છે. તે વખતે આકાશમાં સૂર્યના વાહન ઉપર ચઢેલો ચંદ્ર હોય તેમ દેખાય છે.'

અહો !! ચંદ્રરાજા શ્રેષ્ઠ અશ્વ ઉપર ચઢેલો છે અને ધવળગીતો કનકધ્વજકુમારના ગવાય છે.

તે ચંદ્રરાજાને જોઈ ને કોઈક કહે છે કે, 'આ કનકધ્વજ નથી, કોઈ બીજો દેખાય છે. આવું રૂપ તેનામાં

કઈ રીતે સંભવે ?' વળી બીજા કહે છે કે, 'આપણે તો કનકધ્વજને જોયો નથી, પરંતુ જેવો સાંભળ્યો હતો તેવો આ તેજસ્વી દેખાય છે. આવી જાતનો અપૂર્વ રૂપથી શોભતો વર મળવાથી આપણી રાજકન્યા ઘણા પુણ્યવાળી જણાય છે. આની માતા પણ પ્રશંસવા યોગ્ય છે કે જેણે આવા પુત્રરત્નને જન્મ આપ્યો. અહો ! આનું રૂપલાવણ્ય, આની આગળ દેવના રૂપની કઈ ગણતરી ?' આ પ્રમાણે લોકસમુદાય બોલતો હતો. તેટલામાં તે વરઘોડો ધીમે ધીમે ચાલતો લોકોના ચિત્તને આનંદ પમાડતો માંડવા પાસે આવ્યો. સ્ત્રીજન ઘણા હર્ષપૂર્વક મંગળગીતો મોટા અવાજે ગાવા લાગી. તે પછી વરરાજા અશ્વરત્ન ઉપરથી ઊતરીને તોરણ પાસે ઊભા.

હવે હાથમાં પૂજનની થાળી લઈ સધવાસ્ત્રીઓથી પરિવરેલી સાસુ ત્યાં આવી. ગુરુએ બતાવેલી વિધિથી વરને પોંખીને મંડપમાં લઈ ગઈ. તે પછી વર [1]માયરામાં જઈને બેઠો.

એટલામાં સખીઓએ વિવિધ અલંકારની વિભૂષા અને શ્રેષ્ઠ વસ્ત્રો વડે સજ્જ કરેલી પ્રેમલાલચ્છી તોરણોથી અલંકૃત વેદિકાભવનમાં આવી.

તે પછી ત્યાં મોટી ઋદ્ધિપૂર્વક તેઓનો પાણિગ્રહણનો વિધિ થયો. બન્નેનો યોગ્ય સંબંધ જોઈને લોકો પરસ્પર કહેવા લાગ્યા કે, 'આ વરકન્યાનું જોડું

---

૧. માતૃગૃહ

કામદેવ અને રતિ જેવું છે. પરમાત્મા તેઓનું સૌભાગ્ય અખંડ રાખે.'

## વરને જોઈને સાસુ-વહુનો વિવાદ

તે વખતે વીરમતી અને ગુણાવલી એ બન્ને નગરમાં ફરી ફરીને વરને જોવા માટે વરમંડપમાં આવીને અનિમેષ દૃષ્ટિથી તે જોવા લાગ્યાં. તે વખતે ત્યાં ચાર મંગળ પ્રવર્તતા હતા. વિવાહવિધિ પૂરો થયો.

તે વખતે ગુણાવલી પોતાની સાસુને કહે છે કે, 'હે માતા ! આ વર આપણો પરિચિત જણાય છે. ઘણું કરીને આ તમારો પુત્ર જ છે.' અહીં તેનું વચન અસંબદ્ધવાળું માનીને તેણે તેમાં ધ્યાન ન આપ્યું. ફરીથી વરને સારી રીતે ધ્યાનપૂર્વક જોતી ગુણાવલીએ કહ્યું : 'હે માતા! મારું વચન સાચું માનો. આ મારો પતિ ચંદ્રરાજા જ છે. આ લગ્નમહોત્સવથી આ પ્રેમલાલચ્છી મારી શોકચ થઈ. જેવી રીતે આપણું આગમન અહીં થયું, તેવી રીતે જ તે પણ કોઈ પ્રયોગથી અહીં આવ્યા જણાય છે. આ વાતમાં મારું ચિત્ત શંકાવાળું છે.'

તે પછી વીરમતીએ કહ્યું કે, 'હે ભોળી! આવું અસંબદ્ધ તું કેમ બોલે છે ? ખોટી શંકા ન કર. ચંદ્રરાજા તો આભાપુરીમાં સૂતો છે. આ તો કનકધ્વજકુમાર છે. મેં તો તને પહેલાં જ કહ્યું હતું કે, ચંદ્રરાજા કરતાં અધિક રૂપવાળા ઘણા પુરુષો જગતમાં છે, તેનો પ્રત્યક્ષ અનુભવ હમણાં અહીં તને થયો. વારંવાર ચંદ્ર ચંદ્ર

એમ કેમ ઝંખે છે? તારો પતિ ચંદ્ર તો મંત્રપ્રભાવથી બાંધેલા નાગની જેમ શય્યામાં નિદ્રાસુખ પામ્યો છે. જ્યારે ત્યાં જઈને હું છોડાવીશ ત્યારે તે નિદ્રામુક્ત થશે. મારું વચન સાચું માન. ભોળી થઈને જેને-તેને ચંદ્ર ચંદ્ર એમ ન બોલ. આ જગતમાં સમાન રૂપ અને વયવાળા અનેક પુરુષો દેખાય છે.'

આ પ્રમાણે વીરમતીનાં વચનો સાંભળી ગુણાવલીએ મૌન ધારણ કર્યું; પણ સાસુનાં વચનમાં વિશ્વાસ કરતી નથી.

હવે મકરધ્વજરાજા અનુપમ રૂપવાળા વરને જોઈ રોમાંચિત શરીરવાળો થયો. સ્ત્રીજનને પ્રિય મનોહર રૂપલાવણ્યના સમુદ્ર એવા જમાઈના વખાણ કરતો પોતાને અત્યંત ધન્ય માનવા લાગ્યો. અહો! આવો તેજસ્વી વર વિધાતાએ મારા ભાગ્યથી જ કર્યો છે. અન્યથા સમાન ગુણ અને રૂપનો સંયોગ અતિ દુર્લભ છે. સર્વગુણની પેટી મારી પુત્રી જેમ શોભે છે, તેવી જ રીતે વિધાતાએ તેને વર આપ્યો. તેઓનો સહયોગ હંમેશા હો. સુખની પરંપરા પણ હંમેશા નિરંતર વધો. તેઓનું સૌભાગ્ય અખંડ હો.

આ પ્રમાણે પોતાના મનમાં ઘણો આનંદ પામતા રાજાએ કરમોચન વખતે મણિમય કુંડલ, મુકુટ વગેરે કીમતી અલંકારો, હાથી, ઘોડા, રથ, રત્ન, મોતી,

સુવર્ણ, રૂપું, વસ્ત્ર, પાત્ર, શય્યા આદિ જે માગ્યું તે બધું જમાઈને આપ્યું.

તે પછી વર-કન્યાએ કંસાર ખાવાનો વ્યવહાર કર્યો. ઘૂમટાથી ઢાંકેલા મુખવાળી પ્રેમલાલચ્છી પણ પોતાના સ્વામીના મુખકમળને જોતી ઘણા હર્ષથી વ્યાપ્ત થઈ. વિધાતાનો મોટો ઉપકાર માનવા લાગી. એટલામાં ભવિતવ્યતાના યોગે તેનું જમણું નેત્ર ફરક્યું. તેથી તે અત્યંત ચિંતાતુર થઈ. અકસ્માત્ નેત્ર ફરક્યું, આથી તેનું શું ફળ થશે ? આ પ્રમાણે વિચાર કરતી એવી તેણીએ કોઈની આગળ તે વાત ન કહી.

## વરકન્યાની સારી પાસાની રમત

હવે આ પ્રમાણે તે વિવાહમહોત્સવ પૂર્ણ થવાથી સિંહલરાજાએ યાચકજનોને વિવિધ પ્રકારે દાન આપી પરમ સંતોષ પમાડયા. શ્રેષ્ઠ મંગલવાજિંત્રો વાગ્યા. આ વખતે વરકન્યા સારી ક્રીડા (પાસાની રમત) કરવા બેઠા. પ્રથમ ચંદ્રરાજાએ હાથમાં પાસા લઈ નાખતા સિંહલ-રાજ વગેરે ન જાણે તેવી રીતે સમસ્યા પદ બોલે છે. તે આ પ્રમાણે—

**आभापुरम्मि निवसइ, विमले पुरे ससहरो समुग्गमिओ ।**
**अपत्थिअस्स पिम्मस्स, विहिहत्थे हवइ निव्वाहो ॥१७॥**

“ચંદ્ર આભાપુરીમાં રહે છે. તે વિમળાપુરીમાં ઉદય પામ્યો. અપ્રાર્થિત પ્રેમનો નિર્વાહ કરવો એ વિધિના હાથમાં છે.” ૧૭

આ પ્રમાણે સમસ્યાની ગાથા સાંભળીને પ્રેમીલાલચ્છી વિચારવા લાગી. ચતુર હોવા છતાં આ અણઘટતું કેમ બોલે છે ? તેના રહસ્યને ન જાણવાથી આભાપુરીને આકાશ માનતી તે પાસાને ગ્રહણ કરીને ચતુરાઈથી ઉત્તર આપે છે. તે આ પ્રમાણે—

**वसिओ ससि आगासे, विमलपुरे उग्गमीअ जहा सुहं ।**
**जेणाभिमओ जोगो, स करिस्सइ तस्स (तेण) निव्वाहो ॥१८॥**

"ચંદ્ર આકાશમાં રહ્યો છે, અને જેમ સુખપૂર્વક વિમળાપુરીમાં ઊગ્યો, એવી રીતે જેણે અભિમત યોગ કર્યો છે તેથી તે નિર્વાહ કરશે." ૧૮

આ પ્રમાણે કહીને પાસા નાખે છે. તેણીની કહેલી ગાથા સાંભળીને ચંદ્રરાજા વિચારે છે: 'જો આ મુગ્ધા ચતુર હોવા છતાં મારી કહેલી ગાથાના રહસ્યને જાણતી નથી, આથી ચોખ્ખી રીતે સમજાવું'. એ પ્રમાણે વિચારીને ચંદ્રરાજા હાથમાં પાસા લઈને કહે છે કે, 'પૂર્વ દિશામાં આભાપુરીમાં ચંદ્રરાજા રહે છે, તેના પ્રાસાદમાં રમવા લાયક ઘણા સુંદર સારીપાસા છે, તેવા પ્રકારના બીજા કોઈ ઠેકાણે દેખાતા નથી. જો તે પાસા હમણાં મળે તો તે પાસાથી આપણે હર્ષપૂર્વક રમીએ. અન્યથા તો ફોગટ જ રાત્રિ પસાર થશે.' એમ કહીને ચંદ્રરાજાએ પાસા નાખ્યા.

તેના એવા પ્રકારનાં વચન સાંભળીને ચતુર પ્રેમલાલચ્છી પોતાના મનમાં વિચારવા લાગી. ચતુર હોવા છતાં પણ આ અસંબદ્ધ કેમ બોલે છે? સિંહલદેશની સિંહલપુરીમાંથી મને પરણવા અહીં આવ્યા છે, તેની પ્રશંસા ન કરતાં આભાપુરીના સારીપાસાને વખાણે છે, તેમાં કોઈ હેતુ હશે. આભાપુરીના સ્વામી ચંદ્રરાજા પૂર્વ દિશામાં રહે છે, કનકધ્વજ તો સિંહલદેશમાં રહે છે. બન્નેનો અહીં સંબંધ ઘટતો નથી. અથવા શું સિંહલરાજના પુત્રના બહાને આ ચંદ્રરાજા મને પરણવા આવ્યા છે? ખરેખર અહીં કોઈ કાર્યભેદ દેખાય છે! આ પ્રમાણે વિચારતાં તેની પાસાની રમત પૂરી થઈ. ચતુર એવી તે અત્યંત ચિંતાતુર મનવાળી થઈ.

હવે ચંદ્રરાજા જમવા માટે બેઠો. તે વખતે તેણે પાણી માગ્યું. તે વખતે પ્રેમલાલચ્છીએ અતિસ્વાદિષ્ટ, સ્વચ્છ, સુગંધી શીતળ જળ લાવીને તેને આપ્યું. તે વખતે ચંદ્રરાજા કહે છે કે, 'જો સુરસરિતા–ગંગાનું પાણી અહીં મળે તો ઘણો આનંદ થાય.'

તે સાંભળી તેણે વિચાર્યું કે, આ તો સિંધુ નદીના કાંઠે આવેલા સિંધુ દેશમાં રહે છે, ગંગાનો પ્રવાહ તો પૂર્વ દિશાને પવિત્ર કરે છે, આ તેને કેમ યાદ કરે છે? અથવા એનું મોસાળ ત્યાં હશે, આથી તે ગંગાના જળને યાદ કરે છે, એમ ધારી મનનું સમાધાન કર્યું. તો પણ તે વિચારમગ્ન થઈ.

## સિંહલરાજા અને હિંસકમંત્રીનું ચંદ્રરાજાને નીકળી જવા માટે કહેવું

તે વખતે સિંહલરાજાએ દૂરથી ચંદ્રરાજાને બોલાવીને કહ્યું : 'રાજન્! હમણાં રાત્રિ થોડી છે, કામ ઘણાં છે, આ દુર્લભ સમાગમ છોડવા માટે તમારું મન ઇચ્છતું નથી. તો પણ તમે સર્વગુણસંપન્ન છો, સત્ય વચન પાળવામાં દક્ષ છો, આથી અહીંથી વિલંબ કર્યા વિના નીકળી જવું ઉચિત છે. ફરીથી આપણો સમાગમ હજાર વાર થશે. આ સ્થાનમાં લાંબો વખત ન રહેવું જોઈએ. માટે જલદીથી અહીંથી નીકળી જાઓ. નહીંતર અમારું કામ બગડશે.'

આ પ્રમાણે તેના કઠોર અક્ષરથી ગર્ભિત માર્મિક વાક્ય સાંભળીને ચંદ્રરાજા ત્યાંથી જવા ઇચ્છે છે, કારણ કે તેજસ્વી અશ્વ તર્જનાને સહન કરતો નથી. લોકો યુદ્ધભૂમિમાં સુભટને જીતનારાને શૂર કહે છે, પરંતુ સાચા શૂર તો પોતાનું વચન જે પાળે તેને કહેવાય છે. આ પ્રમાણે વિચારી તે પરણેલી પત્નીનો ત્યાગ કરવા માટે તત્પર થયો. જરાપણ નિવારણ (આનાકાની) ન કર્યું.

હવે જલ્દી સિંહલરાજા પ્રેમલાલચ્છી સહિત ચંદ્રરાજાને રથમાં બેસાડીને પોતાને ઉતારે ચાલ્યો. માર્ગમાં મંગળવાજિંત્રોના અવાજ વડે જતો, યાચકજનોને પુષ્કળ દાન આપતો, લોકોના મનને આનંદ પમાડતો

પોતાના ભવનના દ્વારે આવ્યો. તે પછી સ્ત્રી સાથે ચંદ્રરાજા એકાંત વાસમાં બેઠો.

પ્રેમલાલચ્છી પણ અસ્થિર મનવાળા પ્રિયને જોઈને વિચાર છે કે, જેવો આનંદ વિવાહ વખતે આમનો હતો, તેવો સારીક્રીડા વખતે ન હતો અને હમણાં તો તેવો ય દેખાતો નથી. પૂર્વની જેમ હમણાં પ્રમોદમાં ભેદ છે, અહીં કોઈ કારણ સમજાતું નથી. એ પ્રમાણે તે વિચારતી હતી તેટલામાં હિંસકમંત્રીએ હાથની સંજ્ઞા વડે સમજાવવાથી ચંદ્રરાજા પોતાના મનમાં વિચારવા લાગ્યો કે, આ મંત્રી મને નીકળી જવા માટે જણાવે છે, પરંતુ આ રાત્રિ અને પ્રેમલાલચ્છીનો સ્નેહ જિંદગી સુધી ભુલાશે નહીં. આવા પ્રકારનો સ્નેહ ફરી મને કયાં મળશે! અહીંથી નીકળવું પણ મને કઠણ લાગે છે, પરંતુ ભાડેથી પરણેલી સ્ત્રી ઉપર સ્નેહ રાખવો નકામો છે. વળી મારાં માતા પણ વૃક્ષ ઉપર ચઢીને ચાલી જશે તો મારી કઈ ગતિ થશે? પોતાના સ્થાને જવા માટે મારી શક્તિ નથી, એમ વિચારીને સર્પ જેમ કાંચળીને છોડે, તેમ પ્રેમલાલચ્છીની ઉપેક્ષા કરીને તે એકદમ ઊભો થયો.

તે વખતે તેણીએ કહ્યું કે, 'હે સ્વામી! કયાં જાઓ છો?' તેણે કહ્યું કે, 'દેહચિંતા માટે જાઉં છું.' પ્રેમલાલચ્છી જળનો લોટો લઈને તેની પાછળ ચાલી. ચંદ્રરાજાએ નિવારવા છતાં પણ કાંઈક અશુભની શંકા થવાથી તે તેની પીઠ છોડતી નથી.

ચંદ્રરાજા દેહશુદ્ધિ કરીને પોતાને સ્થાને આવ્યો.

તે પછી હિંસકમંત્રી તેને અન્યોક્તિ સંભળાવે છે :

'હે ચંદ્ર! તું અહીંથી જલ્દી પ્રયાણ કર. જો સૂર્ય તને જોશે તો તારું રૂપ પ્રગટ થઈ જશે.'

ચંદ્રરાજા તેના વચનનું રહસ્ય જાણીને જવાની ઇચ્છાવાળો વારંવાર દરવાજા તરફ જવા લાગ્યો. તેનો અભિપ્રાય સમજી જવાથી પ્રેમલાલચ્છી પણ જેમ સુગંધી પુષ્પને ન છોડે તેમ તેની પીઠ છોડતી નથી.

તેણે પણ તેને છેતરવા ઘણા ઉપાય કર્યા તો પણ જવાનો વખત મળ્યો નહીં.

તે પછી અતિસ્નેહથી મોહ પામી તે પોતાના હાથે તેને ખેંચીને શય્યામાં બેસાડીને વિવિધ સ્નેહ વિલાસને બતાવતી કહેવા લાગી કે : 'હે સ્વામી! તમે વારંવાર ગમનાગમન કેમ કરો છો? પ્રથમ સમાગમ વખતે તમે પ્રપંચ કેમ કરો છો? આમ તમે કરશો તો આગળ સ્નેહનો સદ્‌ભાવ કેવી રીતે રહેશે? પહેલાં કોળિયામાં માખી પડે તો ભોજનનો સ્વાદ કેવી રીતે મળે? જો ક્રીડાની શરૂઆતમાં જ આમ કરશો તો તમે પરિપૂર્ણ સ્નેહ કેવી રીતે રાખશો? હે સ્વામી! વિકલ્પો છોડી દઈને નિર્મળ ચિત્તવાળા થાઓ. કહ્યું છે કે—

**वित्थारं गच्छइ नेहो, सऽप्पो वि सच्छमाणसे ।**
**वावेइ तेल्लुलेसो वि, जलं सव्वमवि खणा ॥१९॥**

"અતિ અલ્પ સ્નેહ પણ સ્વચ્છ મનમાં વિસ્તાર પામે છે. તેલનો અંશ પણ બધા પાણીમાં ક્ષણવારમાં ફેલાય છે." ૧૯

તમને છેતરનારાના મુખમાં ધૂળ પડો. હે સ્વામી ! પહેલાં તમારું દર્શન કરવા માટે હું અત્યંત ઉત્સુક હૃદયવાળી હતી. વિધાતાએ તે યોગ સફળ કર્યો. તો પણ તમે ચંચળ ચિત્તવાળા થવાથી ઇચ્છા મુજબનું તમારા સમાગમનું સુખ મને દુર્લભ થયું. હે પ્રાણનાથ ! તમારી કહેલી ગાથાનું રહસ્ય જાણવાથી હું તમને અહીંથી જવા માટે જરાય વખત નહીં આપું. મારું જીવતર તમારે આધીન જ છે, મને નિરાશ ન કરો. હું તમારી આજ્ઞામાં હંમેશ વર્તીશ. હું તમારી પગની મોજડી સમાન છું. તમે મારા માથાના મુકુટ છો. દયા કરીને તમારા પગે પડેલી અને શરણે આવેલી મારું પાલન કરો. છાયા વગરના તમારા મુખકમળે કેમ મૌન લીધું છે ? પ્રસન્ન થઈને વચનામૃતથી મને આનંદ પમાડો. જો મારો કોઈ અપરાધ થયો હોય તો કૃપા કરીને માફ કરો. હું આપની પાસે બુદ્ધિ વગરની છું. તમે મનમાં કાંઈ જુદાઈ ન રાખો. હે પ્રિય ! તમારો સંયોગ મને અણચિંત્યો થયો છે. અન્યથા ક્યાં વિમલાપુરી અને ક્યાં આભાપુરી ? નસીબયોગે આ સંબંધ વિધાતાએ જ કર્યો છે. વળી તમારા વચનનું રહસ્ય હું સમજી ગઈ છું. હું તેવા પ્રકારની અબુધ ( મૂર્ખ ) નથી કે જેથી ગૂઢ શબ્દાર્થ ન જાણું.

મારી અવગણના કરવાથી તમારી કઈ શોભા થશે ? તમે ક્રૂર સ્વભાવવાળા ન થાઓ. જો કે તમારા સસરાએ યોગ્ય દાન કરવામાં કોઈ ઓછાશ બતાવી નથી. તો પણ કાંઈ અધૂરું હોય તે જણાવજો. કારણ કે સાસુ વગેરેને જમાઈ ઘણા વહાલા હોય છે. નકામો રોષ કરીને મૂંગા રહેવું તે શું આપને યોગ્ય છે ? તમારી જેવાએ બાળકની માફક ચેષ્ટા કરવી સારી નથી. આથી સારી રીતે વાર્તા-વિનોદ વડે મને આનંદ પમાડો. સારીક્રીડા સમયે તમે કહેલું ગૂઢ વચન હું ભૂલીશ નહીં. કદાચ મારો તિરસ્કાર કરીને અહીંથી ચાલ્યા જશો તો હું તમારા નિવાસભૂત પૂર્વ દિશાના મુખમંડન રૂપ આભાપુરીને જાણું છું, ત્યાં આવીને તમારા દર્શનથી આત્માને સંતોષ પમાડીશ.'

આ પ્રમાણે તેના વિસ્તારવાળા વચનને સાંભળીને ચંદ્રરાજાએ કહ્યું : 'હે પ્રિયે ! અતિ આગ્રહ શા માટે કરે છે ? જે થવાનું હશે તે થશે ! ભાવિભાવ અન્યથા કરવા કોણ સમર્થ છે ?' કહ્યું છે કે—

पत्तव्वमत्थं लहए मणूसो,
देवो वि तं लंघइउं न सक्को ।
तम्हा न सोएमि न विम्हओ मे,
जं अम्हकेरं नहि तं परेसिं ॥२०॥

करोउ नाम विऊसो, ववसायं जओ तओ ।
फलं पुणो तमेवऽस्स जं विहिणो मणे ठिअं ॥२१॥

"મનુષ્યને જે અર્થ મળવાનો હોય તે અવશ્ય મળે છે; દેવ પણ તેને ઓળંગવા સમર્થ નથી, તેથી હું શોક કરતો નથી. મને આશ્ચર્ય પણ નથી. જે અમારું છે, તે બીજાનું નથી." ૨૦

"વિદ્વાન માણસ જ્યાં ત્યાં વ્યવસાય કરે, પરંતુ ફળ તો તે જ થાય કે જે વિધિના મનમાં હોય." ૨૧

આ વાત સર્વથા કહેવા જેવી નથી, કારણ કે બાંધી મૂઠી લાખની કહેવાય છે. તું ચતુર હોવા છતાં કેમ ભૂલે છે? હૃદયમાં સ્થિરતા ધારણ કર. અહીં રહેવાથી મારે વચનભંગ થાય છે, જતાં છતાં હું તારો સ્નેહ છોડવા સમર્થ નથી. સાપે ગળેલ છછૂંદર જેવી મારી સ્થિતિ છે, મારે બીજો કોઈ ઉપાય નથી.'

આ પ્રમાણે તેણે ઘણું સમજાવ્યા છતાં પણ ગ્રહણ કરેલા તેના વસ્ત્રના છેડાને છોડતી નથી. તે વખતે હિંસક-મંત્રીએ ત્યાં આવી કઠોર અક્ષરોથી તેને પ્રહાર કરતાં મહામહેનતે વસ્ત્રનો છેડો છોડાવ્યો.

## સ્ત્રીને છોડી ચંદ્રરાજાનું નિર્ગમન અને વૃક્ષના પોલાણમાં છુપાઈ જવું

તે પછી પ્રેમલાલચ્છી મંત્રીની આગળ શરમાઈને ઘૂમટો કરી ઘરની અંદર ચાલી ગઈ. ચંદ્રરાજા પરણેલી સ્ત્રીને તજીને બહાર નીકળ્યો.

હવે ચંદ્રરાજાએ સિંહલનૃપની પાસે જઈને કહ્યું: 'હે રાજન્! તમારું કામ મેં કરી દીધું છે. પરંતુ મારા

વિરહના દુઃસહ દુઃખને નહીં સહન કરતી તે સુંદરીને વિલાપ કરતી છોડી છે, તેની લાજ તમારા હાથમાં છે.' એમ કહી રજા લઈ હાથમાં તલવાર ગ્રહણ કરી જલદીથી નગરીના બહાર ઉદ્યાનમાં આવી તે જ આમ્રવૃક્ષના કોટરમાં પ્રવેશ કરીને છુપાઈ ગયો.

આ તરફ હાથમાં કંબા (સોટી) લઈને વધૂ સાથે વીરમતી પણ ત્યાં આવીને રાત્રિ અર્ધ પ્રહર બાકી હોવાથી સંભ્રમસહિત ઘણી ઉતાવળથી તે જ આમ્ર-વૃક્ષ ઉપર ચઢતી વખતે વૃક્ષના પોલાણ ભાગમાં રહેલા ચંદ્રરાજાને ન જોયો.

પોતાનો મનોરથ સિદ્ધ કરી વીરમતી એ કંબાના પ્રહારથી આમ્રવૃક્ષને આકાશમાર્ગે ચલાવ્યો.

## સાસુ-વહુનો વાર્તાલાપ

તે પછી વીરમતી પોતાની નિપુણતા દેખાડતી ગુણાવલીને કહેવા લાગી: ‘હે ભોળી! જો તું ઘરે રહી હોત તો તને વિમલાપુરીમાં કનકધ્વજકુમારનું દર્શન ક્યાંથી થાત? આવી રીતે હંમેશા નવાં નવાં કૌતૂકો દેખાડીશ અને તારા મનોરથ પૂરીશ. તારે મારી આજ્ઞા પ્રમાણે વર્તવું. ક્યારેય વિચારભેદ ન કરવો. મારા વિના બીજો કોણ આવડા લાંબા આકાશમાર્ગને ક્ષણવારમાં ઓળંગી શકે? સિદ્ધાંતમાં ચારણમુનિઓની આકાશમાં ગતિ ઘણી બતાવી છે. પક્ષીઓ પણ મોટે ભાગે હંમેશા બાર યોજન આકાશમાં જઈ શકે છે, પણ મારી શક્તિ

તો અપરિમિત છે. જે પ્રદેશમાં પવનનો સંચાર પણ અશક્ય છે ત્યાં પણ હું જવા માટે સમર્થ છું. બીજાથી અસાધ્ય કાર્ય કરવાની મારી શક્તિ છે.'

આ પ્રમાણે વીરમતીના આત્મપ્રશંસાનાં વચનો સાંભળીને ગુણાવલીએ કહ્યું : 'હે માતા ! તમે કહ્યું તે બધું હું સાચું માનું છું. હમણાં તો તમારી શક્તિમાં મને વિશ્વાસ થયો છે. પરંતુ એક કામમાં તમને મતિભ્રમ થયો છે. જે પ્રેમલાલચ્છીને પરણતો હતો તે તમારો પુત્ર હતો, પણ કનકધ્વજ નહિ. આ મારું વચન સાચું માનો. જો આ વાતમાં વિપરીતપણું હોય તો મને ઉપાલંભ (ઠપકો) આપજો.'

તે પછી વીરમતીએ કહ્યું કે ' 'હે પુત્રી ! તારી હોશિયારી મેં જાણી. તું ફોગટ મારા પુત્રને ઉપાલંભ આપે છે. તું તો જ્યાં ત્યાં રૂપવાન પુરુષને જોઈશ ત્યાં ત્યાં તેને ચંદ્રરાજા જ કહીશ. હું તો મારા પુત્રને સારી રીતે ઓળખું છું, કારણ કે તે મારો વશવર્તી છે.'

હવે પોલાણમાં રહેલો ચંદ્રરાજા વિમાતાનાં વચનો સાંભળી મનમાં વિચારે છે : 'કદાચ આ તુચ્છબુદ્ધિવાળી મને જાણશે તો અવશ્ય મને દુઃખી કરશે, તેથી કોઈ રીતે મારું વૃત્તાંત ન જાણે તો બધું સારું થાય.' એમ વિચારતો તે સાસુ-વહુની વાતચીત સાંભળે છે.

હવે આમ્રવૃક્ષ પણ આકાશમાં અનેક નગર અને

પર્વતોને ઓળંગી આગળ જાય છે, માર્ગમાં તીર્થોને વંદન કરતા તે બન્નેએ અનુક્રમે આભાનગરીને જોઈ.

## આભાપુરીમાં આગમન

રાત્રિ પૂરી થતી હોવાથી કૂકડા મોટા સ્વરથી અવાજ કરે છે. પૂર્વ દિશા સુપ્રસન્ન થઈ છે. એક તરફ અરુણોદયની શરૂઆત થઈ છે, બીજી તરફ ચંદ્ર પણ અસ્તાચલ તરફ ગયો. તેવે સમયે પ્રભાતમાં આમ્રવૃક્ષ પણ પોતાના ઉદ્યાનને પામીને મૂળ સ્થાને આવીને જમીન ઉપર સ્થિર થયું.

તે પછી વીરમતીએ કહ્યું કે, 'પુત્રી ! આ આપણું ઉદ્યાન આવ્યું. વૃક્ષ ઉપરથી ઊતર.' એમ કહી બન્ને નીચે ઊતરી. તે વખતે પણ તેઓએ ચંદ્રરાજાને ભાગ્ય-યોગે ન જોયો.

તે પછી તે બન્ને શરીરશુદ્ધિ માટે વાવની અંદર ગઈ. તેથી અવસર મેળવીને આમ્રવૃક્ષના પોલાણમાંથી નીકળીને જલદી તે પોતાના આવાસમાં આવ્યો. રાત્રિનો વેશ બદલી, નવું વસ્ત્ર પહેરી શય્યામાં સૂઈ ગયો.

સાસુ–વહુ પણ જળક્રીડા કરી હસતી–રમતી પોતાના આવાસે આવી.

હવે વીરમતીએ કંબા–સોટી આપીને ગુણાવલીને ચંદ્રરાજા પાસે મોકલી, અને વીરમતીએ પોતાની વિદ્યાના પ્રભાવે સૂતેલા નગરલોકોને નિદ્રારહિત કર્યા. તે પછી

જાગૃત થઈ બધા નગરલોકો પણ પ્રભાતને લગતાં ષટ્કર્મ કરવામાં પ્રવૃત્ત થયા. કોઈએ રાત્રિનો વૃત્તાંત જાણ્યો નહીં.

આ તરફ ત્વરિત ગતિએ ગુણાવલીએ પોતાના પ્રાસાદે આવીને નિદ્રાધીન પોતાના પતિને જોયો.

## કપટનિદ્રાથી સૂતેલા ચંદ્રરાજાને જગાડ્યો

કપટથી સૂતેલા ચંદ્રરાજાએ પણ પોતાની પાસે આવેલી કંબાસહિત તેને જોઈ. ગુણાવલી પણ ઊંઘતા પોતાના પતિને જોઈ નિશ્ચિંત થઈ. ફરી તે પોતાના મનમાં ખેદ કરવા લાગી કે, 'હું મહાપાપિણી થઈ, અહો ! મેં મારા ધણીને ઘોરનિદ્રામાં નાંખ્યો, એ અનુચિત કર્યું.' આ પ્રમાણે વિચાર કરતી તેણે નિદ્રા દૂર કરવા રાજાની શય્યા ઉપર ત્રણ વાર કંબાના પ્રહાર આપ્યા, તેથી રાજા કપટપૂર્વક દેહ મરડવા લાગ્યો.

તે વખતે ગુણાવલી નિદ્રારહિત થયેલા પોતાના સ્વામીને જાણીને ન જાણતી હોય તેમ વિનયપૂર્વક બોલી કે, 'હે પ્રિય ! રાત્રિ પૂરી થઈ છે, પ્રભાત થયું છે, તેથી હવે પથારીનો ત્યાગ કરી ઊઠો. કૂકડા વગેરે પક્ષીઓ પહેલાં જ જાગે છે, સૂર્યોદય વખતે જે માણસો સૂવે છે તે બુદ્ધિ-બળ વગરના, સત્ત્વ વગરના અને તેજ વગરના થાય છે, તેથી જલ્દી ઊઠો. હે નાથ ! આજ મારી રાત નકામી ગઈ, ઉજાગરો કરીને મેં આખી રાત પસાર કરી. તમે તો મેં ઘણા જગાડવા છતાં જાગ્યા નહીં, જે કારણથી તમે આજે સ્વપ્નમાં રાજ્ય મળ્યું હોય કે રાજકન્યા

પરણ્યા હોય તેમ અપૂર્વ નિદ્રાસુખ અનુભવ્યું જણાય છે! હે સ્વામી! હવે નિદ્રાનો ત્યાગ કરો, સૂર્ય ઉદયગિરિના શિખર ઉપર ચઢ્યો છે, તેથી આપનું મુખ દેખાડી મને આનંદ પમાડો. નિર્મળ ગંગાજળ અને દાતણ લઈને હું આગળ ઊભી છું, તેથી શયનનો જલદી ત્યાગ કરી દંતશુદ્ધિ કરો. આ સમયે તો રાજકુમારો વ્યાયામશાળામાં મલ્લયુદ્ધ કરે છે. રાજસભામાં જવાનો વખત પણ થઈ ગયો છે, તેથી પ્રમાદને દૂર કરી જલદી તૈયાર થાઓ. હે સ્વામી! તમારી વિમાતા જો આ ઘણી નિદ્રાની હકીકત જાણશે તો તમને ઉપાલંભ આપશે.'

## પરસ્પર પ્રપંચ કરતા ચંદ્રરાજા અને ગુણાવલીનો વાર્તાલાપ

આ પ્રમાણે ગુણાવલીનાં વચનો સાંભળીને ચંદ્રરાજા કપટનિદ્રાનો ત્યાગ કરી સંભ્રમસહિત ઊભો થયો. તેણે કહ્યું કે, 'મેં નિદ્રાધીન થઈ ઘણો સમય પસાર કર્યો. સૂર્યોદયનો વખત મેં ન જાણ્યો. આજ રાતે અકાલે વરસાદ પડવાથી મારું શરીર અત્યંત ઠંડીથી દુઃખતું હતું તેથી ઘણો વખત સૂઈ ગયો. હે પ્રિયા! તેં આખી રાત ઉજાગરો કર્યો હોય તેમ તારાં નેત્રો જ કહે છે. વળી આજે તું વધારે સ્નેહસદ્ભાવ બતાવે છે. ઘણા રસથી ભરેલી આજની વાત કાંઈક નવી જાતની દેખાય છે, કે જેથી તું પણ વાણિયાનો વ્યવહાર દેખાડવા લાગી છે. આજ રાતે તું કોઈ પ્રદેશમાં રમવા ગઈ હોય તેમ

દેખાય છે. તારું આજનું સ્વરૂપ વિચિત્ર દેખાય છે, રાત્રિએ તું ક્યાં ગઈ હતી, મને સાચું બતાવ. અને પછી જાગરણની વાત સ્નેહપૂર્વક બોલજે!'

ગુણાવલીએ કહ્યું કે, 'સ્વામી! તમારા ચરણકમળને છોડીને હું ક્યાં જાઉં? હું કોઈપણ રાતની વાત જાણતી નથી, રાત્રિએ ફરવું એ સ્ત્રીજન માટે સર્વથા નિષિદ્ધ છે, પરંતુ તમે રાતે કોઈ ઠેકાણે વિલાસ કરીને અહીં આવ્યા હોય તેમ ચોખ્ખું જણાય છે. તમારી રજા સિવાય મારાથી એક ડગલું પણ મહેલ બહાર કેમ જઈ શકાય? તેથી તમે પોતાની વાત સાચી રીતે મને કહો.'

આવી જાતના ગુણાવલીનાં વચનો સાંભળીને ચંદ્રરાજા મનમાં વિચારવા લાગ્યો કે, 'નિર્મળ ચિત્તવાળી આનો કોઈ દોષ નથી. પરંતુ એક રાત્રિના પ્રસંગથી જ વિશુદ્ધશીલવાળી પણ આ અસત્ય બોલનારી અને વક્ર થઈ છે, એમાં મારી અપરમાનો દોષ છે. જેમ નાળિયેરનું પાણી કપૂરના સંગથી વિષ જેવું થાય છે તેમ સજ્જનો પણ દુર્જનના સંગથી વિકાર ભાવને પામે છે. યંત્રઘટિકા (ઘડિયાળ)ના સંગમથી ઝાલર પણ પ્રહારોને સહન કરે છે, લુચ્ચા માણસનો સંગ અંગારા સરખો જાણવો. ઠંડો અંગારો (કોલસો) હાથને મલિન કરે છે અને ગરમ હોય તો હાથને બાળે છે. સર્વથા તે દોષને કરનારો થાય છે. કે—

**वल्ली नरिंदचित्तं, वक्खाणं पाणियं च महिलाओ ।**
**तत्थ य वच्चंति सया, जत्थ य धुत्तेहिं निज्जंति ।।२२।।**

"વેલડી, રાજાનું ચિત્ત, વ્યાખ્યાન, પાણી અને સ્ત્રીઓ ત્યાં હંમેશા જાય છે, કે જ્યાં ધૂતારાઓ વડે લઈ જવાય છે." ૨૨

નારી, પાણી, તલવાર, નેત્ર, અશ્વ અને રાજાઓ જેમ વાળે છે તેમ વળે છે, એ નક્કી છે, એમ વિચારીને તેણે કહ્યું કે, 'હે પ્રિયા! હમણાં બીજી વાત કરવાથી સર્યું. આજે તું વિચિત્ર વસ્ત્રો પહેરીને રાત્રિએ ક્યાં ફરી આવી છે, તે સાચું કહે.'

તે વખતે ગુણાવલી પતિને છેતરવા માટે મનકલ્પિત વાત કરવા લાગી: 'હે સ્વામી! વૈતાઢ્ય નામે પર્વત છે, ત્યાં વિશાળા નામે નગરી છે, તે નગરીમાં મણિપ્રભ નામે વિદ્યાધરરાજા રાજ્ય કરે છે, તેને યથાર્થ નામવાળી ચંદ્રલેખા નામે પટરાણી છે. તે દંપતી રાતદિવસ ઇચ્છા મુજબ સુખપૂર્વક વિલાસ કરે છે. બધા વિદ્યાધરો તેની આજ્ઞાને પુષ્પમાળાની જેમ મસ્તકે વહન કરે છે.

હવે એક વખત રાજા પોતાના ગુરુના મુખેથી તીર્થયાત્રા આદિનો અધિકાર સાંભળી તીર્થયાત્રાની ઇચ્છા થવાથી પટરાણી સાથે શ્રેષ્ઠ વિમાનમાં બેસીને યાત્રા માટે નીકળ્યો.

તે સિદ્ધગિરિ વગેરે અનેક તીર્થોની યાત્રાઓ કરતાં

આજ રાતે આભાપુરી ઉપર આવ્યો, ત્યારે અકસ્માત અકાલવૃષ્ટિ થઈ. પવન પણ ચારે તરફ ફેલાયો, તેથી તેનું વિમાન અટકી પડયું. ઘણા ઉપાય કર્યાં પણ ત્યાં જ ઊભું રહ્યું.

તે વખતે કૌતૂક ઉત્પન્ન થવાથી વિદ્યાધરીએ પૂછયું કે, 'સ્વામી! આજે અકાલવૃષ્ટિ કેમ થઈ? વિમાન કેમ થંભી ગયું?'

વિદ્યાધરે કહ્યું કે, 'હે પ્રિયા! હું બધું જાણું છું, પરંતુ આ વાત ન કહીએ એ જ સારું, પારકી વાત કહેવામાં આપણને કોઈ લાભ નથી.'

આ પ્રમાણે તેણે નિષેધ કરવા છતાં કદાગ્રહથી વ્યાપ્ત થઈ તે વિદ્યાધરીએ કહ્યું: 'હે આર્યપુત્ર! કૃપા કરીને આ વાત મને અવશ્ય કહો.' આ પ્રમાણે તેણે પોતાનો કદાગ્રહ ન છોડયો. તેની સ્ત્રીહઠ છોડાવવામાં અસમર્થ વિદ્યાધર કહે છે:

'આ આભાપુરી ઉપર કોઈ દેવ રુષ્ટ થયો છે, તેથી રાજાને સંતાપ ઉત્પન્ન કરવા પવન સાથે વૃષ્ટિ કરી, અને રાજાના પુણ્ય પ્રતાપથી આપણું વિમાન સ્ખલના પામ્યું છે.'

વિદ્યાધરીએ કહ્યું કે, 'હે પ્રિય! એવો કોઈ ઉપાય છે કે, જેથી રાજાને ઉપદ્રવ ન થાય, જો એમનું વિઘ્ન દૂર કરવા માટે તમારી શક્તિ હોય તો અવશ્ય ઉપકાર કરો. પરોપકાર જેવો બીજો કોઈ ધર્મ નથી. કહ્યું છે કે—

बे पुरिसा धरइ धरा, अहवा दोहिं पि धारिया धरणी।
उवयारे जस्स मई, उवयरियं जो न पम्हुसइ ॥२३॥
सोत्तं सुएणं नहि कुंडलेण, दाणेण पाणी न उ कंकणेण।
सोहेइ देहो करुणाजुआणं, परोवयारेण न चंदणेण ॥२४॥

"બે પુરુષોને પૃથ્વી ધારણ કરે છે, અથવા બે પુરુષો વડે પૃથ્વી ધારણ કરાઈ છે. ૧ જેની ઉપકારમાં બુદ્ધિ છે, અને ૨ ઉપકારને જે ભૂલતો નથી." ૨૩

"કાન શ્રુત વડે શોભે છે, કુંડલ વડે નહિ. હાથ દાન વડે શોભે છે, કંકણ વડે નહિ. દયાળુ માણસોનો દેહ પરોપકાર વડે શોભે છે, ચંદન વડે નહિ." ૨૪

તેથી અહીં ઉપકાર કરીને પોતાનો જન્મ સફળ કરવો.'

વિદ્યાધરે કહ્યું કે, 'હે પ્રિયા! આના વિઘ્નને દૂર કરવાની મારી શક્તિ નથી, ફક્ત તેનો ઉપાય જાણું છું. જો આની વિમાતા મારું વચન કરે તો રાજા વિઘ્નરહિત થાય.'

તે વછી વિદ્યાધરી પોતાના પતિ સાથે તમારી વિમાતાની પાસે આવીને વિનયપૂર્વક કહે છે કે, 'હે પૂજ્યા! આ નગરમાં મોટો ઉપદ્રવ થશે, આથી તમારા પુત્રના હિત માટે એક ઉપાય મારા પતિ કહે છે, તે સાંભળો.'

તે પછી વિદ્યાધરે કહ્યું કે, 'હે માતા! પવિત્ર ભૂમિપ્રદેશમાં શ્રી શાંતિનાથ તીર્થંકરનું મહામંગલના કારણરૂપ, સર્વ વિઘ્નને શાંત કરનાર બિંબ સ્થાપન કરીને તેની આગળ પાંચ દીપક પ્રગટાવીને જિનબિંબની આગળ મારી પત્ની અને રાજાની રાણી સાથે તું તીર્થંકર ભગવંતના ગુણગાન વડે રાત્રિ જાગરણ કર. પ્રભાત થયે આ કણેરની કંબા વડે રાજાના દેહને સ્પર્શ કરવો જેથી તારો પુત્ર સાજો થશે અને સર્વ વિઘ્ન દૂર થશે.'

આ પ્રમાણે વિદ્યાધરે કહેલા વચનથી તમારી વિમાતાએ બોલાવેલી હું ત્યાં ગઈ, તે પછી વિદ્યાધરી સાથે અમે આખી રાત જિનપ્રતિમાની આગળ જિનેશ્વરના ગુણગાન વડે પસાર કરી, તે પછી મેં કંબા વડે સ્પર્શ કરી તમને જગાડ્યા. સ્ત્રીસહિત વિદ્યાધર પોતાને સ્થાને ગયો. આ પ્રમાણે અમારો રાત્રિનો વૃત્તાંત તમે જાણો, તેથી સકલકળામાં કુશળ ચંદ્રરાજાએ કહ્યું કે, તેં સાચું જ કહ્યું છે. પતિવ્રતા સ્ત્રીઓનો એ જ ધર્મ છે કે, તેણે હંમેશા પોતાના સ્વામીના હિતકાર્યમાં પ્રવર્તવું. કહ્યું છે કે—

**मिअं पदेइ हि पिआ, मिअं माया मिअं सुओ ।**
**अमिअस्स हि दायारं, भत्तारं का न सेवए ॥२५॥**

"પિતા પરિમીત આપે છે, ભાઈ પરિમીત આપે છે અને પુત્ર પણ પરિમીત આપે છે. અપરિમીત આપનાર સ્વામીને કોણ ન સેવે?" ૨૫

પોતાના પ્રિય માટે સ્ત્રીઓ અકાર્ય પણ કરે, શુભ-કાર્ય તો વિશેષે કરીને કરે, સતી સ્ત્રીઓનો એ સ્વભાવ જ છે, સ્ત્રી હંમેશા પતિભક્તિમાં તત્પર હોય છે, માતા પણ પુત્રના હિતમાં પરાયણ હોય તેમાં તો શું કહેવાનું છે?"

'હે પ્રિયા! મારા માટે તેં આખી રાતનું જાગરણ કર્યું, તે સારું. તેં મારી ઉપર કરુણા કરી. આથી દંપતીની સાચી પ્રીતિ દેખાય છે. તું શા માટે જૂઠું બોલે? તારા વિના મારા માટે રાત્રિ જાગરણ કરનારી બીજી કોણ હોય? કારણ કે 'આખા માળવા દેશનો ભાર ચંપાદેવી ઉપર આવ્યો' એ ઉક્તિ સાચી જણાય છે.

હે ચંદ્રાનના! તારી વાત સાચી જાણું છું. તારામાં મને હંમેશ વિશ્વાસ રહ્યો છે, જેની આખી રાત જિનેશ્વરના ગુણગાન વડે જાય, તેનો જન્મ હું સફળ માનું છું. જિનેશ્વરની ભક્તિ વડે માણસો સંસાર-સમુદ્રથી પાર પામે છે.

બીજી વાત એ છે કે, જેમ તેં જિનેશ્વરના ગુણ-ગાન વડે આખી રાત પસાર કરી તેમ મેં પણ મધ્યરાત્રિએ એક સ્વપ્ન જોયું. તે આ પ્રમાણે—

તું મારી અપરમાતા સાથે અહીંથી ૧૮૦૦ કોશ દૂર રહેલી વિમલાપુરીમાં ગઈ. ત્યાં એક ગુણરૂપથી શોભતી રાજકન્યાને પરણતા પુરુષને જોઈ કૌતૂક પામી તું પાછી અહીં આવી.

તારી વાત અને મારા સ્વપ્નનું મોટું અંતર છે. પરંતુ સ્વપ્નનું સત્યપણું કઈ રીતે જણાય? લોકમાં સ્વપ્નની વાત સાચી મનાતી નથી. તે પ્રત્યક્ષ જે અનુભવ્યું એ જ સાચું. એમાં શંકા ન કરવી. બંનેમાં કોઈ સાચું એ તો પરમાત્મા જ જાણે છે. પતિવ્રતા નારી જે બોલે તે સાચું હોય છે'

આ પ્રમાણે પોતાના સ્વામીનાં વચનો સાંભળીને વિસ્મય પામી ગુણાવલી પોતાના પતિને ખોટા પાડવા માટે 'સ્વપ્નો ખોટાં હોય છે' એમ જણાવવા માટે બોલી:

"એક શિવનો પૂજારી રાત્રિએ પથારીમાં સૂતો. તેણે સ્વપ્નમાં આખું શિવમંદિર સુખડીના સમૂહથી ભરેલું છે' એમ જોયું. તે સ્વપ્ન જોઈને જાગ્યો. તે પછી તેણે સ્વપ્નને સત્ય માની બધા પોતાના જ્ઞાતિજનોને ભોજન માટે આમંત્રણ આપ્યું. ફરીથી તે શિવાલયમાં આવ્યો. તે વખતે પકવાન્નરહિત મંદિરને જોઈને તે વિચારે છે કે, 'ખરેખર શંકર ભગવાને સર્વ મિષ્ટાન્ન લઈ લીધું દેખાય છે.' એ પ્રમાણે નિર્ણય કરીને મંદિરની અંદર પ્રવેશ કરીને બારણું બંધ કરી સૂઈ ગયો. બપોર પછી જમવા માટે સર્વ જ્ઞાતિવર્ગ ત્યાં આવ્યો. આમ તેમ જોતાં તેણે કોઈ ઠેકાણે ભોજન-સામગ્રી ન જોઈ અને તે દેવના પૂજારીને પણ ત્યાં ન જોયો. વળી મંદિરનું બારણું પણ બંધ જોઈને તેઓએ મોટો અવાજ કરી પૂજારીને જગાડ્યો. જાગ્યા પછી તે પૂજારીએ કહ્યું કે,

'હે જ્ઞાતિજનો ! તમે થોડો વખત રાહ જુઓ. હમણાં ગઈ રાતની માફક મને સ્વપ્ન આવશે અને સુખડીને જોઈશ, ત્યારે પરિવાર સહિત તમને જમાડીશ. ઉતાવળ ન કરો.'

લોકો તેને કહેવા લાગ્યા કે, 'હે મૂરખના સરદાર ! સ્વપ્નમાં જોયેલી સુખડી જમાડવા માટે અમને તેં આમંત્રણ આપ્યું છે? સ્વપ્નમાં જોયેલી તે સુખડી ખાવાથી ભૂખ્યાને તૃપ્તિ થશે ? આથી ગાંડો થઈ ગયો હોય તેમ જણાય છે.' આ પ્રમાણે ઠપકો આપી તે બધા પોત-પોતાના સ્થાને ગયા. દેવનો પૂજારી પણ પોતાના મનમાં ઘણો પસ્તાવો કરવા લાગ્યો.

તેથી હે નાથ ! સ્વપ્નની હકીકત ખોટી જ જાણવી. હે પ્રિય ! તમે મને સ્વપ્નમાં વિમલાપુરીમાં જોઈ, તો હું તો તમારી પાસે રહેલી છું. વળી તે નગરી તો અહીંથી ૧૮૦૦ કોશ દૂર છે, ત્યાં જવા-આવવામાં ૩૬૦૦ કોશ થાય, તો એક રાતમાં ત્યાં ગમન અને ત્યાંથી આગમન કેવી રીતે સંભવે ? તેથી સર્વથા તમારું વચન ન માની શકાય એવું છે. આવા પ્રકારનું અયોગ્ય વચન કેવી રીતે મનાય ?"

ચંદ્રરાજાએ કહ્યું કે, 'હું તો તારી હાંસી કરું છું, તારાં વચનોમાં મને ઘણો વિશ્વાસ છે,' એમ કહીને તે પ્રસન્ન મનવાળો થયો.

**चंदनिवइस्स सिंहल-पुरीनरेसमोलणं तहय रण्णो ।**
**कण्णाइ पाणिगहणं, पच्चागमणं य बिइयम्मि ॥२६॥**

"આ બીજા ઉદ્દેશમાં ચંદ્રરાજાનું સિંહલપુરીના રાજાને મળવું, અને રાજાની કન્યાને પરણવું અને ત્યાંથી પાછા આવવું. એ વાત કહી છે." ૨૬

આ પ્રમાણે તપાગચ્છાધિપતિ શ્રી કદંબગિરિ વગેરે અનેક તીર્થોના ઉદ્ધાર કરનાર શાસનપ્રભાવક આબાલ–બ્રહ્મચારી સૂરીશ્વરશેખર આચાર્ય શ્રી વિજયનેમિ-સૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સમયજ્ઞ વાત્સલ્યવારિધિ આચાર્ય શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજીના પટ્ટધર સિદ્ધાંત મહોદધિ પ્રાકૃતભાષાવિશારદ આચાર્ય શ્રી વિજય-કસ્તૂરસૂરિજીએ રચેલા પ્રાકૃત શ્રી ચંદ્રરાજચરિતમાં ચંદ્રરાજા અને સિંહલપુરીના રાજાનું મિલન, ભાડાથી રાજકન્યાનું પાણિગ્રહણ અને આભાપુરીમાં પ્રત્યાગમન સ્વરૂપ બીજા ઉદ્દેશનો અનુવાદ સમાપ્ત થયો.

# તૃતીય ઉદ્દેશ

## મંગલાચરણ

अक्खयमणंतमरुअं, निरुवमसुहसंगयं सिवपयत्थं ।
देवच्चियपयपउमं, पासजिणंदं नमंसामि ॥१॥

दुविहसमसंजुत्तो, अप्पसत्तिसमन्निओ ।
चंदरायव्व लोगम्मि पसिद्धो होज्ज सो नरो ॥२॥

अह चंदनरेसस्स उद्देसो तइओ इमो ।
सोउ–सवण–पेउस–रससमो विहिज्जए ॥३॥

सोउ–गणस्स तुट्ठीए, पबंधं कुव्वए कवी ।
सोयारं पि विणा तस्स, रसाणंदं लहेज्ज को ॥४॥

खओवसमजोगेण, वत्ता वए हिए रओ ।
विवेगिणो उ सोयारा, दुल्लहा संति भूयले ॥५॥

"અક્ષય, અનંત, અરુજ અને નિરુપમ સુખને પામેલા, મોક્ષસ્થાનમાં રહેલા, દેવોથી પૂજાયા છે ચરણ-કમળ જેના એવા શ્રી પાર્શ્વનાથ જિનેશ્વરને હું નમસ્કાર કરું છું." ૧

"બન્ને પ્રકારના સમ (શમ અને સમ)થી સહિત, આત્મશક્તિથી યુક્ત, હોય તે માણસ ચંદ્રરાજાની જેમ લોકમાં પ્રસિદ્ધ થાય છે." ૨

"હવે ચંદ્રરાજ ચરિત્રનો આ સાંભળનારાના કાનમાં અમૃતરસ સરખો ત્રીજો ઉદ્દેશ કરાય છે." ૩

" શ્રોતાગણના આનંદ માટે કવિ રચના કરે છે. સાંભળનાર વિના તેના રસનો આનંદ કોણ પામે છે ?" ૪

" વક્તા ક્ષયોપશમના યોગે, હિતમાં રક્ત થઈ કહે છે, પરંતુ જગતમાં વિવેકી શ્રોતાઓ દુર્લભ છે." ૫

## ચંદ્રરાજા અને ગુણાવલીનો વાર્તાલાપ

હવે ગુણાવલી ચંદ્રરાજાનાં છેલ્લાં વચનો સાંભળીને કાંઈક હર્ષિત મનવાળી થઈને તેને કહે છે કે, 'સ્વામી ! સ્વપ્ન સંબંધી કદાગ્રહ તમે છોડી દ્યો. જે વાત સાંભળવાથી રસ–આનંદ વધે, તેવા રસવાળી વાત કહો. તમારા માટે આખી રાત મેં ઉજાગરો કર્યો છે, તેનો ઉપકાર તો દૂર રહ્યો, ઊલટું તમે તો વિપરીતપણે ગ્રહણ કર્યું. સર્વજ્ઞ પરમાત્મા બધું જાણે છે. લોકમાં પણ ગવાય છે કે, ઘોડો ઘણા વેગથી દોડે છે, ઘોડેસ્વાર તેનો વેગ જાણતો નથી. તેવું જ તમારું વર્તન દેખાય છે. જાણતાં છતાં પણ અમારી બધી વાત તમે હાંસીપાત્ર ગણો છો. આથી તમે આવી વણિકકળા ક્યાંથી શીખ્યા ? આથી આવી જાતનો વાણીનો વિસ્તાર તમારા મુખમાં કેમ હોય ? પહેલાં મધુર વચનો બોલી મને વચનપ્રહાર વડે આક્રોશ કરો છો. હું તો સરળ સ્વભાવી છું, જેથી તમારો પ્રપંચ જાણ્યા વિના મારો બધો રાત્રિનો વૃત્તાંત

કહ્યો. બહુ કહેવાથી શું ? આવા પ્રકારની મશ્કરી કરવી તમને યોગ્ય નથી, કારણ કે કોઈ વખત હાંસી કરવાથી કડવાં ફળ થાય છે. મુગ્ધ બુદ્ધિવાળી હું કયાં ? અને વિમળાપુરી કયાં ? ત્યાં રહેલી મને તમે કેવી રીતે જોઈ ? ઘરનો દરવાજો છોડી હું ક્ષણમાત્ર પણ બીજે જતી નથી. તો તમારી રજા સિવાય દૂરના સ્થાનમાં કેવી રીતે જાઉં ? આથી અસત્ય વચન ન બોલવું.'

રાજાએ કહ્યું કે, 'પ્રિયે ! એમાં રોષ ન કર. ઇચ્છા મુજબ ગાયન ગા, સંગીત કર, તેમાં મારો વિરોધ નથી. મેં તો સ્વપ્નમાં આવેલી વાત જણાવી. તેથી તારા મનમાં દુઃખ કેમ થયું ? હંમેશા પાસે રહેવા છતાં તું મારા હસવાના સ્વભાવને જાણતી નથી. મારું સ્વપ્ન ક્યારેય ખોટું હોતું નથી એ સત્ય માન. સરખા સ્વભાવવાળી સાસુ-વહુ મળીને સુખ પડે તેમ મજા કરો. પરંતુ મહેરબાની કરીને તમારે ક્યારેક મને પણ તેવો વિલાસ દેખાડવો. મારાથી શંકા ન કરવી. તમારા કામમાં મારું પણ કામ થશે, જેમ દાળમાં ઢોકળી પણ રંધાઈ જાય છે. આજે જ મેં તને સારી રીતે ઓળખી, આજ સુધી તારો સ્વભાવ મેં સરળ સ્વભાવી જાણ્યો ન હતો. કારણ કે સ્ત્રીનો સ્વભાવ દુઃખે જાણી શકાય છે. કહ્યું છે કે—

**असत्यं साहसं माया, निद्दयत्तमसोयया**
**मुक्खत्तमइलोहत्तं, थीणं दोसा सहावया ॥६॥**

**जलणो घेप्पइ सुहं, पवणो भुयगो वि केणइ नएण ।**
**महिलामणो न घेप्पइ, बहुएहिं नयसहस्सेहिं ॥७॥**

"અસત્ય, સાહસ, માયા, નિર્દયપણું, અપવિત્ર-પણું અને અતિલોભપણું એ સ્ત્રીઓના સ્વાભાવિક દોષો છે." ૬

"અગ્નિ સુખપૂર્વક ગ્રહણ કરાય છે, પવન અને સર્પ પણ કોઈક ઉપાય વડે ગ્રહણ કરાય છે, પરંતુ સ્ત્રીનું મન ઘણા હજાર ઉપાય વડે ગ્રહણ કરાતું નથી." ૭

તેથી શીલવતી નારીએ એ સ્વાભાવિક દોષો હંમેશા ત્યાગ કરવા જોઈએ. પોતાના સ્વામીની સેવા કરવામાં પરાયણ સ્ત્રી લોકમાં વખણાય છે.'

આ પ્રમાણે પોતાના સ્વામીનું વચન સાંભળીને વ્યાકુળ મનવાળી ગુણાવલીએ કહ્યું, 'હે સ્વામી! અપ-રાધ વગરની મને અબળાને શા માટે તર્જના કરો છો? આ વચનોથી તમારો મારી ઉપર સ્નેહ ઓછો થઈ ગયો હોય એમ જણાય છે. આવા પ્રકારનાં વક્ર વચનોથી ઉપહાસ કરી તમે મારાં હાડકાં ભાંગી નાખો છો, અથવા શું કોઈ ખલપુરુષ તમને મળ્યો દેખાય છે કે જેથી મારા અછતા દોષ તમારી આગળ કહ્યા. હે પ્રિય! ક્યારે ય હું ખોટું આચરણ કરતી નથી. હંમેશા તલ-વારની ધાર સરખા વ્રતને ધારણ કરું છું. તો પણ ચાલતા બળદને આર મારે તેમ તમે મને ફોગટ દૂભવો છો. કેટલીક દુરાચારી સ્ત્રીઓ પોતાના સ્વામીને

સૂતા મૂકી પોતાની ઇચ્છા મુજબ ક્રીડા કરે છે, તેવી જાતની તમે મને ન જાણો. મારું વચન ખોટું ન માનો. તમારે પણ સ્નેહરહિત આવાં કર્કશ આકરાં વચન ન બોલવા જોઈએ. પછી તો તમને જે ગમે તે કરો.'

આ પ્રમાણે સાંભળી ચંદ્રરાજાએ મૌન ધારણ કર્યું અને ગુણાવલી પણ મૌન રહી.

તે પછી કેટલાક વિવાહના ચિહ્નથી અંકિત ચંદ્રરાજાના દેહને જોઈ સંશય થવાથી હૃદયમાં વિચારવા લાગી. ખરેખર મારા પતિ કોઈ પણ ઉપાયથી મારી પાછળ વિમલાપુરીમાં જઈને પ્રેમલાલચ્છીને પરણીને અહીં આવ્યા હોય એમ દેખાય છે. અન્યથા આ વાત તે કેવી રીતે જાણે? આ પ્રમાણે નિર્ણય કર્યા છતાં પણ તેણે પોતાના સ્વામી આગળ પોતાની સાચી વાત પ્રગટ ન કરી.

## ગુણાવલીનું વીરમતી પાસે જવું

તે પછી પોતાના પતિને જમાડીને જલદી તે વીરમતીની પાસે આવી. તેની આગળ ચંદ્રરાજાએ કહેલી બધી વાત કહી. 'હે સાસુ! તમને ઠપકો દેવા હું આવી છું. તમારી સાથે એક રાત્રિના ભ્રમણથી મારા પતિ મારી ઉપર ઘણો રોષ પામ્યા છે. કારણ તો તે જ દેખાય છે કે આપણો સઘળો વૃત્તાંત તેમણે જાણી લીધો છે. મારી આગળ તમે પોતાની હોશિયારીનાં ઘણાં વખાણ કર્યાં, પરંતુ તમારા કરતાં મારા સ્વામી વધારે વિદ્યા

જાણે છે એમ ખરેખર જણાય છે. હે માતા ! તે વખતે જે મેં કહ્યું હતું કે, 'જે આ પ્રેમલાલચ્છીને પરણે છે, તે મારા પતિ ચંદ્રરાજા છે,' તે તમે માન્યું નહિ, હમણાં તે મારું વચન સાચું થયું. આ લોકમાં કોઈક સ્ત્રીઓ જો કે કાર્ય કરવામાં કુશળ હોય છે, તો પણ પુરુષોની આગળ તેની કેટલી હોશિયારી ? જો કે સ્ત્રી-જાતિમાં હોશિયારી હોઈ શકે, પરંતુ તે પુરુષો કરતાં ઓછી જ હોય. કોઈ સ્ત્રી પુરુષની તુલનાને પામી શકતી નથી. તેને છેતરવા આપણે મોટો પ્રયોગ કર્યો, તો પણ તેણે પોતાની વિદ્યાથી આપણને બંનેને છેતર્યા. પહેલાં પણ મેં તમને કહ્યું હતું કે સર્વકાળમાં કુશળ મારો સ્વામી કોઈ પણ પ્રકારે ઠગી શકાય એવો નથી. તો પણ ગરીબ એવી મારું કહેવું કોણ સાંભળે ? જેણે યુદ્ધમાં પોતાના પરાક્રમથી શત્રુ-સમૂહને જીતી લીધેલ છે, તે નરોત્તમ વાણિયા વડે કેમ છેતરાય ? હું તો તમારા વચનમાં વિશ્વાસ કરી તમારા માર્ગને અનુસરતી દુઃખનું ભાજન થઈ. આથી વધારે કષ્ટ મને નથી. જે કામ જેને અનુકૂળ હોય તેમાં તેણે પ્રવૃત્તિ કરવી જોઈએ, અન્યથા તે મારા જેવી અવસ્થા અનુભવે. હે સાસુ ! તમારી વિદ્યાઓ તમારી પાસે જ રહો, મારે તેનાથી સર્યું. પોતાનો પ્રભાવ કહી તમારે મારી જેમ બીજા કોઈનું અહિત કરવું નહિ. દેશાંતર જોવાની ઇચ્છાથી મેં પોતાના સ્વામીને પરાઙ્મુખ કર્યો. 'નાસિકાવેધ ઇચ્છતાં કર્ણવેધ કર્યો.' આવું લૌકિક વચન મૂઢબુદ્ધિવાળી મેં સાચું કર્યું.

આજે ય તેમનું વચન મેં કબૂલ કર્યું નથી તો પણ જેણે આપણું જે કામ સાક્ષાત્ જોયું છે તેની આગળ મારું અસત્ય વચન કેટલો વખત ટકે ? આ રીતે તેની આગળ જૂઠું બોલવામાં શું ફાયદો ? તેથી આવી પડેલું કષ્ટ દૂર કરવામાં કઈ જાતનો પ્રતિકાર કરવો, એ સાચું બતાવો.”

## ક્રોધ પામેલી વીરમતીએ ચંદ્રરાજાને કૂકડો કરવો

આ પ્રમાણે ગુણાવલીનાં વચનો સાંભળીને વીરમતી બોલી : “ વહુ ! આ કામમાં તારે કોઈ જાતની ચિંતા ન કરવી, બધું સારું થશે. એનો પ્રતિકાર હું કરીશ ’ એમ કહીને ક્રોધાગ્નિથી બળતા દેહવાળી, નિષ્ઠુર મનવાળી તે હાથમાં તલવાર લઈને તરત ચંદ્રરાજા પાસે ગઈ.

નિર્દય એવી તે અકસ્માત્ તેને જમીન ઉપર પાડી નાંખીને તેની છાતી ઉપર ચઢીને બોલી : ‘ રે દુષ્ટ ! પાપિષ્ઠ ! બોલ, વહુની આગળ તું શું બોલ્યો ? જો અત્યારથી જ તું મારાં છિદ્ર જોવા લાગ્યો છે, તો વૃદ્ધ-પણામાં મારું કેવી રીતે પાલન કરીશ ? મારાથી દેવો પણ શંકા કરે છે, તો તારી કઈ ગણતરી ? જેમ કીડી સુવર્ણ ઉપર ચઢીને અભિમાનવાળી થાય, તેમ તું પણ પોતાને માને છે કે, ‘ હું રાજા છું, મેં રાજ્ય મેળવ્યું છે, બધા મારા આજ્ઞાવર્તી છે.’ આ પ્રમાણે અભિમાન ન કર. પરંતુ આ બધું મેં તને આપ્યું છે, સિદ્ધ વિદ્યા-વાળી હું સમસ્ત રાજ્ય આદિ રક્ષણ કરવા સમર્થ છું.

મારે તારું કામ નથી. તેથી હમણાં તું પોતાના ઇષ્ટ-દેવનું સ્મરણ કર, હવે હું તને જીવતો મૂકીશ નહિ.''

આ પ્રમાણે વિમાતાનાં વચન સાંભળીને ચંદ્રરાજા ભયભ્રાંત ચિત્તવાળો થયો. ભયથી વ્યાકુળ થયેલી દીન-મુખવાળી ગુણાવલી પણ વિનયપૂર્વક બોલી : 'હે મા ! પોતાના પુત્ર ઉપર આવો રોષ કરવો યોગ્ય નથી.

આના એક અપરાધની ક્ષમા આપો, અન્યથા લોકો પણ તમને હાસ્યપાત્ર ગણશે. તમારે આવું અવિચારી અનાર્ય કાર્ય કરવું યુક્ત નથી.

હે માતા ! જ્યાં સુધી હું જીવું છું, ત્યાં સુધી મારું સૌભાગ્ય અખંડ રાખો. હું તમારા પગમાં પ્રણામ કરું છું, મારી ઉપર દયા કરો. હે માતા ! હું તમારા કોપાનલના તેજને સહન કરી શકતી નથી, મારું જ દુર્ભાગ્ય પ્રગટ થયું કે જે આ મારા પતિએ તમારાં છિદ્ર જોયાં. મૂઢમતિવાળી મેં ભવિષ્યનો વિચાર ન કર્યો કે જેથી તમારી આગળ મારા સ્વામીની વાત કરી. હવે મને ઘણો પસ્તાવો થાય છે. હે પૂજ્યા ! પુત્ર ક્યારેક કુપુત્ર થાય પરંતુ માતા કુમાતા ન થાય. આ તમારી આગળ બાળક ગણાય. દુનિયાના વ્યવહારથી શૂન્ય એ કાર્ય-અકાર્ય જાણતા નથી. વળી તમે કાંઈ અનર્થ કરશો તો આ રાજ્યવૈભવ વડે મારે શું ? મારું બધું ય જીવતર નકામું થશે, તેથી કોઈ પણ રીતે મારા પતિને છોડી દઈ મારી ઉપર મહેરબાની કરો. જો તમે મારી ઉપર દયાળુ

હો તો આમને જીવતદાન આપો. એ પણ સમજી જશે, ફરીથી એ પ્રમાણે નહિ કરે. કીડીની ઉપર કટક સૈન્ય મોકલવું ઘટતું નથી. આ તમારા સ્નેહથી લાલન કરાયેલો પુત્ર છે, તમે હોવાથી આ નિશ્ચિંત મનવાળા રહે છે. જે કાંઈ કહેવું હોય તે મને કહો. મારા પતિને છોડી દો.'

આ પ્રમાણે ગુણાવલીનો પ્રલાપ સાંભળી વીરમતી બોલી : 'વહુ ! તત્ત્વને નહિ જાણનારી તું દૂર ખસ. આવી જાતના પુત્ર વડે મારે સર્યું. હું તને સોગન-પૂર્વક કહું છું કે હું એને છોડીશ નહિ. તું લાખ વાર વચન બોલી, તો પણ સાંભળીશ નહિ. તે સોનું શા કામનું કે જેનાથી કાન તૂટે ! આના મનમાં કાંઈ ન થયું કે જેથી તે મારાં જ છિદ્રો જોવા લાગ્યો. આથી એનું ફળ એને આપવા યોગ્ય છે.' એમ કહીને રોષથી લાલ નેત્રવાળી તે ચંદ્રરાજાને ગળા ઉપર તલવાર ચલાવવા લાગી, તેટલામાં ગુણાવલી આંખમાંથી આંસુઓ છોડતી તે બંનેની વચમાં પડી. તે પછી તે સાસુના ગળે વળગી દીનમુખવાળી કહે છે કે, 'હે માતા ! દયા કરીને મને પતિભિક્ષા આપો. જો કે એમણે અવિચારિત કાર્ય કર્યું છે, ફરીથી એ જિંદગી સુધી એવી રીતે કરશે નહિ, અને બીજી વાત એ છે કે એમના વિના આ રાજ્યનું પાલન કોણ કરશે ? '

આ પ્રમાણે ગુણાવલીનાં વચનો સાંભળી દયા ઉત્પન્ન થવાથી તેણે તેનું વચન માન્યું.

ભવિતવ્યતાના યોગે ચંદ્રરાજા ત્યાં કોઈપણ પ્રકારને પ્રતિકાર કરવા અસમર્થ થયો.

એનું જીવિત નકામું કરવા દુષ્ટ વીરમતીએ તેના પગમાં મંત્રિત દોરો બાંધ્યો. તે મંત્રિત દોરાથી તે જ વખતે તે મનુષ્યદેહને છોડીને કૂકડો થઈ ગયો, કારણ કે મણિમંત્ર અને મહૌષધિઓ અચિંત્ય પ્રભાવવાળી હોય છે.

## કૂર્કુટ ભાવને પામેલા ચંદ્રરાજાને જોઈ ગુણાવલીનાં દીનવચનો

હવે કૂકડાપણાને પામેલા પોતાના સ્વામીને જોઈને દીનમુખવાળી તે ગુણાવલી સાસુનાં ચરણોમાં પડીને રોતી દીનવચનો વડે બોલી : 'હે માતા ! તમે આ અનુચિત શું કર્યું ? મારા સ્વામીને વિચાર કર્યા વિના તમે તિર્યંચપણું શા માટે પમાડયો. હે માતા ! મારી ઉપર દયાવાળી થઈને, રોષ છોડી દઈને ફરી એને મનુષ્યપણું પમાડો. આપણા સમર્થ બનેનું રક્ષણ કરનારા એ એક જ છે, બીજો કોઈ આપણા આધારભૂત નથી. આથી કોઈપણ રીતે તમારે એમને બચાવવાનો જ છે. હે પૂજ્યા ! તમે બુદ્ધિ અને વયથી મોટાં છો, હું તો બંને રીતે બાળક છું. તમારી આગળ મારે બોલવું પણ યોગ્ય નથી, તો પણ કૃપા કરીને આમને મનુષ્યરૂપે કરો.'

આ પ્રમાણે ગુણાવલીએ ઘણી પ્રાર્થના કરવા છતાં પણ અત્યંત ક્રોધી તે વીરમતી બોલી. 'હે મુગ્ધા ! હવે

વધારે ન બોલ. નહિ તો ઘણો ગુસ્સો કરાવવાથી તારું પણ અશુભ થશે. આથી તું પણ જો તારા પતિની જાતિને અનુસરવા ઇચ્છતી હોય તો કહે.’ આ પ્રમાણે વીરમતીના ક્રૂર અને કર્કશ અક્ષરો સાંભળીને દીનમુખવાળી તે ઊભી રહી.

વીરમતી પણ એકદમ ત્યાંથી ઊઠીને પોતાને સ્થાને ગઈ.

તે પછી ગુણાવલી વિચારે છે કે, અહો ! ક્ષણમાત્રમાં આ શું થઈ ગયું ? ભાગ્યની ગતિ બલવતી છે, જેથી જગતના લોકો જેમનો યશ ગાય છે તે આ મારો સ્વામી પક્ષીપણું પામ્યો. દૈવની ગતિને અન્યથા કરવા કોણ સમર્થ છે ? કહ્યું છે કે—

जं नयणेहिं न दीसई, हियएण वि जं न चिंतिय कहवि ।
तं तं सिरम्मि निवडई, नरस्स दिव्वे पराहुत्तो ॥८॥
किं कुणेई नरो तत्थ, सूरो वा अह पंडिओ ।
विही जस्स फलं देइ, असुहं रूसिओ जया ॥९॥
न हि भवइ जं न भव्वं, भवइ य भावी विणावि जत्तेण ।
करयलगयमवि नस्सइ, जस्स हि भवियव्वया नत्थि ॥१०॥

“જે નેત્રોથી દેખાતું ન હોય, જે ક્યારેય વિચાર્યું ન હોય, તે તે મનુષ્યને નસીબ અવળું હોય તો મસ્તકે આવી પડે છે.”૮

"જેને રોષ પામેલો વિધાતા–ભાગ્ય જ્યારે અશુભ ફળ આપે ત્યારે શૂર હોય કે પંડિત હોય તો પણ ત્યાં તે માણુસ શું કરી શકે." ૯

"જે ન થવાનું હોય તે થતું નથી, જે થવાનું હોય તે વગર મહેનતે થાય છે. નસીબ ન હોય તો હાથમાં આવેલું પણ નાશ પામે છે." ૧૦

આ પ્રમાણે ભાગ્યવિલાસ સારી રીતે વિચારીને તે પોતાના ખોળામાં કૂકડાને સ્થાપન કરીને તેને હાથ વડે વારંવાર સ્પર્શ કરતી નેત્રમાંથી આંસુની ધાર વડે નવરાવતી બોલી. 'હે સ્વામી! જે મસ્તક ઉપર મણિઓની કાંતિથી દેદીપ્યમાન મુગટ શોભતો હતો, તે મસ્તક ઉપર હમણાં લાલ ચામડાની શિખા છે જે દેહ અમૂલ્ય વસ્ત્રાલંકારોથી શોભતો હતો, તે હમણાં પીંછાંઓના સમૂહથી ઢંકાયેલો દેખાય છે. જે કટી પ્રદેશમાં પહેલાં ખડગરત્ન ધારણ કરતા હતા, તે સ્થાને આજે વક્રપણાને પામેલી શસ્ત્રરૂપ નખની શ્રેણી દેખાય છે. પહેલાં જે સૂર્યોદય વખતે બંદીજનોએ ગાયેલાં સ્તુતિમંગળો વડે શય્યામાંથી જાગતા હતા, તે હમણાં રાત્રિના છેલ્લા પહોરે 'કૂકડુકુ' શબ્દો વડે લોકોને જગાડતા જાગે છે. જે પહેલાં મનગમતું મધુર ભોજન કરતા હતા, હમણાં ઉકરડો જોવામાં તત્પર થાય છે. પ્રથમ જે મનોહર વચન બોલતા હતા તે હવે 'કૂકડુકુ' એવા શબ્દો બોલે છે. જે પહેલાં રત્નમઢિત સિંહાસન ઉપર બેસતા હતા, તે આજે

ઉકરડાની ભૂમિમાં રહે છે. જે પહેલાં સોનાના હીંચકા ઉપર બેઠેલાં પરિવારના સમૂહથી સેવાતા હતા, તે આજે પાંજરાની અંદર લોઢાની સળીનું આલંબન લઈને હીંચકાની ક્રીડાને અનુભવે છે. હે દૈવ ! તેં આ શું કર્યું ? સુકુમાર અંગવાળી મારાથી આ દુઃખ કઈ રીતે સહન કરી શકાશે ?' આ પ્રમાણે વારંવાર વિલાપ કરતી તે મૂર્છા પામી.

તે પછી નજીકમાં રહેલી દાસીઓ વડે શીતળ ઉપચારોથી ચેતના પમાડેલી તેને શાંત કરવા માટે સખીઓ સમજાવે છે. 'હે પ્રિય સખી ! આ બાબતમાં બીજા કોઈનો દોષ નથી. ફક્ત પોતાના કર્મને જ ઠપકો આપવો. તું ફોગટ બીજાને દોષ શા માટે આપે છે ? દુષ્ટ દૈવના દોષથી જ આ અવસ્થા પામ્યા, ત્યાં શું કરવું. અહીં વિમાતાનો કે તારો દોષ નથી. પૂર્વોપાર્જિત કર્મને અન્યથા કરવા કોઈ શક્તિમાન નથી. વિધિએ આલેખેલા ભાવ મિથ્યા થતા નથી. પૂર્વોપાર્જિત કર્મો અવશ્ય ભોગવવાં જોઈએ તીર્થંકર અને ચક્રવર્તીઓ પણ કર્માધીન થઈ પોત-પોતાનાં કર્મો અવશ્ય ભોગવે છે, તો બીજાની કઈ વાત ? જેણે જેવા પ્રકારનું કર્મ કર્યું હોય, તેણે તે પ્રકારે તે કર્મ ભોગવવું જ પડે. તેથી મનમાં સમતાભાવે સર્વ સહન કરવું યોગ્ય છે, કહ્યું છે કે—

**जं चिय विहिणा लिहियं, तं चिय परिणमइ सयललोयस्स ।**
**इय जाणिऊण धीरा, विहुरे वि न कायरा हुंति ॥११॥**

“જે નસીબમાં લખ્યું હોય તે સઘળા લોકને અવશ્ય પરિણમે છે, એમ જાણીને ધીર પુરૂષો સંકટમાં પણ કાયર થતા નથી.” ૧૧

જ્યાં સુધી આ ચંદ્રરાજા કૂકડારૂપે છે ત્યાં સુધી એની ભકિત કરવામાં તત્પર બની સમય પસાર કર. હમણાં મૌન ધારણ કરી કેટલોક સમય તારે રાહ જોવી, અન્યથા તારુ અત્યંત અહિત કરવામાં તત્પર સાસુ અહીં આવીને કાંઈ નવીન કરશે, તેથી હમણાં તારે મૌનપણું ધારણ કરવું ‘કાંઇ પણ થયું નથી’ એમ બતાવી આ કૂકડાનું રક્ષણ કરવું. પૂર્વે કરેલાં કર્મોનો વિપાક પ્રાણીઓને વિષમ હોય છે, એ જિનેશ્વરે કહેલુ સત્ય જણાય છે. વળી તેં સાસુની સાથે સંગત કરી તો આવું અનિષ્ટ ફળ તને પ્રાપ્ત થયું. હમણાં તારો સ્વામી તિર્યંચપણું પામ્યો છે, વીરમતી વિના આ કૂકડાને મનુષ્યરૂપે કરવાની બીજા કોઈની શકિત નથી. જો તું પોતાના સ્વામીને મનુષ્યરૂપધારી જોવા ઈચ્છતી હોય તો તેને જ સેવા વડે પ્રસન્ન કર. આ કૂકડાનું પ્રાણો કરતાં પણ અધિક પાલન કર. સમયાંતરે પ્રસન્ન થયેલી તે મનુષ્યરૂપે કરીને મનોરથ પૂરશે. હમણાં ખેદ કરવાથી સર્યું.’

આ પ્રમાણે સખીજને ઘણું સમજાવવાથી ગુણાવલી ગાઢ નિસાસો નાખીને ધીમે ધીમે શાંત શોકવાળી થઈ કહ્યું છે કે–

कमेण झिज्जए वारिं, कमेण झिज्जए तणू ।
कमेण झिज्जए सोगो, कमायत्तं इमं जगं ॥१२॥

"અનુક્રમે પાણી ક્ષય પામે છે, અનુક્રમે શરીર ક્ષય પામે છે, અનુક્રમે શોક દૂર થાય છે. આ જગત ક્રમને આધીન છે." ૧૨

તે પછી તે કૂકડાને ખોળામાં રાખીને ક્રીડા કરે છે. કયારેક તેને હૃદય ઉપર, કયારેક હથેળીમાં રાખીને લાલન કરે છે. તેવી રીતે પતિભકિતમાં તત્પર થઈ કે કૂતરા–બિલાડા આદિ ક્રૂર પ્રાણીઓથી તેનું રક્ષણ કરે છે. તેની આગળ નવાં નવાં દાડમ વગેરે ફળો મૂકે છે, તે પણ પોતાની પ્રિયાએ આપેલું બધું ઈચ્છા ન હોવા છતાં પણ ખાય છે.

## કૂકડાને લઈને આવેલી ગુણાવલી ઉપર વીરમતીનો કોપ

હવે એક વખત ગુણાવલી તે કૂકડાને લઇને વીરમતીની પાસે જઇને તેને પ્રણામ કરીને લાંબા નિસાસાથી ભરેલા મુખવાળી તેની પાસે બેઠી.

તે વખતે વીરમતીએ તેને કહ્યું કે, 'હે ભોળી! આ દુષ્ટને લઇને મારી પાસે શા માટે આવી? જેનું મોઢું જોવા લાયક નથી એવા આને મારા દૃષ્ટિમાર્ગથી દૂર ખસેડ. હજુ પણ તું આને સ્વામીની દૃષ્ટિથી જુએ છે! તેથી તું લજ્જા વગરની દેખાય છે. હમણાં આ

તિર્યંચપણું પામ્યો છે. આગળ આ કેવી સ્થિતિ અનુભવશે તે તો આગળ જાણીશ, કારણ કે આ મારાં છિદ્ર જોનારો થયો છે તેથી તેનું પુરેપુરું ફળ હું તેને બતાવીશ. આનું મુખ જો, શું આ રાજ્ય કરશે? એના ભાગ્યમાં રાજ્ય નથી. તું જલ્દી ઉભી થા. આને લઈને અહીંથી જલ્દી ખસ. આને તારે પાંજરામાં રાખવો. ક્યારેય ભૂલથી મારી પાસે ન લાવવો.'

તે પછી તરત જ ગુણાવલી કૂકડાને લઈને ત્યાંથી ઉભી થઈ. પોતાના આવાસે આવીને તેને સુવર્ણના પાંજરામાં રાખીને યોગ્ય ઉપચારોથી સેવા કરતી દિવસો પસાર કરે છે. હંમેશા તે સોનાના કચોળામાં જળપાન કરાવે છે. દ્રાક્ષ આદિ સ્વાદિષ્ટ પદાર્થો જમાડે છે. કેસરના પાણીથી તેના પગ ધૂએ છે, વારંવાર પાંજરામાંથી બહાર કાઢી પોતાના ખોળામાં રાખી સ્નેહપૂર્વક બોલે છે કે, 'સ્વામી! પ્રાણજીવન! નાથ! તમને અડધી ક્ષણ પણ હું દૂર કરીશ નહિ, હંમેશા મારા ખોળામાં રાખીશ. સંકટમાં પોતાના સ્વામીનો ત્યાગ કરનાર બીજી સ્ત્રી જેવી હું હલકી નથી, 'હું પક્ષી થયો અને આગળ શું થશે?' એવી ચિંતા તમારે ન કરવી. ધર્મના પ્રભાવે સારું થશે. ધર્મ અનુપમ ફળવાળો છે. કહ્યું છે કે—

धम्मेण कुलपसूई, धम्मेण य दिव्वरूवसंपत्ती ।
धम्मेण धणसमिद्धी, धम्मेण सवित्थरा कित्ती ॥१३॥

धम्मो जीयाण जणओ, धम्मो माया सुओ सुही बंधू ।
भवभमणखिन्नडियाणं, जायइ परमत्थओ ताणं ॥१४॥

"ધર્મ વડે ઉત્તમ કુળમાં જન્મ થાય છે, ધર્મથી દિવ્ય રૂપની પ્રાપ્તિ થાય છે, ધર્મ વડે ધનસમૃદ્ધિ થાય છે, ધર્મ વડે વિસ્તારવાળી કીર્તિ થાય છે." ૧૩

"ધર્મ એ જીવોનો પિતા છે, માતા છે, પુત્ર છે, મિત્ર છે, બંધુ છે. સંસાર ભ્રમણથી દુઃખી થયેલાને ધર્મ પરમાર્થથી રક્ષણરૂપ છે." ૧૪

મહાપુરુષોને વિપત્તિઓ પણ ઘણી હોય છે. ચંદ્ર-સૂર્યનું ગ્રહણ થાય છે, પણ તારાના સમુદાયનું ગ્રહણ થતું નથી. તેથી સત્ત્વ ધારણ કરીને ચિત્તમાં ઉદ્વેગ કરવો નહિ. કહ્યું છે કે—

देवस्स मत्थए पाडिऊण, सव्वं सहंति कापुरिसा ।
देवो वि ताण संकइ, जेसिं तेओ परिप्फुरइ ॥१५॥

"દેવને માથે નાંખીને કાયર પુરુષો સર્વ સહન કરે છે, પણ જેઓનું તેજ સ્ફુરાયમાન હોય છે, તેનાથી દેવ પણ શંકા રાખે છે. ભય પામે છે." ૧૫

માટે હે નણંદના વીર ! હૃદયમાં જિનેશ્વરનું સ્મરણ કરો. પરમપદને આપનાર પંચપરમેષ્ઠી મહામંત્રનું હંમેશા ધ્યાન કરો. કહ્યું છે કે—

पंचनमोक्कारसमा, अंते वच्चंति जस्स दस पाणा ।
सो जइ न जाइ मोक्खं, अवस्स वेमाणिओ होइ ॥१६॥

"અંત સમયે પંચ નમસ્કાર સાથે (નવકાર મંત્રના સ્મરણપૂર્વક) જેના દશ પ્રાણ જાય છે, તે જો મોક્ષમાં ન જાય તો અવશ્ય વૈમાનિક દેવ થાય છે." ૧૯

ઈત્યાદિ વચનો વડે ગુણાવલી કૂર્કુટરાજને આશ્વાસન આપીને પોતાને પણ ધીરજ આપે છે, તે પાંજરાને દેવાલયની જેમ પૂજે છે, ક્ષણવાર પણ દૂર ગયેલી તે પાંખ હલાવતાં તેને જોઈને જલદી ત્યાં આવીને તેનું રક્ષણ કરવામાં તત્પર થાય છે. વારંવાર તેની પાંખોને કરકમલથી સ્પર્શ કરે છે. તેના ગુણો યાદ કરી ચિત્ત પ્રસન્ન કરતી હતી.

## ભિક્ષા માટે આવેલા મુનિરાજનો ઉપદેશ

હવે એક વખત ત્યાં એક મુનિરાજ ભિક્ષા નિમિત્તે આવ્યા. તે મુનિરાજને આવતાં જોઇને ગુણાવલીએ ઘણા સત્કારપૂર્વક દોષરહિત ઉત્તમ મોદક પ્રતિલાભ્યા—વહોરાવ્યા. યોગ્ય ભિક્ષા ગ્રહણ કરીને મુનિએ પાંજરામાં રહેલા કૂકડાને જોઈને ગુણાવલીને પુછ્યું : 'અરે શા માટે અનર્થના કારણભૂત આ પક્ષીબંધન તેં કર્યું છે ? આ પક્ષીએ તારો શો અપરાધ કર્યો છે કે જેથી એને તેં પાંજરામાં નાંખ્યો ? તું એમ સમજે છે કે, 'આ સોનાના પાંજરામાં રહ્યો છે' પરંતુ એ કેદખાનાનું દુઃખ અનુભવે છે, તેથી આ પક્ષીને બંધનમાંથી છોડ. હિંસક પ્રાણીને પાળવા એ જીવવધનું કારણ હોવાથી પરિણામે અનર્થજનક કહ્યું છે. પ્રભાતમાં એનું મુખ જોવું પણ પાપને માટે થાય છે, તેથી આ પ્રમાણે ન કરવું જોઈએ."

આ પ્રમાણે મુનિવરની વાણી સાંભળીને ગુણાવલીએ કહ્યું કે, 'હે મુનિવર! આપે સાચું કહ્યું. પરંતુ આ કૂકડો સાધારણ નથી. આ તો આ રાજમંદિરનો અધિપતિ છે. આ આભાપુરીનો અને મારો નાથ છે. મારી સાસુએ મંત્રબળથી આને કૂકડો કર્યો છે. આનો વૃત્તાંત ઘણો વિસ્તારવાળો છે. તમારી આગળ કેટલો કહું ? પુર્વ-જન્મમાં મેં કાંઈ અશુભ કામ કર્યું હશે કે તેથી હમણાં આવું ફળ મળ્યું. હે મુનિવર ! આથી હું આને પાંજરામાં રાખું છું. આને સામાન્ય કૂકડો માની તમે મને ઉપદેશ આપ્યો, તે તો બરાબર છે, પરંતુ આ કૂકડો મને પ્રાણો કરતાં પણ વધારે વહાલો છે."

મુનિવરે કહ્યું કે. 'શ્રાવિકા ! આ હકીકત ન જાણ-વાથી મેં આને સાધારણ પક્ષી સમજીને તને એ કહ્યું, તારી સાસુએ આ અયોગ્ય કર્યું છે. ચંદ્રરાજ ચંદ્રની જેમ આનંદ આપનાર છે. જગતમાં એવો કોઈ બીજો રાજા નથી, તો પણ એની આવી અવસ્થા થઈ. ખરેખર કર્મની ગતિ વિચિત્ર છે, તો પણ તારે આ બાબતમાં રોષ અને ખેદ દૂર કરી ધર્માચરણ કરવું. રોવાનું છોડી દેવું. તારા શીલના પ્રભાવથી શુભ થશે. કર્મોની આગળ કોઈનું બળ ચાલતું નથી. જો જગતમાં પ્રસિદ્ધ સૂર્ય, ચંદ્ર, હરિ, હર અને ઇંદ્ર વગેરે પણ કર્મને વશ બની ચડતી-પડતી પામે છે, તો બીજાની કઈ ગણતરી ? કર્મ વડે જે કરાય છે, તે અન્યથા કરવા માટે બીજો કોઈ

સમર્થ નથી, તેથી ખેદનો ત્યાગ કરી મનવાંછિતની સિદ્ધિ માટે ધર્મારાધનમાં ચિત્ત આપવું. કહ્યું છે કે—

जाचऽन्नं चिंतिज्जइ, पयत्थजायं असासयमसारं ।
ताव वरं चिंतिज्जइ, धम्मोच्चिय सुहयरो बंधू ॥१७॥
जाव न दुक्खं पत्तो, पियबंधवविरहिओ य नो जाओ ।
जीवो धम्मक्खाणं, भावेण न गिण्हए ताव ॥१८॥
ता पयायं पमोत्तूणं, कायव्वो होइ सव्वहा ।
उज्जमो चेव धम्मम्मि, सव्वसोक्खाण कारणे ॥१९॥

“જો બીજા અશાશ્વત અને અસાર પદાર્થના સમૂહનું ચિંતન કરાય તો તેના કરતાં ધર્મનું ચિંતન કરવું એ જ શ્રેષ્ઠ છે, ધર્મ એ સુખને આપનાર બંધુ છે.” ૧૭

“જ્યાં સુધી દુઃખ ન પામ્યો હોય, પ્રિય બંધુ-જનથી રહિત ન થયો હોય ત્યાં સુધી જીવભાવથી ધર્મની વાત ગ્રહણ કરતો નથી.” ૧૮

“તેથી પ્રમાદનો ત્યાગ કરી સર્વ પ્રકારે સર્વ સુખના કારણ એવા ધર્મમાં ઉદ્યમ કરવો.” ૧૯

આ હિતશિક્ષા હૃદયમાં હંમેશા ધારણ કરવી.’ એમ કહીને મુનિવરે બીજે સ્થાને વિહાર કર્યો.

## કુકડાનું રક્ષણ કરતાં ગુણાવલીનાં કરુણ વચનો

તે પછી ગુણાવલી મુનિરાજનાં વચનોને યાદ કરતી વિશેષપણે ધર્મારાધન કરે છે. કૂકડાનું સ્નેહપુર્વક રક્ષણ

કરે છે. પોતે અજ્ઞાનથી કરેલાં અકાર્યને યાદ કરીને ક્યારેક પશ્ચાત્તાપ કરે છે.

હવે કૂકડારૂપે થયેલો ચંદ્રરાજા પ્રાતઃકાળને સૂચવતો 'કૂકડુકુ' કરીને અવાજ કરે છે, તે વખતે ગુણાવલી જલદી જાગે છે. 'કૂકડુકુ' એ પ્રમાણે શબ્દ કરતા પોતાના પ્રિયને જોઈ આંખમાંથી આંસુની ધાર છોડતી દુઃખિત હૃદયે બોલી: 'હે નાથ! આવી જાતનો શબ્દ કરતાં તમારા મનમાં દુઃખ ન થાય, પરંતુ તમારો શબ્દ સાંભળતાં મારું હૃદય વજ્રથી હણાયું હોય તેમ બે ભાગમાં ચીરાઇ જાય છે. હે પ્રિય! પહેલાં તો તમે કુકડાનો અવાજ સાંભળી હંમેશાં નિદ્રારહિત થતા હતા, હમણાં તમે જ તે અવાજો વડે લોકોને જગાડો છો. અરેરે! દુષ્ટદેવે શું કર્યું? દેવને ધિક્કાર હો. જેણે આ મહારાજાને પણ આવી અવસ્થા પમાડી. હે સ્વામી! તમારા અવાજ સાંભળીને ક્યારેક તમારી વિમાતા ઘણો આનંદ પામે છે, પણ તે જ શબ્દો સાંભળતાં મારું હૃદય બાણ વડે જાણે ભેદાય છે. આથી ફરી આવા શબ્દો બોલશો નહિ." આ પ્રમાણે ગુણાવલીનાં વચનો સાંભળીને તેનો અભિપ્રાય સારી રીતે જાણવા છતાં પણ તિર્યંચભાવને પામેલો કૂકડો પ્રત્યુત્તર આપતો નથી.

### કુકડાને જોઈ નગરજનોનો વાર્તાલાપ

હવે એક વખત પાંજરામાં રહેલા કુકડાને લઈ ગુણાવલી પોતાના પ્રાસાદના ગોખમાં બેસીને સમય પસાર

કરે છે, તે વખતે ગોખની નીચે ગમનાગમન કરતા નગરજનોને કુકડાએ જોયા. તેઓએ પણ તેને જોયો. તેથી તે પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા. નગરજનોની વાત સાંભળતો કૂકડો ગુણાવલી તરફ જુએ છે. એક-બીજાના ભાવ સમજી તે બંને આંખોમાંથી આંસુની ધાર થવાથી ભીંજાયેલા શરીરવાળા થયા. લોકો પણ પરસ્પર કહે છે, 'અરે આપણા સ્વામી ચંદ્રરાજા ઘણા દિવસથી કેમ દેખાતા નથી? ચંદ્ર વગરના આકાશની જેમ ચંદ્રરાજા વિના આ નગરી નગરજનોનાં નેત્રને આનંદ આપતી નથી.' ત્યારે બીજો કોઇ તેની પાસે જઈ કાનમાં કહે છે કે, 'હે ભાઇ! શું તું જાણતો નથી? એની વિમાતા વીરમતીએ ચંદ્રરાજાને કૂકડો બનાવી દીધો છે, તેથી આપણું એવું પુણ્ય કયાંથી કે જેથી ચંદ્રરાજાને જોઇએ! વિમાતાનું આ દુશ્ચરિત્ર જુઓ, જેણે પોતાના પુત્રની પણ આવી અવસ્થા કરી.'

આ પ્રમાણે વીરમતીની નિંદા કરતા નગરલોકો ચંદ્રરાજાની સ્તુતિ કરતા હતા. અનુક્રમે તે વાત પરંપરાએ આખાય નગરમાં પ્રસિદ્ધ થઈ, કારણ કે લોકોના મોઢે ગરણું બંધાતું નથી.

આ પ્રમાણે અનેક સ્વરૂપે નગરલોકનાં વચન સાંભળીને ચંદ્રરાજા ઘણો ઉદ્વેગ પામ્યો.

તે વખતે રાજમાર્ગે જતાં નગરીના લોકો ઊંચે રાજમંદિરના ગવાક્ષને જોતાં ગુણાવલીના ખોળામાં સુવર્ણ-

પિંજરમાં રહેલા કુકડાને જોઇને આ જ ચંદ્રરાજા છે' એમ જાણીને તેને પ્રણામ કરે છે. આ જોઇને કૂકડો આંખોમાંથી આંસુ છોડે છે.

તે પછી વીરમતી આ વૃત્તાંત જાણીને ત્યાં આવીને કોપથી લાલ નેત્રવાળી થઈને ગુણાવલીને ઉપાલંભપૂર્વક કહે છે કે, “હે મૂર્ખી ! જો તું આનું જીવતર ઈચ્છતી હો તો આજથી માંડીને પાંજરૂં લઈને કયારેય તારે ગોખના ભાગમાં ન બેસવું. હે ભોળી ! શું તુ નથી જાણતી કે ગુપ્ત વાત યત્નપૂર્વક છુપાવવી જોઇએ. તું ગુપ્ત વાત પ્રકાશવાનું ફળ શું જાણતી નથી ? આથી પોતાનો ગોળ પોતે જ ગુપ્તપણે ખાવો. બીજો જાણે તો તેનું સારૂં પરિણામ ન થાય. તો પણ મેં તારો એક અપરાધ માફ કર્યો છે. ફરીથી આ પ્રમાણે કરીશ તો હું સહન કરીશ નહિ. મારા જેવી ક્રુર સ્વભાવવાળી બીજી કોઈ નથી. મારી વિરૂદ્ધ વર્તવાથી તારૂં કોઈ કામ સિદ્ધ થશે નહિ. દાવાનળ બળતો હોય ત્યારે તેને શાંત કરવા માટે કોગળાનું પાણી કેટલું કાર્ય સાધી શકે ! જો તને આ ઘણો વહાલો છે તો એને વિવિધ અલંકારો વડે શણગાર, તેની સાથે ક્રીડા કર, તેને મિષ્ટાન્ન વડે જમાડ, પરંતુ તેને લઈને ગોખમાં રહેવું નહિ ‘કૂકડાપણાને પામેલો આ ચંદ્રરાજા છે' એમ કોઈની આગળ તારે પ્રકાશવું નહિ. જેવી રીતે એને નગરલોકો ન જુએ તેમ તારે કરવું.”

આ પ્રમાણે તેને કહીને વીરમતી ત્યાંથી ચાલી ગઈ

ગુણાવતી તેનું વચન માન્ય કરી હાથમાં પાંજરૂં લઈ ગોખમાંથી તરત ઉઠી પ્રાસાદની અંદર ગઈ. ત્યાં રહીને તે હંમેશા નવાં નવાં આભરણોથી તેને શણગારતી, તેનું શરીર નિર્મળ કરતી, પ્રમાદરહિત થઈને તેનું પાલન કરતી, સેવાપરાયણ બની દિવસો પસાર કરવા લાગી.

આ લોકમાં સર્વે આશારૂપી પાશમાં બંધાયેલા જીવનનિર્વાહ કરે છે. આશાને આધીન આખુ વિશ્વ વર્તે છે. દુઃખીના દિવસો પણ આશા વડે જાય છે. આશાથી બંધાયેલ ચાતક પક્ષી આઠ માસે પણ પાણીનું ટીપું મેળવે છે. ગુણાવલી પણ પોતે એમ વિચારે છે કે, 'એવી જાતનો સારો દિવસ કયારેક આવશે કે જે દિવસે અમારા સ્વામીને મનુષ્યભાવ પામેલો જોઈશું.' આ પ્રમાણે આશારૂપી. તાંતણામાં બંધાયેલા મનવાળી તે દિવસો પસાર કરતી હતી. કહ્યું છે કે–

आसा न ाम मणूसाणं, काई अच्छेरसिंखला ।
जीए बद्धा हि धावंति, मुत्ता पंगुव्व ठाइरे ॥२०॥

"આશા એ મનુષ્યોને માટે કોઈ આશ્ચર્યકારી સાંકળ છે, જેનાથી બંધાયેલા દોડે છે અને તેનાથી છૂટેલા પાંગળાની જેમ ઉભા રહે છે" ૨૦

આ પ્રમાણે આશાથી સમય પસાર કરતી અને વીરમતીની આજ્ઞાનું પાલન કરતી તે ગુણાવલી કયારેક તે વીરમતીની સાથે આમ્રવૃક્ષ ઉપર ચઢીને કૌતૂક જોવા

માટે દેશાંતર જાય છે. ત્યાં અનેક પ્રકારનાં આશ્ચર્યો જુએ છે. પાંજરામાં રહેલા કૂકડાને પણ પોતાની સાથે જ લઈ જાય છે. ક્ષણવાર પણ તેના વિયોગને તે સહન કરતી નથી. આ પ્રમાણે સાસુથી અનિષ્ટની શંકા કરતી અને ભય પામતી એવી તે ગુણાવલી પ્રમાદરહિતપણે સાસુની પણ સેવા કરતી પોતાની કાર્યસિદ્ધિ માટે વિશેષપણે તપ-જપ-ધ્યાન આદિ ધર્મકૃત્યો કરે છે. કહ્યું છે કે—

जइ वि हु विसमो कालो, विसमा देसा निवाइआ विसमा ।
तह वि हु धम्मपराणं, सिज्झइ कज्जं न संदेहो ॥२१॥

"જો કે કાળ વિષમ છે, દેશ વિષમ છે, રાજા આદી વિષમ છે, તો પણ ધર્મમાં તત્પર પુરુષોનાં કાર્યો સિદ્ધ થાય છે, એમાં સંદેહ નથી." ૨૧

## હિંસકમંત્રીની કપટરચના
## પ્રેમલાલચ્છીએ કરેલ કનકધ્વજનું અપમાન

આ તરફ પ્રેમલાલચ્છીને પરણ્યા પછી કાંઈક બહાનું કરીને ચંદ્રરાજા સિંહલરાજના મહેલમાંથી નીકળી ગયો, તે વખતે તેની પાછળ જતી પ્રેમલાલચ્છીને જોઈને હિંસક-મંત્રી તેની પાસે આવીને તેને અટકાવે છે. પ્રિયનો વિરહ સહન ન થવા છતાં સાસરાને ઘરે પ્રથમ આવવાથી લજ્જા ધારણ કરતી તે પાછી ફરી.

તે પછી તે મનમાં આ પ્રમાણે વિચાર કરે છે કે, 'ખરેખર, મારો પ્રિય છળ કરીને બીજે ગયો જણાય છે.

કેટલોક વખત વીતી જવા છતાં પોતાનો વલ્લભ ન આવ્યો, તેથી તે પોતાના મનમાં વિચારવા લાગી કે. કોઈક ઉત્તમ પુરુષ ઈન્દ્રજાલિકની પેઠે ક્ષણવાર નેત્રને આનંદ અને ચિત્તને ખેદ આપીને અદૃશ્ય થયો છે. અહો, આ વિમલાપુરીમાં સોળ કળાથી પરિપૂર્ણ ચંદ્ર ઊગ્યો અને અસ્ત પામ્યો. તેણે સંકેત કર્યા છતાં પણ મૂઢબુદ્ધિવાળી હું ન સમજી શકી.'

આ પ્રમાણે તે વિચારતી હતી તે વખતે તેની પાસે હિંસકમંત્રીએ કનકધ્વજકુમારને મોકલ્યો. તે પણ હર્ષ ધારણ કરતો પ્રેમલાલચ્છીના એકાંતગૃહમાં આવ્યો.

દૂરથી આવતા પુરૂષને જોઈને પોતાના પતિના ભ્રમથી તે એકદમ આસન છોડી તેની સામે ગઈ. પોતાના પતિને ન જોવાથી વિલક્ષ્ય મનવાળી તેણે તેને પુછ્યું: 'તું કોણ છે? કયાંથી આવ્યો? અજાણતાં અહીં આવ્યો દેખાય છે. આ તારું ઘર નથી. તું ભ્રાંતિ પામ્યો છે, તેથી અહીંથી જલ્દી ચાલ્યો જા. તારે અહીં ઊભું રહેવું નહિ!'

આ પ્રમાણે પ્રેમલાલચ્છીનાં વચન સાંભળીને કનકધ્વજ કહે છે કે, 'હે સુંદરી! હું ભ્રાંતિ પામ્યો નથી. ક્ષણમાત્રમાં શું તું ભૂલી ગઈ? હમણાં જ પરણેલા પતિને તેં ન ઓળખ્યો? આવી રીતે કરવાથી તને આગળ શું થશે? તું અનુપમ રૂપસંપત્તિવાળી હોવા છતાં તારામાં હોશિયારી દેખાતી નથી, કે જેથી ઘરે આવેલા પોતાના

સ્વામીને પણ ઓળખતી નથી!' આ પ્રમાણે બોલતો કપટકળામાં કુશળ એવો તે પલંગ ઉપર બેઠો.

આથી પ્રેમલાલચ્છી વાઘથી ત્રાસ પામતી ગાયની જેમ દૂર જઈ ઊભી રહી, કારણ કે જેમ ઉત્તમ પુષ્પનો દેવના મસ્તક ઉપર વાસ થાય અથવા વનમાં વિનાશ થાય એમ બે જ ગતિ થાય છે, તેમ શીલવતી સ્ત્રીઓના દેહને પતિ અગર અગ્નિ જ સ્પર્શ કરી શકે, તેની ત્રીજી ગતિ થતી નથી.

દૂર ઊભેલી તેને જોઈને કનકધ્વજ બોલ્યો: 'હે ચંદ્રમુખી! તું દૂર કેમ ઊભી છે? અહીં નજીક આવીને બેસ. મારી સાથે હાસ્યવિનોદ કર. લાંબા કાળ સુધી ક્રીડાવિલાસ વડે નવયૌવનને સફળ કર. આપણો અનુપમ યોગ નસીબે કર્યો છે, તેને કૃતાર્થ કર. આ યૌવનની શોભા ચિરકાળ રહેશે નહિ. પહેલા જ સમાગમમાં આ પ્રમાણે વિપરીત મનવાળી કેમ થઈ ગઈ? આપણો સંયોગ અનુચિત નથી. કારણ કે તું સોરઠના રાજાની પુત્રી છે અને હું સિંહલરાજાનો પુત્ર છું. આવા યોગ પૂર્વના પુણ્યથી જ થયો છે.' એમ બોલતો એકદમ ઊઠીને તેણીના હાથને જેટલામાં પકડે છે તેટલામાં તે કઠોર વચનોથી તેને તર્જના કરીને બોલી: 'અરે પાપિષ્ઠ! મારા દેહને અડક નહિ, દૂર ખસ. ફૂટેલા ઢોલ સરખો તું દેખાય છે. જન્મથી માંડીને કોઢના રોગથી દૂષિત

હોવા છતાં તને ભોંયરામાં શા માટે રાખ્યો ? તારી જેવા પુત્રને જન્મ આપતાં તારી માતા પણ કેમ લજ્જા ન પામી ? તું મારો સ્વામી નથી. હમણાં જ અહીંથી ચાલ્યો જા. મોતીની માળાને ધારણ કરવાની ઇચ્છાવાળા મૂર્ખ એવા તારી ઇષ્ટસિદ્ધિ થશે નહિ. આ પલંગ ઉપર બેસવા માત્રથી તું મારો સ્વામી નહિ થઈ શકે. સુવર્ણ-કળશથી વિભૂષિત દેવમંદિરના શિખર ઉપર ચઢવા છતાં કાગડો મોરની શોભાને પામતો નથી. અરે મૂર્ખશેખર ! દિવ્યરૂપવાળી મને મેળવવા ઇચ્છે છે, પરંતુ પહેલાં તું તારા શરીરને જો. તને આવી ઇચ્છા કેમ થઈ ? '

આ પ્રમાણે વિવાદ કરતાં તેઓની આગળ કપિલા નામની કુમારની ધાવમાતા આવીને બોલી : " હે સુંદરી ! આ પ્રમાણે તું અયુક્ત આચરણ કેમ કરે છે ? પોતાના સ્વામીની સેવા કર, દૂર કેમ ઊભી છે ? આ જ તારો સ્વામી છે, એની સાથે પલંગમાં બેસ. મારાથી લજ્જા ન રાખવી. ઇચ્છા મુજબ એની સાથે ક્રીડા કર. પોતાના પતિના વચનનું અપમાન ન કર. ' આ મારો પતિ નથી ' એમ શંકા નકર."

આ પ્રમાણે કપિલાનાં વચન સાંભળીને કોપસહિત પ્રેમલાલચ્છી કહે છે કે, ' તું વૃદ્ધ છે, તારું મોઢું પણ દાંત વગરનું છે, આથી વિચારીને બોલ. જૂઠ બોલવાથી કોઈ કાર્યસિદ્ધિ થશે નહિ. કહ્યું છે કે—

**सच्चेण तवए सूरो, सच्चेण चिट्ठए धरा ।**
**सच्चेण पवणो वाइ, सव्वं सच्चे पइट्ठियं ॥२२॥**

"સત્યથી સૂર્ય તપે છે, સત્યથી પૃથ્વી સ્થિર રહે છે, સત્યથી પવન વાય છે, સત્યમાં સર્વ રહેલું છે." ૨૨

અસત્ય બોલવાથી તારી ચતુરાઈ જાણી, તો પણ સતી સ્ત્રી એવી રીતે છેતરાય નહિ. પ્રાણાંતે પણ સતી સ્ત્રી પોતાના શીલવ્રતને ભાંગે નહિ. કહ્યું છે કે—

**किवणाण धणं नागाणं च मणी केसरा य सीहाणं ।**
**कुलबालिगाण सीलं, गिज्झइ कत्तो हि अमुआणं ॥२३॥**

"કૃપણોનું ધન, સર્પનો મણિ, સિંહની કેસરા અને કુળબાલિકાનું શીલ જીવતાં થકાં કઈ રીતે ગ્રહણ કરાય ? અર્થાત્ લઈ શકાય નહિ." ૨૩

આ પ્રમાણે પ્રેમલાલચ્છીનું વચન સાંભળી, ક્ષોભ પામી કપિલા તે વખતે પ્રાતઃકાળ થવાથી બહાર આવીને પોકાર કરે છે કે, 'અરે લોકો ! દોડો દોડો. કોઈ ભણેલા વૈદ્યને બોલાવો. અમારો રાજકુમાર નવી પરણેલી રાજકુમારીના સ્પર્શ માત્રથી કુષ્ટિ થઈ ગયો છે.' એમ કહીને નેત્રમાં આંસુ લાવી છાતી કૂટતી તે રોવા લાગી.

તે વખતે સ્ત્રીસહિત સિંહલરાજા હિંસકમંત્રી સાથે દોડતો ત્યાં આવ્યો. વિસ્મય પામ્યા હોય તેમ તે બધા હાહારવ કરવા લાગ્યા. કુમારની માતા ઉચ્ચ સ્વરે

રોતી માયાપૂર્વક બોલે છે કે, 'હે પુત્ર! તારા શરીરે શું થયું? ખરેખર આ વિષકન્યા જણાય છે.'

કુમારના પિતાએ પણ કહ્યું કે, 'હે પુત્ર! તારી રૂપશોભા જોવા માટે દેશાંતરથી લોકો આવ્યા, તારું તેવું રૂપ ક્યાં ગયું? આ રાજકન્યા તને પૂર્વભવની વૈરી થઈ. મારું નસીબ ફૂટયું કે મેં અજાણતા આ દોષિત કન્યા સાથે તને પરણાવ્યો. હવે હું શું કરું? ક્યાં જાઉં? અરે....રે, હું નસીબથી ઠગાયો.'

આ પ્રમાણે તેઓના કૂટપ્રપંચથી ભરેલાં વચનો સાંભળીને પ્રેમલાલચ્છી મૌનભાવ ધારણ કરી વિચારે છે કે, 'હમણાં ધીરતા ધારણ કરવી, કોઈ ઉપાય નથી. આ માયાવીઓની આગળ મારું સાચું વચન પણ કોઈ સાંભળશે નહિ, તેથી સમયની રાહ જોવી એ જ યોગ્ય છે.' કહ્યું છે કે—

**कालो समविसमकरो, परिभवसम्माणकारमो कालो ।**
**कालो कुणेइ पुरिसं, दायारं भिक्खुगं च कया ॥२४॥**

"કાળ એ સમ-વિષમ કરનારો છે, પરભવ અને સન્માન કરાવનારો પણ કાળ છે, કાળ ક્યારેક પુરુષને ભિખારી અને ક્યારેક દાતાર કરે છે." ૨૪

## હિંસકમંત્રીએ પ્રેમલાલચ્છીને વિષકન્યાનું કલંક આપવું

ક્ષણવારમાં આ વાત ચારે તરફ ફેલાઈ ગઈ. તે

સાંભળી પ્રેમલાલચ્છીનો પિતા ત્યાં એકદમ આવ્યો. જમાઈને કુષ્ઠરોગથી ભરેલો જોઈને ખેદ પામી. સરળ એવો રાજા તેઓના પ્રપંચને નહીં જાણવાથી રુદન કરતા તે બધાને આશ્વાસન આપે છે.

તે વખતે હિંસક બોલ્યો કે, 'હે રાજન! હું અહીં શું બોલું? અહીં જે થયું તે જણાવવા હું સમર્થ નથી. દેશાંતર રહેનારા અમારી વાત કોણ સાચી માને? તો પણ કહું છું કે, રૂપથી કામદેવને જીતનારા આ કુમારને તમે જોયો હતો. દિવ્ય રૂપવાળો તે સર્વ લોકોના વખાણને પાત્ર હતો. હમણાં અમારું મોટું દુર્ભાગ્ય જાગ્યું કે, અમે તેને અહીં લાવ્યા. હે રાજા! તમારી પુત્રીના સ્પર્શથી આ કુમાર એકદમ કુષ્ઠી થયો. આ તમારી મોતીની છીપ જેવી પુત્રીને તમારા ઘરમાં રાખવી. હમણાં દયા કરીને તેને તમારે ઘરે લઈ જાઓ. અમારે તેનું કામ નથી. એના સંસર્ગથી અમારું પુરુષ-રત્ન વિનાશ પામ્યું.' તે પછી બધાની સામે કહે છે કે, 'અમારું અહિત કરનારી આ પ્રત્યક્ષ વિષકન્યા દેખાય છે, તેથી આનાથી સર્યું.'

આ પ્રમાણે મંત્રીએ કહેલ વચન સાચું માની મકરધ્વજરાજા પોતાની પુત્રી ઉપર અત્યંત ક્રોધ કરતો તેને મારવા દોડયો.

રાજાઓ કાન વગરના હોય છે, તેઓને કોઈ પ્રિય હોતું નથી. કહ્યું છે કે—

कागे सोअं मज्जवे तत्तचिंता,
कीवे धिज्जं थीसु कामोवसंती ।
सप्पे संती जूयगारे य सच्चं,
राया मित्तं केण दिट्ठं सुयं वा ॥२५॥

'કાગડામાં પવિત્રતા, દારૂ પીનારમાં તત્ત્વની વિચારણા, નપુંસકમાં ધીરજ, સ્ત્રીઓમાં કામનું ઉપશમન, સર્પમાં શાંતિ, જુગારીમાં સત્ય અને રાજા મિત્ર કોણે જોયો કે સાંભળ્યો, અર્થાત્ હોઈ શકે નહિ.' ૨૫

તે પછી રાજાને ક્રોધ પામેલો જાણીને કનકધ્વજ ઊભો થઈને તેનો હાથ પકડીને બોલ્યો કે, 'તમે કોપ દૂર કરો. આ કામમાં કોઈનો દોષ નથી. મારા જ પાપકર્મનો આ દોષ છે, તેથી રોષ છોડો, સ્ત્રીહત્યા મહાપાપ છે, આથી સ્ત્રીઘાતથી અટકો.' એ પ્રમાણે પ્રાર્થના કરતો મકરધ્વજરાજાને આશ્વાસન આપવા લાગ્યો.

તે પછી કોપરહિત થયેલો રાજા કનકધ્વજને કહે છે: 'કુમાર તારા વચનથી આને જીવિતદાન આપું છું, અન્યથા હમણાં જ આને મારી નાંખત.' એમ કહીને મકરધ્વજરાજાએ પોતાના આવાસે આવી સુબુદ્ધિ નામના પોતાના મંત્રીને બોલાવીને બધી વાત જણાવી.

ફરીથી તેણે કહ્યું કે, 'હે મંત્રી! ચીભડીમાંથી અગ્નિજ્વાળા ઊઠી, જેથી આ પુત્રી વિષકન્યા થઈ. જેના સ્પર્શમાત્રથી જમાઈ કુષ્ઠી થયો. આ દુર્ભાગી કન્યા અમારા કુળમાં ક્યાંથી ઉત્પન્ન થઈ?'

બધી વાત સાંભળીને બુદ્ધિમાન સુબુદ્ધિમંત્રી કહે છે કે, 'હે રાજન! તમે ભ્રમિત ચિત્તવાળા કેમ થયા છો? તે વર પૂર્વે મેં જોયો છે. જન્મથી તે કુષ્ઠી છે એ નક્કી જાણો. હમણાં આ ઉપદ્રવ થયો એમ કેમ માની શકાય? તેનું શરીર તો અત્યંત દુર્ગંધમય દેખાય છે. તે એક જ રાત્રિમાં એવો કેમ થાય? આથી તેઓના કૂટપ્રપંચનો આ વ્યવહાર જણાય છે. તમારી પુત્રી સર્વથા દોષરહિત છે.'

એ પ્રમાણે બહુ પ્રકારે સમજાવ્યા છતાં પણ રાજા શાંત ન થયો. ત્યારે ફરીથી તેણે કહ્યું કે, 'રાજા! જે તમને ગમે તે કરો, પરંતુ તમને પાછળથી અવશ્ય પસ્તાવો થશે.'

## પ્રેમલાલચ્છીનો વધ કરવા માટે તેના પિતાએ ચંડાળોને સોંપી

એ પછી પ્રેમલાલચ્છી પોતાની માતા પાસે આવી, દુર્ભાગ્યના યોગે માતાએ પણ તેને વિષકન્યા જાણીને પ્રસન્ન દૃષ્ટિથી ન જોઈ. સન્માન આપવું તો દૂર રહ્યું, પણ તેને કાંઈ પૂછ્યું પણ નહિ. કહ્યું છે કે—

**देव्वे विमुहयं गए, नत्थि को वि सहेज्जगो।**
**पिया माया तहा भज्जा, बंधवो वा सहोयरो ॥२६॥**

"ભાગ્ય અવળું હોય ત્યારે માતા, પિતા, સ્ત્રી, બાંધવ કે પુત્ર કોઈ સહાયક થતા નથી." ૨૬

હવે કોપ પામેલો મકરધ્વજરાજા પોતાના સેવકો મારફત ચંડાળોને બોલાવે છે. કોપાધ માણસ બુદ્ધિશાળી હોય તો પણ કાર્ય-અકાર્ય જાણતો નથી. કોપરૂપી શત્રુ સર્વનો વિનાશ કરનાર થાય છે. કહ્યું છે કે—

**कोवो मूलं अणत्थाणं, कोवो संसारवड्ढणो ।**
**धम्मक्खयकरो कोवो, तम्हा कोवं विवज्जए ॥२७॥**

"કોપ એ અનર્થોનું મૂળ છે, કોપ એ સંસારને વધારનારો છે, કોપ એ ધર્મનો નાશ કરનાર છે, તેથી કોપનો ત્યાગ કરવો જોઈએ." ૨૭

તે ચંડાળો રાજાને પ્રણામ કરીને અંજલિ જોડી તેના હુકમને ઇચ્છતા આગળ ઊભા રહ્યા.

રાજાએ તેઓને કહ્યું કે, 'આ મારી પુત્રી વધ કરવા યોગ્ય છે. એને વધસ્થાને લઈ જઈને મારી નાખો. વિલંબ ન કરો.'

તે પછી તે ચંડાળો રાજપુત્રીને લઈને ચાલ્યા. તે વખતે રાજાના હૃદયમાં થોડી પણ દયા ન થઈ. પુત્રીની વાત પણ ન સાંભળી. મંત્રીએ બહુ પ્રકારે સમજાવ્યા છતાં પણ રાજાએ પોતાનો કદાગ્રહ ન મૂક્યો.

## નગરજનોની વિનંતીનો રાજાએ કરેલ અનાદર

ચંડાળો પણ રાજપુત્રીને આગળ કરીને માર્ગમાં ચાલ્યા. તે વખતે રાજકન્યાની હકીકત જાણી નગરજનો ભેગા થઈને ચંડાળોને અટકાવી રાજપુત્રીને લઈને

રાજાની આગળ ગયા અને કહેવા લાગ્યા કે, ‘ હે મહારાજા ! આપ વગરવિચાર્યું કામ કેમ કરો છો. જમાઈ કુષ્ઠી થયો તેમાં કુમારીનો કયો દોષ ? પોતે કરેલ શુભ કે અશુભ કર્મ પોતે જ ભોગવવું જોઈએ, બીજો તો ફક્ત નિમિત્તમાત્ર થાય છે. આથી કૃપા કરીને કુમારીને જીવિત-દાન આપો. તેનો અપરાધ ક્ષમા કરો. અપરાધ કર્યો હોય તો પણ પોતાના બાળકનું અવશ્ય પાલન કરવું જોઈએ. એના ઉપર આવો કોપ ન કરવો જોઈએ. વળી પરદેશી અને દુર્જનોનાં વચનો ઉપર એકદમ વિશ્વાસ ન કરવો જોઈએ.’

આ પ્રમાણે મહાજનોએ સમજાવ્યા છતાં પણ ક્રોધરૂપી સર્પથી દંશ પામેલો રાજા કદાગ્રહથી અટક્યો નહિ. તેથી તે બધા નિરાશ થઈને પોત-પોતાના સ્થાને ગયા.

રાજાએ ચંડાળોને કહ્યું કે, ‘ તમે શા માટે મારી આજ્ઞાનો વિલંબ કરો છો ? જલદી આ વિષકન્યાનો ઘાત કરો.’ રાજાનો આદેશ પામી તે ચંડાળો પ્રેમલાલચ્છીને વધભૂમિ તરફ લઈ ગયા.

તે વખતે આખી નગરીમાં હાહાકાર થયો. કરમાયેલા મુખવાળા નગરજનો તેના દુઃખથી દુઃખી થઈ કહે છે કે, ‘રાજા વગરવિચાર્યું કામ કરે છે, તેને કોણ અટકાવે ? ’

## વધસ્થાને લાવેલી પ્રેમલાલચ્છી અને ચંડાળોનો વાર્તાલાપ

તે ચંડાળો વધભૂમિએ જઈને તેને વધસ્થાનમાં બેસાડીને તેઓમાંનો એક તલવાર કાઢીને કહે છે કે, 'બાળા! પોતાના ઇષ્ટદેવનું સ્મરણ કર, હવે હું રાજાના હુકમનો અમલ કરું છું. હે રાજપુત્રી! નીચકુળમાં ઉત્પન્ન થયેલા મને ધિક્કાર હો, જેથી હું સ્ત્રીનો વધ કરવા માટે તૈયાર થયો છું. પરવશ પડેલા ખરેખર કાર્ય–અકાર્ય ગણતા નથી. હું તો ફક્ત રાજાની આજ્ઞાને પરાધીન છું. પૂર્વે કરેલાં પાપકર્મોથી નીચકુળમાં ઉત્પન્ન થયો છું, તેથી પાપકર્મ કરું છું. આ જન્મમાં આવું પાપકર્મ કરીને પરલોકમાં કઈ દુર્ગતિ પામીશ, એ જાણતો નથી. પોતાનું પેટ ભરવા માટે અમે આવાં પાપકર્મ કરીએ છીએ. હે બહેન! શરણરહિત એવી તું પોતાના ધર્મનું શરણ અંગીકાર કર.'

આ પ્રમાણે ચંડાળનું વચન સાંભળીને મ્યાનમાંથી તલવાર કાઢેલી જોઈ પ્રેમલાલચ્છી નિર્ભય મનવાળી અટ્ટહાસ્ય કરીને પોતાના પિતાનો અને ચંડાળનો દોષ નહિ માનતી આ પોતાના કર્મે કરેલો દોષ છે, એમ ગણતી ચંડાળને કહેવા લાગી: 'હે ચંડાળ! તું રાજાનો આદેશ ઇચ્છા પ્રમાણે કર. વિલંબ કરવાથી સર્યું.'

ચંડાળ પણ મરણ સમયે તેની એવી ધીરતા જોઈને વિસ્મય પામેલો ફરીથી તેને કહે છે: 'રાજપુત્રી! અહીં મરણ-સમય આવ્યા છતાં પણ તલવારને જોઈને તું કેમ હસે છે?'

તે બોલી : 'હે માતંગ ! હમણાં આ વૃત્તાંત કહેવું અયુક્ત છે. જો રાજા પોતે પૂછે તો વિસ્તારપૂર્વક સર્વ કહું. પહેલાં તો પિતાએ મને પૂછયું નહિ, મારું વચન પણ સાંભળ્યું નહિ. પરદેશીનાં વચનમાં પોતે વિમૂઢ થયા, તેથી વગરવિચાર્યું આ કામ મારા હૃદયને દુઃખ કરે છે. તે દૂર કરવાનો ઉપાય હું જાણતી નથી. હમણાં તે સ્વસ્થ ચિત્તવાળા મારી વાત સાંભળે, તો સાચું-ખોટું જાણે.

માતંગ પ્રેમલાલચ્છીનું વચન સત્ય જાણીને બીજા માતંગને તેને સોંપીને સુબુદ્ધિમંત્રીની પાસે ગયો. તેને પ્રણામ કરીને કહ્યું કે, 'હે મંત્રીવર ! રાજકન્યા આપણા રાજાને કંઈક કહેવા માગે છે. આ વાત રાજાની પાસે જઈને જણાવો; જેથી તે તેની વાત સાંભળે. તમે તેમને સમજાવો. પ્રેમલાલચ્છી વિષકન્યા નથી એ સત્ય જાણો. તેથી અવિચારી કામ કરતા રાજાને તમે અટકાવો. અન્યથા પરદેશીનાં વચન ઉપર વિશ્વાસ કરવાથી પછી તે ઘણો પસ્તાવો પામશે.'

મંત્રી એકદમ ત્યાંથી ઊભો થઈને રાજાની પાસે જઈને કહે છે કે, 'હે રાજન્ ! કોપ દૂર કરો. કુમારીના મુખેથી વાત સાંભળો. વગરવિચાર્યે કરેલું કામ છેવટે દુઃખદાયક થાય છે. આ વિષકન્યા નથી, તો પણ તેને પડદાની અંદર બેસાડીને તેના મુખે વાત સાંભળો. ગુણરહિત હોય તો પણ તે આપની જ પુત્રી છે. પછી ઠીક લાગે તેમ કરજો.'

મંત્રીના આગ્રહથી રાજાએ પ્રેમલાલચ્છીને બોલાવીને બાંધેલા પડદાની અંદર તેને બેસાડી.

તે પછી મંત્રીએ રાજાના આદેશને મેળવી પ્રેમલાલચ્છીને કહ્યું : 'રાજકન્યા ! તમારે જે કહેવું હોય તે બધું રાજાની આગળ જણાવીને નિશ્ચિંત થાઓ.'

## પ્રેમલાલચ્છીએ પોતાના પિતાને કહેલી સત્ય હકીકત

આ પ્રમાણે મંત્રીના મુખેથી રાજાની આજ્ઞા મળવાથી તે હર્ષિત મનવાળી થઈને કહે છે કે, "હે પિતા ! આપની આગળ હું અસત્ય બોલીશ નહિ. 'ઉત્તમ પુરુષો સત્ય જ બોલે છે.' આ વાત મગજમાં ન ઊતરે એવી અશક્ય છે, તેમ જ પૂજ્યપાદની આગળ બોલતાં મને લજ્જા આવે છે, પરંતુ હમણાં લજ્જા રાખવાથી મારું કામ બગડે છે, તેથી હું જે બન્યું તે કહું છું. તે સાંભળો.

હે પિતા ! આપે મને જે વર સાથે પરણાવી તે આ નથી, એમાં શંકા ન કરવી. મને પરણનાર ધણી પૂર્વ દિશામાં રહેલી આભાનગરીનો સ્વામી, વીરસેનરાજાનો પુત્ર ચંદ્રરાજા છે, એમ મેં અનુમાનથી જાણ્યું છે. આ કુષ્ઠી તો એની આગળ તરણા જેવો છે. મારું વચન નિશ્ચે સત્ય જ જાણો. જો અસત્ય હોય તો ચોરને શિક્ષા કરો તેમ મને શિક્ષા કરવી. એ પ્રમાણે બધા લોકની સમક્ષ હું પ્રતિજ્ઞા ગ્રહણ કરું છું.'

હવે સુબુદ્ધિમંત્રીએ કહ્યું કે, "હે રાજપુત્રી ! તેં કેવી રીતે જાણ્યું કે, 'મારો પતિ આભાનરેશ ચંદ્રરાજા છે' હકીકત સ્પષ્ટ રીતે પિતાની આગળ પ્રગટ કર."

પ્રેમલાલચ્છી બોલી: "હે પિતા ! મારો પાણિગ્રહણ મહોત્સવ સમાપ્ત થયા પછી હું સ્વામીની સાથે સારી-પાસા વડે રમવા બેઠી. તે વખતે શૂન્યચિત્ત વડે રમતા તેણે મને કહ્યું કે, 'આભાનરેશ ચંદ્રરાજાના મહેલમાં જે છે, તે પાસાને અહીં કોઈ લાવી આપે તો ઘણો આનંદ થાય, પરંતુ તે સ્થાન અહીંથી ૧૮૦૦ કોશ દૂર છે તે પાસા અહીં કોણ લાવી આપે ?' તેના આ અસંબંધ વચનને મેં વિચાર્યું કે, આ આમ કેમ બોલે છે? આભાપુરી તો પૂર્વ દિશામાં છે, આ તો પશ્ચિમ દિશામાંથી આવેલ છે. આ વિચારવાથી સર્યું ! કોઈના મોઢે એણે તેની પ્રશંસા પહેલાં સાંભળી હશે, અગર તો તેનું મોસાળ ત્યાં હશે તેથી તે પાસાને યાદ કરે છે. સરળ સ્વભાવે મેં એનું રહસ્ય જાણ્યું નહિ. મેં એમ વિચાર્યું કે, હમણાં તો તે મારી સાથે જ રહેવાના છે, તેથી આગળ પૂછીશ.

તે પછી ભોજન સમયે તે જમવા બેઠા. તે વખતે મોદક આદિ જમતાં તેમણે પાણી માગ્યું. મેં સુગંધમય સ્વાદિષ્ટ પાણી આપ્યું, તે જોઈને તેમણે કહ્યું કે, 'જો અહીં ગંગાજળ હોય તો મોદક મીઠા લાગે.' તે ભાવને નહિ જાણવાથી મને તે વચન વિસ્મયકારક લાગ્યું. કારણ

કે, ગંગાનદી પૂર્વ દિશામાં વહે છે, આ તો પશ્ચિમ દિશામાં રહે છે; તેથી તેનું સ્મરણ શા માટે કરે? ગંગાનું પાણી નિર્મળ અને શુદ્ધિ કરનાર છે તે જગ-પ્રસિદ્ધ છે, તેથી આ તેને યાદ કરતા હશે, એમ વિચારીને મેં કાંઈપણ પૂછયું નહિ.

તે પછી તેણે આભાપુરીના વખાણ કર્યા. તેના વચનની મીઠાશનું વર્ણન કરવા હું શક્તિમાન નથી. તે તો રાજહંસ સરખા હતા, આ કુષ્ઠી તો કાગડા જેવો છે.

હે પિતા! આભાનરેશ મારા પતિ ચંદ્રરાજા સાથે એકાંતમાં આનંદમગ્ન મને જોઈને સિંહલરાજાનો હિંસક નામે મંત્રી ત્યાં આવ્યો. તેણે સંકેત કરવાથી મારા પતિ ઊઠીને ત્યાંથી ચાલ્યા. હું પણ તેની પાછળ ગઈ. તે વખતે દુષ્ટ બુદ્ધિવાળા હિંસકે મને અટકાવી. સાસરાનું ઘર હોવાથી શરમાઈને હું પાછી ફરી.

મારા પતિ ફરી જોવામાં ન આવ્યા. કેટલોક વખત મેં રાહ જોઈ પણ તે ન આવ્યા, તેટલામાં આ કુષ્ઠી મારી સાંથે ક્રીડા કરવા આવ્યો. મને મીઠાં વચનોથી ખુશ કરવા લાગ્યો. તેના આકાર અને વચનોથી તેના હૃદયનો દુષ્ટભાવ જાણીને હું દૂર ઊભી રહી. મેં તેનું વચન ન માન્યું, તેટલામાં ત્યાં કૂટકપટની ખાણ એવી તેની ધાવમાતાએ આવીને 'હા....હા....હું મરી ગઈ' એમ પોકાર કર્યો. તે સાંભળીને એકદમ તેનો પરિવાર આવ્યો. પૂર્વે કરેલા સંકેત મુજબ 'આ વિષકન્યા છે' એમ મને કહ્યું.

હે પિતા ! આ સર્વ હું સત્ય કહું છું. આ કુષ્ઠી બીજી કોઈ સ્ત્રીનો સ્વામી હશે, મારો સ્વામી તો આભાનરેશ છે. સિંહલરાજા વડે છેતરાયેલા તમે વગર અપરાધે મારી ઉપર કોપ્યા છો. હે પિતા ! મારું વચન ગમે તો સ્વીકારો, નહિ તો આપને ઠીક લાગે તેમ કરો. જો પિતા જ પોતાની પુત્રી ઉપર કોપે તો તેને કોણ અટકાવે ? પરંતુ જો વિચારીને કામ કરશો તો યશ અને કીર્તિ પામશો. તેમાં જ તમારી મોટાઈ છે. પુત્રીનું ભાગ્ય પિતાને આધીન છે. પુત્ર અને પુત્રીનો વિશેષે કરીને ભેદ દેખાય છે, 'દીકરી અને ગાય જ્યાં આપે ત્યાં જાય' આ લૌકિક માર્ગને અનુસરતી પુત્રી પિતાની આજ્ઞાથી બંધાયેલી છે, પુત્ર તેવા પ્રતિબંધમાં વર્તતો નથી."

આ પ્રમાણે કહીને તે અટકી ત્યારે સુબુદ્ધિમંત્રીએ રાજાને કહ્યું કે, 'હે સ્વામી ! કુમારીએ કહેલું સર્વ સત્ય જણાય છે. આ કુષ્ઠી તેનો વર નથી, એ નક્કી જ છે. તેથી હમણાં આ કુમારીને પોતાના પ્રાસાદમાં રાખવી. આભાપુરીમાં તેની શોધ માટે દૂત મોકલી ચંદ્રરાજા છે કે નહિ, અને તેણે આ કન્યા પરણી કે નહિ, એ સત્યસ્વરૂપ જણાશે. ધર્મના પ્રભાવે બધું સારું થશે. હમણાં તેનો વધ અનુચિત છે. સાચા અને ખોટાનો નિર્ણય કર્યા વિના કામ ન કરી શકાય.'

મહારાજાએ કહ્યું કે, 'પુત્રીનાં વચન સાંભળવાથી અહીં કોઈક પ્રપંચ જણાય છે, તેથી હમણાં

એને તારા ઘરે રાખવી, સૂક્ષ્મ બુદ્ધિથી–ઝીણવટપૂર્વક તપાસ કરીશું, જે સાચું હશે તે જણાશે.'

આ પ્રમાણે રાજાનું વચન પ્રમાણ કરીને મંત્રી રાજપુત્રીને પોતાના નિવાસે લઈ ગયો. 'જે ભાગ્યથી રક્ષણ કરાયેલ છે તેને અન્યથા કરવા કોઈ સમર્થ નથી'

કહ્યું છે કે—

**अरक्खियं चिट्ठइ देव्वरक्खियं,**
**सुरक्खियं देव्वहयं विणस्सइ ।**
**जीवेज्ज एगो वि वणे विसज्जिओ,**
**कयपयत्तो वि गिहे विणवसइ ॥२८॥**

**पत्तव्वमत्थं लहए मणूसो, देवो वि तं लंघइउं न सक्को ।**
**तम्हा न सोएमि न विम्हओ मे,**
**जं अम्हकेरं न हि तं परेसिं ॥२९॥**

"રક્ષણ ન કરવા છતાં, જે ભાગ્યથી રક્ષણ કરાયું હોય તે રહે છે, અને સારી રીતે રક્ષા કરવા છતાં ભાગ્યથી હણાયું હોય તે વિનાશ પામે છે. વનમાં એકલો છોડી દેવા છતાં વનમાં જીવે છે, અને ઘણો પ્રયત્ન કરવા છતાં પણ ઘરે વિનાશ પામે છે." ૨૮ '

"મનુષ્યને ભાગ્યમાં જે મળવાનું હોય તે મળે છે, દેવ પણ તેને ઓળંગવા સમર્થ થતો નથી, તેથી હું

શોક કરતો નથી કે આશ્ચર્ય પામતો નથી, જે અમારું છે, તે પારકું થવાનું નથી." ૨૯

મંત્રીએ રાજપુત્રીને જમાડીને તેને આશ્વાસન આપ્યું. 'હે રાજપુત્રી! તારે કોઈ ચિંતા ન કરવી. વધારે ધર્મારાધન કરવું, તારો અશુભ સમય ગયો છે, અવશ્ય હું મહેનત કરીને તારા પતિનો સંગમ કરાવીશ. તારા પિતા હમણાં પ્રસન્ન મનવાળા થયા છે, આથી તું નિશ્ચિત થા.' આ પ્રમાણે આશ્વાસન મળવાથી રાજકુમારી મંત્રીના ઘરે સુખપૂર્વક રહેવા લાગી.

## પ્રેમલાલચ્છીના વિવાહ માટે ગયેલા પ્રધાનોને હકીકત પૂછવી

હવે બીજે દિવસે પૂર્વગિરિના શિખર ઉપર સૂર્ય ચઢ્યો ત્યારે પોતાના નિત્ય નિયમ મુજબ રાજા, સામંત તથા મંત્રીગણથી પરિવરેલો રાજસભામાં સિંહાસન ઉપર બેઠો. ત્યારે સમયનો જાણકાર સુબુદ્ધિમંત્રી બોલ્યો કે, 'હે નરેશ્વર! પહેલાં રાજકુમારી માટે વર જોવા માટે જે ચાર પ્રધાનોને મોકલ્યા હતા, તેઓ વરનું રૂપ જોઈને આવ્યા છે, તેઓને જ વરનું સ્વરૂપ પૂછવું જોઈએ. તેઓએ જેમ જોયું હોય તેમ તમને કહેશે. હાથમાં રહેલા કંકણને જોવા માટે અરીસો લેવાનો પ્રયાસ કરવો નકામો છે.'

યુક્તિપૂર્વકનું મંત્રીનું વચન સાંભળીને રાજાએ તે ચારે મંત્રીઓને બોલાવ્યા. મસ્તકથી પ્રણામ કરી તેઓ રાજાને પ્રણામ કરી આસનો ઉપર બેઠા.

રાજાએ કહ્યું કે, 'હે પ્રધાનો! તમે પૂર્વે કુમારીનો વિવાહ કરવા માટે સિંહલપુરીમાં ગયા હતા. ત્યાં તમે વરને જોયો હતો કે નહિ તે યથાસ્થિત બોલો. જરાપણ જૂઠું બોલશો નહિ. અસત્ય એ મહાપાપ છે, છેવટે પણ અસત્ય છૂપું રહેશે નહિ.'

આ પ્રમાણે રાજાનું વચન સાંભળીને પરસ્પર સંકેત કરી તેઓમાંનો એક જે વાકચરચનામાં કુશળ હતો તે બોલ્યો:

'હે સ્વામી! નિગ્રહ અને અનુગ્રહ કરવામાં સમર્થ એવા આપની આગળ હું પોતાનો દોષ કબૂલ કરું છું. તમારા જ અન્નથી પોષણ પામેલો હું કૃતઘ્ન થઈશ નહિ. તમે આદેશ કરવાથી અમે ચારે સિંહલપુરીએ જઈને તેના રાજાની આગળ વિવાહની વાત કરતા હતા, તે વખતે હું પોતાના ઉતારે મારી વીંટી ભૂલી ગયો હતો, તે લેવા ગયો હતો. વિવાહનો નિર્ણય મારા આવ્યા પહેલાં જ આ ત્રણેએ કર્યો હતો. રાજાના કુમારને મેં જોયો નથી. હું જે જાણું છું તે મેં જણાવ્યું. અહીં મારો જ અપરાધ થયો તે માફ કરો.'

આ પ્રમાણે પહેલા મંત્રીએ કહેલી બનાવટી વાત સાંભળીને રાજાએ જાણ્યું કે, આ સાક્ષી સ્ખલના પામ્યો

છે, તેથી ‘ તેણે કુમાર જોયો નથી’ એવો નિશ્ચય થાય છે. હવે બીજાનું વચન સાંભળીએ.

હવે બીજો મંત્રી ઊઠીને બોલ્યો કે, ‘ હે નાથ ! સાચું વચન બોલનારો હું કાંઈપણ જૂઠું બોલતો નથી. જો સાપ પણ પોતાના બીલમાં પ્રવેશ કરતાં વક્રપણું છોડે છે, તેથી હું આપની આગળ જૂઠું બોલીશ નહિ. હે સ્વામી ! વિવાહની વાત કરવા માટે અમે બેઠા હતા ત્યારે અન્ન નહિ પચવાથી હું દેહચિંતા માટે બહાર નીકળ્યો. દેહશુદ્ધિ કરીને જેટલામાં પાછો આવ્યો ત્યારે મને મૂકીને આ ત્રણેએ વિવાહ નક્કી કર્યો. તેઓએ મને ગણતરીમાં પણ ન ગણ્યો. રાજકુમારીનો વર કાળો છે કે ગોરો, એ કાંઈ પણ હું જાણતો નથી. કુમારને જોવા માટે મારું મન ઘણી ઉત્કંઠાવાળું હોવા છતાં પણ મારો મનોરથ સફળ ન થયો.’

આ પ્રમાણે તેનું વચન સાંભળીને રાજા સંશય પામ્યો અને વિચાર્યું કે, આ પણ અસત્યવાદી છે. પરંતુ એ નક્કી છે કે, આણે કુમારને જોયો નથી.

તે પછી ત્રીજાને પૂછ્યું. તે બોલ્યો કે, “ હે સ્વામી ! મારું વચન સાંભળો. વિવાહનો નિર્ણય કરવા માટે બધા ભેગા થયા હતા, તે વખતે સિંહલરાજનો ભાણિયો રોષ પામી કોઈ ઠેકાણે નાસી ગયો. તેને પાછો ફેરવવા રાજાએ મને મોકલ્યો. મીઠાં વચનોથી તેને સમજાવી તેની સાથે જેટલામાં હું ત્યાં આવ્યો તેટલામાં આ ત્રણેએ વિવાહ

નક્કી કર્યો. આ મારો અપરાધ થયો. મારા આ દોષને માફ કરો. મેં કુમારને જોયો ન હતો. આપની આગળ હું જૂઠું બોલતો નથી. તમારી છત્રછાયામાં રહી મારે ક્યારેય અસત્ય ન બોલવું જોઈએ. 'એક ઘર તો ડાકણપણ છાંડે એ લૌકિક ન્યાયથી સાચું કહું છું."

આ પ્રમાણે ત્રીજા મંત્રીનું વચન વિચારીને 'આ જૂઠું બોલનારો છે' એ પ્રમાણે નિશ્ચય કરી રાજાએ જાણ્યું કે, આણે પણ કુમારને જોયો નથી.

તે પછી ચોથા મંત્રીને પૂછ્યું કે, 'હે મંત્રી! તું સાચું બોલ. જો જૂઠું બોલીશ તો તેનું ફળ અવશ્ય પામીશ. જો હું રોષ પામીશ તો સુખ ક્યાંથી, યથાયોગ્ય શિક્ષા કરીશ, આથી સાચું બોલ.'

આ પ્રમાણે રાજાનાં આકરાં વચન સાંભળી ચોથા મંત્રીએ વિચાર્યું કે, હવે અહીં જૂઠ બોલવું ચાલશે નહિ, તેથી સાચું જ કહેવું યોગ્ય છે. તેથી તેણે કહ્યું કે, "હે રાજા! તમારી આગળ સાચું જ બોલીશ. તે સાંભળો. અમે ચારે તમારા આદેશથી સિંહલરાજા પાસે રાજકુમારીના વિવાહ માટે ગયા. અમે કહ્યું કે, 'હે રાજન્! અમારા સ્વામીની શુભ લક્ષણથી લક્ષિત પ્રેમલા-લચ્છી નામની કુમારી છે. તેના વિવાહ માટે અમારા સ્વામીએ આદેશ કરવાથી અમે અહીં આવ્યા છીએ. તે કુમારી સાથે વિવાહ કરવા માટે તમારો કુમાર ગુણવાન અને રૂપવાન હોવાથી યોગ્ય છે, તેથી ગુણયુક્ત આ વરને

આ કન્યારત્ન અપાય.' એ પ્રમાણે ઘણી વાર પ્રાર્થના કર્યા છતાં પણ રાજાએ અમારું વચન ન સ્વીકાર્યું. તે વખતે ત્યાં રહેલા રાજાના મંત્રી હિંસકે અમારું વચન સ્વીકાર્યું. અમે કહ્યું કે, 'મંત્રીશ્વર! અમને કુમાર દેખાડો, પછી સંબંધ કરીશું. વરને જોયા વિના વિવાહ ન કરવો એવો અમારા રાજાનો આદેશ છે.' તે વખતે હિંસક બોલ્યો કે, 'મંત્રીવર! હમણાં રાજકુમાર ભણવા માટે પોતાના મામાને ઘેર (મોસાળ) રહ્યો છે. કામદેવના રૂપને જીતે એવો, જગતના લોકોને આનંદ આપે એવો છે, માટે સુખેથી વિવાહ કરો. જોવાનું કાંઈ કામ નથી.' ફરીથી અમે વરને જોવા માટે ઘણો આગ્રહ કર્યો, ત્યારે 'આ ભેદથી સાધવા યોગ્ય છે' એમ વિચારીને તેણે અમને દરેકને ક્રોડ-ક્રોડ ધન આપીને આગ્રહરહિત કર્યા. પછી લોભથી વ્યાપ્ત થયેલા અમે વિવાહ કર્યો. હે સ્વામી! અમે આ પ્રપંચ કર્યો છે. કુમાર કેવો છે તે અમે જોયો નથી. ફક્ત ફૂટકપટના ઘર હિંસકને જ અમે જાણીએ છીએ. આ પ્રમાણે હે સ્વામી! અમારું સાચું વૃત્તાંત જાણો. આ અમારો મોટો અપરાધ છે. આથી આપને જે ગમે તે કરો. વિશ્વાસઘાતી એવા અમે કઈ ગતિ પામીશું! અમને ધિક્કાર પડો!"

આ પ્રમાણે આ ચોથા મંત્રીનું વચન સત્ય જાણીને રાજાએ કહ્યું કે, 'હે મંત્રી! તેં સાચું કહ્યું. તારા વચનમાં મને વિશ્વાસ બેસે છે.'

## પ્રધાનો પાસેથી સત્ય હકીકત જાણી રાજાનું શંકારહિત થવું

આ પ્રમાણે ચોથા મંત્રીના વચનથી વિશ્વાસ પામી રાજાએ પોતાની પુત્રીને દોષરહિત જાણીને પૂર્વની માફક તેની ઉપર સ્નેહવાળો થયો. પુણ્યોદય થાય ત્યારે બધા સાનુકૂળપણાને પામે છે. કહ્યું છે કે—

**आवइगओ वि नित्थरइ, आवयं तरइ जलहिपडिओ वि।**
**रणसंकडे वि जीवइ, जीवो अणुकूलकम्मवसा ॥३०॥**

"જીવ અનુકૂળ કર્મના યોગે સંકટ પામ્યો હોય તો પણ પાર પામે છે, સમુદ્રમાં પડ્યો હોય તો પણ આપત્તિને તરી જાય છે, યુદ્ધનું સંકટ આવે તો પણ જીવે છે." ૩૦

તે પછી ચારે મંત્રીના અપરાધને માફ કરીને રાજાએ વિસર્જન કર્યા તેથી તેઓ પોતાને સ્થાને ગયા.

પછી રાજાએ સુબુદ્ધિમંત્રીને કહ્યું કે, 'આ બધું સિંહલરાજાનું કપટ જણાય છે. પ્રેમલાલચ્છી સર્વથા દોષરહિત છે. તેનું પાણિગ્રહણ કરનાર બીજો કોઈ રાજકુમાર સંભવે છે. આ દુર્ભાગી કુષ્ઠીએ મારી પુત્રીની ફોગટ વિડંબના કરી. હમણાં તેને પરણનાર વરની તપાસ કરવી.'

## સિંહલરાજા આદિ પાંચનો નિગ્રહ કરવો

આ પ્રમાણે રાજાએ કહેવાથી મંત્રીએ કહ્યું 'કે

'હે સ્વામી ! જ્યાં સુધી ચંદ્રરાજાની શોધ ન થાય, ત્યાં સુધી આ સિંહલરાજાને પરિવાર સહિત અહીં જ રાખવો.'

આ પ્રમાણે મંત્રીનું વચન સાંભળીને રાજાએ સિંહલરાજાને ભોજન માટે આમંત્રણ આપ્યું. તે પણ પરિવાર સહિત ત્યાં આવ્યો. તે વખતે રાજાએ મુનિ જેમ પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ કરે તેમ પટરાણી, કુષ્ઠીકુમાર, હિંસકમંત્રી, ધાવમાતા અને સિંહલરાજને પકડીને બીજા બધાને વિસર્જન કર્યાં. તે બધાં પોતાને દેશ જવા માટે ત્યાંથી નીકળી ગયાં. સિંહલરાજા આદિ પાંચને કેદખાનાની જેમ વિમળાપુરીમાં રાખ્યા. તેઓ પોતાના પાપોદયને યાદ કરતા પસ્તાવો કરવા લાગ્યા.

તે પછી મકરધ્વજરાજાએ ચંદ્રરાજાની તપાસ માટે બધે ઠેકાણે ચરપુરુષો મોકલ્યા તેમ જ પોતાના પ્રાસાદની નજીક વિશાળ દાનશાળા બનાવી. ત્યાં મુસાફર, અનાથ, સાધુ અને દીન–દુઃખીને અન્ન-વસ્ત્ર આદિ આપવા માટે પ્રેમલાલચ્છીને નિયુક્ત કરી. અને કહ્યું કે, 'વિદેશમાંથી જે કોઈ માણસ દાન માટે તારી પાસે આવે, તેને તું આભાનગરીનું વૃત્તાંત પૂછજે. જો કોઈ તેનું વૃત્તાંત કહે તો મને જણાવજે.'

ત્યારથી માંડીને પિતાના આદેશથી ત્યાં રહેલી પ્રેમલાલચ્છી મુસાફર વગેરેને હંમેશાં દાન આપે છે. પ્રત્યેક પથિકને આભાપુરીનો વૃત્તાંત પૂછે છે. પરંતુ તેણે

કોઈપણ મુસાફર પાસેથી આભાનગરીનો વૃત્તાંત ન જાણ્યો. છતાં પણ આશારૂપી પાશમાં બંધાયેલી ત્યાં રહેલી દાનમાં રક્ત તે માગણ, મુસાફર વગેરેને ઇચ્છા મુજબ દાન આપીને દરેકનું સન્માન કરીને આભાપુરીનું વૃત્તાંત પૂછતી હતી કે, 'હે ભાઈઓ! તમે દેશાંતર ફરતા વિવિધ દેશના વૃત્તાંત જાણતા હશો. આથી પૂર્વ દિશામાં કોઈ મોટી આભાનગરી જોઈ છે? અને ત્યાં ઈંદ્ર સરખો ચંદ્રરાજા રહે છે, તેને તમે જોયો છે?'

આ પ્રમાણે પૂછવાથી તે બધા તેને કહેવા લાગ્યા કે, 'બહેન! અમે તે દેશમાં ક્યારે ય ગયા નથી, તે નગરીને પણ સાંભળી નથી, તેથી ચંદ્રરાજાને ક્યાંથી ઓળખીએ?'

આ પ્રમાણે પ્રત્યુત્તર સાંભળી તે નિરાશ થતી હતી. પ્રિયના ખબર ન મળવાથી એકાંતમાં શોક કરતી, નેત્રોમાંથી આંસુધાર છોડતી પોતાના સ્વામીના ખબર સાંભળવાની ઇચ્છાવાળી તે બીજા ઉપાય ન જડવાથી ધીરતા ધારણ કરીને કેટલોક સમય પસાર કરતી હતી. પરંતુ પોતાનું દુઃખ જણાવી બીજા કોઈને દુઃખી કરતી ન હતી.

## જંઘાચારણ મુનિનું આગમન અને ઉપદેશ

હવે એક વખત વિમલાપુરીમાં ભવ્ય પ્રાણીઓના મનના મળને નિર્મળ કરનારા કોઈ જંઘાચારણ મુનિ ઉદ્યાનમાં પધાર્યા. ઉદ્યાનપાલક એકદમ આવીને મકર-

ધ્વજરાજાને વિજ્ઞપ્તિ કરે છે કે, 'હે સ્વામી! આજે ઉદ્યાનની અંદર જ્ઞાનદિવાકર, મોક્ષમાર્ગદેશક, પરોપકાર નિરત જંઘાચારણ મુનિવર ભવ્ય પ્રાણીઓના સમૂહને પ્રતિબોધ કરવા માટે પધાર્યા છે.'

રાજા વનપાલકને તુષ્ટિદાન આપી પ્રેમલાલચ્છીને લઈ પરિવાર સહિત તે મુનિવરને વાંદવા માટે નીકળ્યો. સર્વે તે મુનિવરને વંદન કરી યોગ્ય સ્થાને બેઠા. મુનિએ મેઘ સરખી ગંભીર વાણીથી ધર્મદેશના શરૂ કરી—

**पूआ जिणिंदे सुरूई वएसु,**
**जत्तो य सामाइय–पोसहेसु ।**
**दाणं सुपत्ते सयणं सुतित्थे,**
**सुसाहुसेवा सिवलोगमग्गो ॥३१॥**

**जिणाणं पूअजत्ताए, साहूणं पज्जुवासणे ।**
**आवस्सयम्मि सज्झाए, उज्जमेह दिणे दिणे ॥३२॥**
**जत्थ य विसयविरागो, कसायचाओ गुणेसु अणुरागो ।**
**किरिआसु अप्पमाओ, सो धम्मो सिवसुहोवाओ ॥३३॥**

"જિનેશ્વર ભગવંતોની પૂજા, વ્રતો ઉપરની સુરુચિ, સામાયિક–પૌષધમાં યત્ન, સુપાત્રમાં દાન, ઉત્તમ તીર્થોમાં શયન અને સુસાધુઓની સેવા એ મોક્ષનો માર્ગ છે." ૩૧

"જિનેશ્વરોની યાત્રા–પૂજા કરવામાં, સાધુજનોની સેવા કરવામાં, આવશ્યક અને સ્વાધ્યાયમાં દિવસે દિવસે ઉદ્યમ કરો." ૩૨

"જેમાં વિષયો તરફનો વૈરાગ્ય હોય, કષાયોનો ત્યાગ હોય, ગુણો ઉપર અનુરાગ હોય, ક્રિયાઓમાં અપ્રમાદ હોય, તે ધર્મ મોક્ષસુખનો ઉપાય છે." ૩૩

આ પ્રમાણે મુનિવરના મુખેથી દેશનામૃતનું પાન કરી ઘણા ભવ્યજીવોએ પ્રતિબોધ પામીને ગુરુ પાસે યથાશક્તિ વિવિધ નિયમ-વ્રતો ગ્રહણ કર્યા. પ્રેમલાલચ્છી પણ નિર્મળ સમ્યકત્વરત્નને ધારણ કરી, જિનધર્મની રાગી થઈ ચૌદપૂર્વના સારભૂત નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરનારી શ્રાવિકા થઈ. તે પછી મુનિવરે અન્યત્ર વિહાર કર્યો. નગરજનો પણ સિદ્ધ મનોરથવાળા પોતપોતના સ્થાને ગયા.

ત્યારથી માંડીને પ્રેમલાલચ્છી પણ જિનપૂજા વગેરે ધર્મકાર્યો કરવા માટે વધારે ઉદ્યમવાળી થઈ. હંમેશાં તે પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું ધ્યાન કરે છે. કહ્યું છે કે—

**जिणसासणस्स सारो, चउदसपुव्वाणं जो समुद्धारो ।**
**जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणइ ॥३४॥**

**करआवत्तइ जो पंचमंगलं, साहुपडिमसंखाए ।**
**नववारा आवत्तइ, छलंति तं नो पिसायाई ॥३५॥**

**एसो मंगलनिलओ, भवविलओ सव्वसंतिजणओ अ ।**
**नवकार-परम-मंतो, चिंतिअमित्तो सुहं देइ ॥३६॥**

अपुव्वो कल्पतरू, एसो चिंतामणी अपुव्वो अ ।
जो झायइ सयकालं, सो पावइ सिवसुहं विउलं ॥३७॥
जो गुणइ लक्खमेगं, पूएइ विहीइ जिणनमुक्कारं ।
तित्थयरनामगोअं, सो बंधइ नत्थि संदेहो ॥३७॥

"નવકાર એ શ્રી જિનશાસનનો સાર છે, ચૌદપૂર્વનો જે સમુદ્ધાર છે, એ નવકાર જેના મનમાં હોય, તેને સંસાર શું કરી શકે ?" ૩૪

"પંચમંગલ મહામંત્રને સાધુની પ્રતિમાની સંખ્યા વડે=૧૨ સંખ્યા વડે નવવાર હાથના આવર્ત વડે ગણે છે, તેને પિશાચ આદિ છલતા નથી." ૩૫

"આ નવકારમંત્ર એ મંગળોનું ઘર છે, સંસારનો વિલય-નાશ કરનાર છે, સર્વ પ્રકારની શાંતિને ઉત્પન્ન કરનાર છે, એ નવકાર પરમ મંત્ર ચિંતવવા માત્રથી સુખને આપે છે." ૩૬

"નવકાર એ અપૂર્વ કલ્પવૃક્ષ છે, એ અપૂર્વ ચિંતામણિરત્ન છે, જે તેનું હંમેશાં ધ્યાન કરે છે, તે વિપુલ મોક્ષ સુખને પામે છે." ૩૭

"જે વિધિપૂર્વક જિનનમસ્કારને ૧ લાખ વાર ગણે છે અને પૂજે છે, તે તીર્થંકર નામગોત્ર બાંધે છે, એમાં સંદેહ નથી." ૩૮

આ પ્રમાણે નમસ્કારમંત્રનું માહાત્મ્ય વિચારતાં તેણે કેટલાક દિવસો સુખપૂર્વક પસાર કર્યાં.

## નમસ્કારમંત્રના ધ્યાનના પ્રભાવે શાસનદેવીનું વચન

હવે એક વખત નમસ્કાર મહામંત્રના ધ્યાનના પ્રભાવથી પ્રસન્ન થયેલી શાસનદેવીએ પ્રગટ થઈને પ્રેમલાલચ્છીને કહ્યું કે, 'હે ધર્મભગિની! તારો પતિ લગ્નદિવસથી સોળ વર્ષને અંતે તને મળશે, તેથી તારે કોઈ જાતની ચિંતા ન કરવી. સદ્ભાવપૂર્વક પંચપરમેષ્ઠિની ભક્તિ હંમેશાં કરવી.' એમ કહી શાસનદેવી અદૃશ્ય થઈ.

તેથી પ્રેમલાલચ્છીએ વિકસિત મનવાળી થઈને લજ્જાનો ત્યાગ કરીને પોતાના માતા-પિતાની આગળ દેવીનું વચન કહ્યું. તે સાંભળીને માતા-પિતા પણ ચિંતા રહિત થયાં. ત્યારથી માંડીને પ્રેમલાલચ્છી પણ નમસ્કાર મહામંત્રનો પ્રભાવ જાણી વિશેષે કરીને તેનું ધ્યાન કરતી જિનચૈત્યના દર્શન-વંદન-પૂજનને વિષે તેમ જ યથાશક્તિ તપ-પચ્ચક્ખાણ કરવા આદિ ધર્મકાર્યોમાં ઉદ્યમવાળી થઈ.

## યોગિનીના મુખે ચંદ્રરાજાના ગુણોનું શ્રવણ

હવે એક વખત જેના કરકમળમાં વીણા શોભી રહી છે એવી કોઈક યોગિની ભ્રમણ કરતી ત્યાં આવી. તે કોયલના અવાજ કરતાં પણ વધારે મધુર સ્વરે વીણા વગાડવા લાગી.

પ્રેમલાલચ્છીએ તેને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, 'બહેન! પૂજ્ય એવા તમારો ક્યાં નિવાસ છે?'

યોગિનીએ કહ્યું કે, 'હું પૂર્વ દેશમાં રહું છું. તારે શું કામ છે?' એમ કહીને કષાય વસ્ત્રને ધારણ કરતી, તેજથી પ્રભાવિત મુખવાળી, વૈરાગ્ય વાસિત હૃદયવાળી, બુદ્ધિશાળી એવી તે વીણા વગાડતી ચંદ્રરાજાના ગુણગણ ગાવા લાગી. તે આ પ્રમાણે—

**जणतावहरं सुजणेहि नयं, पुढवीतिलगं नरनाहवरं ।**
**मयरज्झयकंतिमखंडमइं, भय चंदमणिट्ठहरं सययं ॥३९॥**
**सुहसंतिघरं कमलक्खिजुगं, सुमणोहरमुत्तिमणण्णगुणं ।**
**सर चंदनरेसमपुव्वपहं, वरविक्कमराइयपाणिजुगं ॥४०॥**

"લોકોના સંતાપને દૂર કરનાર, સજ્જનો વડે નમસ્કાર કરાયેલ, પૃથ્વીના તિલકભૂત, રાજાઓમાં શ્રેષ્ઠ, કામદેવ સમાન રૂપવાળા, અખંડ બુદ્ધિવાળા, અનિષ્ટને હરણ કરનાર ચંદ્રને તું સેવ." ૩૯

"સુખશાંતિના ગૃહ સમાન, કમળ સમાન જેની બે આંખ છે, અત્યંત મનોહર જેનું શરીર છે, અનન્ય ગુણવાળા, અપૂર્વ કાંતિવાળા, શ્રેષ્ઠ પરાક્રમથી શોભતા બે હાથવાળા ચંદ્રરાજાનું તું સ્મરણ કર." ૪૦

આ પ્રમાણે અહીં પોતાના પ્રિયનું નામ સાંભળીને પ્રેમલાલચ્છીએ તેને પૂછ્યું કે, 'હે ભગવતી! તમારા દેશમાં કયો રાજા છે? આ ગુણકીર્તન કોના કરો છો?'

યોગિની કહે છે કે, 'પૂર્વ દેશમાં આભાપુરી નગરીમાં રૂપ વડે દેવકુમાર સરખો, પરાક્રમથી શત્રુ-

સમૂહને જીતનારો ચંદ્ર નામે રાજા રાજ્ય કરે છે. તે મને પ્રાણોથી પણ પ્યારો છે. તેની છત્રછાયામાં હું હંમેશાં રહેતી હતી. આથી તેના ગુણગણ હું ગાઉ છું. હમણાં કોઈ કારણથી તેની અપરમાતાએ તેને કૂકડો બનાવી દીધો છે. તે જોઈને દુઃખી હૃદયવાળી હું દેશાંતરમાં ભમતી અહીં આવી છું. કોઈ ઠેકાણે મેં તેવો રાજા જોયો નથી. તેના વિયોગના દુઃખથી હું કોઈ ઠેકાણે સુખ પામતી નથી.'

આ પ્રમાણે યોગિનીના વચનથી પોતાના સ્વામીની શોધ મળવાથી જાણે ફરીથી જીવન મળ્યું હોય તેમ પ્રેમલાલચ્છી તેના પોતાના પિતાની પાસે લઈ ગઈ. યોગિનીએ પણ સર્વ હકીકત રાજાને જણાવી.

મકરધ્વજરાજાએ કહ્યું કે, 'હે પુત્રી ! તું સાચી થઈ. તારો પતિ ઘણો ભાગ્યશાળી દેખાય છે. પરંતુ તે દૂર-દેશમાં રહે છે, તેથી તે અત્યંત દુર્લભ છે. હમણાં ધીરતા ધારણ કર. ખેદનો ત્યાગ કર.'

પ્રેમલાલચ્છી પણ પિતાની હિતકારી શિખામણ સ્વીકારીને ધર્મધ્યાનમાં રક્ત બની પોતાના પતિને યાદ કરતી આશા વડે દિવસો પસાર કરવા લાગી. યોગિની પણ તેના વડે સત્કાર કરાયેલી, રજા મેળવી ફરવા માટે ત્યાંથી નીકળી ગઈ.

## ચંદ્રરાજાને ન જોવાથી નગરજનોનો ક્ષોભ

આ તરફ કૂકડા રૂપે થયેલા ચંદ્રરાજાને એક મહિનો થયો ત્યારે નગરજનો અત્યંત ક્ષોભ પામ્યા. ગુણાવલી

પણ વિમાતાના ભયની શંકા કરતી કોઈની આગળ પ્રિયનું વૃત્તાંત કહેતી ન હતી. ગુપ્તપણે તેને રાખતી હતી.

હવે રાજાને જોવાને આતુર નગરજનોએ મંત્રીની પાસે આવી વિજ્ઞપ્તિ કરી કે, 'હે બુદ્ધિના ભંડાર મંત્રીશ્વર! એક મહિના સુધી રાજાનું દર્શન કર્યું નથી. હવે જો રાજાનું દર્શન નહિ થાય તો અમે અહીં રહીશું નહિ, બીજા દેશમાં જઈને રહીશું. મહેરબાની કરી જવાની રજા આપો. જેમ દયા વગરનો ધર્મ, ઉત્તમ-કુળરહિત મનુષ્યજન્મ, દાંત વગરનો હાથી હોય તેમ રાજા વગરનું રાજ્ય શોભતું નથી. કહ્યું છે કે—

**राए धम्मिम्मि धम्मिट्ठा, पावे पावा समे समा ।**
**रायाणं अणुवदंते, जह राया तह पया ॥४१॥**
**दुब्बलाणमणाहाणं, बालवुड्ढतवंसिणं ।**
**खलेहिं परिभूआणं, सव्वेसिं पत्थिवो गई ॥४२॥**

"રાજા ધર્મિષ્ઠ હોય તો પ્રજા ધર્મિષ્ઠ હોય છે, રાજા પાપી હોય તો પ્રજા પાપી હોય છે, રાજા સારો હોય તો પ્રજા પણ સારી હોય છે. પ્રજા રાજાનું અનુ-કરણ કરે છે. જેવો રાજા હોય તેવી પ્રજા હોય." ૪૧

"દુર્જનોથી પરાભવ પામેલા એવા દુર્બળ, અનાથ, બાળ, વૃદ્ધ અને તપસ્વી તે સર્વેનું શરણ રાજા છે." ૪૨

તેથી રાજા ન હોય તો વનમાં રહેવું એ જ સારું.'

મંત્રીએ પણ કહ્યું કે, 'હે નગરજનો! મેં પણ

એક માસથી રાજાને જોયા નથી. મારી પણ રાજાને જોવાની ઘણી ઉત્કંઠા છે. મારો પણ તમારા જેવો જ વિચાર છે. તેથી હમણાં તમે સુખપૂર્વક રહો. અધીરાઈ ન કરો. જલદી તેની તપાસ કરીને તમને ખુશ કરીશ. ચિંતા ન કરો.' આ પ્રમાણે કહી, સન્માન કરી, નગરજનોને વિસર્જન કર્યા.

## હિતશિક્ષા આપનાર મંત્રી ઉપર વીરમતીએ ખોટું આળ આપવું

પછી તેણે વીરમતીની પાસે જઈને નગરલોકોએ કહેલ સર્વ હકીકત જણાવી અને ફરીથી કહ્યું કે, 'હે માતા! રાજા આ પ્રમાણે ગુપ્ત કેટલો વખત રહેશે? રાજા વગરનું રાજ્ય લાંબો સમય રહેશે નહિ. રાજાને નહિ જોવાથી લોકો ઘણા કોપ પામ્યા છે. મેં નિવારવા છતાં પણ રાજાને જોવાનો આગ્રહ છોડતા નથી. કઠોર અક્ષરોથી કહેવાયેલું મારું વચન તમોને પાછળથી હિતદાયક થશે. આથી તમારે સ્ત્રીબુદ્ધિ છોડી દેવી જોઈએ. કહ્યું છે કે—

**अबला जत्थ य पबला, सिसू नरिंदो निरक्खरो मंती ।**
**नहि नहि तत्थ सुहासा, जीविय-आसा विदुल्लहा होइ ।४३।**

"જ્યાં સ્ત્રીઓ જોરદાર હોય, રાજા બાળક હોય, મંત્રી અભણ હોય, ત્યાં સુખની આશા તો હોતી જ નથી. જીવિતની આશા પણ દુર્લભ હોય છે." ૪૩

તમે રોષ પામશો તો તમારા દુર્વચનો સહન કરીને પણ હું સાચું જ કહીશ કે, હે ભગવતી! રાજાને જોવાને આતુર નગરલોકને અટકાવતાં મને આજે એક મહિનો થયો. ગૂઢ હૃદયવાળા તમારી પ્રવૃત્તિનો પાર પામવા હું શક્તિમાન નથી, પરંતુ સંશય પામેલા સર્વ લોક કહે છે કે, ચંદ્રરાજા કેમ દેખાતા નથી? તે ક્યાં ગયા? રાજા વગર રાજ્ય ધૂરા વગરનું થયું છે. ખાલી ખાણિયામાં બે સાંબેલા જેવું થયું છે, તેથી હમણાં કોઈપણ રીતે રાજાને પ્રગટ કરો. તમે રાજમાતા છો, ઘણા ઉચ્ચ સ્થાને રહેલા છો, તમારું બાળક જેવું આચરણ શોભતું નથી. તેથી અહીં જે સાચું હોય તે જણાવો. હવે રાજાને જોવાની ઉત્કંઠાવાળી પ્રજાને રોકવી અશક્ય છે.'

આ પ્રમાણે કઠોરતાપૂર્વકના અને યુક્તિપૂર્વકના મંત્રીના વચને વીરમતીના હૃદયમાં કાંઈ પણ ગુણ ન કર્યો. કારણ કે, 'સ્તનપાન કરનાર બાળકને નપુંસક સ્રીના સ્તન દૂધ આપવા સમર્થ થતા નથી.'

મંત્રીનાં વચન સાંભળીને તે દુષ્ટ વીરમતી બોલી: 'હે મંત્રી! તારું દુશ્ચરિત્ર હું જાણું છું. આ તારો જ અપરાધ છે; કારણ કે તું રાજાને મારીને મને કહેવા આવ્યો છે. મારા પ્રિય પુત્રને મારીને તેં મોટી હત્યા કરી છે. પ્રશાંત થઈને મારી પાસે શું કહેવા આવ્યો છે?

આ તારી ચેષ્ટા જાણવા છતાં પણ મેં કોઈની આગળ કહ્યું નથી. આવું નિંદા કરવા લાયક કોણ પ્રગટ કરે? માટે અહીંથી ચાલ્યો જા, ચાલ્યો જા. આજે ખરેખર તું ડાહ્યો થઈને મને સમજાવવા આવ્યો છે. કહ્યું છે કે—

**परोवएससंसत्ता, दीसंति बहवो जणा ।**
**अप्पकेरहिए स्ता, सहस्सेसु वि दुल्लहा ॥४४॥**
**परोवएसवेलाए, सिट्ठा सव्वे भवेइरे ।**
**वीसरंतीह सिट्ठत्तं, सकज्जे हि उवट्ठिए ॥४५॥**

“બીજાને ઉપદેશ આપવામાં આસક્ત ઘણા માણસો દેખાય છે, પરંતુ પોતાના હિતમાં રક્ત હજારોમાં પણ દુર્લભ છે.” ૪૪

“બીજાને ઉપદેશ આપતી વખતે તો બધા શિષ્ટ સજ્જન થાય છે, પરંતુ પોતાનું કામ આવે ત્યારે શિષ્ટ-પણું ભૂલી જાય છે.” ૪૫

આથી તારી ચતુરાઈ મેં પહેલેથી જાણી છે. જેથી તું મારા અછતા દોષ પ્રગટ કરવા આવ્યો દેખાય છે. જો તું મારા અવગુણ બોલીશ તો હું તારા બધા દોષ ઉઘાડા પાડીશ. તેથી મારી સાથે ઘણો વિવાદ કરવાથી સર્યું. એથી તને કોઈ લાભ થશે નહિ.’

આ પ્રમાણે તે વીરમતીના ખોટા દોષનું આરોપણ કરનારા વચન સાંભળીને મંત્રી બોલ્યો : “હે ભગવતી!

તમે આ શું બોલો છો? તમે મોટાં રાજમાતા છો, તમારે સારી રીતે વિચાર કરીને બોલવું જોઈએ. મેં રાજાને માર્યો એનો કોઈ સાક્ષી છે? મારે રાજાને મારવાનું શું કારણ? તમે વિચારીને બોલો. જૂઠું બોલવામાં તમને શું લાભ છે? 'આત્માનું હિત કરવામાં સાવધાન સજ્જનો અવર્ણવાદ બોલતા નથી.' હિતવચન કહેનારા મને તમે સારો બદલો આપ્યો. નગરજનોના આગ્રહથી મેં તમારી આગળ આ વાત કહી, પરંતુ તમે તેનાથી ઘણો રોષ પામ્યાં. તમે કહો કે, હું શા માટે રાજાને મારું? આથી હે માતા! તેવું બોલવું જોઈએ કે, જે બીજો સાચું માને."

આ પ્રમાણે મંત્રીનું વચન સાંભળીને વીરમતી તેને એકાંતમાં લઈ જઈને બોલી: "મંત્રી! તારે ચંદ્રની વાત કરવી નહિ, તેમાં કોઈ સાર નથી. જો તું વધારે બોલીશ તો 'વાંકા વેધને વાંકી ખીલી' જેવું થશે. બીજી વાત એ છે કે, 'તું પારકા છિદ્ર જુએ છે, પોતાના જોતો નથી.' આ પ્રમાણે લોકવચન ન ભૂલવું. હે મંત્રી! તને પોતાનો માની ગુપ્ત હોવા છતાં ઘરની વાત કહું છું કે, ચંદ્રરાજા વિદ્યાધરની વિદ્યાઓ સાધવા માટે એકાંતવાસમાં રહ્યો છે, તેથી તેને હમણાં કેમ પ્રગટ કરાય? તેનું નામ પણ લેવું નહિ. આપણે બન્ને મળીને રાજ્યનો વહીવટ કરીશું. આપણને કહેવા બીજો કોણ શક્તિશાળી છે? હું રાજાના સ્થાને રહી છું, તું મારો મંત્રી થઈને કાર્યસાધક

થા. નહિતર તું કડવાં ફળ પામીને ખરાબ દશા પામીશ. હવે પછી તને જે ગમે તે સ્વીકાર. વધારે શું કહું ? હું રાજ્યાસન ઉપર બેસીને પ્રજાનું સંરક્ષણ પોતે જ કરીશ. રાજ્ય પણ સ્વામી વગરનું થશે નહિ. જો તું પોતાનું હિત ઇચ્છતો હોય તો મારું વચન માન્ય કર.'

અવસરના જાણ મંત્રીએ તેનું વચન સ્વીકાર્યું, તેથી વીરમતી પ્રસન્ન થઈને બોલી : 'હે મંત્રી ! હમણાં વિલંબ કર્યા વિના આખા નગરમાં આ પ્રમાણે પટહ-ઘોષણા કરાવ કે, 'આજથી માંડીને વીરમતી રાણી રાજ્યાસન પર બેસીને રાજ્ય કરશે. આથી દરેકે તેમની આજ્ઞા માળાની જેમ મસ્તકે ધારણ કરવી. જે તેની આજ્ઞાનું અપમાન કરશે, તે દંડને લાયક થશે. વધારે શું કહેવું ? જેઓ આભાપુરીમાં રહેવાથી કંટાળ્યા હોય, અને યમપુરીમાં જવાની ઇચ્છા હોય, તેઓ જ વિરુદ્ધ વર્તનારા થવું.'

## વીરમતી રાજ્યાસન ઉપર બેઠી એવી પટહોદ્‌ઘોષણા

આ પ્રમાણે તેની આજ્ઞા પ્રમાણે મંત્રીએ નગરમાં પટહ વગડાવ્યો.

પટહઘોષણા સાંભળવા માત્રથી નગરલોકો આશ્ચર્ય પામી, 'આ શું, આ શું' એમ વિચાર કરે છે. સ્ત્રી વગરનો રાજા તો સાંભળ્યો છે, પરંતુ રાજ્યની માલિક સ્ત્રી તો ક્યાંય સાંભળી નથી. આભાપુરીમાં આ નવું

સર્જન થયું છે. આ નગરમાં સ્ત્રી-રાજ્ય થયું, કારણ કે બધો પુરુષવર્ગ ક્ષય પામ્યો છે. એ પ્રમાણે નગરજનો પરસ્પર બોલવા લાગ્યા. ચિત્તમાં ખેદ પામ્યા છતાં પણ વીરમતીને કાંઈ પણ કહેતા ન હતા. વીરમતી નિર્વિઘ્નપણે રાજ્ય કરવા લાગી. મોટા સામંત રાજાઓ પણ તેની આજ્ઞાને માળાની જેમ મસ્તકે વહન કરે છે. ચંદ્રરાજાને કોઈ યાદ કરતું નથી. જેની ઉપર યમરાજા કોપ પામ્યો હોય તે જ ચંદ્રરાજાને યાદ કરે, અથવા તે મરી ગયેલો જ જોવાય. સર્વત્ર અખંડિત આજ્ઞાને પ્રવર્તાવતી તે રાણી મંત્રીને સ્વાધીન કરી પ્રસન્ન મનવાળી થઈ.

તે વીરમતીએ વિચાર્યું કે, 'મારા જેવા સ્વભાવવાળો આ મંત્રી મળ્યો છે. મારાં વચનને અનુસરતો આ ગાનને અનુકૂળ વાજિંત્ર વગાડે છે, એ પોતે પણ ચંદ્રરાજાને યાદ કરતો નથી' એ પ્રમાણે માનતી કાળ પસાર કરે છે.

હવે એક વખત ચતુર થઈને મંત્રીએ વીરમતીને કહ્યું કે, "હે માતા! મોટા પરાક્રમવાળા તમે આ રાજ્યનું રક્ષણ કરતે છતાં પ્રજા ચંદ્રરાજાનું નામ પણ લેતી નથી. કોઈની પડી ગયેલી વસ્તુ આપણા રાજ્યમાં કોઈપણ લેતું નથી. તમારો પ્રભાવ અચિંત્ય છે. આવું રાજ્ય-પાલન પૂર્વે કોઈએ કર્યું નથી. તમે રાજ્યાસન પર બેઠા ત્યારથી 'વાઘ–બકરી એક કાંઠે સાથે પાણી પીએ છે.' એવી લોકોક્તિ સાચી થઈ. હે માતા! વધારે શું

કહીએ ? તમારા પ્રભાવે ચામડાનું નાણું પણ માન્ય થાય છે. તમારી આગળ બોલવા માટે કોઈ શક્તિશાળી નથી, અહીં ઘણા રાજાઓ થયા છે. મેં પણ તેઓને જોયા છે. આગળ પણ જોઈશ. પરંતુ તમારી આગળ તેઓની કઈ ગણતરી ? તમે સ્ત્રી હોવા છતાં પણ ખેદ ન કરો. પૃથ્વી પણ સ્ત્રીલિંગધારિણી છે. બીજા જ્યારે વૃદ્ધ થાય છે, ત્યારે શરીરથી નમે છે, વાંકા વળે છે, તમે તો વૃદ્ધ થવા છતાં બીજાને નમાવો છો, તેથી તમારું વૃદ્ધત્વ વખાણવા લાયક છે."

આ પ્રમાણે મંત્રીનાં વચન સાંભળીને હર્ષથી પૂર્ણ હૃદયવાળી, ક્ષુદ્ર સ્વભાવવાળી વીરમતી લજ્જા ન પામી. ફરીથી હર્ષ પામેલી તેણે કહ્યું કે, 'તું મારો સાચો સેવક છે, તારું વચન મારે માનવા યોગ્ય જ છે.'

મંત્રીએ જાણ્યું કે, અમારો પણ વળાવીઓ–રક્ષક વાઘ થયો છે, પણ તે સારું નથી. આ પ્રમાણે વિચાર કરતાં તેના દૃષ્ટિમાર્ગમાં પાંજરાની અંદર રહેલો કૂકડો આવ્યો.

## કૂકડાને જોઈ મંત્રીએ પૂછવાથી વીરમતીનું અસત્ય કથન

તે પછી તે કૂકડાને જોઈને તે મંત્રી વીરમતીને પૂછે છે કે, 'હે પૂજ્યા ! આ પક્ષીને પાંજરામાં કેમ નાંખ્યો છે ? અથવા કોઈ દેવવિશેષને વશ કરીને બીજા-રૂપે રાખ્યો છે, સાચું કહો.'

તે પછી વીરમતીએ કહ્યું કે, 'વહુને રમવા માટે મૂલ્ય આપીને એ ખરીદ કર્યો છે. અત્યંત દીન અવસ્થાને અનુભવતા એને જોઈને દયા આવવાથી મેં એને પાંજરામાં રાખ્યો છે. જ્યાં સુધી જીવે ત્યાં સુધી એ સુખપૂર્વક અહીં રહે. સુસ્વાદુ ફળ વગેરેના ભોજન વડે તે આનંદ કરે. રાત્રિના છેલ્લા પહોરે પ્રભુના ગુણગાન માટે મને પણ તે પક્ષી જગાડે છે.'

તે પછી મંત્રીએ કહ્યું કે, 'આ પક્ષીને તમે ખરીદ કર્યો હોય તેમ જણાતું નથી. જો મૂલ્ય આપીને ગ્રહણ કર્યો હોય તો તે માટે કરાયેલ ધનનો વ્યય ( ખર્ચ) કોઈક ચોપડામાં લખાયેલ હોત. તમારો બધો કારભાર મારા હાથે જ થાય છે, આથી મને સાચું કહો. હું તો તમારો જ છું, તમારું બધું જાણું છું.'

વીરમતીએ કહ્યું કે, 'આવી વાત વારંવાર પૂછવી નહિ, તેમાં તારું જ્ઞાન નથી. વળી મારી પાસે ઘણા દાગીના છે, તેમાંથી એક દાગીનો આપી આ કૂકડો મેં ખરીદ કર્યો છે. તેથી તેનું નામું ચોપડામાં નથી. હવે ફરીથી એ વાત પૂછતો નહિ. મેં કહેલું વચન તારે માનવું. અન્યથા તું પણ તેવી અવસ્થા પામીશ.'

આ પ્રમાણે તેનું ભયપૂર્વકનું વચન સાંભળીને મંત્રી મૌન થયો.

આ વખતે ઘરની અંદર રહેલી અશ્રુપૂર્ણનેત્રવાળી ગુણાવલીને તેણે રોતી જોઈ. તેણીએ પણ પોતાની

હથેળીમાં 'આ કૂકડો મારો પતિ ચંદ્રરાજા છે' એવા અક્ષરો લખીને મંત્રીને સમજાવ્યું, તે આ પ્રમાણે—

**जो पंजरे निवडिओ चरणाउहो मे,**
**भत्ता स चंदनिवई सइविंद ! णेओ ।**
**तक्कम्मकारणमिहं खलु मे विमाया,**
**रुट्ठे विहिम्मि विवरीयगई जणाणं ॥४६॥**

"આ પાંજરામાં રહેલ જે ચરણાયુધ કૂકડો છે, તે મારો પતિ ચંદ્રરાજા છે. હે મંત્રી! તે તમે જાણો. અને તે કર્મનું કારણ ખરેખર વિમાતા છે. વિધાતા રોષ પામે ત્યારે લોકોની વિપરીત ગતિ થાય છે." ૪૬

આથી સર્વ હકીકત જાણવાથી મંત્રીએ વીરમતીનો બધો ય કૂટ-પ્રપંચ જાણ્યો. આશ્ચર્ય પામ્યા છતાં પણ તેણે તે વાત ન પૂછી. તે પછી તેને પ્રણામ કરી રજા લઈ પોતાને ઘેર ગયો.

આ ચંદ્રરાજાના કૂકડાના સ્વરૂપની વાત દેશાંતરમાં પણ પ્રસિદ્ધ થઈ. બધા લોકો 'તે વીરમતીને ધિક્કાર હો' એમ બોલવા લાગ્યા. જેણે રાજ્યના લોભથી પોતાના પુત્રને આવી દશા પમાડ્યો. વીરમતીના ભયથી ત્રાસ પામી કોઈપણ તેની આગળ પ્રત્યક્ષ થઈને કહેવા સમર્થ થતા નથી. કહ્યું છે કે—

**उवएस्सो हि मुक्खाणं, पकोवाय न संतीए ।**
**पयपाणं भुजंगाणं, केवलं विसवड्ढणं ॥४७॥**

**उवएसो न दायव्वो, जारिसे तारिसे जणे ।**
**उअ वानरमुक्खेण, सुघरी निग्घरीकया ।।४८।।**

"મૂર્ખજનોને ઉપદેશ આપવો એ પ્રકોપ માટે થાય છે, શાંતિ માટે થતો નથી. સર્પને દૂધ પીવરાવવાથી ફક્ત ઝેરની વૃદ્ધિ થાય છે." ૪૭

"જેવા તેવા માણસને ઉપદેશ ન આપવો. જુઓ મૂર્ખ વાનરને ઉપદેશ આપવાથી સુઘરી (પક્ષી) ઘર વગરની કરી." ૪૮

કારણ કે બળવાનની વિરુદ્ધ ચિંતન કરવું તે ફક્ત અત્યંત દુઃખ પેદા કરનાર જ થાય છે.

કેટલાક રાજાઓએ વીરમતીના વિદ્યાબળથી ભય પામી તેને પ્રણામ કરી તેની આજ્ઞા કબૂલ કરી. તેણીએ અચિંત્ય વિદ્યાશક્તિના પ્રભાવથી વાંકા ચાલતા માણસોને સરળ બનાવી દીધા.

## હિમાલયના રાજા હેમરથરાજાની આભાપુરી ઉપર ચઢાઈ

તે વખતે હિમાલયના અધિપતિ હેમરથરાજાએ વીરમતીનો વૃત્તાંત જાણ્યો. પહેલાં જે ચંદ્રરાજાથી ઘણી વાર પરાજય પામ્યો હતો. તેથી તેણે વિચાર્યું કે, 'હમણાં વિજયનો સમય આવ્યો છે' એ પ્રમાણે નિર્ણય કરી તે આભાપુરીનું રાજ્ય લેવા તૈયાર થયો. પહેલાં વીરમતીને સાધારણ સ્ત્રી માનીને તે હેમરથરાજાએ એક પત્ર લખી

તેની પાસે દૂત મોકલ્યો. દૂતે અવિલંબિત પ્રયાણ વડે ઘણી ભૂમિ ઓળંગી આભાનગરીમાં આવીને સભામાં સિંહાસન ઉપર બેઠેલી વીરમતીના હાથમાં પોતાના સ્વામીનો લેખ આપ્યો.

તેણીએ પણ તે લેખ આ પ્રમાણે વાંચ્યો, 'હે રંડે! મૂઢ બુદ્ધિવાળી, તેં જે ક્ષત્રિય રાજાને પ્રકોપિત કર્યો હતો તે જલ્દી તારું રાજ્ય લેવા આવે છે, તેથી તારે પોતાના દેશનું રક્ષણ કરવા તૈયાર રહેવું.'

આ પ્રમાણે લેખનો અર્થ વિચારી ક્રોધથી નખથી શિખા સુધી બળતી તે મોઢું લાલચોળ કરી બોલી: 'હે દૂત! તું ઉતાવળે જઈને તારા સ્વામીને જણાવ કે, 'હે રંડાપુત્ર! જો તું માણસ હોય તો પોતાના વચનનું પાલન કરજે અને જલ્દી અહીં આવજે, તેમ જ તું રાણી જાયો હો અને પોતાની માતાનું સ્તનપાન કર્યું હોય તો એકદમ મારી દૃષ્ટિમાર્ગમાં આવજે. જો તું ક્ષત્રિયકુળમાં જન્મ્યો હો તો આ કામમાં વિલંબ કરતો નહિ. જો કેડમાં સાચી તલવાર ધારણ કરતો હો તો યુદ્ધમાં પોતાનું પરાક્રમ બતાવજે. તું પહેલાંના દિવસો ભૂલી જઈને ફોગટ બડાઈ કરે છે. યુદ્ધમાં અવળા મુખવાળા થઈને કેટલીક વાર અહીંથી નાસી ગયેલા તને હું જાણું છું. તે જ હું પોતાને વીર માનતી વીરમતી છું. તેં જ્યાં સુધી આ વીરમતીને જોઈ નથી ત્યાં સુધી તને યુદ્ધની વાત

સારી લાગશે. જો તારો યુદ્ધનો અભિલાષ હોય તો તારો એ અભિલાષ પૂરો કરજે. આવવાથી યુદ્ધમાં તેની પરીક્ષા થશે. હે મૂર્ખ! પારકાના રાજ્યની ઇચ્છા કરતાં તારું પોતાનું રાજ્ય પણ રહેશે નહિ. કીડીને પાંખ આવે તે તેના વિનાશ માટે જ થાય છે, તેવી જ તારી ચેષ્ટા છે. ચપટીમાત્રમાં તને મસળી નાંખીશ એમ તારે જાણવું. હે દૂત! તારા સ્વામીને મેં કહેલું બધું કહેજે.'

આ પ્રમાણે કહીને તેણીએ દૂતને રવાના કર્યો.

તે વીરમતીની પાસેથી નીકળી તે દૂતે હેમરથરાજાની પાસે જઈને તેણીની બધી વાત જણાવીને કહ્યું કે, 'હે રાજા! જેણે વિદ્યાઓ સિદ્ધ કરી છે એવી તેણીની સાથે વિરોધ ન કરવો.' આ પ્રમાણે વિનંતી કર્યા છતાં પણ અભિમાનને વશ થયેલા રાજાએ તેનું વચન માન્યું નહિ. એકદમ યુદ્ધનો નિર્ણય કરી હેમરથરાજાએ પોતાના સૈન્યને તૈયાર કર્યું.

તે પછી તે હિમાલયના શિખર સરખા મદ ઝરતા હાથીઓ, સમુદ્રના તરંગ સરખા તરંગવાળા એવા હેષારવ કરતા અશ્વો, ચક્રની ધાર વડે પૃથ્વીને ચૂરી નાખતા રથો અને યુદ્ધભૂમિમાં વિજય મેળવનારા સુભટોને લઈને સામંતોના સમૂહથી પરિવરેલો નિરંતર પ્રયાણો વડે 'આ રાંડને એકદમ પોતાની ભૂજાના બળ વડે ક્ષણવારમાં જીતીને આભાનગરીને ગ્રહણ કરીશ.' એમ વિચારતો આભાનગરીની સમીપમાં આવ્યો.

તે વખતે શત્રુસમુદાયનો નાશ કરવા સમર્થ એવા અનેક વીરપુરુષોથી અધિષ્ઠિત આભાપુરીને જોઈને પ્રબળ શત્રુઓથી પણ આ આભાનગરી જીતાય તેવી નથી એમ જાણી ક્ષોભ ઉત્પન્ન થવાથી તે ત્યાં જ રહ્યો.

હવે પોતાની નગરીની પાસે આવેલા હેમરથને જાણીને તે વીરમતીએ પોતાના મંત્રી સુમતિને બોલાવીને કહ્યું કે, 'હે મંત્રીશ્વર ! આ હેમરથ સૈન્ય સાથે આવી આ નગરીને ઘેરો નાંખવા ઇચ્છે છે. એ તુચ્છની સાથે યુદ્ધ કરવું મને પણ લજ્જા કરનારું છે. એ સામાન્ય માણસ સાથે યુદ્ધ કરવા હું કઈ રીતે જાઉં ? પરંતુ તારી ઉપર મારી મહેરબાની છે. અવશ્ય તારો વિજય થશે. તેથી તું સૈન્ય લઈને તેની સામો જા. તારે કોઈ જાતની ચિંતા ન કરવી. તારું રુવાંટુ પણ વાંકું કરવા કોઈ શક્તિમાન નથી. આથી ઢોલ–નગારાના અવાજપૂર્વક ત્યાં જઈ એકદમ તેને ઘેરી લઈ વિજયપતાકા ગ્રહણ કર.'

આ પ્રમાણે વીરમતીનાં વચનો સાંભળી તે સુમતિ-મંત્રી પોતાના સ્થાને આવી સામંતોને બોલાવી કહે છે કે, 'હે સામંતો ! આ હેમરથરાજા પ્રબળ સૈન્ય લઈ આ આભાનગરીને જીતવા આવ્યો છે, તેને જીતનાર ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થયેલો શું કોઈ નથી ? જે કોઈ માડીજાયો હોય તે તૈયાર થાઓ. તમારી જેવા સામંત-ગણ હોવા છતાં જો તે આભાનગરીને ગ્રહણ કરશે તો આપણે કેવી રીતે મોઢું દેખાડીશું ? હમણાં વીરમતીના

અવગુણ ન જોઈએ. આપણું ઉચ્ચકુળ જોવું જોઈએ. હમણાં ચંદ્રરાજા કૂકડાપણાને પામ્યા છે એવું પોતાના મનમાં ન વિચારવું. તે પણ તમારી સેવાને ભૂલશે નહિ. કારણ કે જે પરોપકાર-રસિક હોય છે તે નરશેખર થાય છે, આપણે પણ તેવા થવું જોઈએ. કહ્યું છે કે—

**दो पुरिसे धरइ धरा, अहवा दोहिं पि धारिआ पुहवी ।**
**उवयारे जस्स मई, उवयरिअं जे न कुसंति ॥४९॥**

"બે પુરુષોને પૃથ્વી ધારણ કરે છે, અથવા બે પુરુષો વડે પૃથ્વી ધારણ કરાઈ છે, ૧ જેની ઉપકારમાં બુદ્ધિ છે અને જેઓ ઉપકારને ભૂલતા નથી." ૪૯

આ પ્રમાણે મંત્રીનાં વચનોથી વિશ્વાસ પામેલા તે સામંતો ઊંચો હાથ કરીને બોલ્યા કે, 'મંત્રીશ્વર! ચંદ્રરાજા રૂપી સૂર્યનો આતપ હિમરથરૂપી હિમને ટુકડે ટુકડા કરશે, ક્ષત્રિયો પ્રાણાંતે પણ સ્વામીના કાર્યથી વિમુખ થતા નથી, તો ચંદ્રરાજાના સેવકો એવા અમને શું કહેવાનું હોય?'

## સુમતિમંત્રીનું હેમરથ સાથે યુદ્ધ અને સુમતિમંત્રીનો વિજય

હવે બધાનો એકમત જાણીને સૈન્યને તૈયાર કરી મંત્રી એકદમ પ્રયાણદુંદુભિ વગાડતો નગરમાંથી બહાર નીકળ્યો. બંનેય સૈન્યના બળવાન સુભટો સ્ત્રી વગેરેના

મોહને છોડી સન્મુખ આવી યુદ્ધરસિક બની યુદ્ધ કરવા તૈયાર થયા.

કેટલાક ક્ષત્રિય-નરો ભૂખ્યા સિંહની જેમ ગર્જના કરતા હિંગળો જેવા વર્ણવાળા લડવા લાગ્યા. યુદ્ધમાં વીર્યોલ્લાસ વધારે એવાં વાંજિત્રો વાગવા લાગ્યાં. ભાટ-ચારણોના સમૂહથી ગવાતી ગુણાવલીને સાંભળીને અખાડામાં મલ્લની જેમ સુભટોનો રણસંગ્રામ પ્રવર્ત્યો. કેટલાક યોદ્ધા યુદ્ધમાં ભંભાના ભેંકાર અવાજ સાંભળીને યશઃલક્ષ્મીને ગ્રહણ કરવા તત્પર થયા. કેટલાક સુભટો પદપ્રહાર વડે ભૂમિને કંપાવતા વિજયલક્ષ્મીને ઇચ્છતા એક બીજાને વળગતા પરસ્પર ભેગા થવા લાગ્યા. કેટલાક સુભટોના હાથમાં રહેલા, વાંકા પ્રહાર કરાયેલા તીક્ષ્ણ ભાલા પરસ્પર નમસ્કાર કરતા હોય તેવા દેખાય છે. ધનુર્ધારીઓના ધનુષમાંથી નીકળેલાં બાણો ક્ષણવારમાં લક્ષ્ય-અલક્ષ્યપણાને પામ્યા. બ્રહ્માંડને ફોડી નાંખતી હોય એવી તોપો બહેરા માણસોને પણ જગાડતી હતી. કોઈ કાયર પુરુષો જીવિતની આશા કરી યુદ્ધના ભયથી ત્રાસ પામી રણભૂમિ છોડીને નાસવા લાગ્યા. કોઈક મરણથી ભય પામી શસ્ત્ર-અસ્ત્ર ફેંકી દઈ નાસી જવાને જ સારું માનવા લાગ્યા. કેટલાક પ્રચંડ ઓજસ્વી પુરુષો વીરરસને વમન કરતા હોય તેમ યુદ્ધક્રીડા કરતા હતા. કેટલાક જીવોનો સંહાર કરતી યુદ્ધક્રીડાને જોઈ ન શકવાથી ત્રાસ પામતા હતા. કોઈક ઉદ્‌ભટ સુભટના વેગને નહિ સહન

કરવાથી પૃથ્વીપીઠનું શરણું લેતા હતા. સુભટોની તલવારની ધાર વડે ટુકડે ટુકડા કરાયેલા કેટલાક પતંગિયા જેવી દશાને પામ્યા. કેટલાક હાથીઓએ દાંતના પ્રહારથી ઘોડાઓને જીવિતથી રહિત કરી તેઓ વડે ભૂમિને ભરી દીધી. કેટલાક યોદ્ધાઓના મહારથીઓએ અંગના ચૂરેચૂરા કરી મૂર્છા પમાડી પૃથ્વી ઉપર પાડી નાંખ્યા. કેટલાક વીરો શસ્ત્રપ્રહારોથી ભેદાયેલા મસ્તકવાળા થઈ દેવતાઈ લક્ષ્મીને ( સ્વર્ગ લક્ષ્મીને ) પામ્યા. કેટલાક ઘોડેસ્વારો પોતાના ઘોડાની ખરીઓને બીજા હાથીઓના દાંત ઉપર રાખી ઊભા રહીને બીજા સુભટોને બમણો પ્રહાર કરતા હતા. કેટલાક છત્રધારી રાજા ઘણા પ્રહારથી જર્જરિત દેહવાળા થઈ પૃથ્વીતળ ઉપર પડી મદોન્મત્ત એવા તે વીરરસનો સ્વાદ કરતા હોય તેવા દેખાય છે. આ પ્રમાણે બંને સૈન્યોનું આશ્ચર્યકારક યુદ્ધ થયે છતે લોહીની નદી સુભટોના મસ્તકોરૂપી કમળની પંક્તિથી શોભતી બંને કાંઠે વહેવા લાગી. યોગિની અને ખેચરીઓનાં ટોળાં કૌતુક જોવા માટે ત્યાં ઇચ્છા પ્રમાણે ફરવા લાગ્યાં. તે વખતે લોહી અને માંસમાં આસક્ત ગીધ વગેરે પક્ષીઓના સમૂહને હર્ષ આપનારા યુદ્ધમાં સુમતિમંત્રી ગર્જના કરતે છતે હેમરથરાજાના સૈનિકો શિયાળની જેમ દશે દિશામાં ભાગી જઈ ક્યાંય અદૃશ્ય થઈ ગયા. તે પછી અવસર પામીને સુમતિમંત્રીએ હેમરથને મયૂરબંધ વડે બાંધીને સ્વાધીન કર્યો.

'સુમતિમંત્રીનો વિજય થયો' એમ સર્વેએ ઉદ્‌ઘોષણા કરી.

હવે વિજય મેળવી સુમતિમંત્રી દુંદુભિના અવાજથી દિશાઓને બહેરી કરતો નગરીમાં પ્રવેશ કરીને વીરમતીની પાસે આવ્યો અને તેની આગળ હેમરથરાજાને ઉપસ્થિત કર્યો.

તે વીરમતી તેને જોઈને બોલી કે, "હે વીરમાની! તારા બળની પરીક્ષા થઈ? તું મારો લાંબા સમયથી સેવક છે, છતાં મારી સાથે યુદ્ધ કરવા ઇચ્છતા પહેલાં તે કાંઈ વિચાર ન કર્યો? અરે મૂર્ખ! શું તું મારા પરાક્રમને જાણતો નથી? મારા મંત્રીએ પણ તારો પરાજય કર્યો. 'બોલ અમારી આગળ કોણ સ્ત્રી?' આજ સુધી તે આભાપુરીનો સીમાડો જોયો ન હતો? જેથી તને અહીં આવવાની ઇચ્છા થઈ? પરંતુ તારે આ ન ભૂલવું કે, જો તું હાથી છે તો હું સિંહ છું, જો તું ચકલો છે તો હું સીંચાણો છું. હે નિર્લજ્જ! અહીં તારા જેવું બીજું કોણ છે, જે ફક્ત નકામી ભારભૂત એવી તલવારને ઉપાડે.'

આ પ્રમાણે કઠોર વચનોથી વીરમતી તેને તર્જના કરે છે.

તે પછી સુમતિમંત્રી સુમધુર વચનોથી વીરમતીને વિનંતી કરીને હેમરથરાજાને બંધનમાંથી છોડાવ્યો. તે પછી અશનવસ્ત્ર આદિથી સત્કાર કરીને સંતોષ પમાડ્યો.

તે પછી વીરમતીએ કહ્યું કે, 'આજથી માંડીને તું મારી આજ્ઞાનું અખંડપણે પાલન કર. તારું કલ્યાણ થશે.'

હેમરથે કહ્યું કે, 'હે માતા ! તમારા આદેશનું હું ક્યારેય ઉલ્લંઘન નહિ કરું' એમ કહી તેને પ્રણામ કરી સભામાં બેઠો.

## શિવકુમાર નટનું પોતાની પુત્રી શિવમાલા સાથે રાજસભામાં આગમન

હવે એક વખત ઘણા પ્રકારની નટકર્મની કળામાં કુશળ શિવકુમાર નામે શ્રેષ્ઠ નટ ત્યાં આવ્યો. તેની સાથે વિવિધ પ્રકારની નાટ્યકળામાં વિચક્ષણ પાંચસો નટ હતા. તે નટરાજાએ નાટ્યકળામાં સર્વસ્થળે યશ મેળવી રાજસભામાં પ્રવેશ કરી વીરમતીને નમસ્કાર કર્યો.

વીરમતીએ તેને પૂછ્યું કે 'હે નટવર ! તું ક્યાંથી આવ્યો છે ?'

શિવકુમારે કહ્યું કે, 'હે વીરસેનરાજાની વલ્લભા ! હું ઉત્તર દિશાના માર્ગથી નાટ્યકળા વડે અનેક રાજાઓના ચિત્તને પ્રસન્ન કરતો, તેઓની પાસેથી લાખો ભેટ મેળવતો આભાનગરીની ઘણી પ્રશંસા સાંભળતો અહીં આવ્યો છું. આભાનગરીની જેવી શોભા સાંભળી હતી તેવી જ આજ મેં પ્રત્યક્ષ જોઈ. સભાજન સહિત તમે દીર્ઘ આયુષ્યવાળા થાઓ. હમણાં જો તમારો

હુકમ હોય તો હું દારિદ્રની મુદ્રાને નાશ કરવામાં સમર્થ નાટક દેખાડીને ભગવતીના પ્રસાદના અંશને પામું.'

તે પછી રજા મળવાથી શિવકુમારે બધાય નટોને ભેગા કર્યા. નટોનો સમુદાય પણ પોત-પોતાના નાટ્ય-વિભાગ આદિ કાર્યો કરવા માટે તત્પર થયો.

હવે તે નટો ચંદ્રસમાન શ્વેતમુખ ધારણ કરી, કચ્છ બાંધી કેસરીવર્ણના અધોવસ્ત્ર પહેરી ધિગ–ધિગ–ધિગ એ પ્રમાણે મૃદંગ વગાડતા, દુંદુભિ વગાડતા, મધુર રાગાલાપ કરતા વીણા વગેરે વાદ્યોના સપ્તસ્વર અને છ રાગના આલાપ વડે સાક્ષાત સંગીતમંડપ તે વખતે ત્યાં બનાવે છે.

નટરાજ પણ હંસ, અશ્વ, ગજ, વાઘ વગેરે નવાં નવાં રૂપો કરી ત્યાં રમત કરે છે, ક્યારેક અંતરમાં હસતો તે હાસ્યજનક વક્રવચનોથી તેમ જ વિવિધ નેત્ર વિકારોથી હાસ્યરસ ઉત્પન્ન કરે છે.

એ વખતે ગુણાવલી પણ વાજિંત્રનો નાદ સાંભળી પોતાના ખોળામાં પાંજરામાં રહેલા ચંદ્રરાજાને રાખી ગોખમાં બેસી નાટક જુએ છે.

તે પછી સઘળી નાટ્યકળામાં કુશળ શિવકુમાર નટરાજની પુત્રી શિવમાલા પોતાની કળાની કુશળતા દેખાડવા માટે તૈયાર થાય છે.

તે સમયે નટરાજે ત્યાં ઉપશમશ્રેણી સરખો ઊંચો એક વાંસ ઊભો કર્યો. તેની ચારે બાજુ ભૂમિમાં ખીલા

નાખી, તે ખીલામાં દોરડા બાંધી મજબૂત કર્યો. તેથી ભવ્યજનોને તે લોક (ચૌદ રાજલોક)ના આકાર સરખો દેખાય છે તેમ જ વાંસની આગળ નાખેલા ખીલા ઉપર સોપારી મૂકીને તે વાંસને વિભૂષિત કર્યો.

સૌથી પહેલા ત્યાં શિવમાલા આવી. મહારાણીને પ્રણામ કરી ચંદ્રરાજાની કીર્તિ ઉચ્ચારે છે. તે પછી પોતાના પિતા વગેરેની રજા લઈ તે વાંસ ઉપર ચઢે છે. તે વખતે નીચે ઊભેલા નટો ઢોલ વગાડે છે.

નટરાજ કહે છે કે, 'પુત્રી! તું સાવધાન થઈને ચિત્ત અને નેત્રો નિશ્ચલ કર. હે પુત્રી! તે નટકુળમાં ઉત્પન્ન થઈને ઘણી કળાઓનો અભ્યાસ કર્યો છે, તે કળાઓ જો આ રાજસભામાં નહિ બતાવે તો તારી કળાની કુશળતાનો ક્યાં ઉપયોગ થશે? આપણો આ કુળધર્મ છે, અહીં કોઈ વિચાર ન કરવો. કહ્યું છે કે,

**अवसरं पप्प जो मूढो, स-हियं न समीहए ।**
**लोगवज्झो स विण्णेओ, को हि कित्तिं न कंखए ॥५०॥**

"અવસર પામી જે મૂર્ખ પોતાનું હિત ઇચ્છતો નથી, તે વ્યવહારશૂન્ય જાણવો, કીર્તિની કોણ ઇચ્છા કરતું નથી?" ૫૦

તે પણ પિતાનું વચન સાંભળીને એકદમ વાંસના શિખર ઉપર ચઢી વાંસના અગ્રભાગ ઉપર રહેલ સોપારી ઉપર પોતાની નાભિ રાખી આકાશમાં કુંભારના પૈડાની

જેમ પોતાના શરીરને ભમાડવા લાગી. નીચે રહેલા ઢોલ વગાડનારા મોટા શબ્દોથી 'હો....હો' એમ હોકારા કરે છે. શરીરને ભમાડતી તે શિવમાલા વચ્ચે વચ્ચે પરાવર્તન કરીને સોપારી ઉપર મસ્તક રાખીને બે પગ ઊંચા કરી તાપસીની માફક ક્ષણવાર મન-વચન-કાયાને સ્થિર કરતી હતી. તે પછી દેહનું પરાવર્તન કરીને દૃઢપણે શ્વાસ રોકી સોપારી ઉપર ગરુડાસને બેસતી હતી. તે પછી તે સોપારી ઉપર ડાબો પગ રાખી એક પગે ઊભી રહીને શરીરને ચક્રની માફક ભમાડે છે. તેની તે કળા અત્યંત દુષ્કર અને અતિ અદ્ભુત હતી. ફરીથી તે વાંસ ઉપર રહેલી જુદા જુદા પાંચ વર્ણના મસ્તકે વીંટવાના વસ્ત્રો લઈને કમળનાળની ઉપર પુષ્પનાં પાંદડાં ગૂંથે છે.

આ પ્રમાણે નાટ્યકળાની કુશળતાને બતાવતી શિવમાલાને શિવકુમાર કહે છે કે, 'હે પુત્રી ! આ બધી સભા તારી કળાની કુશળતાથી ઘણી સંતુષ્ટ થઈ છે, આથી નીચે ઊતર. સમય ઘણો થઈ ગયો છે.'

તે પોતાનાં પિતાનાં વચનને સાંભળીને દોરી પકડીને સાપણની માફક અથવા તો આકાશમાંથી ઊતરતી ગંગા નદીની જેમ નીચે ઊતરે છે, હર્ષિત થયેલો નટગણ પણ તેને ભેટે છે. કારણ કે હવે પડવાનો ભય ગયો છે.

નટો ચંદ્રરાજાનો જય જયકાર બોલતા ઢોલ વગાડતા વીરમતીની પાસે આવી તેને પ્રમાણ કરી ઇનામ માગે છે.

ગુણ જાણનારો શિવકુમાર નટરાજ ચંદ્રરાજાના યશના ગુણગાન કરે છે, કર્ણપુટમાં તપાવેલા સીસા સરખી તેઓની વાણી સાંભળીને રાજ્યનું અભિમાન ધારણ કરતી વીરમતી તેઓને દાન આપતી નથી, તેથી મનોરથ પૂર્ણ ન થવાથી તેઓ ફરીથી વિવિધ કલાકૌશલ્ય બતાવીને મોટેથી ચંદ્રરાજાનો જય શબ્દ ઉચ્ચારતાં પ્રમાણ ફરી વીરમતી પાસે માગે છે. તે વખતે પણ વજ્રની જેમ કઠિન હૃદયવાળી તે વીરમતીએ જરાપણ ઇનામ ન આપ્યું. બીજા કેટલાક લોકો નાટ્યકળા જોઈ ઘણો આનંદ પામી દાન આપવા ઉત્સુક હોવા છતાં પોતાની રાણીની પહેલાં આપતા નથી.

નટરાજ પણ વીરમતીના આશયને જાણતો ન હોવાથી વારંવાર ચંદ્રરાજાના ગુણો ઉચ્ચારે છે.

## પોતાનો યશ સાંભળી કૂકડા રૂપે રહેલા ચંદ્ર રાજાનું દાન

આ વખતે પાંજરામાં રહેલો કૂકડો વિચારે છે કે, 'આ નટવૃંદ મારો યશ વખાણે છે. તેથી તે સહન ન કરવાથી મારા વિમાતા તેઓને ઇનામ આપતી નથી. તેથી દાન નહિ મળવાથી આ નટો દેશાંતરમાં મારો અપયશ બોલશે, તેથી તેઓને અવશ્ય દાન આપવું જોઈએ, અન્યથા મારો યશ કેવી રીતે રહેશે?'

એ પ્રમાણે વિચારતો તે કૂકડો ગુણાવલીના મુખને જોઈને પ્રસન્ન મનવાળો થઈ પોતાના પાંજરાની સળી-

માંથી પગના ઘાતથી રત્નજડિત એક સોનાનું કચોળું ખસેડી ચાંચમાં લઈને નીચે તેઓની આગળ નાંખે છે. બધા લોકોની નજર સમક્ષ નીચે પડેલા કચોળાને જોતા શિવકુમાર એકદમ લઈને 'ચંદ્રરાજા વિજય પામો' એ પ્રમાણે જયઘોષણા કરે છે. તે પછી ઢોલ વગાડીને પણ તેનો જયપટહ ઘણો વગાડ્યો. તે પછી સર્વે લોકો વીરમતીને ન જોતાં હોય તેમ વિવિધ વસ્ત્ર-આભરણ આદિ દેવા લાગ્યા.

તે વખતે શિવકુમાર વગેરે નટગણ પણ વસંતઋતુમાં વિવિધ વનરાજી વડે ગિરિવર શોભે તેમ વસ્ત્ર-અલંકારો વડે શોભે છે. નટો અને નટીઓ પણ અમૂલ્ય વસ્ત્રો પહેરી અપૂર્વ હોય તેવા દેખાય છે.

તે પછી મનવાંછિત કરતા અધિક દાન મળવાથી દારિદ્ર દૂર થવાથી સંતોષ પામી તે શિવકુમાર આદિ નટો પોતાના સ્થાને ગયા.

## નિયમ વિરુદ્ધ દાનથી વીરમતીનો રોષ

આ તરફ પોતાના નિયમ વિરુદ્ધ દાન અપાતું જોઈને વીરમતીના દેહમાં ક્રોધાગ્નિની જ્વાળાઓ ચોતરફ ફેલાઈ. પછી કોપાકુળ મનવાળી તેણીએ વિચાર્યું કે, 'હું સભામાં હોવા છતાં વિવેક વગરના કયા મૂર્ખે મારી પહેલાં દાન આપીને દાની થવાની મહેચ્છા કરી? એ ખરેખર મોસાળમાં મોટો થયેલો દેખાય છે, તે મૂર્ખ મારી

નિશાળમાં ભણ્યો નથી. તેનું લાંબુ આયુષ્ય છે કે જેથી અહીંથી જીવતો નીકળતાં મેં જોયો નથી.'

'પાંજરામાં રહેલા કૂકડાએ પ્રથમ ઇનામ આપ્યું' તે તેણે ન જાણ્યું. આથી વીરમતી તેની ઉપર કોપ ન પામી.

તે સમયે સમયને જાણનાર મંત્રી કહે છે કે, 'હે ભગવતી! રોષ કરવાનું કોઈ કારણ નથી. જે કોઈએ દાન આપ્યું, પણ તેથી યશ તો તમને જ મળ્યો. સરળ ભાવે જાણવું કે જેમ શૂર પુરુષો યુદ્ધમાં સ્વામીની આગળ જઈને યુદ્ધ કરે છે, તેમ દાતારો પણ પોતાના સ્વામીના ગવાતા યશને સાંભળીને છાના રહેતા નથી. વળી બીજી વાત એ છે કે–જેણે દાન આપ્યું તે પણ તમારી પુત્ર સરખી પ્રજા જ છે, તે શું માતાની આગળ બાળ ક્રીડા ન કરે? તેઓની ઉપર રોષ ન કરવો ઘટે.' આ પ્રમાણે મંત્રીએ સમજાવવા છતાં પણ તે કોપથી ન અટકી.

તે પછી રાજસભા વિસર્જન કરી કોપયુક્ત ચિત્તવાળી તે વીરમતી પોતાના સ્થાને ગઈ. તે વખતે સૂર્ય પણ અસ્ત પામ્યો. તે પથારીમાં સૂતી, પણ ચિંતાકુળ મનવાળી આમતેમ આળોટવા છતાં ક્ષણવાર પણ નિદ્રા સુખ ન પામી. કહ્યું છે કે—

**चिंता चितासमा वुत्ता, बिंदुमेत्तविसेसओ ।**
**सजीवं दहए चिंता, निज्जीवं दहए चिता ॥५१॥**

चिंता जरा मणूसाणं हयाणं अगमो जरा ।
असंभोगो जवा थीणं, वत्थाणं आयवो जरा ॥५२॥

चिंताउराणं न सुहं न निद्दा, कामाउराणं न भयं न लज्जा ।
अत्थाउराणं न गुरू न बंधू, खुहाउराणं न रुई न वेला ।५३।

"ચિંતા એ બિંદુ માત્ર વિશેષથી ચિતા સમાન કહી છે, ચિંતા એ જીવતાને બાળે છે, જ્યારે ચિતા એ નિર્જીવને બાળે છે" ૫૧

"ચિંતા એ મનુષ્યની જરા છે, ગતિનો અભાવ એ અશ્વોની જરા છે, અસંભોગ એ સ્ત્રીઓની જરા છે અને આતપ એ વસ્ત્રોની જરા છે." ૫૨

"ચિંતાતુર મનુષ્યોને સુખ કે નિદ્રા હોતાં નથી, કામાતુર લોકોને ભય કે લજ્જા હોતાં નથી, અર્થાતુર લોકોને ગુરુ કે બંધુ હોતા નથી, ક્ષુધાતુર જનોને રુચિ કે વખત હોતા નથી." ૫૩

'પહેલું દાન કોણે આપ્યું' એમ વિચાર કરતાં તેને સવાર થઈ ગયું. પૂર્વાચલના શિખર ઉપર સૂર્ય ચઢયો ત્યારે મતિહીન વીરમતીએ સભામાં આવીને પોતાના અધિકારીઓ અને નગરજનોને બોલાવ્યા. સભામાં રહેલી તે વીરમતી તે જ નટરાજને બોલાવી ફરીથી નાટક કરવા આદેશ કરે છે. તે નટરાજ આદેશ મળવાથી

તે જ વખતે બધી સામગ્રી તૈયાર કરી રંગભૂમિના મધ્યભાગમાં વંશદંડ સ્થાપે છે. તે વખતે—

**गुणावली कंचणपंजरत्थं, पियं समादाय निए गवक्खे।**
**नवं नवं नाडयमिक्खिउं सा,**
**ठासी खणं दुक्खविणासणाय ।।५४।।**

"ગુણાવલી પણ કાંચનના પાંજરામાં રહેલા પોતાના પ્રિયને લઈને પોતાના ગવાક્ષમાં નવાં નવાં નાટક જોવા માટે અને ક્ષણવાર દુઃખ દૂર કરવા માટે બેઠી." ૫૪

### બીજા દિવસે પણ કૂર્કટરાજનું દાન

શિવકુમાર પણ ભરતનાટ્ય વગેરે જુદાં જુદાં નાટકો કરી, 'ચંદ્રરાજા જયવંતા વર્તો' એ પ્રમાણે બોલતો વીરમતી પાસે આવ્યો.

તે પણ 'ચંદ્રરાજા જય પામો' એ પ્રમાણે શબ્દ સાંભળી ઘણો ખેદ પામી કાંઈપણ ન બોલી. ઇનામ આપવા તેણે પોતાનો હાથ લાંબો ન કર્યો તેથી નગરજનો પણ વીરમતીનું મુખ જોતાં દાન દેવાની ઇચ્છા હોવા છતાં તેમ જ ઊભા રહ્યા. શિવકુમાર પણ વીરમતીના આશયને ન જાણવાથી સર્વ સભા તરફ દૃષ્ટિ ફેંકતાં—

**लवणेण विणा अन्नं, सेणा य गयवज्जिया ।**
**पत्तहीणा जहा वल्ली, चंदहीणा तहा सहा ।।५५।।**

"જેમ મીઠા વગરનું અન્ન, હાથી વગરની સેના, પત્ર વગરની વેલ, તેમ ચંદ્ર વગરની સભા છે."

એ રીતે ચંદ્રરાજા વગરની સભાને તે નિસ્સાર માને છે. તે વખતે વારંવાર ગવાતા પોતાના યશને સાંભળીને તે કૂકડો વિમાતાના ભયને અવગણીને લાખના મૂલ્યવાળા કચોળાને પાંજરામાંથી બહાર નીચે ફેંકે છે.

શિવકુમાર નટ પડતાં તે કચોળાને જલદી પોતાના હાથમાં લઈ મોટેથી 'ચંદ્રરાજા વિજય પામો' એમ બોલ્યો.

તે વખતે પ્રથમ દિવસની પેઠે ઉત્કંઠિત બધાય લોકોએ પુષ્કળ દાન આપ્યું. ત્યાં સોનાની વૃષ્ટિ થઈ.

## વીરમતીનો કૂકડારૂપે રહેલ ચંદ્રરાજા ઉપર રોષ

કૂકડાનો અવિનય જોઈ અત્યંત કોપ પામી તે વીરમતી રાણી તલવાર લઈને જ્યાં ગુણાવલી બેઠી છે ત્યાં જઈને હાથમાં પાંજરું લઈને બોલી : 'હે દુષ્ટ! ધૃષ્ટ! હજુ પણ તને લાજ નથી? મારી પહેલાં તેં નટોને કેમ દાન આપ્યું? આ અવિનયનું ફળ મેળવ. હવે તને જીવતો છોડીશ નહિ.' એમ બોલી તલવાર ખેંચી જેટલામાં પ્રહાર કરતા જાય છે, તેટલામાં ગુણાવલી વચ્ચે પડીને હાથ પકડીને બોલી કે, 'હે માતા! કોપ ન કરો, આ ગરીબ પક્ષી દાનમાં શું સમજે? આ દુઃખીના દેહને જુઓ. પાણી પીતા એની પાંખના સ્પર્શથી કચોળું

પડી ગયું અને તે નટે લઈ લીધું. એમાં આનો શું દોષ? વળી પક્ષીને એવો વિવેક ક્યાંથી હોય? આથી એના ઉપર તમારે ક્રોધ કરવો ઉચિત નથી. પક્ષીપણું પામીને આ કષ્ટપૂર્વક પોતાનું જીવન ચલાવે છે. હે માતા! આ તમારી દયાને પાત્ર છે.' આ પ્રમાણે પ્રાર્થના કરતી ગુણાવલીના વચનને સાંભળીને બીજા લોકોએ ત્યાં આવીને વીરમતીના હાથમાંથી પાંજરું કેમે ય કરીને છોડાવ્યું.

ત્યાંથી પાછી ફરીને તે સભામાં આવીને પોતાના આસન ઉપર બેઠી. નટો પણ આનંદ પામ્યા.

ફરીથી શિવકુમાર નટે વીરમતીને પ્રસન્ન કરવા માટે નાટક શરૂ કર્યું. પિતાએ આદેશ આપવાથી શિવમાલાએ પણ વાંસના અગ્રભાગ ઉપર ચઢી પાંજરાને જોઈને તેને (કૂકડાને) આનંદ પમાડવા માટે નૃત્યકળા શરૂ કરી.

## કૂકડારૂપે રહેલા ચંદ્રરાજાનું શિવમાલાને પક્ષીની ભાષામાં કથન

તે વખતે પાંજરામાં રહેલો કૂકડો 'આ પક્ષીઓની ભાષા જાણે છે' એમ જાણીને મંદ સ્વરે પોતાની ભાષામાં શિવમાલાને કહે છે કે, 'હે નટકન્યા! તું પક્ષીઓની ભાષા જાણે છે, એમ મેં જાણ્યું છે, તેથી મારી ગુપ્ત વાત તને કહું છું, તે તું સાંભળ. જ્યારે તું વાંસ ઉપરથી ઊતરીને વીરમતીની પાસે જઈશ, ત્યારે પ્રસન્ન થયેલી વીરમતી 'ઇષ્ટમાંગ' એમ કહેશે. ત્યારે તું અન્ય દ્રવ્ય-

આદિ સર્વને છોડી, મારી જ માગણી કરજે. ધનમાં લોભ ન કરતી, મૃત્યુના મુખમાં ગયેલા દીનપક્ષી એવા મારું રક્ષણ કરીને અભયદાન આપવું. તારા પગમાં નમીને કહું છે કે, મારું વચન તારે અવશ્ય પાળવું. હું જીવીશ ત્યાં સુધી તારા ઉપકારને ભૂલીશ નહિ. દ્રવ્ય આદિ તો આપણે બન્ને મળીને ઘણું મેળવીશું. તારી પાસે આવી હું મારું સર્વ વૃત્તાંત પછી જણાવીશ.'

આ પ્રમાણે કૂકડાએ પોતાની ભાષામાં કહેલ હકીકત સાંભળી તે શિવમાલા પરમાર્થ જાણીને નાટક પૂરું થયે વાંસ ઉપરથી ઊતરીને પોતાના પિતાને એકાંતમાં લઈ જઈને પક્ષીના ઉપકાર નિમિત્તે કૂકડાએ કહેલી સર્વ વાત જણાવે છે. ફરીથી તેણે કહ્યું કે, ' હે પિતા ! દાનમાં એ કૂકડાને જ માગવો.'

## વીરમતી આગળ નટરાજની કૂકડાની માગણી

શિવકુમાર પણ પોતાની પુત્રીના વચનને કબૂલ કરીને પ્રણામ કરતો દાન લેવા માટે આગળ ઊભો રહે છે.

તે વખતે પોતાનો યશ સાંભળી ઘણો આનંદ પામી વીરમતીએ તેને બોલાવીને કહ્યું કે, ' હે નટવર ! હું પ્રસન્ન થઈ છું. ઇચ્છા મુજબ માંગ.'

તે વખતે અવસર પામી શિવકુમાર કહે છે કે, ' હે માતા ! જો તમે સંતુષ્ટ થયા હો તો આ કૂકડો મને આપો. બીજા દાનથી સર્યું. મારી પુત્રી કૂકડાની

ગતિ શીખે છે. આથી તે આપો. તમે બીજો કૂકડો લઈ પાળજો. હે પૂજ્યા! તમારી કૃપાદષ્ટિથી મારે ધન આદિની ઇચ્છા નથી. જો ઇચ્છા થશે તો આ જગતમાં ઘણા રાજા છે. તેમની પાસેથી માગીશ. પરંતુ આ કૂકડો તમે મને આપો.'

આ પ્રમાણે શિવકુમારનું વચન સાંભળી વીરમતી બોલી : 'હે ભદ્ર! હાથી, ઘોડા, ધન, ધાન્ય, વસ્ત્ર, અલકાર આદિ મૂકી તું મૂર્ખ થઈને આ તુચ્છ વસ્તુ કેમ માગે છે? પક્ષીનું દાન કરવામાં મારી કઈ શોભા? આબરૂ કઈ? શું કોઈ ઠેકાણે પક્ષીનું દાન તે સાંભળ્યું છે? વળી એ કૂકડો તો વહુને ક્રીડા કરવા માટે રાખ્યો છે. તે આપી દઈને તેને દુઃખી કેમ કરાય? આથી તે છોડીને બીજું કાંઈ મનવાંછિત માંગ.

શિવકુમાર કહે છે કે, 'હે મહારાણી! પક્ષી આપવામાં શું વિચાર કરો છો? માગેલ વસ્તુ આપવાથી તમારા યશની હાનિ થશે નહિ. હું જાણું છું કે પ્રાણો કરતાં પણ વધારે વહાલું આ પક્ષી છે, આથી તૂમારી આપવાની ઇચ્છા ન હોવાથી આ બહાનું કાઢો છો. જો આ કૂકડો તમે નહિ આપી શકો તો બીજું શું આપી શકશો?'

નટને અત્યંત આગ્રહવાળો જાણી, તેને ઘણી રીતે સમજાવ્યો છતાં પણ તે પોતાનો આગ્રહ છોડતો નથી, તેથી બીજો ઉપાય ન મળવાથી તે તેનું વચન સ્વીકારીને

કૂકડો લાવવા માટે ગુણાવલીની પાસે પોતાના મંત્રીને મોકલે છે. તે ત્યાં જઈને વિનંતી કરે છે કે, 'હે રાણી! વીરમતીની આજ્ઞાથી કૂકડાને લેવા માટે હું અહીં આવ્યો છું, કારણ કે તેણે આ કૂકડો નટને દાનમાં આપ્યો છે. તેથી આ કૂકડો મને આપો. અહીં તમે નિષેધ કરતા નહિ, કારણ કે આ અહીં રહેવાથી સુખી થશે નહિ, ક્યારેક તેને પ્રાણનો સંશય પણ થશે. નટની પાસે આને કોઈ નુકસાન નથી. ત્યાં રહી તે સુખી થશે અને આગળ કલ્યાણ પામશે. નટપુત્રી શિવમાલા પણ તેને પોતાના જીવિતની જેમ રક્ષણ કરશે. તમારે કોઈ ચિંતા કરવી નહિ. વગર વિલંબે મને પાંજરું આપો.'

## કૂર્કટરાજના વિયોગમાં ગુણાવલીનો વિલાપ

ગુણાવલી બોલી કે, 'હે મંત્રી! તમે જે કહો છો તે સારું છે, કારણ કે આની વિમાતા આની સાથે મોટું વૈર રાખે છે, તેથી નટને આપતા એને કાંઈ દુઃખ ન થાય, વૃદ્ધપણામાં એની બુદ્ધિ પણ નષ્ટ થઈ છે, પરંતુ હું પોતાના જીવિતની જેમ પ્રિય એવા આને બીજાના હાથમાં કેમ સોંપું? આથી તમે ત્યાં જઈને નટરાજને સમજાવો કે આની સાથે તમારે શું કામ છે? બીજું કંઈ પણ માંગે. કૂકડા થયેલા આને શું હવે ઘરે ઘરે નચાવવો છે? મારી પાસે આ રહેવાથી હું આશાથી દિવસો પસાર કરું છું, અન્યથા એ ગયા પછી મારા દિવસો કેવી રીતે જશે? અહીં વીરમતીને તો કાંઈ નુકસાન

નથી. જે પીડાય તે જ વેદના જાણે, બીજા મૂર્ખજન તો હાંસી જ કરે. મારી સાસુ મારા પતિનું સ્વપ્નમાં પણ ઇષ્ટ ઇચ્છતા નથી, એ શું તમે જાણતા નથી ? તમારા સિવાય મારું દુઃખ કોને જણાવું ? '

આ પ્રમાણે ગુણાવલીના આક્રંદનાં વચનો સાંભળીને મંત્રી તેને આશ્વાસન આપે છે કે, ' અહીં તમારે ખેદ ન કરવો, છેવટે બધું સારું થશે.

તે પછી મંત્રીનું વચન માન્ય કરતાં તે ગુણાવલી પોતાના જીવિત જેવા પાંજરામાં રહેલા તે કૂકડાને આપીને અશ્રુ સહિત નેત્રવાળી રુદન કરતી ચંદ્રરાજાને કહે છે :

**सामि दीणं ममं चिच्चा, विएसं गंतुमिच्छसि ।**
**असमए मई जाया, अकम्हा हि कहं तव ॥५६॥**
**दूरं गए तुमे नाह, कहं चिटठामि तुं विणा ।**
**कइकालं अणाहा हं, जीविस्सामि निराहारा ॥५७॥**

" હે સ્વામી ! દીન એવી મને મૂકીને તમે વિદેશ જવા ઇચ્છો છો ? અકસ્માત અકાળે તમને કેમ બુદ્ધિ થઈ ?" ૫૬

" હે નાથ ! તમે દૂર જશો તો તમારા વિના હું કઈ રીતે રહી શકીશ ? અનાથ એવી હું આધાર વિના કેટલો કાળ જીવી શકીશ ?" ૫૭

કોની આગળ હું દુઃખ જણાવું? હે નાથ, તમારી ઇચ્છા પ્રમાણે વર્તનારી હું 'તમારું જીવિત પીડારહિત થાઓ' એ પ્રમાણે વિશ્વાસ પામી પોતાના જીવેતની જેમ આપને બીજાના હાથમાં આપું છું. હે નાથ! તમારે મને હંમેશાં યાદ કરવી. મારી ઉપર દયા કરવી. મારો અપરાધ માફ કરવો. નિરપરાધી એવી મને છોડીને તમને દેશાંતર જવાની ઇચ્છા થઈ પરંતુ હે પ્રાણેશ! તમારા વિયોગથી દુઃખી થયેલી મને એક ક્ષણ પણ એક યુગ જેવો થશે. મારા સર્વ મનોરથો દુષ્ટ દેવના યોગે નાશ પામ્યા. વળી આપનો સંગમ અતિ દુર્લભ થશે, જેણે આપણો વિયોગ કરાવ્યો, તેના મુખ ઉપર ધૂળ પડો. હે પ્રિય! તમે કુળહીન એવી નટકન્યા શિવમાલા ઉપર રક્ત થયા છો, તેથી આ ભવ્ય પ્રસાદ મૂકીને જાઓ છે, પરંતુ તમારા વિરહાગ્નિની જ્વાળા મેઘના જળની ધારા વડે પણ શાંતિ પામશે નહિ. દુષ્ટ દેવ આપણું અનુપમ સુખ સહન કરી શક્યો નહિ.

**वज्जेण निम्मियं नूण, विहिणा हियय मम ।**
**अण्णहा मिज्जए किं न, एरिसे संकडे वि हा ॥५८॥**

'મારું હૃદય ખરેખર વિધાતાએ વજ્રનું બનાવ્યું છે. નહિતર આવું સંકટ હોવા છતાં કેમ ભાંગી પડતું નથી." ૫૮

देव्व ! तुमं नमंसित्ता, पत्थेमि हं मुहुं मुहुं ।
एरिसं मम सत्तुस्य, दुहं देहि कया वि मा ॥५९॥

હે દૈવ ! તને નમસ્કાર કરીને હું વારંવાર પ્રાર્થના કરું છું કે—આવું દુઃખ મારા શત્રુને પણ ક્યારે ય આપતો નહિ. ૫૯

तुम्ह सिणेहवक्काइं, फुरिस्संति मणे मम ।
सल्लव्व ताणि पीलं मे, करिस्संति अहोणिसं ॥६०॥

તમારા સ્નેહનાં વાક્યો મારા મનમાં સ્ફુરાયમાન થશે અને તે રાત્રિદિવસ શલ્યની માફક મને પીડા કરશે. ૬૦

रुक्खाओ पडियं पत्तं, पुणो तत्थ चिट्ठइ ।
तह नाह ! गए तुम्मि, संजोगो पुण दुल्लहो ॥६१॥

વૃક્ષ ઉપરથી પડેલું પાંદડું ફરી ત્યાં રહેતું નથી, તેવી રીતે હે નાથ ! તમે ગયા પછી સંયોગ થવો દુર્લભ છે. ૬૧

दूरं गामी तुमं नाह ! कया वि मं सरिज्जसु ।
दयं किच्चा पुणो एत्थ, आगच्छेज्जा निए घरे ॥६२॥

હે નાથ ! તમે દૂર જાઓ છો, મને ક્યારેક યાદ કરજો. દયા કરીને ફરી અહીં પોતાના ઘરે આવજો. ૬૨

अह रुक्खं विणा मूलं, सुस्सइ तह एत्थ हि ।
विओगे तुम्ह देहं मे, तारिसं नाह ! जाणसु ॥६३॥

જેમ મૂળ વિના વૃક્ષ સૂકાઈ જાય છે, તેમ અહીં તમારા વિયોગમાં મારો દેહ સૂકાઈ જશે. હે નાથ ! તે પ્રમાણે જાણશો. ૬૩

दंसणं तुव कंखेमि, इह थिया वि सव्वया ।
देयं मे दंसणं सिग्धं, अण्णहा न हि जीवियं ॥६४॥

હે નાથ ! અહીં રહ્યા થકા હંમેશા તમારા દર્શનની ઇચ્છા કરું છું, તેથી મને જલદી દર્શન આપજો, અન્યથા મારું જીવિત નથી. ૬૪

एयं चेव हि मे दुक्खं, भवंतं पडिवासरं
भमाडिहिन्ति जेणेह, नडा इमे घणत्थिणो ॥६५॥

મને એ જ દુઃખ છે કે—ધનના અર્થી એવા આ નટો આપને દરરોજ ભ્રમણ કરાવશે. ૬૫

सामिविओगदुक्खं हं, सहिस्सामि परंतु मे ।
सासूदिण्णं महादुक्खं, असहेज्जं अरे सया ॥६६॥

સ્વામીના વિયોગનું દુઃખ તો હું સહન કરીશ, પરંતુ મારી સાસુએ આપેલ મહાદુઃખ હંમેશા હું સહન કરી શકીશ નહિ. ૬૬

सामि ! इह थिअस्सावि, तव सोक्खं न विज्जइ ।
ससप्पे हि गिहे वासो, पाणसंसय दायगो ॥६७॥

હે સ્વામી ! તમને અહીં રહેવાથી સુખ નથી. સર્પ સહિત ઘરમાં નિવાસ એ પ્રાણના સંશયને આપનાર છે. ૬૭

આથી હે પ્રિય ! વિધિ-નિષેધથી ભ્રમિતચિત્તવાળી હું છું.

## કૂકડારૂપે રહેલા ચંદ્રરાજાનું ગુણાવલીને આશ્વાસન

આ પ્રમાણે ગુણાવલીનાં વચનો સાંભળીને કૂકડો પગના નખથી જમીન ઉપર લખીને તેને સંબોધે છે—

**तह नेहाणुरत्तो हं, दूरत्थिओ वि कत्थइ ।**
**सरिस्सं हि तुमं निच्चं, सुद्धरागो न तुट्टइ ॥६८॥**

તારા ઉપર સ્નેહાનુરાગમાં હું રક્ત છું, કોઈપણ જગ્યાએ દૂર રહેવા છતાં હું તને હંમેશા યાદ કરીશ, શુદ્ધ રાગ તૂટતો નથી. ૬૮

**दूरत्थिअं पि मण्णेज्जा, सामीवत्थं नियं पियं ।**
**धरियव्वो सचित्तम्मि, अहं पिए ! तए सया ॥६९॥**

હે પ્રિયા ! હું દૂર રહીશ તો પણ તું પોતાના પ્રિયને સમીપ રહેલો માનજે, તારે હંમેશા મને પોતાના ચિત્તમાં ધારણ કરવો. ૬૯

**नरत्तं नडवुंदाओ, धुवं हि मे भविस्सइ ।**
**चिंता तए न कायव्वा, विसरिस्सं तुमं नहि ॥७०॥**

નટના વૃંદથી મારું મનુષ્યપણું અવશ્ય થશે. તારે ચિંતા કરવી નહિ, હું તને ભૂલીશ નહિ. ૭૦

આ પ્રમાણે કૂકડાએ લખેલ અક્ષરો વાંચી કાંઈક

સ્વસ્થ મનવાળી થઈને તે મંત્રીને પાંજરું સોંપી કહે છે કે, 'હે મંત્રી ! આ પાંજરું લઈને મારી સાસુના હાથમાં આપજો.'

તે પછી મંત્રી પાંજરું લઈ, ઊભો થઈ વીરમતીની પાસે જઈ તેને કૂકડાનું પાંજરું સોંપે છે. તેણીએ પણ નટોના અધિપતિને તે આપ્યું. મનવાંછિત મળવાથી નટમંડળ પણ ઘણો આનંદ પામ્યું. તે પછી તે બધા વીરમતીને પ્રણામ કરી પોતાના સ્થાનકે ગયા.

## કૂકડારૂપે રહેલ ચંદ્રરાજા પાસે નટકન્યા શિવમાલાની પ્રાર્થના

હવે પાંજરું લઈ શિવમાલા પોતાના આવાસે આવી. મહાપુરુષને યોગ્ય શય્યા ઉપર પાંજરાને મૂકે છે. તે પછી તે પોતાના પિતા સાથે પ્રણામ કરી તે કૂકડાને કહે છે—

**अज्जपज्जंतमम्हाणं, नाहो कोवि न भूयले ।**
**राय ! अज्ज वयं सव्वे, जाया नाहजुया धुवं ॥७१॥**
**तुं नरिंदो वयं सव्वे, पयाओ तुव आसिमो ।**
**नवनवरसाणंदो, तुम्ह किवाइ होहिइ ॥७२॥**
**भूरिपुण्णवहावेण, तुम्हारिसाण संगमो ।**
**लब्भए जेण लोगम्मि, दुल्लहा साहुसंगई ॥७३॥**

'આજ સુધી આ પૃથ્વીતલ ઉપર અમારો કોઈ નાથન્ ન હતો, હે રાજ ! આજે ખરેખર અમે બધા સનાથ થયા." ૭૧

તમે રાજા છો, અમે બધા તમારી પ્રજા છીએ. તમારી કૃપાથી નવા નવા રસનો આનંદ થશે. ૭૨

ઘણા પુણ્યપ્રભાવે તમારા જેવાનો સંગમ થાય છે, કારણ કે લોકમાં સજ્જનોનો સંગમ દુર્લભ છે. ૭૩

હે રાજન ! આજથી પહેલા આપની સ્તુતિ કરીને પછી અમે બીજા રાજાની સ્તુતિ કરીશું. કારણ કે—

**जोग्गं विहाय को मूढो, थुणेज्ज अवरं जणं ।**
**चिच्चा खीरं जलं खारं, को हि पिविउमिच्छइ ॥७४॥**

યોગ્યને છોડી કયો મૂઢ બીજા માણસની સ્તુતિ કરે ? દુધને છોડી ખારું પાણી પીવા કયો માણસ ઇચ્છે ? ૭૪

હે રાજન ! આપે હંમેશા આનંદમગ્ન થઈ ચિંતારહિત થવું. એ પ્રમાણે વિનયપૂર્વક કહી કૂકુંટરાજની આગળ મધુર દાડમ આદિ સ્વાદિષ્ટ પદાર્થો મૂકે છે, તે પણ ચાંચ વડે ઇચ્છા મુજબ ખાવા લાગ્યો, તો પણ પ્રિયાના વિયોગથી દુઃખિત, ગુણાવલીના સ્મરણથી કંઠ રુંધાઈ જવાથી તેના ગળામાં રહેલ તે નીચે ઊતરતું નથી. તેવા પ્રકારે તેને જોઈને શિવમાલા કહે છે—

**विहंगममहाराय ! मा विसायं कुणिज्जसु ।**
**भुंजाहि साउवत्थूइं, अंते भद्दं भविस्सइ ॥७५॥**

હે પક્ષીરાજ ! તમે ખેદ ન કરો. સ્વાદિષ્ટ વસ્તુઓ ખાઓ. છેવટે કલ્યાણ થશે. ૭૫

## મંત્રીએ ગુણાવલીને આપેલ આશ્વાસન

આ તરફ વીરમતી પાંજરું આપીને સભા વિસર્જન કરી સ્વસ્થાને આવી. તે પછી અવસરનો જાણ મંત્રી ગુણાવલીને આશ્વાસન આપવા તેની પાસે આવ્યો. તે વખતે ગુણાવલી કહે છે કે, 'હે મંત્રી ! કોઈ પણ ઉપાયે મારી સાસુને સમજાવી કુર્કુટરાજને લાવી મને આપો. કારણ કે તેનો વિરહ મને ઘણી પીડા કરે છે. નટો મારા પતિને લઈને ક્યાંય પણ જશે, તેથી ફરીથી તેનો સમાગમ કેવી રીતે થશે ? આ નરભ્રમરને તો પગલે પગલે નવા નવા મિત્રો અને નવી નવી સ્ત્રીઓ મળશે, પરંતુ પ્રિય વગર મારી કઈ ગતિ થશે ? તમે પણ એ વિચારો. કૂકડાપણાને પામેલા એની માતાનો મનોરથ કદાચ સફળ થશે, મને તો જીવીશ ત્યાં સુધી પીડા થશે. દુષ્ટ મનવાળી તેણીના પ્રાણવિનાશક ઉપાલંભને જીવનપર્યંત હું કેવી રીતે સહન કરીશ ? આશાના પાશથી બંધાયેલી મને જીવિત છોડશે નહિ. આ સાસુ મારી પૂર્વભવની વૈરિણી છે, જેથી તેણે મારા પતિને પક્ષી કરી દીધો. હજુ પણ તેના હૃદયમાં ક્રોધ શાંત થયો નથી. આગળ પણ કાળી સાપણની માફક એ મને દુઃખ આપશે. જે કોઈ મને મારા પ્રિયતમની સાથે સમાગમ કરાવી આપે, તેને હું બે હાથ જોડું, મારા પ્રાણ આપું, તેનું હંમેશા દાસીપણું કરું, તેમના ચરણોની સેવા કરું, હંમેશા તેના હુકમને મસ્તક ઉપર ધારણ કરું, લોકમાં સર્વે લોકો

બહાર જાય છે, પરંતુ મને નિરંતર દુઃખ આપનારી સાસુ કોઈ ઠેકાણે જતી નથી. એ જીવે ત્યાં સુધી મારે સુખની આશા દુર્લભ છે. પહેલાં મેં એનું શું વિરુદ્ધ કર્યું છે કે જેથી મારા ધણીની કીર્તિ સાંભળી એને દુઃખ થાય છે.'

આ પ્રમાણે તેનાં વચન સાંભળીને મંત્રી કહે છે—

**विसायं मा विहेज्जासु, सासुं कोवेसु मा तुमं ।**
**जओ रुद्दसहावा सा, नेव वीसासभायणं ॥७६॥**
**कइकालं इमावुड्ढा, जीविस्सइ दुरासया ? ।**
**रज्जाहिवो उ ते नाहो, धुवं होहिइ अग्गओ ॥७७॥**
**अओ धम्मे मइं किच्चा, कालनिग्गमणं कुण ।**
**सहियव्वं इमं दुक्खं, पज्जंते सुहदायगं ॥७८॥**

તમે વિષાદ કરતા નહિ, સાસુને કોપ ન પમાડશો, કારણ કે તે રૌદ્ર સ્વભાવવાળી વિશ્વાસપાત્ર નથી. ૭૬

એ દુષ્ટ ચિત્તવાળી વૃદ્ધા કેટલો કાળ જીવશે ? આગળ તમારા ધણી નિશ્ચે રાજ્યના અધિપતિ થશે. ૭૭

આથી ધર્મમાં ચિત્ત જોડીને કાળ પસાર કરો, આ દુઃખને સહન કરશો તો અંતે સુખદાયક થશો. ૭૮

આ પ્રમાણે મંત્રીના વચનથી આશ્વાસન પામી તે ગુણાવલી કેટલીક શિખામણ આપીને મંત્રીને નટની પાસે મોકલે છે. તેની સાથે પોતાના પતિ માટે સુવર્ણ-

પાત્રો અને ભોજન માટે દ્રાક્ષ, દાડમ આદિ ફળો શિવમાલાને આપવા માટે મોકલ્યા.

મંત્રી ત્યાં જઈને શિવમાલાના કાનમાં કહે છે. 'જે આ કુર્કુટરાજ છે તે જ ચંદ્રરાજા છે એમ તમે જાણો. તેની અપરમાતાએ પોતાની વિદ્યાના પ્રભાવે તેને કૂકડો કર્યો છે, આથી તેની સેવા તમારે હંમેશા સારી રીતે કરવી. પ્રમાદ ન કરવો. ફરીથી ક્યારેક અહીં આવી અમને દર્શન આપવું. કુશળ સમાચાર અવસરે અમને જણાવવા. જેવો સ્નેહ છે તેવો જ હંમેશા રાખજો.'

આ પ્રમાણે શિવમાલાને કહી કુર્કુટરાજને પ્રણામ કરીને મંત્રી પોતાને ઘેર આવ્યો.

## નટોનું પ્રયાણ અને ગુણાવલીનો વિલાપ

નટો પણ બધી સામગ્રી લઈને પ્રયાણપટહ વગાડતાં નગરમાંથી નીકળ્યા. તે વખતે પટહના શબ્દો સાંભળી ગુણાવલી પોતાના પ્રાસાદના શિખર ઉપર ચઢી નીકળતા નટવૃંદને જુએ છે. ત્યાં શિવમાલાના મસ્તક ઉપર રહેલા સુવર્ણના પાંજરાને જોતી તેના જ વિચારમાં મગ્ન બની ત્યાં જ દૃષ્ટિ સ્થિર કરે છે. અનુક્રમે નટવૃંદ તેના દૃષ્ટિમાર્ગને ઓળંગીને આગળ નીકળી ગયું. તે વખતે પોતાના સ્વામીને ન જોતી તે પ્રિયના વિરહના દુઃખરૂપી અગ્નિથી તપેલી મૂર્ચ્છા પામી જમીન ઉપર પડી. તેને મૂર્ચ્છિત જોઈને તેનો સખીવર્ગ ચંદન આદિ શીતળ ઉપચારથી ચેતનવંતી કરે છે. તે પછી મંત્રી

પણ ત્યાં આવીને વિરહદુઃખને શાંત કરનારાં વચનોથી તેને આશ્વાસન આપે છે.

એ વૃત્તાંત જાણી વીરમતી પણ તેની પાસે આવી કહેવા લાગી—

**सुहगे ! सल्लमम्हाण, सीओवाएण निग्गयं ।**
**निक्कंटगं इमं रज्जं, पत्तं पयासमंतरा ॥७९॥**
**अम्हाण अहुणा नेहो, वुड्ढिं पाविस्सए परं ।**
**पेक्खणिज्जं तए मुद्ध ! अग्गओ मम चेट्ठिअं ॥८०॥**

હે સુભગા ! આપણું શલ્ય ઠંડા ઉપગારથી નીકળી ગયું. મહેનત વિના આ નિષ્કંટક રાજ્ય પ્રાપ્ત થયું છે. ૭૯

હવે આપણો સ્નેહ ઘણો વૃદ્ધિ પામશે. હે ભોળી ! તારે આગળ મારી ચેષ્ટા જોવી. ૮૦

સમયને જાણનારી ગુણાવલી ‘ હમણાં બીજો કોઈ ઉપાય નથી ’ એમ સમજી પોતાની સાસુનાં વખાણ કરતી તેને જ અનુસરવા લાગી, તે પછી વીરમતી પ્રસન્ન મને ગુણાવલીના વખાણ કરતી સ્વસ્થાને ગઈ.

હવે પ્રિયનો વિરહ થવાથી ગુણાવલી પોતાના સ્વામીને યાદ કરતાં વિશેષ ચિંતાતુર થઈ. જેમ જેમ તે પતિના ગુણોનું સ્મરણ કરે છે તેમ તેમ તેના મનવનમાં વિરહાગ્નિની જ્વાળા વધારે પ્રગટ થાય છે. વિરહાગ્નિથી પીડાયેલી તેના નેત્રોમાંથી આંસુઓની ધારા છૂટે છે. જે દિશા તરફ પોતાનો પતિ ગયો, તે દિશામાંથી આવતા

પવનને 'આ પણ મારા પ્રિયને સ્પર્શ કરીને આવ્યો' એમ માનતી મનમાં પ્રસન્ન થાય છે.

ફરી ફરી તે પોતાના પ્રાણોને ઉદ્દેશીને કહેવા લાગી કે, 'હે પ્રાણો ! તમે પ્રાણેશ વિના કઇ રીતે રહેશો ? જો તમે ચલ સ્વભાવવાળા હો તો પ્રાણેશ ગયે છતે તમે કઇ રીતે રહો છો ? સ્ત્રી પ્રિયના વિયોગને ક્યારેય સહન કરતી નથી. ધણીના વિયોગમાં જીવતી એવી મને ધિક્કાર પડો. પુણ્યવંત સ્વામી ક્યાં ? નવનવા રસવાળો તેમનો રાગ ક્યાં ? તેનો નવીન સ્નેહ ક્યાં ? મારે તો એ બધુંય એકી સાથે ઇંદ્રજાળિયાના પ્રયોગની જેમ નાશ પામ્યું.

**दीहाउसो पिओ होउ, जत्थ तत्थ गंओ इमो ।**
**तास वडव्व वंसस्स, वुड्ढी होज्जा ससंपया ॥८१॥**

**पाणेस ! इह लोयम्मि, तुमेव सरणं मम ।**
**तए विरहिया कत्थ, गच्छिस्सं हं सुहेसिणी? ॥८२॥**

મારો પ્રિય જ્યાં જાય ત્યાં દીર્ઘાયુષી થાઓ, વડની જેમ તેના વંશની સંપત્તિ સાથે વૃદ્ધિ થાઓ. ૮૧

હે પ્રાણેશ ! આ લોકમાં તમે જ મારું શરણ છો, તમારો વિયોગ પામી સુખની ઇચ્છાવાળી હું ક્યાં જઈશ ? ૮૨

હે જીવનના આધાર ! પ્રિય ! ક્યારેય મને ભૂલતા નહિ.'

આ પ્રમાણે વિલાપ કરતી તે ગુણાવલી સમૃદ્ધિવાળા ઘરને પણ સ્મશાનતુલ્ય માને છે. વિપુલ શણગારને પણ બળતા અંગારાની જેમ ગણે છે. વિરહવેદનાથી દેહના અવયવો સૂકાઇ જવાથી ધર્મારાધન કરતી, અશુભ કર્મનો ઉદય માની કર્મની નિર્જરા માટે નિરંતર વિવિધ તપોનું આચરણ કરવા લાગી. સંસારસમુદ્રને તારવામાં સમર્થ શ્રી જિનેશ્વરદેવનું સદા ધ્યાન કરતી દિવસો પસાર કરતી હતી.

## પોતાના સ્વામીની રક્ષા માટે ગુણાવલીએ સૈન્યને મોકલ્યું.

હવે પોતાના સ્વામીની રક્ષા માટે ગુણાવલીએ સાત હજાર સુભટો સહિત પોતાના સાત સામંતરાજાને નટોની પાસે મોકલ્યા. તે સામંતો સેના સાથે ત્યાં જઈ કુર્કુટરાજને પ્રણામ કરી કહે છે કે, 'હે સ્વામી ! ગુણાવલી દેવીના આદેશથી અમે તમારી સેવા કરવા અહીં આવ્યા છીએ. અમે રાત–દિવસ તમારી સાથે રહીશું. તમે કૂકડો થયા તેથી શું ? અમારા તમે જ સ્વામી છો.' એમ કહીને તેઓએ મસ્તકથી નમન કર્યું. કુર્કુટરાજ પણ તેઓને પ્રસન્ન દૃષ્ટિથી જુએ છે.

તે પછી તે સામંતો નટો સાથે ચાલ્યા. માર્ગમાં શિવમાલા મસ્તક ઉપર પાંજરું ધારણ કરે છે. બંને બાજુ બે સેવકો તેને ચામરો વીંઝે છે. એક પુરુષ તેના મસ્તક પર મોટું છત્ર ધરીને ચાલે છે. આ રીતે કુકડાની મહારાજાની જેમ સેવા કરતા તે બધા સર્વ ઠેકાણે માનપાત્ર થયા.

આ પ્રમાણે એક ગામથી બીજે ગામ અને એક નગરથી બીજે નગરે જતાં, અનેક નાટકો બતાવી તેઓએ કુર્કુટરાજના પ્રભાવે પુષ્કળ દ્રવ્ય મેળવ્યું. જે ધન આદિ તેઓ મેળવતા હતા, તે પ્રથમ કુર્કુટરાજની આગળ મૂકતા હતા.

## નટોનું બંગદેશમાં આગમન

આ રીતે અનેક દેશના રાજાઓ તેઓને ઘણું ધન આપે છે. પાંજરામાં રહેલા કુર્કુટરાજની સેવામાં પરાયણ શિવમાલા સાથે દેશાંતર જતાં તેઓ 'એક પંથ ને બે કાજ' ની જેમ પોતાના મનોરથ સાધતા હતા.

તે શિવમાલા સ્નેહપૂર્વક હંમેશા નવા નવા મધુર સ્વાદિષ્ટ ફળ આદિથી તેને જમાડતી, પોતાના જીવિતની જેમ તેનું રક્ષણ કરતી પરમ સુખ અનુભવતી હતી.

આ પ્રમાણે નવા નવા કૌતુકરસના આનંદમાં મગ્ન તેઓ વિદેશમાં ફરતા અનુક્રમે બંગ (બંગાળ) દેશના આભૂષણ રૂપ પૃથ્વીભૂષણ નામના નગરે પહોંચ્યા. ત્યાં અરિમર્દન નામે રાજા રાજ્ય કરે છે. તે રાજાને ચંદ્રરાજાના પિતા સાથે સારો સંબંધ હતો. ત્યાં શહેરની બહાર તંબૂઓ ગોઠવી તેના મધ્યભાગમાં સિંહાસન ઉપર ચંદ્રરાજાનું પાંજરું સ્થાપન કરી નટ પરિવાર પોતપોતાના યોગ્ય સ્થાને રહ્યો.

રાજા 'વિદેશથી નટવૃંદ આવેલ છે' એ વાત લોકમુખે જાણીને તેને બોલાવી નાટક કરવા આદેશ કરે છે.

નટનો અધિપતિ સર્વ સાધનસામગ્રી તૈયાર કરી પરિવાર સહિત ત્યાં આવ્યો.

તે સૌથી પ્રથમ કુર્કુટરાજને પ્રણામ કરી તેની અનુજ્ઞા લઈ અનેક પ્રકારના નાટયપ્રયોગો બતાવી રાજા વગેરેના ચિત્તને અત્યંત પ્રસન્ન કરે છે. નગરજનો સહિત રાજા કૂકડાના આદેશને અનુસરનારા નટરાજને ઘણું દ્રવ્ય આપે છે.

તે પછી રાજા નટરાજને પૂછે છે કે, જેનું તમે બહુ માન દાખવો છો તે આ કુર્કુટવર તમે કયાંથી મેળવ્યો ?

નટાધિપ સંક્ષેપથી તેનું વૃત્તાંત કહે છે–

**चंदरायं वियाणाहि, एवं नरिंद ! कुकुडं ।**
**कम्मं अस्स विमाऊए, णायव्वं असुहं इमं ॥८३॥**

હે રાજન્ ! આ કૂકડાને તમે ચંદ્રરાજા તરીકે જાણો. આ એની અપરમાતાનું અશુભ કર્મ છે.

**અંગદેશના રાજા અરિમર્દને કરેલ ચંદ્રરાજાનું સન્માન**

આ વૃત્તાંત સાંભળીને બંગરાજ નટાધિપતિને કહે છે કે, 'આ ચંદ્રરાજા પરંપરાગત મારા સંબંધી છે' એ પ્રમાણે કહીને તે અરિમર્દન રાજા તે કુર્કુટરાજને નમસ્કાર કરીને હર્ષ વડે મણિ–સુવર્ણ અને રત્નના ઢગલા અને ઘણા હાથી-ઘોડા ભેટણા તરીકે આપે છે.

તે પછી તે કહે છે કે, 'હે વીરસેન રાજાના પુત્ર ચંદ્રરાજા ! હું આપનો સેવક છું, તમે મારા મહેમાન

છો. મારા પુણ્યોદયે તમે અહી આવ્યા' આ પ્રમાણે રાજાએ કુર્કુટરાજનું ઘણું સન્માન કર્યું.

તે પછી સત્કારનો સ્વીકાર કરી પરિવાર સાથે નટો બીજે જવા લાગ્યા. તે બંગદેશના રાજા પોતાના સીમાડા સુધી પાછળ જઈને તે કુર્કુટરાજે વિસર્જન કરવાથી પોતાના નગરમાં આવ્યો.

## નટોનું સિંહલપુરમાં આગમન

આ પ્રમાણે જ્યાં જ્યાં કુર્કુટરાજ જાય છે, ત્યાં ત્યાં તેના પુણ્યપ્રભાવે મંગલમાળા થાય છે. અનુક્રમે તે નટો ભમતાં ભમતાં સમુદ્રકાંઠે સિંહલદ્વીપે પહોંચ્યા. ત્યાં વિશાળ સિંહલપુર નામે શ્રેષ્ઠ નગર છે. તે નગરની બહાર તેઓએ નિવાસ કર્યો. સિંહલરાજા તેઓની નાટ્યકળાની પ્રસિદ્ધિ સાંભળી તેઓને બોલાવે છે. તેઓ પણ કૂકડાના પાંજરાને લઈને રાજાની સભામાં આવીને રાજાને પ્રણામ કરી નાટક કરવા અનુજ્ઞા માગે છે. રાજાનો આદેશ મળ્યા પછી તેઓએ અનેક પ્રકારે નાટ્યપ્રયોગો બતાવી રાજાના ચિત્તને અત્યંત પ્રસન્ન કર્યું.

સંતુષ્ટ મનવાળા રાજાએ તે દિવસે પાંચસો વહાણોની જે જગાત મળી હતી તે તેઓને ઈનામમાં આપે છે. તે રીતનું દાન મળવાથી પ્રસન્ન મુખવાળા તે નટો સિંહલરાજાની યશકીર્તિ ગાતા પોતાના આવાસે આવે છે.

પ્રભાતકાળે પોતનપુર નગરે જવા માટે તેઓ ઉતાવળા થાય છે, તે વખતે સિંહલરાજાની પટરાણી સિંહલાદેવી કૂકડાને જોઈને તેના ઉપર ઉત્કૃષ્ટ રાગવાળી થઈ.

## સિંહલાદેવીએ કરેલી કૂકડાની માગણી

તે રાજાને બોલાવીને કહે છે કે, 'હે સ્વામી ! સર્વ-લોકોને મોહ પમાડે એવા, જગતને વશ કરનાર, સર્વ સંપત્તિકર આ શ્રેષ્ઠ કૂકડો મને અપાવો. તેના વિના હું ક્ષણ પણ રહેવા સમર્થ નથી. પાણી વગરની માછલી સરખી મારી દશા છે. તેણે મારું ચિત્ત હરણ કર્યું છે. તેથી તે મળશે તો હું શાંતિ પામીશ, અન્યથા નહિ.'

રાજાએ કહ્યું કે, 'હે પ્રિયા ! તેની ઉપરના સ્નેહથી સર્યું. બીજી વાત એ છે કે, પોતાની આજીવિકાના સાધન એવા આ કૂકડાને તે નટો સમજાવ્યા છતાં પણ કેવી રીતે આપે ? જેવી રીતે હું તને વહાલો છું, તેવી રીતે તે પણ તેઓને વહાલો છે. કોઈ મારી માગણી કરે તો તું શું તેઓને કોઈ રીતે આપવા ઈચ્છે ? એવી રીતે હે પ્રિયા ! માગણી કરવા છતાં પણ નટાધિપતિ તને શું તે શ્રેષ્ઠ કૂકડો આપશે ? નીતિમાર્ગને અનુસરનારાઓએ બળાત્કાર કરવો એ પણ યોગ્ય નથી. તેથી તારે નિષ્ફળ કદાગ્રહ ન કરવો.'

રાણી કહે છે કે, 'હે સ્વામી ! તમે જે કહ્યું તે સાચું છે, પરંતુ તેના વિના હું મારું જીવિત નકામું

માનું છું. તેથી કોઈ પણ ઉપાયે લાવીને તે મને આપો.'

**दव्वदाणेण तुट्ठो सो, तंबचूलं पयाहिइ ।**
**दविणदाणओ वस्सं जायए सयलं जगं ॥८४॥**

દ્રવ્ય આપવાથી ખુશ થઈને તે કૂકડાને આપશે. દ્રવ્ય આપવાથી આખું જગત વશ થાય છે. ૮૪

**નટો પાસે સિંહલરાજાએ કરેલી કૂકડાની માગણી**

આ પ્રમાણે કદાગ્રહરૂપી ગ્રહથી વ્યાપ્ત થયેલી રાણીને રાજા કૂકડાને લાવવા માટે નટ પાસે પોતાના સેવકોને મોકલે છે. રાજાની આજ્ઞા થવાથી તેઓ પણ તરત ત્યાં જઈને નટો પાસેથી કૂકડાની માગણી કરે છે. તેઓએ કહ્યું કે—

**एस कूवो हि अम्हाणं, अओ दाउं न पक्कला ।**
**एयस्स पहावओ नूणं, सव्वहा सुहिणो वयं ॥८५॥**

આ અમારો રાજા છે, આથી અમે તેને આપવા સમર્થ નથી, ખરેખર તેના પ્રભાવથી અમે બધી રીતે સુખી છીએ. ૮૫

હે રાજસેવકો ! તમારા સ્વામીના ચિત્તને ખુશ કરવા અમે નાટક બતાવ્યું. ત્યારે તેમને કૂકડાની ઇચ્છા થઈ. આ રાજાઓની નીતિ નથી. કદાચ તમારા રાજા એમ માનતા હોય કે 'એક લાખ દ્રવ્ય આપીને મેં નાટક જોયું' એ પણ તમારે માનવું નહિ. અમને તો તેનાથી પણ વધારે આપનારા લોકમાં ઘણા મળ્યા છે.

ફક્ત પોતાના દેશમાં રહેનાર તમારો **રાજા** અમારી સ્થિતિ કેવી રીતે જાણે? આથી તમે જલ્દી ત્યાં જઈને પોતાના સ્વામીને જણાવો કે—'આ કુર્કટરાજ મળશે નહિ.'

તે પછી રાજસેવકોએ કહ્યું કે, 'અહીં અમારા રાજાનો કોઈ આગ્રહ નથી. પરંતુ રાજાની પટરાણી તેની ઈચ્છા કરે છે, તેના વિના તે જીવશે નહિ.'

कुक्कुडेण विणा राणी, पाणे छड्डिहिइ निच्छयं ।
तम्हा अस्स पयाणं हि, पाणदाणसमं फलं ॥८६॥

કૂકડા વિના રાણી નક્કી પ્રાણો છોડશે, તેથી એનું પ્રદાન એ પ્રાણદાન સરખું ફળ છે. ૮૬

આથી કૂકડો અવશ્ય આપો.

**નટોનો પ્રત્યુત્તર અને યુદ્ધ અને નટોની થયેલી જીત**

ત્યારે નટો કહે છે કે, 'તમારી રાજરાણી જો ન જીવે તો અમારે કાંઇ સ્નાન–સૂતક લાગતું નથી. જેમ રાજાને રાણી વહાલી છે તેમ આ કૂકડો અમારા જીવતર સમાન છે. તેથી તેને આપવા અમે સમર્થ નથી.'

તે પછી રાજસેવકો પોતાના સ્વામી પાસે જઈને નટની હકીકત કહે છે.

તે સાંભળી રાજા એકદમ ક્રોધ પામીને પોતાની સેના સાથે કૂકડાને લેવા માટે ત્યાંથી ચાલ્યો. નટો પણ તે રાજાના સમારંભને જાણીને જલ્દી બખ્તરધારી પોતાના

સૈન્યને લઇને સિંહલરાજાના સુભટો સાથે લડવા લાગ્યા તેમ જ પાછળથી ચંદ્રરાજાની સેના આવીને તેના પર આક્રમણ કરે છે. આ પ્રમાણે પરસ્પર યુદ્ધ થતાં ચંદ્ર રાજાના સૈનિકોએ સિંહલરાજાના સૈન્યને પરાજય પમાડયો. સિંહલરાજા બળવાન હોવા છતાં નિસ્તેજ થઇને ત્યાંથી ભાગી ગયો.

નટો પણ પાંજરૂં ગ્રહણ કરી વિજયવાજિંત્ર વગાડતાં સેના સહિત પોતનપુર નગર તરફ જવા માટે ત્યાંથી નીકળ્યા. કુર્કુટરાજનો જયનાદ સર્વ દિશાઓમાં ફેલાયો નટનું અને ચંદ્રરાજાનું સૈન્ય હર્ષિત થયું.

### નટોનું પોતનપુરમાં આગમન

અનુક્રમે નિરંતર પ્રયાણ વડે જતાં તે નટો અમરાવતીપુરી સમાન લક્ષ્મીના નિવાસરૂપ, ધનાઢયોની શ્રેણિથી શોભતા મહાત્રિરાજ પોતાનપુર પાટણે પહોંચ્યા. તે નગરીમાં વેરીઓના સમૂહને દૂર કરનાર જયસિંહ નામે રાજા રાજ્ય કરે છે, તેને દેવ સમાન રૂપવાળો સુબુદ્ધિ નામે મંત્રી છે. તે મંત્રીને રૂપગુણની પેટી હોય એવી ચંદ્ર સમાન મુખવાળી મંજૂલા નામે પત્ની છે. તેને યૌવનથી દીપતી મનોહર રૂપ અને ગુણથી વિભૂષિત **લીલાવતી** નામે પુત્રી છે, એને જોઇને આજે પણ અપ્સરાઓનો સમૂહ અનિમેષપણાને પામ્યો છે! યૌવનવયને પામેલી તેને જોઈને સુબુદ્ધિ મંત્રી તે નગરના શેઠ ધનદના પુત્ર લીલાધર સાથે તેને પરણાવે છે. સમાન ગુણ અને

સમાન શીલવાળા તે દંપતી રતિ અને કામદેવ સરખા અનુપમ સુખને ભોગવતા હતા. અનેક પ્રકારે ભોગોને ભોગવતાં તેઓ દોગુંદુક દેવની જેમ ગયેલા કાળને પણ જાણતા ન હતા.

## શ્રેષ્ઠિપુત્ર લીલાધરનો પરદેશગમનનો વિચાર

હવે એક વખત કોઈ હીનપુણ્યવાળો ભિખારી લીલાધરની પાસે કાંઈક માગવા માટે આવ્યો. તે વખતે પોતાના કાર્યમાં વ્યાકુળ ચિત્તવાળો તે તેનો ઘણો તિરસ્કાર કરે છે.

તે વખતે તે ભિખારી કહે છે, કે—

सेट्ठिपुत्त ! तुमं गव्वं, मा खिहेहि धणंधिओ ।
दमगो वि तुमत्तो हं, गुणेहिं अस्सि ऊत्तमो ॥८७॥

स-हत्थज्जियदव्वेण, वहामि जीवणं सया ।
जणगऽज्जियवित्तेण, तुमं विलससे इह ॥८८॥

तम्हा मुहा बहुं गव्वं मा कुण दव्वमोहिओ
तारिसो हं परायत्तो, नेव म्हि नीइवज्जिओ ॥८९॥

गिहागयं च जो मूढो, तज्जेज्जऽब्भागयं जणं ।
सोऽहमो दुक्कडं तास, गिण्हेइ केवलं जडो ॥९०॥

હે શ્રેષ્ઠિપુત્ર ! તું ધનથી અંધ બની ગર્વ ન કર. હું ભિખારી હોવા છતાં ગુણોથી તારા કરતાં ઉત્તમ છું. ૮૭

હું પોતાના હાથે દ્રવ્ય ઉપાર્જન કરી હંમેશા આજીવિકા કરું છું, તું તો અહીં પિતાએ ઉપાર્જન કરેલા દ્રવ્યથી વિલાસ કરે છે. ૮૮

તેથી દ્રવ્યથી મોહિત થઈ ફોગટ બહુ ગર્વ ન કર. તારી માફક હું પરાધીન અને નીતિ વગરનો નથી. ૮૯

જે મૂઢ જન ઘરે આવેલા અભ્યાગતને તર્જના કરે છે, તે અધમ અને કેવળ જડ તેના પાપને મેળવે છે. ૯૦

વળી જે પિતાએ ઉપાર્જન કરેલ ધન વડે વિલાસ કરે છે, તેના જીવિતને ધિક્કાર થાઓ. બીજાએ મેળવેલી સંપત્તિ વડે કોણ સુખ ન ભોગવે? તે તો મૂર્ખ જ જાણવો. જ્યાં સુધી તારા પિતા જીવે છે ત્યાં સુધી તું ચિંતારહિત વિલાસ કરે છે, ધન અને યૌવનના મદ વડે ગર્વિષ્ટ થયેલો તું પ્રમાદી થયો છે. અવિવેકી પુરુષોને ધન અને યૌવન અનર્થ કરનારા થાય છે, કહ્યું છે કે—

जोव्वणं धणसंपत्ता, पहुत्त अविवेगिया ।
इक्किक्क पि अणट्ठाय, किमु जहिं चउक्कयं ॥९१॥

अओ विलोयणीअं तु, पुव्वं पयं निअं धुवं ।
मम दुक्खं निरिक्खित्ता, हसियव्वं पुणो नहि ॥९२॥

किं न जाणेसि रे मूढ, पक्कपत्तदसं परं ।
वियाणिज्जा इम पच्चक्खा, गव्वं कुणेसु मा णरे ॥९३॥

नियदेहविलग्गाइं, भूसणाइं विलोइअ ।
मा उम्मज्जसु ताइं च, लब्भंते पामरे हि वि ॥९४॥

યૌવન, ધનસંપત્તિ, પ્રભુતાઈ, અવિવેકીપણું એ એકેક પણ અનર્થ માટે થાય છે, તો જ્યાં આ ચારેય હોય ત્યાં શું વાત કરવી? ૯૧

આથી પહેલાં પોતાનું સ્થાન નિશ્ચે જોવું. પણ મારું દુઃખ જોઈને હસવું નહિ. ૯૨

હે મૂઢ! તું પાકી ગયેલા પાંદડાની દશાને જાણતો નથી, માટે વિચાર કરીને પછી તું મનમાં ગર્વ કર. ૯૩

પોતાના દેહમાં લાગેલાં આભૂષણો જોઈને તું ઉન્માદ ન કર. તે તો પામર લોકો પણ મેળવે છે. ૯૪

આ પ્રમાણે ભિખારીનાં વચનો સાંભળી લજ્જા પામી લીલાધર તેને પ્રણામ કરી વિનયપૂર્વક કહે છે કે–તમે સાચું કહ્યું. હું તમને હિતશિક્ષા આપનાર ગુરુ માનું છું અપ્રિય પણ હિતકર વચન કોણ ન માને?

धिद्धि मं मोहसंमूढे, बालचेट्टाविहायगं ।
नाऽऽराहिओ मए धम्मो, हियसिक्खा न धारिआ ॥९५॥

મોહમુઢ અને બાળચેષ્ટા કરનારા મને ધિક્કાર છે. મેં ધર્મની આરાધના ન કરી, અને હિતશિક્ષા ધારણ ન કરી. ૯૫

તે પછી તે ભિખારી મૌન ધારણ કરી અન્ય સ્થાને ગયો. લીલાધર પણ તેનાં હિતકારી વચનોથી દ્રવ્ય ઉપાર્જન

કરવા માટે બુદ્ધિ થવાથી દેશાંતર જવા માટે વિચારવા લાગ્યો, કહ્યું છે કે—

निग्गंतूण गिहाओ, जो न निअइ पुहइमंडलमसेसं ।
अचछेरयसयरम्मं, सो पुरिसो कूवमंडूगो ॥९६॥

णज्जंति चित्तभासा, तह य विचित्ता य देसनीईओ ।
अचचष्भुआइं बहुसो, दीसंति महिं भमंतेहिं ॥९७॥

दीसइ विविहचरियं, जाणिज्जइ सुअण दुज्जणविसेसो ।
अप्पाणं च कलिज्जइ, हिंडिज्जइ तेण पुढवीए ॥९८॥

ઘરમાંથી નીકળીને જે સેંકડો આશ્ચર્યોથી મનોહર એવા સમસ્ત પૃથ્વીમંડળને જોતો નથી તે પુરુષ કૂવાના દેડકા જેવો છે. ૯૬

પૃથ્વીમાં ભ્રમણ કરનાર લોકો જુદી જુદી ભાષાઓ જાણે છે, જુદા જુદા દેશના રીતરિવાજો અને ઘણાં આશ્ચર્યો જુએ છે. ૯૭

વિવિધ ચરિત્રો જોવાય, સજ્જન અને દુર્જનનો ભેદ જણાય, અને પોતાને ઓળખી શકાય, એ માટે પૃથ્વી પર ભ્રમણ કરવું જોઈએ. ૯૮

આથી બીજા પણ લાભો ત્યાં થશે તેથી પ્રમાદ દૂર કરી વિદેશગમન કરવું એ શ્રેષ્ઠ છે. સુખ-દુઃખ તો અહીં કે બીજે સ્થાને કર્મના યોગે અવશ્ય થાય છે. આ સર્વ જગત કર્માધીન છે, કહ્યું છે કે-

आरोहउ गिरिसिहरं, तरउ समुद्दं पयाउ पायालं ।
विहिलिहियक्खरमालं, फलइ कवालं न भूवालो ॥९९॥

પર્વતના શિખર ઉપર ચઢો, સમુદ્રને તરો કે પાતાળમાં જાઓ, વિધાતાએ લખેલ અક્ષરોની માળાવાળું કપાળ (નસીબ) ફળે છે. રાજા ફળતો નથી. ૯૯

આ પ્રમાણે ભાગ્ય અજમાવવાની ઈચ્છા કરી તે પરદેશ જવા માટે દૃઢ સંકલ્પ કરી ખિન્ન મનવાળો થઈ તૂટેલ ખાટલા ઉપર સૂઈ ગયો. જ્યારે તેના પિતા ઘરે આવ્યા ત્યારે તેને વિષાદયુક્ત, રોષપૂર્ણ ચિત્તવાળો જોઈને પૂછે છે કે, 'હે પુત્ર ! તને કોણે દૂભવ્યો છે? જેથી આ પ્રમાણે રોષ પામીને અહીં રહ્યો છે.'

લીલાધર કહે છે કે, 'હે પિતા ! મને કોઈએ દૂભવ્યો નથી. પરંતુ હું દ્રવ્ય ઉપાર્જન કરવા માટે પરદેશ જવાને ઈચ્છું છું. આથી મારી ઉપર કૃપા કરીને એકદમ જવા માટે મને રજા આપો.'

શેઠ કહે છે કે, 'હે પુત્ર ! હજુ તારી ઉંમર નાની છે. તું હમણાં જ પરણ્યો છે, લક્ષ્મી પણ ઘરમાં ઘણી છે, કાંઈપણ ન્યૂનતા નથી, તેથી હમણાં તારે દેશાંતર જવા અંગેની વાત પણ કરવી નહિ.'

ત્યારે લીલાધર ભિખારીએ કહેલાં ઉપાલંભનાં વચનો પિતાની આગળ કહે છે.

શેઠ કહે છે કે, 'હે ભદ્ર ! ભિખારીનાં વચન સાંભળીને આવી જાતનો કદાગ્રહ ન કરવો જોઇએ. એવો મૂર્ખ કોણ હોય કે જે ઊંઘ વેચીને ઉજાગરો કરે ?'

આ પ્રમાણે શેઠે તેમજ માતા, મંત્રી વગેરે સ્વજનોએ ઘણો સમજાવ્યો, છતાં પણ તે પોતાનો આગ્રહ છોડતો નથી.

તે પછી શેઠે જેમ તેમ કરી તેને જમાડયો, ભોજન કરી તે રાત્રિની શરૂઆતમાં શયનસ્થાને ગયો. તે વખતે હાથી સરખી ગતિવાળી તેની પત્ની લીલાવતી લલિત ગતિએ પોતાના પ્રિયની પાસે આવે છે. તે લીલાધર તેની સામે પ્રસન્ન દૃષ્ટિથી જોતો પણ નથી. ઘણા વિચારમાં ડૂબેલા પોતાના પતિને જોઈ તે લીલાવતી મધુર સ્વરે કહે છે કે, 'હે પ્રિયતમ ! આંખ ઉઘાડીને આવેલી મને જુઓ. કીડીની ઉપર કટક અને ઘાસની ઉપર કુહાડો નકામો જ છે. હે સ્વામી ! બીજા નિવારણ કરે છે તો મને અવગણીને તમે કેવી રીતે જશો ? કદાચ બીજાઓને દુઃખ આપીને તમે અહીંથી જવા ઇચ્છતા હશો પણ હું તમને જવા માટે કોઇ રીતે રજા આપીશ નહિ. છૂટા પડયા પછી કયારે મળાય તે જાણી શકાતું નથી. આથી સ્નેહીજનોનો સંયોગ ન છોડવો જોઈએ. અન્ય લોકો ઈચ્છે એવી પોતાના ઘરની સુખસંપત્તિ મૂકીને દેશાંતર જવાને ઈચ્છનાર તમારા જેવા સ્વચ્છંદગામી બીજા કોઇને મેં જોયા નથી.'

આ પ્રમાણે તે સ્ત્રીએ આખી રાત સમજાવ્યા છતાં પણ તે પોતાનો આગ્રહ છોડતો નથી. તેણીના સ્નેહમાં જરાયં તે લુબ્ધ ન થયો. પ્રભાત થયે ત્યાં આવેલ તેના પિતાએ ફરીથી સમજાવ્યો પણ તે પોતાનો સંકલ્પ છોડતો નથી.

તે વખતે અવસરનો જાણ મંત્રી ત્યાં આવી શ્રેષ્ઠિ પુત્રને કહે છે કે, 'જો તમારી વિદેશ જવાની ઘણી ઈચ્છા છે, તો પોતાના કાર્યની સિદ્ધિને સાધનાર મુહૂર્ત જોવું જોઈએ.' આ પ્રમાણે મંત્રીનું વચન તેણે કબૂલ કર્યું. તે પછી મંત્રી શ્રેષ્ઠ જ્યોતિષીઓને બોલાવી સર્વ-સિદ્ધિદાયક મુહૂર્ત પૂછે છે.

## નિમિત્તિયાએ કૂકડાના શબ્દ થયે આપેલ પ્રયાણ મુહુર્ત

મંત્રીનું મુખ જોઈ, તેના હૃદયના ભાવ જાણી તે નૈમિત્તિકોએ વિચાર્યું કે, આ શ્રેષ્ઠિપુત્રની વિદેશયાત્રા મંત્રીને માન્ય નથી. આથી તેઓ નિરીક્ષણ કરીને કહે છે કે, 'મંત્રીપ્રવર ! પંચાંગશુદ્ધિથી છ માસ સુધી શુભ મુહુર્ત નથી કે જેની કાર્યસિદ્ધિ થાય. તો પણ અહીં એક રસ્તો છે કે, જો કૂકડો બોલે ત્યારે તે પ્રયાણ કરે તો કાર્યસિદ્ધિ નિશ્ચે થાય અને ઘણું ધન ઉપાર્જન કરી તે ઘરે આવશે.'

આ પ્રમાણે સાંભળી મંત્રી અને શેઠ વગેરે ઘણા

સંતુષ્ટ થયા. તે પછી મંત્રી યથોચિત દાન આપી જ્યોતિષીઓને રજા આપે છે.

હવે મંત્રી પ્રયાણની સામગ્રી કરવાની ઈચ્છાવાળો લીલાવતી અને લીલાધરને પોતાના ઘરે લઈ જાય છે. તે પછી મંત્રી પોતાના સેવકોને બોલાવીને એકાંતમાં કહે છે કે—

कुक्कुडस्स झुणिं सोचचा, जामाया गंतुमिचछइ ।
देसंतरं, अओ तुम्हे, सुणेह कयणं मम ॥१००॥

કૂકડાનો અવાજ સાંભળી જમાઇ પરદેશ જવાને ઇચ્છે છે, આથી તમે મારૂં વચન સાંભળો. ૧૦૦

આ નગરમાંથી બધા કૂકડાને ચારે તરફથી બહાર કાઢી મૂકો. જમાઇ કૂકડાનો શબ્દ સાંભળશે, ત્યારે અટકાવવા છતાં પણ રહેશે નહિ તેથી આ ગુપ્ત વાત તે ન જાણે તેમ કરો.

સેવકોએ મંત્રીનો આદેશ સ્વીકારીને નગરમાં ભમી ભમીને સર્વ કૂકડાઓને પકડી બીજા ગામોમાં તેવી રીતે મોકલી દીધા કે જેથી આ હકીકત લીલાધરે ન જાણી.

રાત્રિને અંતે સર્વ સાધન લઈ તૈયાર થઇ કૂકડાનો સ્વર સાંભળવામાં સાવધાન થયો, પરંતુ પ્રયાણ કરવા ઇચ્છતાં તેણે કુકડાનો શબ્દ ન સાંભળ્યો.

તે પોતાના મનમાં વિચારે છે કે, પ્રયાણ સમયે અંતરાય કરનાર કુકડો કેમ બોલતો નથી? આજે પ્રયાણ

અવશ્ય કરવું છે. પછી તે પ્રયાણ કરવા માટે ઉત્સુક મનવાળો થયો. કારણ કે મુઢ માણસો શુભ–અશુભ મુહૂર્તને ગણતા નથી.

તે વખતે મંત્રી કહે છે કે, 'શુભ ફળને આપનાર કૂકડાનો સ્વર સાંભળીને પ્રયાણ કરવું' એ પ્રકારનું નૈમિત્તિકનું વચન અવશ્ય માનવું જોઈએ, એમ કહી તેને અટકાવે છે.

લીલાધર પણ 'શુભ મુહુર્ત વિના પ્રયાણ સફળ ન થાય' એમ જાણીને પ્રયાણથી અટકયો. લીલાવતી પણ પોતાના સ્વામીની પાસે રહી, ક્ષણવાર પણ તેને દૂર કરતી નથી. કુશળ માણસો પોતાનું કાર્ય સાધવામાં હંમેશા પ્રમાદ વગરના હોય છે.

આ પ્રમાણે મંત્રીશ્વર બુદ્ધિના પ્રભાવે તેને પોતાના ઘરમાં છ મહિના સુધી રાખે છે, તો પણ લીલાધરનું મન વિદેશ જવા માટે અત્યંત ઉત્કંઠાવાળું છે. તો પણ તે કૂકડાનો સ્વર ન સંભળાયાથી પ્રયાણ કરી શકતો નથી.

આ વખતે ફરતુ ફરતું તે નટોનું ટોળું તે નગરમાં આવ્યું ઢોલ્રી દુંદુભિના અવાજથી દિશામંડળને ગર્જનાયુકત કરતા તે નટોએ રાજાની પાસે આવીને નિવાસ માટે ઉતારો માગ્યો. રાજાએ પણ મંત્રીના ઘરની પાસે તેઓને નિવાસ માટે સ્થાન આપ્યું. નટોએ ત્યાં ઉતારો કર્યો તેઓના સૌનિકોએ નગરની બહાર

સરોવરોને કાંઠે તંબૂઓ સ્થાપીને નિવાસ કર્યો. તે પછી ભોજન કરી પરિશ્રમ દૂર કરી, સારાં વસ્ત્રો પહેરી કુર્કુટરાજનો આદેશ લઈ સંધ્યા સમયે રાજા પાસે ગયા. વિવિધ મધુર ગીત–ગાન વડે રાજાના ચિત્તને પ્રસન્ન કર્યું. સંતુષ્ટ ચિત્તવાળો રાજા કહે છે કે, 'આજે તમને રસ્તાનો ઘણો થાક લાગ્યો છે, તેથી આજ વિસામો લો, આવતી કાલે સવારે અમે નાટક જોઈશું'

તે પછી નટો પોતાના ઉતારે ગયા. તે વખતે નગરલોકો તેઓની પાસે કૂકડાને જોઈને કહે છે કે, 'હે નટો! આ કૂકડો અવાજ ન કરે તેવી રીતે તમો યત્નપૂર્વક રાખશો. કદાચ એ અવાજ કરશે તો મંત્રીના જમાઈ એનો શબ્દ સાંભળી દેશાંતરે જશે. તેના નિમિત્તનો દોષ તમને થશે.'

આ હકીકત સાંભળીને કુર્કુટરાજ પણ 'મારે મૌન રહેવું જોઈએ' એ પ્રમાણે પોતાના મનમાં નિશ્ચય કરે છે. નગરજનો પણ પોતપોતાને ઘરે ગયા.

અનુક્રમે રાત્રિ પૂર્ણ થતાં પ્રભાત સમયે ગઈ કાલની વાત ભૂલી જવાથી, પોતાના જાતિસ્વભાવને લીધે કુર્કુટરાજ ઉચ્ચ સ્વરે વારંવાર મધુર અવાજ કરે છે, તે સાંભળીને નગરજનો પણ નિદ્રારહિત થયા. દેવમંદિરોમાં ઝાલર વાગે છે. સૂર્ય પણ પુર્વાચલના શિખર ઉપર ચઢયો.

**કૂકડાનો શબ્દ સાંભળી લીલાધરનું વિદેશીગમન**

હવે કૂકડાનો સ્વર સાંભળી લીલાધર પોતાના અશ્વ ઉપર ચઢીને પ્રયાણ કરે છે. લીલાવતી અશ્રુપૂર્ણ નેત્રવાળી તેને નિવારવા માટે ઘણો આગ્રહ કરે છે, તો પણ તે તેને અવગણીને ઉત્તમ મુહૂર્ત માનતો ક્ષણવાર પણ ત્યાં ન રહ્યો.

**પતિના પરદેશગમનથી લીલાવતીની વિરહ વ્યથા**

પ્રિયના વિયોગથી દુઃખિત હૃદયવાળી લીલાવતી કૂકડાના શબ્દને હલાહલ ઝેર સમાન માને છે. તેણીનો પતિ તેને અમૃતની જેમ જાણે છે. સ્વામીના વિયોગને સહી ન શકવાથી તે મૂર્છા પામી જમીન ઉપર પડી. શીતળ ઉપચારોથી ચેતના પામીને તે વિલાપ કરે છે કે, 'હે દૈવ! દુષ્ટ! મેં તારો શું અપરાધ કર્યો કે જેથી તું મને દુઃખ આપતાં લજ્જા પામતો નથી? અહીં કયા વેરીએ આ કૂકડાને રાખીને મને અધિક દુઃખ ઉપજાવ્યું? હે દૈવ! તેં શા માટે આ કૂકડાની જાત બનાવી કે જેણે મારા પતિનો વિયોગ કરાવ્યો? આ નગરમાં તેવી જાતનો ધૃષ્ટ કોણ છે કે જેણે રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને ગુપ્તપણે કૂકડો રાખ્યો?'

આ પ્રમાણે વિલાપ કરતી તેણી તરત પોતાના પિતાને બોલાવીને સઘળી હકીકત જણાવે છે. ફરીથી કોપથી રક્ત નેત્રવાળી તેણીએ કહ્યું કે, 'હે પિતા! મારા વેરી એવા એ કૂકડાને અહીં લાવો.'

તે પછી મંત્રી પોતાની પુત્રીના કહેવાથી કુકડાની શોધ કરવા માટે પોતાના સેવકોને મોકલે છે. તેઓ પણ આખાય નગરમાં તપાસ કરતાં 'નટોની પાસે કુકડો છે' એમ જાણીને મંત્રીની આગળ આવીને કુકડાની વાત કહે છે.

મંત્રીએ પણ કહ્યું કે, 'હે પુત્રી! કોપ મૂકી દે. કાલે પરદેશથી જે નટો આવ્યા છે, તેઓની પાસે એ કુકડો છે. સ્વરૂપ નહિ જાણનારા તેઓનો અહીં કયો દોષ છે? હમણાં તેઓ મહેમાન છે, તેથી તેઓ પોતાનો કુકડો કેવી રીતે આપે? નીતિમાર્ગને અનુસરનારા અમારે પણ બળાત્કારથી એને લેવો યોગ્ય નથી. પ્રાયઃ કરીને નટજાતિ પણ દુરાગ્રહથી ભરેલી હોય છે, તેથી તારે આ બાબતમાં કદાગ્રહ ન કરવો.'

લીલાવતી બોલી, 'હે પિતા! એ વેરીને હણીને હૂં પરમ શાંતિ પામીશ અન્યથા પાણી પણ પીશ નહિ'

**નટો પાસે મંત્રીએ કરેલી કૂકડાની માગણી**

આ પ્રમાણે તેની કઠિન પ્રતિજ્ઞા સાંભળીને મંત્રી ચિંતાકુળ થયો. બીજો ઉપાય ન મળવાથી નટાધિપતિને બોલાવીને કુકડો માગ્યો.

નટસ્વામી કહે છે કે, હે મંત્રી! આ કુકડો આપી શકાય તેમ નથી. કારણ કે એ કેવળ અમારી આજીવિકાનું સાધન નથી, પરંતુ તે અમારો રાજા છે, આથી એને લેવાની ઇચ્છા તમારે ન કરવી. એના ઉપર તમારી પુત્રી રૂષ્ટ થઈ છે, પરંતુ અમે જીવતે છતે એનો વાળ પણ

વાંકો કરવા માટે કોઈ શક્તિમાન નથી. બીજી વાત એ છે કે–

अम्हे पंचसई मंति ! एयट्ठं पाणदाइणो ।
कडिबद्धा सया पासे, संठिआ सेवगा वरा ॥१०१॥

अण्णे सत्तहस्साइं, आसारूढा सविक्कमा ।
चिट्ठंति रक्खगा अस्स, नयराओ बहिं सइ ॥१०२॥

હે મંત્રી અમે પાંચસો એને માટે પ્રાણ આપનારા છીએ. હંમેશા એને માટે અમે કટિબદ્ધ શ્રેષ્ઠ સેવકો છીએ. ૧૦૧

વળી એના બીજા સાત હજાર પરાક્રમવાળા અશ્વારૂઢ રક્ષકો હંમેશા નગરની બહાર ઉભા છે. ૧૦૨

જો આ કુકુંટરાજ અમને હુકમ કરે તો દાનવોના દાંત પાડી નાખવા પણ અમે શક્તિમાન છીએ. જો તમને અવિશ્વાસ હોય તો સિંહલરાજને પુછાવો. જેથી તમને વિશ્વાસ થાય.

હે મંત્રી! કોની માએ સવાશેર સૂંઠ ખાધી છે કે જે અમારા કુર્કુટરાજને વક્ર દૃષ્ટિએ જુવે? આથી તમારે એ વાત મૂકી દેવી. તમે આને સાધારણ કુકડો ન જાણો, આ તો લોકમાં ઉત્તમ એવો કૂર્કુટરાજ છે."

આ પ્રમાણે નટોની પ્રભાવવાળી વાણી સાંભળીને મંત્રી મૌન ધારણ કરી પોતાની પુત્રીને સમજાવવા કહે છે–

पुत्ति! कयग्गहो तुम्ह, ऊइओ नेव एरिसो।
विरोहो बलिणां संद्धि, केवलं दुक्खदायगो ॥१०३॥

तहवि वयणं सच्चं, काहामि ते जहोइयं ।
बोहिऊण नडाहीसं, भव तुं सत्थमाणसा ॥१०४॥

હે પુત્રી! તારે આવી જાતનો કદાગ્રહ કરવો યોગ્ય નથી, બળવાન સાથે વિરોધ કરવો તે ફક્ત દુઃખ આપનાર થાય છે. ૧૦૩

તો પણ યથાયોગ્ય નટાધીશને સમજાવીને તારું વચન સાચું કરીશ. તું સ્વસ્થ મનવાળી થા. ૧૦૪

### મંત્રીએ સમજાવવાથી નટોએ થોડા વખત માટે કુકડાને આપ્યો

તે પછી મંત્રી નટરાજને કહે છે કે, મારીપુત્રીનું વચન સત્ય કરવા માટે તું મને કુકડો કેટલાક વખત સુધી આપ. ફરી હું તને એવો ને એવો અક્ષત જ પાછો આપીશ. છતાં પણ તને અવિશ્વાસ હોય તો મારા પુત્રને તારે આધીન કર.

આ પ્રમાણે મંત્રીનો દૃઢ આગ્રહ જોઈને તે નટો તેનુ વચન કબૂલ કરીને પોતાના આવાસે આવી, મંત્રીપુત્રને ગ્રહણ કરીને તેના ચાકરોને કૂકડાનું પાંજરૂં આપે છે. પાંજરું લઈને તે સેવકો લીલાવતીની પાસે આવ્યા, કુર્કુટરાજને જોવામાત્રથી જ તેનો રોષ ચાલી ગયો અને તેની ઉપર સ્નેહ ઉત્પન્ન થયો. તે પછી તે કુકડાના

પાંજરાને ખોળામાં રાખીને કૂકડાની સાથે વાર્તાલાપ કરે છે.

## લીલાવતીનો કૂકડા સાથેનો વાર્તાલાપ

'હે પક્ષિરાજ! તેં અવાજ કરીને મારું ફોગટ અહિત કરીને મારી સાથે વેર બાંધ્યું. તું બહારથી સુંદર દેખાય છે પણ તારું હૃદય કડવું જણાય છે, જેથી તેં શબ્દ કરીને મારા ધણીનો વિયોગ કરાવ્યો, તે પાપકર્મથી તું કેવી રીતે છૂટીશ? બીજાને દુઃખ આપનારનું કયારે ય કલ્યાણ થતું નથી.

सुवर्णपंजरत्थो तुं, परमाणंदसंजुओ ।
न याणेसि किसंगीणं, पियविरहवेयणं ॥ १०५ ॥

"સુવર્ણના પિંજરામાં રહેલો, પરમઆનંદથી યુક્ત તું સ્ત્રીઓના પ્રિયવિરહની વેદનાને જાણતો નથી." ૧૦૫

પરંતુ હે કુર્કૂટ! સ્ત્રીઓને પતિનો વિરહ અત્યંત દુસ્સહ હોય છે, તું પક્ષીની જાતિમાં ઉત્પન્ન થયો છે, અહીં પણ પોતાની સ્ત્રીનો વિરહ પામી તું કેવો વ્યાકુળ થાય છે, હું તો સ્ત્રીજાત છું. આથી તું વિચાર કે સ્ત્રીજાતિને પોતાના પતિ વિના દિવસો કેવી રીતે જાય? પૂર્વજન્મમાં મારી જેવા ઘણા લોકને તેં વિરહ પમાડયો છે, તે પાપકર્મથી આ ભવમાં તું પંખી થયો છે, પક્ષીની જાત સર્વથા વિવેક વગરની અત્યંત નિષ્ઠુર અને નિર્મોહ જણાય છે. જો તું થોડો પણ વિવેક ધારણ કરીને તે વખતે ન બોલ્યો હોત તો મારા પ્રિયનો વિયોગ થાત નહિ. હે પક્ષિરાજ! તને મારી

ઉપર દયા ન આવી. પરંતુ તારી રૂપશોભા જોઈને મારું મન અત્યંત દયાર્દ્રિત થાય છે.

આ પ્રમાણે મર્મસ્થાનને પીડનારા લીલાવતીનાં વચનો સાંભળીને કૂકડો પોતાની પૂર્વ અવસ્થાને યાદ કરીને અકાલ-વૃષ્ટિની જેમ નેત્રોમાંથી આંસુઓની ધારાને વહેતો અતિદીર્ઘ નિસાસાને મૂકતો મૂર્ચ્છા પામીને પાંજરામાં પડી ગયો.

તેની તેવી અવસ્થા જોઇને લીલાવતી એકદમ વ્યાકુળ ચિત્તવાળી થઈ.

તે પછી તેણીએ તેને બહાર કાઢીને હૃદય વડે આલિંગન આપીને ગરમી આપીને સાવધાન કરે છે. ફરીથી પણ તે બોલે છે–

विहंगम ! मए तुज्झ, भणियं मुद्धभावओ ।
तहिं अणुत्तरं दुक्खं, कहं जायं तवाहुणा ॥ १०६ ॥
विरहबाहिआ हंतु, वयासी एरिसं वयं ।
तवेरिसं च किं दुक्खं, मुच्छिओ जेण संपयं ॥ १०७ ॥
तुम्ह हि दुक्खदाणेण सावराह म्हि संपइ ।
ता मे दुक्खं निवेइत्ता, भव निव्वुइ भायणं ॥ १०८ ॥
नियदुक्खविणासाय, पुच्छामि तं खगुणत्तम ।
किंतु तुम्हेच्चयदुक्खं, पीलेइ मम माणसं ॥ १०९ ॥

હે પક્ષી ! મેં તને ભોળાભાવે કહ્યું, ત્યાં તને હમણાં આટલું બધું દુઃખ કેમ થયું ? ૧૦૬

હું તો વિરહથી પીડા પામી આવું વચન બોલી, પણ તને એવું કયું દુઃખ છે કે જેથી તું હમણાં મૂર્ચ્છા પામ્યો. ૧૦૭

તને દુઃખ આપવા વડે હું હમણાં અપરાધી છું. તેથી મને દુઃખ જણાવીને તું શાંતિનું પાત્ર થા. ૧૦૮

હે ઉત્તમ પક્ષી! હું પોતાના દુઃખના વિનાશ માટે તને પૂછું છું, પરંતુ તારું દુઃખ મારા મનને પીડે છે. ૧૦૯

આથી તું મારાથી પણ વધારે વેદના અનુભવતો દેખાય છે. તેથી તેનું કારણ મને જણાવ.

## કૂકડારૂપે રહેલા ચંદ્રરાજાએ લીલાવતીને આપેલી પોતાની ઓળખાણ

તે પછી કુર્કૂટરાજ ભૂમિ ઉપર અક્ષરો લખીને તેને જણાવે છે કે—બહેન. હું આભાપુરીનો ચંદ્રરાજા નામે રાજા છું, વિમાતાએ મને કારણ વિના કૂકડો બનાવ્યો છે. મારે ગુણાવલી નામે પટરાણી છે, તેનો વિરહ મને અત્યંત પીડા કરે છે, તારી આગળ કેટલું દુઃખ વર્ણવું? મારાથી તે કહી શકાય તેવું નથી. તે મારી પટરાણી પણ મારા વિયોગથી ઘરમાં રહેલી દુઃખસાગરમાં ડૂબેલી મહાદુઃખને અનુભવે છે.

વળી હું નટોની સાથે પાંજરામાં પડેલો દેશાંતરમાં ભ્રમણ કરું છું, ક્યાં મારી આભાનગરી? ક્યાં મારું રાજ્ય? ક્યાં નારી તે પટરાણી? ક્યાં મનુષ્યદેહ? અને ક્યાં મારું આ તિર્યંચપણું? મારા દુઃખનો પાર નથી, તારો પતિ તો દેશાંતર ગયેલો કાલે આવશે, પરંતુ ગુણાવલી સાથે મારો સમાગમ થશે કે નહિ તે તો સર્વજ્ઞ જાણે! આથી હું કહું છું કે—બહેન! મારા જેવું દુઃખ તારે નથી. મેરુ અને સરસવ સમાન દુઃખ અનુભવતાં આપણે બંનેને

મોટું અંતર છે. ક્ષણમાત્ર પણ પ્રિયના વિયોગને નહિ સહન કરતી તું આવી વેદના અનુભવે છે, તો મારી સ્ત્રીની કેવી સ્થિતિ હશે, તેથી તો તું અસંખ્યાતગણી સુખી છે!

આ પ્રમાણે કુર્કૂટરાજનાં વચન સાંભળીને લીલાવતી કાંઈક હર્ષ પામી પોતાના દુઃખને થોડું માને છે. તેણે વિચાર્યું કે—'અમે બન્ને સરખાં મળ્યાં' કારણ કે--સમાન શીખવાળાઓની મૈત્રી થાય છે.

ફરીથી તે ચંદ્રરાજાને કહે છે કે—હે ચંદ્રરાજ! તમારે મનમાં બહુ દુઃખ ન ધારણ કરવું. થોડા જ વખતમાં તમે રાજ્ય અને સ્ત્રીના સુખને પામશો.

राय ! मे पियमाया तुं, तुम्ह हं बहिणी पिया ।
देव्वेण निम्मिओ नूणं, संबंधो अम्ह एस हि ॥ ११० ॥

હે રાજન્! તમે મારા પ્રિય ભાઈ છો, અને હું તમારી વ્હાલી બેન છું, ભાગ્યયોગે આપણો આ સંબંધ નિર્માણ થયો છે. ૧૧૦

આથી જ્યારે તમે મનુષ્યપણું પામો ત્યારે તમારે મને અવશ્ય દર્શન આપવું. મારાથી વિચાર્યા વિના જે કહેવાયું તે તમારે ક્ષમા કરવું. કારણ કે સજ્જન પુરુષો અપરાધી માણસ ઉપર પણ દયાવાળા હોય છે. હે ભાઈ! તમારા મનોરથ જલદી સફળ થાઓ. આપ મને ક્યારે ય વિસરતા નહિ, રાજ્ય મળ્યા પછી તમે મને દર્શન આપજો, ક્યારે ય ઉપેક્ષા કરતા નહિ, તમારા દર્શનથી હું પોતાના જન્મને સફળપણે માનું છું, આ પ્રમાણે કુર્કૂટરાજ સાથે વાર્તાલાપ

કરીને તે તેને નટાધિપતિને સમર્પણ કરે છે. તે વખતે મંત્રિપુત્ર પણ પોતાના ઘેર આવ્યો.

## નટોનું કૂકડા સાથે વિમલાપુરીમાં આગમન

હવે સત્કાર પામી તે નટો તે નગરમાંથી નીકળીને અનેક ગામ અને નગરીમાં પર્યટન કરતા, ક્યારેક કુર્કૂટરાજ નિમિત્તે સંગ્રામને પણ કરતા, કોઈ ઠેકાણે અતિઅદ્‌ભુત કલાની કુશળતાને બતાવી ઘણા યશકીર્તિને મેળવતા અનુક્રમે તે વિમળાપુરીમાં આવ્યા. જ્યાં વીરમતીએ પહેલા આમ્રવૃક્ષ રાખ્યો હતો, ત્યાં જ તંબૂઓ સ્થાપન કરીને સૈનિકો સાથે તે નટોએ નિવાસ કર્યો.

કુર્કૂટરાજ પૂર્વપરિચિત તે ભૂમિને ઓળખીને પૂર્વના સ્નેહને યાદ કરતો ભાડાથી પરણેલી પ્રેમલાલચ્છીને પણ યાદ કરે છે, યાદ કરીને તે વિચારે છે કે–જ્યાં આવવા નિમિત્તે હું પક્ષી થયો છું, તે જ આ નગરી છે. ફરીથી અહીં આવેલા એવા મારા દુઃખનો નાશ પણ અવશ્ય થશે, એમ જણાય છે, અન્યથા ક્યાં આ વિમળાપુરી? અને ક્યાં મારી આભાપુરી? અસાધ્ય કાર્યો પણ દૈવયોગે સુસાધ્ય થાય છે. તેમજ "જીવતો માણસ સેંકડો કલ્યાણ જુવે" એ વચન સાચું જ છે. અહીં આવવાને અસમર્થ હું વિધાતા વડે જ પક્ષીપણું પમાડાયો, આ પ્રમાણે વિચારતો તે નટોની સાથે આનંદ અનુભવતો ત્યાં રહે છે.

## પ્રેમલાલચ્છીના ડાબા નેત્રનું ફરકવું અને સખીઓ સાથે વાર્તાલાપ

આ તરફ પોતાના પ્રાસાદમાં સખીઓ સાથે બેઠેલી પ્રેમલાલચ્છીનું ડાબું નેત્ર ફરકયું. તેથી રોમાંચિત દેહવાળી તે કહે છે કે–'હે સખીઓ! આજે મારું ડાબું નેત્ર ફરકે છે, તેથી જણાય છે કે- મને પ્રિયનો સંયોગ અવશ્ય થશે. પ્રિયના વિયોગમાં આજે સોળ વર્ષ થયા. પહેલાં પણ કુળ-દેવીએ કહ્યું હતું કે– સોળ વરસને અંતે તને પ્રિયનો સંયોગ થશે. તે સમય હમણાં પ્રાપ્ત થયો છે, પરંતુ આ વિષયમાં મારા મનમાં મોટો સંદેહ ઉત્પન્ન થાય છે. કારણ કે આભાપુરી અહીંથી ઘણી દૂર રહેલી છે. તેથી મારા પતિનું અહીં આગમન કેવી રીતે સંભવે? ત્યાં ગયેલા પ્રિયનો સંદેશો કે કુશળપત્ર સર્વથા નથી, તેથી તેનો સંગમ કેવી રીતે થાય? વળી દેવીનું વચન મિથ્યા ન હોય, કારણ કે દેવો અમોઘવચનવાળા કહેવાય છે, તે પણ જણાશે. આથી દૂર રહ્યા છતાં પણ મારા પ્રિય આજે મળશે, એમ મારું મન સાક્ષી પૂરે છે.

આ પ્રમાણે તેનાં વચન સાંભળીને સખીઓ કહે છે કે–બેન! તારું વચન સાચું થાઓ. પિતાના ઘરનો સ્નેહ ઘણો હોય તોપણ સ્ત્રીને સાસરાનું ઘર વહાલું હોય છે, તેમ જ તમારા પતિ ચંદ્રરાજ બધાને હંમેશાં યાદ કરવા લાયક છે, કારણ કે સ્નેહપાત્ર નરશેખરને કોઈ શું ભૂલી શકે? તારા કરેલા તપના પ્રભાવથી ચંદ્રરાજ તને મળશે.

કુળદેવીએ આપેલી દીર્ઘકાળની મર્યાદા પણ હમણાં જ પૂરી થઇ છે, તેથી પ્રિય સંગમ અવશ્ય થશે.

उंबरो फलए रूक्खो, नियकालाणुभावओ ।
पत्तहीणकरीरो वि, कमेण फलए धुवं ॥ १११ ॥
सरो सुक्को वि कालेण, पाणीएहिं भरिज्जइ ।
वंछियं सहि ! एवं ते, सिज्झिही देव्वजोगओ ॥ ११२ ॥

ઉંબરવૃક્ષ, પોતાના કાળના પ્રભાવે ફળે છે, પાંદડા વગરનો કેરડો પણ ક્રમે કરીને નિશ્ચે ફળે છે. ૧૧૧

સુકાયેલું સરોવર પણ કાળે કરીને પાણીથી ભરાય છે, એવી રીતે હે સખી ! તારું વાંછિત પણ નશીબયોગે સિદ્ધ થશે. ૧૧૨

## રાજસભામાં નટોનું આગમન

આ પ્રમાણે પ્રેમલા લચ્છીની આગળ ઘણો આનંદ પામી સખીઓ પરસ્પર વાર્તાલાપ કરે છે, તેટલામાં પરિવાર સાથે તે નટરાજ પાંજરું લઇ રાજસભામાં આવ્યો. સિંહાસન ઉપર બેઠેલા રાજાને પ્રણામ કરીને 'સૂર્યની જેમ તમારું તેજ હંમેશાં અખંડ તપો' એમ આશીર્વાદ સંભળાવીને તે કહે છે.

सेट्ठो सोरट्ठदेसोऽयं, राइंद ! तव रेहइ ।
जत्थ हि संति तित्थाइं, उज्जिंतविमलायला ॥ ११३ ॥
विमलेयं पुरीधण्णा, धण्णलोगविहूसिआ ।
जं दटुं अहिलासोमे, अज्ज संपुण्णयं गओ ॥ ११४ ॥

હે રાજેન્દ્ર ! આ તમારો સોરઠ દેશ શ્રેષ્ઠ શોભે છે, કે જ્યાં ઉજ્જયંત અને વિમલાચલ તીર્થો છે. ૧૧૩

આ વિમલાપુરી ધન્ય છે, જે ધન્ય લોકોથી વિભૂષિત છે, જેને જોઈને આજે મારો અભિલાષ સંપૂર્ણતાને પામ્યો છે. ૧૧૪

હે નરપતિ! સોરઠ દેશના વિભૂષણ રૂપ વિમલાપુરી નગરીના દર્શનની અભિલાષા કરતો મારો મનોરથ ઘણા દિવસે પુણ્યયોગે આજે પરિપૂર્ણ થયો છે.

દેશોમાં ભ્રમણ કરતા મેં સમૃદ્ધિવાળી જેવી એક આભાપુરી જોઇ હતી, તેવી આ વિમળાપુરી જોઇ. બીજી કોઈ નગરી આવી નથી.

આ પ્રમાણે કહીને પરિવાર સહિત તે નાટકનાં સાધનો તૈયાર કરે છે.

પ્રથમ તે નટો પવિત્ર કરેલ પૃથ્વી પ્રદેશ ઉપર પુષ્પનો પુંજ કરીને તેની ઉપર કૂકડાનું પાંજરું સ્થાપન કરે છે. તે પછી તેઓ એક અત્યંત લાંબો વાંસ ભૂમિ ઉપર સ્થાપન કરીને ચારે તરફ જમીનમાં નાંખેલા ખીલા સાથે બાંધેલા સૂર્યના કિરણ સરખા દોરડાના પાશ વડે તે વાંસને બાંધીને મજબૂત કર્યો.

હવે ઘણા શણગાર સજી, પુરુષના વસ્ત્ર ધારણ કરી શિવમાલા વાંસના મૂળ પાસે આવીને ચારે તરફ નજર ફેંકતી ક્ષણવાર ત્યાં ઊભી રહે છે. અતિઅદ્ભુત રૂપ અને લાવણ્યથી સુશોભિત દેહવાળી તેને જોઈને સભાજનો ઘણા વિસ્મય પામ્યા. રાજા પણ વિચારે છે કે આવા પ્રકારના રૂપ વૈભવ સંપન્ન, સૂર્યની પ્રભા સરખી તેજસ્વી આ કઇ કન્યા

છે? તેથી કુતૂહલ પામેલા રાજાએ નાટક જોવા માટે પ્રેમલા-લચ્છીને બોલાવી. તે પણ ત્યાં આવીને પોતાના પિતાના ખોળામાં બેઠી.

રાજાએ કહ્યું કે–હે પુત્રી! આ નટો આભાનગરીથી આવ્યા છે. તારે સ્વસ્થચિત્તે આ ચતુર લોકોની નાટકકળા જોવી. નાટકકળામાં અત્યંત નિપુણપણું પામેલી આ નટકન્યા ઊંચા વાંસના શિખર ઉપર ચઢીને અનેક પ્રકારે પોતાની કળાઓ બતાવશે.

આ પ્રમાણે રાજા બોલતો હતો ત્યારે અને નગર લોકો પણ નાટક જોવામાં ઉત્કંઠાવાળા હતા ત્યારે શિવમાલા વાંસના અગ્રભાગ ઉપર ચઢીને કુબ્જાસન વડે ત્યાં બેઠી. તેમજ ત્યાં વિવિધ યોગાસનો કરીને લોકોના ચિત્તને ક્ષણવારમાં અત્યંત પ્રસન્ન કરે છે. તે વખતે ભૂમિ ઉપર પટહ, દુંદુભિ વગેરે વાજિંત્ર વાગે છે. નટો પણ વારંવાર મોટા સ્વરે અવસરોચિત ઘણા શબ્દોચ્ચાર કરે છે. જેથી પ્રેક્ષકવર્ગ અત્યંત આનંદરસમાં નિમગ્ન થાય છે.

આ પ્રમાણે વંશના અગ્રભાગ ઉપર નાચીને તે પછી તે દરેક દોરડા ઉપર નવા નવા નાચ કરતી ચોરાશી લાખ જીવ-યોનીમાં જીવની જેમ ભમે છે. ફરી ક્ષણવારમાં વાંસના અગ્રભાગ ઉપર રહીને ફરીથી પૂર્વની જેમ નાચ કરતી કેવળી સમુદ્રઘાતની જેમ રચના કરે છે. તે પછી તે વાંસના અગ્રભાગ ઉપરથી જેમ ઉપશાંતમોહ ગુણસ્થાનકથી પડતો કોઈ જીવ પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાને આવે છે, તેમ નીચે ઊતરે છે

ઊતરીને પોતાના પિતા સાથે રાજાની પાસે જઈને તે પ્રણામ કરે છે.

પ્રસન્ન ચિત્તવાળો રાજા ઘણું દ્રવ્ય આપે છે. નગરજનોએ પણ રૂપા, સોના, મણિમય આભૂષણુ અને વસ્ત્રાદિની વૃષ્ટિ કરી.

## પ્રેમલાલચ્છીને જોઇ કુર્કુટરૂપે રહેલા ચંદ્ર રાજાનો હર્ષ

આ સમયે પાંજરામાં રહેલો કૂર્કુટરાજ પ્રેમલાલચ્છીને જોઈને પૂર્વે પરણેલી એવી તેને ઓળખીને મનમાં ઘણો હર્ષ ધારણ કરતો કચ્છ દેશમાં ઉત્પન્ન થયેલા ઘોડાની જેમ નાચે છે. સોળ વરસને અંતે ચંદ્રરાજાને પત્નીનો સંયોગ થયો, તે વખતે તેને ઉત્પન્ન થયેલ હર્ષનો અતિરેક હૃદયમાં માતો નથી. ગતિરહિત કૂવાઓ સમીપ રહ્યા છતાં પણ પરસ્પર મળતા નથી, મનુષ્યો તો ઘણા દૂર રહ્યાં છતાં પણ પોતાની ગતિથી મળે છે જ. કુર્કુટરાજ વિચારે છે કે–

पक्खित्तणं पवण्णो म्हि, निरुवायो विहेमि किं ? ।
अण्णहा हि कुणेज्जा हं, इहाणंदमहूसवं ॥ ११५ ॥
ममोवयारिणी माया, कोडिवासाइं जीणठ ।
विणिम्मिओ अहं जीए, कुक्कुडो दिव्वजोगओ ॥ ११६ ॥
अण्णाह एत्थ कत्तो मे, आगमणं दूरवट्टिणो ।
होज्ज तह सुरूवाए, पियाए दंसणं कत्तो ॥ ११७ ॥

હું પક્ષિપણું પામ્યો છું, ઉપાય વગરનો હું શું કરું ? નહિંતર તો હું અહીં આનંદ મહોત્સવ કરત. ૧૧૫

મારી ઉપકારી માતા ક્રોડ વરસ જીવો કે જેણે મને નશીબયોગે કૂકડો બનાવ્યો. ૧૧૬

અન્યથા દૂર રહેનારા મારું આગમન અહીં ક્યાંથી થાત? અને ઉત્તમરૂપવાળી પ્રિયાનું દર્શન ક્યાંથી થાત? ૧૧૭

આ નટોનું પણ કલ્યાણ થાઓ. જેથી બધે ઠેકાણે મારા યશકીર્તિના વખાણ કરતા મહા ઉપકારી એવા તેઓ મને અહીં લાવ્યા. આજે સવારે કયા પુણ્યશાળીનું મુખ મેં જોયું? કે જેથી મને પ્રિયાનો સંગમ ઘણા સમયે થયો. આજનો દિવસ પણ ધન્ય છે, કે જેમાં સંયોગના અંકૂરો પ્રગટ થવાથી દીર્ઘકાળથી ઉત્પન્ન થયેલી વિરહ પીડા પણ મારી નાશ પામી. હવે આ પ્રેમલાલચ્છી નટ પાસેથી મને ગ્રહણ કરીને પોતાની પાસે રાખે તો પક્ષિપણું ત્યજીને હું અવશ્ય મનુષ્ય થાઉં અને તે વખતે મારા બધા મનોરથ સિદ્ધ થાય. પરંતુ જો નટકન્યા શિવમાલા પ્રેમલાલચ્છીને મને આપે તો સારું થાય."

## બંનેનું દૃષ્ટિ—મિલન

આ પ્રમાણે તે વિચારતો હતો તેટલામાં તે પ્રેમલાલચ્છી પુષ્પના પૂંજ ઉપર રહેલા તે સુવર્ણના પાંજરાને જુએ છે, અને ત્યાં રહેલા કુર્કૂટરાજને પ્રણામ કરતા નટોને જોતી તે પરમ વિસ્મય પામે છે, તે પછી તે કૂકડાને જુએ છે. તે વખતે પણ પ્રસન્ન દૃષ્ટિથી તેને જુએ છે. તે વખતે—

उभण्हं दिट्ठिसंजोगो, जाओ ताणं परुप्परं ।
झाणत्था विव रायंते, निन्निमेसा खण हि ते ॥ १५७ ॥
इह पेमलासरूवं, कुक्कुडरुवस्स चंदरायस्स ।
दाणं नडस्स तइए, मिलणं तह पेमलाए य ॥ १५८ ॥

તે બંનેનો પરસ્પર દૃષ્ટિસંયોગ થયો, ધ્યાનસ્થની જેમ ક્ષણવાર તે બંને નિર્નિમેષ શોભવા લાગ્યા. ૧૫૭

આ ત્રીજા ઉદ્દેશમાં પ્રેમલાનું સ્વરૂપ, કૂકડારૂપે રહેલા ચંદ્રરાજાનું નટને દાન, અને **પ્રેમલાનું મિલન** કહ્યું.

એ પ્રમાણે તપાગચ્છાધિપતિ શ્રી કદંબગિરિ પ્રમુખ અનેક તીર્થોના ઉદ્ધારક, શાસન પ્રભાવક, આબાલબ્રહ્મચારી, સૂરિશેખર આચાર્યશ્રી વિજયનેમિસૂરિશ્વર પટ્ટાલંકાર સમયજ્ઞ, વાત્સલ્યવારિધિ આચાર્યશ્રી વિજયવિજ્ઞાનસૂરિશ્વર પટ્ટધર, સિદ્ધાંતમહોદધિ, પ્રાકૃતભાષાવિશારદ આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિએ રચેલા પ્રાકૃત શ્રી ચંદ્રરાજચરિતમાં પ્રિયવિરહિત પ્રેમલાલચ્છીનું સ્વરૂપ, ચંદ્રરાજાનું કૂકડારૂપે થવું, શિવમાલાનટીને કૂકડાનું આપવું, અને પ્રેમલાલચ્છીના મિલન સ્વરૂપ ત્રીજો ઉદ્દેશ સમાપ્ત થયો.

# ચતુર્થ ઉદ્દેશ

## મંગલાચરણ

नमंसामि महावीरं, केवलनाणभक्खरं ।
सुहाणुदाण-संपत्ती, भव्वाणं जेण जायइ ॥ १ ॥

કેવળ જ્ઞાન વડે કરીને સૂર્યસમાન એવા શ્રી મહાવીર સ્વામીને હું નમસ્કાર કરું છું, જેના વડે ભવ્યજીવોને અમૃત-અનુષ્ઠાનની પ્રાપ્તિ થાય છે. ૧

होइ जास पसायाओ, अट्ठंग-जोग-संगई ।
अस्स दुग्गमजोगस्स, विरला हुंति वेइणो ॥ २ ॥

જેમની કૃપાથી અષ્ટાંગ યોગની પ્રાપ્તિ થાય છે, આ દુર્ગમ યોગને જાણનાર વિરલ પુરુષો હોય છે. ૨

कटुफला बज्झविही, संसारसुहवड्ढणी ।
अज्झप्पियविही सुद्धा, पदेइ परमं पयं ॥ ३ ॥

બાહ્યવિધિ કષ્ટ ફળવાળી છે અને સંસારના સુખને વધારનારી છે, શુદ્ધ એવી આધ્યાત્મિક વિધિ પરમપદ મોક્ષને આપે છે. ૩

बज्झे परिग्गहे चत्ते, होज्जा को वि न निम्मलो ।
विमुक्ककंचुगो सप्पो, अविसो नेवहोज्जइ ॥ ४ ॥

બાહ્ય પરિગ્રહ છોડવા માત્રથી કોઈ નિર્મળ થતો નથી, કાંચળીનો ત્યાગ કરવા માત્રથી સર્પ નિર્વિષ થતો નથી. ૪

अज्जप्पनिरओ जो सो, विण्णेओ पुरिसुत्तमो ।
ऊयरट्ठं तु जं कट्ठं, तं मिच्छाखेयकारणं ॥ ५ ॥

જે અધ્યાત્મમાં રક્ત હોય તે ઉત્તમ પુરુષ જાણવો,

પેટને માટે જે કષ્ટ કરવામાં આવે તે ફોગટ ખેદનું કારણ છે. ૫

जो निण्हवेइ सत्यटठं, बुद्धिबलेण दुम्मइ ।
नाणी तं वियाणेइ, जिणसासणनिण्हवं ॥ ६ ॥

જે દુષ્ટબુદ્ધિવાળો બુદ્ધિના બળથી શાસ્ત્રના અર્થને છૂપાવે છે, તેને જ્ઞાની પુરુષ જિનશાસનના નિહ્નવ તરીકે જાણે છે. ૬

अखंडियं जिणिंदाऽऽणं सिरंसि धरए हि जो ।
तस्स भवोदही होइ, अंजलिसरिसो धुवं ॥ ७ ॥

જે અખંડિતપણે જિનેશ્વરની આજ્ઞાને મસ્તકે ધારણ કરે છે, તેને નિશ્ચે સંસારસમુદ્ર અંજલિ સરખો થાય છે. ૭

जो सुहज्झाणसंजुत्तो, बज्झसुहाणि भुंजइ ।
तास सुकयवल्लीओ, चंदरायव्व होइरे ॥ ८ ॥

જે શુભધ્યાનથી યુક્ત બાહ્યસુખોને ભોગવે છે, તેને પુણ્યરૂપી વેલીઓ ચંદ્રરાજાની જેમ થાય છે. ૮

भव्वा सुणंतु चंदस्स, चऊत्थोद्देसमुत्तमं ।
जम्मि सुए कसाएहिं, हीणा हवंति पाणिणो ॥ ९ ॥

હે ભવ્યજનો! ચંદ્રરાજાનો આ ચોથો ઉદ્દેશો સાંભળો, જે સાંભળવાથી પ્રાણીઓ કષાયોથી રહિત થાય છે. ૯

चऊत्थो जह धम्मोऽत्थि, झाणं जह चऊत्थयं ।
तहेमो तुरिउद्देसो, सिवपहपयासगो ॥ १० ॥

જેમ ચોથો (ભાવ) ધર્મ છે, જેમ ચોથું (શુકલ) ધ્યાન છે, તેમ આ ચોથો ઉદ્દેશક મોક્ષમાર્ગનો પ્રકાશક છે. ૧૦

भूवदाणेण संतुक्कु, नडा तहेव कुक्कडो ।
इओ सुणेह हे भव्वा!, कहारसमणुत्तरं ॥ ११ ॥

રાજાના દાનથી જેમ નટો સંતુષ્ટ થયા તેવી રીતે કૂકડો

પણ સંતુષ્ટ થયો. હે ભવ્યજનો! હવે શ્રેષ્ઠ કથારસને સાંભળો. ૧૧

એકબીજા પ્રત્યે આસક્ત મનવાળા તે બંને દંપતીઓની દૃષ્ટિ સ્નેહરાગથી બંધાઈ હોય તેમ ક્ષણવાર નિશ્ચલ થઈ. વિવિધ વસ્ત્રાલંકાર વડે સત્કાર પામેલા તે નટો રાજાની આગળ વિસ્મયજનક આખ્યાનકો–કથાનકો કહે છે. પ્રસન્ન હૃદયવાળો રાજા પાંજરામાં રહેલા કૂકડાને જોઈને તેના ઉપર સ્નેહવાળો થયો. બીજા નગરજનો પણ સ્નેહદૃષ્ટિથી તેને જ જોવા લાગ્યા.

રાજા તે પાંજરાને પોતાની પાસે મંગાવીને કૂકડાને પાંજરામાંથી બહાર કાઢીને પોતાના ખોળામાં રાખે છે. તે વખતે પ્રેમલાલચ્છીના દેહના સ્પર્શથી તે કૂકડો પરમ આનંદ પામી તેના હૃદયમાં પ્રવેશ કરવા ઇચ્છતો હોય તેમ તેના વક્ષઃસ્થળમાં ચાંચ વડે પ્રહાર કરે છે. તે પણ રોમાંચિત દેહવાળી થઈ સુકુમાર કરકમલ વડે વારંવાર તેને સ્પર્શ કરે છે. કુર્કુટરાજ સુવર્ણના–પાંજરામાંથી નીકળ્યો પણ ફરીથી પ્રેમલાલચ્છીના હૃદયરૂપી પાંજરામાં પડ્યો. પ્રેમલાલચ્છી પણ તેના ઉપર અત્યંત સ્નેહના સમૂહથી વ્યાપ્ત થઈ.

रूवसंपन्नमक्खुदं, पेमपत्तं पियवयं ।
कुलीणं अणुकूलं च, कलत्तं कत्थ लब्भइ ! ॥ १२ ॥

રૂપસંપન્ન, અક્ષુદ્ર, પ્રેમપાત્ર, પ્રિય બોલનાર, કુલીન અને અનુકૂલ સ્ત્રી કયાંથી મળે? ૧૨

તે કુર્કુટરાજ તેની સમીપે રહેવાને ઇચ્છતો હોવા છતાં પણ મનુષ્ય વાણીથી કહેવાને અસમર્થ એવો તે સ્નેહથી

અનેક પ્રકારની ચેષ્ટાઓ તેને બતાવે છે. તે પણ તેને પોતાનું મન સોંપીને તેનું જ ધ્યાન કરવામાં તત્પર થઇ. કેટલોક સમય પસાર કરીને રાજા ફરીથી તેને પાંજરામાં મૂકીને નટાધિપતિને સોંપે છે.

## વિમલાપુરીના રાજાનું નટરાજ પાસેથી ચંદ્રરાજાનું વૃત્તાંત સાંભળવું

તે પછી રાજા કહે છે કે હે નટાધિપ ! આ શ્રેષ્ઠ કૂકડો તેં કયાંથી મેળવ્યો ? તેની સર્વ હકીકત તું મને કહે.

નટાધિપ કહે છે કે–હે રાજેન્દ્ર ! અહીંથી અઢારસો કોશ દૂર આભાપુરી નામે શ્રેષ્ઠ નગરી છે. ત્યાં ગુણગણથી વિભૂષિત ચંદ્રરાજા નામે રાજા રાજ્ય કરે છે. તેની અપર માતા વીરમતી વડે કોઇ સ્થાને છૂપાવેલો હોવાથી અમે તેને જોયો નથી. હમણાં તે વીરમતી રાજ્ય કરે છે, તેણીની આગળ અમે નાટક કર્યું, તેને જોઇને પ્રસન્ન હૃદયવાળી તે વીરમતીએ ચંદ્રરાજાની પટ્ટરાણી ગુણાવલીનો અનાદર કરીને તેની પાસેથી આ કૂકડાને મંગાવીને અમને આપ્યો.

એક વખત તો વીરમતી આ કૂકડાને મારવા માટે તૈયાર થઇ હતી, તે વખતે નગરજનોએ તેણીના હાથમાંથી તેને મૂકાવ્યો. તે પછી આ કૂકડો પોતાની ભાષામાં પક્ષીઓની ભાષાને જાણતી મારી પુત્રી શિવમાલાને સમજાવે છે. તે પણ અમને તેની હકીકત કહે છે. તે પછી અમે તે કૂકડાની માંગણી કરીને તે વીરમતી પાસેથી ગ્રહણ કર્યો. આ કુર્કુટ- આજ સુધી અમારી પાસે રહી સુખપૂર્વક કાળ પસાર કરે

છે. આ બધું સૈન્ય પણ તેનું જ છે. એ અમારો રાજા છે, અમે તેના સેવક છીએ. તે પછી આ કુકૂર્ટરાજને લઇને ઘણા દેશોમાં ભ્રમણ કરતા કરતા નવ વર્ષે અહીં તમારી સભામાં આવ્યા. આ પ્રમાણે સંક્ષેપથી તમારી આગળ કૂકડાની હકીકત કહી.

આ પ્રમાણે નટના મુખેથી ચંદ્રરાજાની હકીકત સાંભળીને સૌરાષ્ટ્ર દેશનો અધિપતિ મકરધ્વજ રાજા ઘણો પ્રસન્ન થયો. પ્રેમલાલચ્છી પણ પોતાના ધણીની શોધ મળવાથી હર્ષિત મનવાળી થઇ. કુકૂંટરાજને જોઇને પરમ સ્નેહ પામ્યા છતાં પણ તેઓ 'આ ચંદ્રરાજા છે' એમ જાણી શક્યા નહીં. નટોએ વિજ્ઞપ્તિ કરી કે–

राय ! वयं चउम्मासिं, महेमो वसिऊं इह ।
तुम्हाएसाजुसारेण, वदमाणा अहोणिसं ॥ १३ ॥

હે રાજન્! જો તમારી રજા હોય તો અમે અહીં રાત્રિદિવસ રહેતાં ચાર માસ રહેવા ઇચ્છીએ છીએ. ૧૩

પ્રસન્ન થઇને રાજા કહે છે કે–

चिटठेहेह सुहेणेव, महाणंदो भविस्सई ।
तंबचूडवसीभूअं, अम्हाणं माणसं जओ ॥ १४ ॥

તમે અહીં સુખપૂર્વક રહો. અમને ઘણો આનંદ થશે, કારણ કે અમારું મન આ કૂકડાને જોઇ વશ થયું છે. ૧૪

भूवाणाए नटा हिटठा, वासं कुणे इरे तहिं ।
भूवइं सइ पीणंति, कुक्कुडेण समण्णिआ ॥ १५ ॥

રાજાની આજ્ઞા મળવાથી નટોએ હર્ષિત થઇ ત્યાં નિવાસ કર્યો. કૂકડા સહિત તેઓ રાજાને હંમેશા પ્રસન્ન કરે છે. ૧૫

## પ્રેમલાલચ્છીની કુકડાને ગ્રહણ કરવાની ઇચ્છા

હવે એક વખત મકરધ્વજ રાજા પ્રેમલાલચ્છીને કહે છે કે હે પુત્રી ! પહેલાં તારું વચન મેં માન્યું ન હતું. હમણાં નટે કહેલી હકીકતથી તે સર્વે વચન સાચું થયું હોય તેમ હું માનું છું. જે કર્મ કરે છે તેને અન્યથા કરવા કોઈ સમર્થ નથી. કર્માધીન જીવ સુખ અને દુઃખ પામે છે. આ સર્વ જગત કર્મવશ છે. ત્યાં કોઇનું બળ ચાલતું નથી. હે પુત્રી ! દૂર રહેલા તારા પતિનો સંયોગ દુર્લભ છે, પુણ્ય વિના મનુષ્યોને પ્રિયજનનો સંયોગ કષ્ટદાયક થાય છે, પરંતુ જો તારી ઇચ્છા હોય તો નટ પાસેથી કૂકડો અપાવું, જેથી તેના આલંબનથી તારા દિવસો સુખપૂર્વક જશે. અહો ! કર્મની ગતિ વિચિત્ર છે. જેને અન્યથા કરવા માટે કોઇ પણ સમર્થ નથી. કહ્યું છે કે–

दुहम्मि कि विसाएण, सुहम्मि हरिसेण किं ।
भवियव्वं भवेज्जेव, कम्माणं एरिसी गई ॥ १६ ॥

દુઃખમાં ખેદ કરવાથી શું ? અને સુખમાં હર્ષ કરવાથી શું ? જે થવાનું હોય તે થાય જ છે, કર્મોની ગતિ એવી છે. ૧૬

આથી તું ધીરજ ધારણ કર, થોડા જ સમયમાં તારું વાંછિત સિદ્ધ થશે.

આ પ્રમાણે પિતાનું વચન સાંભળીને એ પક્ષી ઉપર સ્નેહવાળી પ્રેમલાલચ્છી કહે છે કે–હે પિતા ! કોઇ પણ ઉપાય વડે એ કુર્કુટવર મને અપાવો. કારણ કે મારા પ્રિયના ઘરે નિવાસ કરનાર એ પક્ષી છે, તેથી મને તે અત્યંત પ્રિય છે.

હું મુખ્ય મહેમાનની જેમ તેનું યત્ન વડે પાલન કરીશ. આથી કોઇ પણ રીતે નટવરને સમજાવીને એ મને અપાવો.

**કુર્કુટરાજને લેવા માટે રાજાનું નટરાજ પાસે જવું**

પુત્રીના સ્નેહને આધીન થઇ મકરધ્વજ રાજા તે જ વખતે પોતાના દૂતને મોકલીને નટાધિપતિને બોલાવે છે. તે પણ તરત જ ત્યાં આવીને પ્રણામપૂર્વક અંજલી કરીને રાજાને કહે છે કે-હે સ્વામી! તમે મને શા માટે યાદ કર્યો? મને સેવક સરખો ગણીને કાર્ય બતાવો.

રાજા કહે છે—કે હે શિવકુમાર! આ કૂકડો મારી પુત્રી પ્રેમલાલચ્છીના શ્વસુરના ઘરે નિવાસ કરનારો છે. આ વૃત્તાંત ન સંભવી શકે એવો છે, તો પણ આજે સોળ વર્ષના અંતે તારા મુખેથી ચંદ્રરાજાની હકીકત સાંભળી. આથી સાસરાના ઘરે નિવાસ કરનાર હોવાથી આ કૂકડા ઉપર પ્રેમલાલચ્છીને પરમ સ્નેહ છે, તેથી તે કૂકડો આપવાથી તે અત્યંત પ્રમોદવાળી થાય, આથી જો તું એ કૂકડો આપે તો અમે તારો પરમ ઉપકાર માનશું તેનું મૂલ્ય તું જે કહેશે તે આપશું. અહીં અમારો કોઇ બળાત્કાર નથી, પરંતુ તું ઉત્તમ પુરુષ છે, તેથી અમારી ઇચ્છા પૂર્ણ કરીશ એવો અમારો તારી ઉપર વિશ્વાસ છે.

આ પ્રમાણે હૃદયને પીડા કરનારી રાજાની પ્રાર્થના સાંભળીને દુઃખિત મનવાળો નટરાજ કહે છે કે—હે રાજન્! એ અમારો રાજા છે. ઘણું કહેવા વડે સર્યું, એ અમારું સર્વસ્વ છે. તેથી એને આપવા માટે સર્વથા સમર્થ નથી, તોપણ ત્યાં જઇને હું તે કુર્કુટરાજને વિજ્ઞપ્તિ કરું, જો તે અહીં નિવાસ કરવાને ઇચ્છે તો હું આપવા માટે વિચાર કરું, અન્યથા નહિ.

એ પ્રમાણે કહીને તે નટાધિપતિ આવીને શિવમાલાની આગળ રાજાએ કહેલી કૂકડાને માગવાની વાત કહે છે.

કાનમાં અમૃતના મેઘ સરખું તેનું વચન સાંભળીને કુર્કૂટરાજ પ્રસન્ન થયો થકો ફરીથી વિચારે છે કે-

पुव्वनासी ममाभिट्ठं, पुणो वेज्जेण भासिअं ।
अवितक्कियमेवेयं, संजायं देव्वजोगओ ॥ १७ ॥

પહેલા પણ મને ઈષ્ટ હતું, અને ફરી વૈદ્યે કહ્યું. નસીબ-યોગે આ વિચાર્યા વિના થયું. ૧૭

## શિવમાળા અને કુર્કુટરાજનો વાર્તાલાપ

આ રાજાનો, આ નગરનો અને આ મારી ભાર્યાનો સંગમ જો પ્રબલ પુણ્યનો ઉદય હોય તો થાય. આથી આ નટવર આ રાજાને જો મને આપે તો હું કૃતપુણ્ય થાઉં, એમ વિચારતા કુર્કૂટરાજનો અધ્યવસાય જાણીને શિવમાળા કહે છે કે– 'હે સ્વામી ! કયા કારણે તમે સેવા કરવામાં સાવધાન એવી મેં કયારેય પ્રમાદ કર્યો નથી. કયારે અજ્ઞાનથી પણ અમે તમારો અપરાધ કર્યો નથી. તમારા નિમિત્તે રાજા મહારાજાઓ સાથે અમોએ વિરોધ કર્યો. પ્રાણની જેમ તમારી રક્ષા કરું છું. તમને મસ્તક ઉપર ઉપાડીને હું દેશાંતર ભમી, ક્ષણવાર થયેલા સ્નેહને પણ સજ્જનો જીવે ત્યાં સુધી પાલે છે, તો તમારો અને મારો નવ વર્ષથી ઉત્પન્ન થયેલો સ્નેહ છે, તે સ્નેહને તમે એકી સાથે જ છોડવા કેમ તૈયાર થયા છો ? તેનું કારણ હું સારી રીતે જાણતી નથી.

હે પક્ષીરાજ ! તમારા વચનથી વીરમતીની પાસેથી છોડાવીને મેં તમને રાખ્યા, અને રાજાની જેમ સેવા કરી. તો આજ સુધી અત્યંત સ્નેહ બતાવીને હમણાં કેમ તમે સ્નેહરહિત થયા છો. પહેલાં ખીર બતાવીને હમણાં કેમ લાકડી બતાવો છો ? તમે મારી સેવાનો બદલો શું નહિ આપો ? તમને કોણે ભોળવ્યા છે ? જેથી એકી સાથે જ મારા પ્રત્યે સ્નેહરહિત થયા છો. હે કુર્કૂટરાજ ! હમણાં હમણાં કેમ આ પ્રમાણે કરો છો ?

હવે કુર્કૂટરાજ પોતાની ભાષા વડે શિવમાલાને કહે છે. હે નટકન્યા ! તું પોતે ચતુર હોવા છતાં આમ કેમ બોલે છે ? હું સર્વ જાણું છું. ડાહ્યા માણસોની પ્રીતિ ક્ષણમાત્ર પણ ભૂલી શકાતી નથી. તારો પ્રત્યુપકાર કરવા માટે હમણાં હું સર્વથા અશકત છું. તારા કરેલા ઉપકારને જાણતા મને તેઓના દર્શનથી કોઈ પણ પ્રયોજન નથી. હું સર્વ જાણું છું. કારણ કે હું પણ ઉદરપૂર્તિ માત્ર આહાર કરું છું. આપણો સ્નેહ ક્ષણિક નથી. પરંતુ નવ વર્ષનો છે. તે છોડવો છે. તે છોડવો અત્યંત અશકય છે. બીજાના હૃદયમાં રહેલી ચિંતાને બીજો જાણી શકતો નથી. તારા જેવી વિદુષીનો સમાગમ મૂર્ખ હોય તે જ તજે. તોપણ હે નટપુત્રી ! અહીં એક પ્રબળ કારણ છે· આથી તું વિપરીત ચિત્તવાળી ન થા. તે કારણ સાંભળ :–

“ અહીં મકરધ્વજ રાજાની પુત્રી પ્રેમલાલચ્છીને હું પરણ્યો છું. તે કારણથી વિમાતાએ મને વિદ્યાબળથી કૂકડો બનાવી દીધો છે. તે સર્વ હકીકત કહેતાં મારું હૃદય પણ

ચીરાઇ જતું હોય તેમ થાય છે. પરંતુ જો નશીબ કોપ પામી દુઃખ આપે તો તે સહન કરવું જ જોઇએ. તે સિવાય બીજી રીતે છૂટકારો થતો નથી. જિનેશ્વરદેવ તારું કલ્યાણ કરો. કારણ કે વીરમતીની પાસેથી છોડાવીને તું મને અહીં વિમલાપુરીમાં લાવી. મારું મન પણ અહીં રહેવા ઇચ્છે છે. તોપણ આ વિષયમાં તારો આદેશ જ મને પ્રમાણ છે. જો તું મને નહિ આપે તો મારું કોઇ પણ બળ નથી. કારણ કે માણસ પોતાની બકરીનો કાન પકડીને જ્યાં લઇ જાય ત્યાં જ તે જાય છે. મારી પણ એવી સ્થિતિ છે.

આ પ્રમાણે કુર્કુટરાજનાં વચનો સાંભળી તે શિવમાલી દીનમુખવાળી, આંસુ સારતી, અત્યંત દુઃખ પામી હૃદયને મજબૂત કરીને કહે છે કે–હે આભાપતિ! દેવ! આજે મેં આ વૃત્તાંત જાણ્યો. હવે તમે ઇચ્છા પ્રમાણે અહીં રહો. આજે જ મારી સેવા સફળ થઇ. કારણ કે સોળ વર્ષ પહેલાં પરણેલી પોતાની સ્ત્રી સાથે સમાગમ અહીં રહેલા તમને થયો. હું પણ મારું જીવન ધન્ય માનું છું.

આ પ્રમાણે તે બંને વાત કરતા હતા ત્યારે પ્રેમલાલચ્છીએ પ્રેરણા કરવાથી મકરધ્વરાજા જાતે જ ત્યાં આવ્યો.

શિવકુમારે તેમનો સત્કાર કર્યો. રાજા કહે છે કે-હું તે પક્ષીને લેવા માટે આવ્યો છું. હે નટાધિપતી! જો પ્રસન્ન થઇને આ પક્ષીને તું આપીશ તો હું માનીશ કે તેં મને બધું જ આપ્યું. તેમ જ મારી પુત્રીને જીવિતદાન આપ્યું એમ માનીને જ્યાં સુધી જગતમાં તારામંડળ છે ત્યાં સુધી તારો ઉપકાર માનીશ વધારે શું કહું?

નટાધિપતિ કહે છે કે-હે સ્વામી! આ પક્ષીમાત્ર નથી. પરંતુ અમારા મનમાં આ આભાનગરીનો રાજા છે, આથી અમે આને આપવા શક્તિમાન નથી. અહીં વ્યાઘ્રતટીન્યાય આવી પડયો છે. એમ કહીને તે અટકયો ત્યારે શિવમાળા કહે છે.

હે રાજન્ ! આ પક્ષીના નિમિત્તે અમે અનેક રાજાઓ સાથે વિરોધ કર્યો છે. વિવિધ કલેશો સહન કર્યા છે, તોપણ તમારી પુત્રી પ્રેમલાલચ્છી મારી સખી છે, તેથી મારા પ્રાણ સરખા અને આપવામાં તેણીને નિષેધ નહિ કરું. હે નરપતિ પ્રસન્ન થઈને આ પક્ષીવરને ગ્રહણ કરો. તમારું અને એનું કરોડ કલ્યાણ થાઓ. આની યત્નપૂર્વક રક્ષા કરજો. આને અવશ્ય આભાપતિ જ જાણો. એનાથી તમારી પુત્રીના સર્વ મનોરથ સફળ થશે. એમ કહીને તે કૂકડાનું પાંજરું રાજાને સોંપે છે.

રાજા તે નટપુત્રીનો ઘણો ઉપકાર માનતો રોમાંચિત દેહવાળો થઈ પાંજરું લઈને રાજભવનમાં આવ્યો. તેણે પોતાના હાથે જ તે પાંજરું પ્રેમલાલચ્છીને આપ્યું. તે પણ તેને મેળવીને સર્વસ્વ મળ્યું હોય તેમ પરમ પ્રમોદ પામી.

## કુર્કુટરાજની આગળ પ્રેમલાલચ્છીનું પોતાનું દુઃખ પ્રગટ કરવું

હવે વિકસિત નેત્રવાળી પ્રેમલાલચ્છી પાંજરામાંથી તેને બહાર કાઢીને પોતાની હથેળીમાં રાખીને તેની આગળ હૃદયના ઉદ્ગાર પ્રકટ કરે છે. હે કુર્કુટવર! સોળ

વરસને અંતે શ્વસુરસંબધી તું આજે મને મળ્યો છે. તારા નગરનો અધિપતિ મારો સ્વામી હતો, પરંતુ ભીખારી જેમ હાથમાં આવેલા રત્નને હારી જાય તેમ મૂઢ એવી હું તેને હારી ગઇ. તેના વિરહાગ્નિથી પીડા પામેલી મારા શરીરમાં લોહી સૂકાઈ ગયું. શરીર પણ ફકત હાડકાં રૂપે જ થઈ ગયું છે. તોપણ તારા રાજાનું દર્શન મને ન થયું. તારા રાજાનું મેં શું લઈ લીધું? કે જેથી આજ સુધી મારી તપાસ પણ તે કરતા નથી. મને પરણીને કોઢીયાને આપીને તે અહીંથી નીકળી ગયા. આ કામથી તેનું શું ગૌરવ વધ્યું? મારો જન્મ નિષ્ફળ કર્યો. આવી જાતનું તેને કોણે શિખવાડયું? જો ઘરનો ભાર વહેવા માટે અશકત હતા તો અહીં પરણવા માટે શા માટે આવ્યા? જો તે પરણ્યા તો તત્કાળ મારા ઉપર તેને અભાવ કેમ થયો? હે ઉત્તમપક્ષી! તારા રાજા સરખો બીજો કોઇ નિર્મોહી મેં જોયો નથી. જે મને પરણીને ગયા પછી પત્ર દ્વારા પણ મને યાદ કરતા નથી. કયાં આભાપુરી? અને કયાં આ મારી નગરી? એટલે દૂર ચિત્ત પણ જવા માટે શક્તિમાન નથી. મારા પ્રિયે જે કર્યું તે શત્રુ પણ ન કરે. દૂર રહેલ તે અહીં આવતા નથી. હું પણ ત્યાં જવા માટે અશકત છું. આવી અવસ્થા અનુભવતી મારા દિવસો કેવી રીતે જાય? હે પક્ષીવર! આ જગતમાં પરહિતમાં રક્ત, નિષ્કારણ વિશ્વબંધુ એવો કોઈ દેખાતો નથી કે જે ત્યાં જઇને મારા પ્રિયતમને સમજાવીને કરુણાના સમુદ્રથી ભરેલા ચિત્તવાળા કરે. સોળ વર્ષ વીતી ગયા છતાં પણ જેના મનમાં ભાર્યાનો સ્નેહ પ્રગટ ન થયો, તેમનું ચિત્ત

વજ્રથી પણ વધારે કઠોર માનું છું. લોકોક્તિ પણ છે કે– "સોળ વરસે બધાને અવબોધ થાય છે" આ કેવા નિષ્ઠુર હૃદયવાળા થયા છે. જેના નિમિત્તે મારા પિતાએ પણ ફોગટ મને કદર્થના કરી, હવે હું કોને શરણે જાઉં ? કોની આગળ દુઃખ જણાવું ? આ લોકમાં સ્નેહ કરનાર સુલભ છે પણ તેનો નિર્વાહ કરનાર અત્યંત દુર્લભ છે. કહ્યું છે કે–

सह जागराण सह सुअणाण सह हरिससोअवंताणं ।
नयणाण व धण्णाणं, आजम्मं निच्चलं पिम्मं ॥ १८ ॥

"સાથે જાગનાર સાથે સુનાર, સાથે જ હર્ષ અને શોકવાળા બે નેત્રોની જેમ ધન્ય પુરુષોને જીવન પર્યંત નિશ્ચય પ્રેમ હોય છે." ૧૮

તેમાં પણ સ્નેહરહિતની સાથે પ્રેમ કરવામાં આવે તે તો ફક્ત દુઃખ સહન કરવાનું જ થાય. હે તામ્રચૂલ ! મારા પ્રિયના ઘરે રહેનારા તને જોઇને રોમાંચિત હૃદયવાળી થયેલી હું તારી આગળ દુઃખનો ભાર જણાવીને હમણાં કાંઇક ક્ષીણદુઃખવાળી થઇ છું. તને ભર્તા સમાન જાણું છું. પરંતુ તેવા પ્રકારે તારે નિર્લજ્જ ન થવું.

આ પ્રમાણે પ્રેમલાલચ્છીના સ્નેહરસ ગર્ભિત મનને છેદનારાં વચનો સાંભળીને અત્યંત ઉત્કંઠા હોવા છતાં પણ પોતે પક્ષીપણે હોવાથી તેને ઉત્તર આપવા માટે શક્તિમાન થતો નથી.

જો કે તે દંપતીનો નશીબયોગે યોગ થયો, તોપણ કર્મજનિત મોટું અંતર હોવાથી સંગમજનિત સુખની પ્રાપ્તિ તે વખતે ન થઇ.

આ પ્રમાણે પ્રેમલાલચ્છી કુર્કૂટરાજની આગળ આવા પ્રકારનાં વચનો બોલતી હૃદયમાં રહેલા ઉદ્‌ગારોને બહાર કાઢે છે, તેટલામાં શિવમાળા ત્યાં આવીને તે કૂકડાને પોતાના ખોળામાં લઈને ક્રીડા કરવા લાગી. ભક્તિથી ભરેલા હૃદયવાળી તે સુગંધી પદાર્થોથી તેને આનંદ પમાડે છે. તેની આગળ મીઠા સ્વાદિષ્ટ ફળો મૂકીને મધુર સ્વરે તે ગાય છે.

તે પછી તે રાજપુત્રીને કહે છે કે હે સખી! આ કુર્કૂટરાજને ચાર માસ સુધી તારી પાસે રાખ. ચાતુર્માસ સંપૂર્ણ થયે છતે અહીંથી જ્યારે અમે જઈશું ત્યારે આને અહીંથી લઈ જઈશું એવો મારો અને તારો સંકેત છે. તેટલા સમય સુધી તું એને સ્નેહભાવે સેવા અને પાલન કર. હું પણ તેના સ્નેહ પાશમાં બંધાયેલી હંમેશાં અહીં આવીને તેની ખબર લઈશ. હે સખી! ચાર માસ સુધી અહીં રહેલા આ જો તારા વાંછિતને પૂરે તો અમને ઘણો આનંદ થશે, એ પ્રમાણે સત્ય કહું છું. આ પ્રમાણે માર્મિક વચનો કહીને શિવમાલા પોતાના આવાસે ગઈ.

પ્રેમલાલચ્છી તેના વચનનું રહસ્ય નહિ જાણતી કૂકડા સાથે રમતી સમય પસાર કરે છે. તે હંમેશાં તેને જ જોતી તેની સેવા કરે છે, અને તેની આગળ બેસીને લાંબા નિસાસા મૂકે છે, સતત નેત્રોમાં આસુની ધારને વરસાવતી વચનોથી શોક પ્રગટ કરે છે.

તે વખતે વર્ષાકાળ થવાથી આકાશ મેઘમંડળથી ભરાઈ ચારે તરફથી વીજળીના પ્રકાશથી પ્રકાશિત આકાશ થયું.

બ્રહ્માંડને ભેદી નાખે તેવા ગર્જારવ સંભળાય છે, મેઘો પણ ક્ષણવારમાં મુશળધાર વરસવા લાગ્યા. તેથી આખું જગત તે વખતે શાંતિ પામે છે, પરંતુ પ્રેમલાલચ્છીનો વિરહાગ્નિ તેથી વધારે પ્રદીપ્ત થાય છે, તેથી તે વિરહવેદનાથી અત્યંત પીડા પામતી પોતાનું દુઃખ કૂકડા સમક્ષ પ્રકાશે છે. શિવમાળાનું વચન સંભારીને 'એના વચનમાં કાંઈક રહસ્ય છે' એમ વિચારતી કૂકડાને વારંવાર કહે છે કે હમણાં તું મારા હાથમાં આવ્યો છે તો મારાથી આંતરું શા માટે ધારણ કરે છે. તે કુર્કુટરાજ હંમેશાં આવા પ્રકારે સાંભળવા છતાં પણ એકેય અક્ષર બોલતો નથી. કારણ કે ધીર અને ગંભીર તે 'ભાવિ ભાવ અન્યથા થતા નથી ' એમ જાણતો ધીરતા ધારણ કરે છે. પ્રેમલાલચ્છી પણ તે કુર્કુટરાજને ક્યારેક પતિ માનીને અને ક્યારેક પક્ષી જાણીને તેની સેવા કરે છે.

હવે ચોમાસું લગભગ પૂરું થતાં કાર્તિક માસ આવ્યો ત્યારે તે પ્રેમલાલચ્છી સિદ્ધગિરિની યાત્રા કરવા ઇચ્છે છે. આ વિમલાપુરી નગરી સિદ્ધગિરિની તળેટીમાં વર્તે છે. સખીવર્ગને પણ સાથે લઈ જવા તૈયાર કરે છે, તે વખતે નિમિત્તવિજ્ઞાનની કળાનો વિદ્વાન એક નિમિત્તીઓ ત્યાં આવ્યો, તેનો યોગ્ય રીતે સત્કાર કરી પ્રેમલાલચ્છી તે નિમિત્તીઓને પૂછે છે કે

कत्थ कया य मे भत्ता ! मिलिस्सइ बवेसु तं ।
अहं तु तोसविस्सामि रयणभूसणेण तुं ॥ १९ ॥

હે નૈમિત્તજ્ઞ ! મને મારો પતિ ક્યાં અને ક્યારે મળશે ? તે તું કહે. હું તને રત્નના આભૂષણથી સંતોષ પમાડીશ. ૧૯

નિમિત્તિક કહે છે કે–હે રાજકન્યા! તારા માટે જ્યોતિષશાસ્ત્ર ભણવા માટે હું કર્ણાટક દેશમાં ગયો હતો. સઘળી વિદ્યાઓ ભણીને ત્રિકાળજ્ઞાન જાણનારો ત્યાંથી આજે જ ઘેર આવ્યો છું. વગર બોલાવ્યે પણ હું તારો સંશય દૂર કરવા માટે અહીં આવ્યો છું તારો પ્રિયતમ આજે અથવા આવતી કાલે તને અવશ્ય મળશે.

तत्र सीलप्पहावेण, सव्वं भव्वं भविस्सइ ।
सव्वधम्मेसु सीलं जं, पहाणं परिकित्तिअं ॥ २० ॥

તારા શીલના પ્રભાવે સર્વ સારું થશે, કારણ કે સર્વ ધર્મોમાં શીલ પ્રધાન કહ્યું છે. ૨૦

मईयं वयणं सच्चं, जाणाहि रायनंदणे ! ।
नेमित्तिया न जंपंति, असच्चं वयणं कया ॥ २१ ॥

હે રાજપુત્રી! તું મારું વચન સત્ય જાણ. નૈમિત્તિકો અસત્ય વચન ક્યારેય બોલતા નથી. ૨૧

આ પ્રમાણે નૈમિત્તિકનું કાનમાં અમૃત સમાન વચન સાંભળીને તે યથાયોગ્ય દાન આપીને તેને વિસર્જન કરે છે.

## કુર્કુટરાજની સાથે પ્રેમલાલચ્છીનું પુંડરીક ગિરિની યાત્રા નિમિત્તે નિર્ગમન

હવે સખીઓથી પરિવરેલી, પોતાના પિતાની રજા લઈ પાંજરામાં રહેલા કુર્કુટરાજને પોતાના હાથમાં લઈને પુંડરીકગિરિની યાત્રા માટે ઘરેથી પ્રયાણ કરે છે. ત્યાંથી તે તળેટી પાસે આવી, પગે ચાલતી પાંજરામાંથી કુર્કુટરાજને

કાઢીને હસ્તકમળમાં રાખી શુભધ્યાનમાં એવી તે ગિરિવર ઉપર ચઢે છે. કૂકડો ગિરિરાજને જોઈને અત્યંત હર્ષ પામેલો પોતાના જન્મને સફળ માને છે.

પ્રેમલાલચ્છી અનુક્રમે ચઢતી મુખ્ય શિખર ઉપર આવી પરિવાર સહિત મોક્ષપદના શિખરની જેવા શોભતા આદિનાથના ચૈત્યમાં પ્રવેશ કરીને દિવ્યકાંતિથી શોભતા યુગાદિ દેવને વંદન કરે છે. વંદન કરીને અષ્ટપ્રકારી પૂજા કરે છે તે પછી વિવિધ સ્તોત્રો વડે જિનેશ્વરની સ્તુતિ કરે છે.

યુગાદિદેવનું દર્શન કરી કુર્કુટરાજ આત્માને ધન્ય માનતો જિનેશ્વરદેવનું ધ્યાન કરતો ક્ષણવાર તેમના જ ધ્યાનમાં તત્પર થયો. તે પછી તે પ્રેમલાલચ્છી જિનપૂજન કરીને હાથમાં કૂકડાને લઇ યુગાદિદેવના ચૈત્યની બહાર નીકળી, બીજા ચૈત્યોમાં રહેલી અગણિત જિનપ્રતિમાઓને વંદન કરતી, ચૈત્યપરિપાટિકાથી ત્રણ વખત પ્રદક્ષિણા કરતી અનુક્રમે નવા પલ્લવોના સમૂહથી અલંકૃત રાયણવૃક્ષની પાસે આવે છે, અને ત્યાં રહેલી ઋષભદેવપ્રભુની પાદુકાઓને વાંદે છે અને નમસ્કાર કરે છે.

તે કુર્કુટરાજ ગિરિવરના દર્શનથી ઉલ્લાસિત હૃદયવાળો પોતાના ઉદ્ધારને ઇચ્છતો મરકતમણિ સરખા પૃથ્વી પર પડેલા રાયણવૃક્ષનાં પાંદડાઓને પોતાના ચંચુપુટને સુશોભિત કરે છે,

તે પ્રેમલાલચ્છી પરિવાર સહિત જિન ચૈત્યોને વંદન સર્વ વિધિ સારી રીતે કરીને જિનમંદિરની બહાર જયાં સૂર્યકુંડ

છે તે જોવા માટે આવે છે. ત્યાં આવી તે નિર્મળ જળથી ભરેલાં સૂર્યના કિરણથી વિકસિત થયેલા કમળના સમૂહથી સુશોભિત સૂર્યકુંડને જુએ છે. હસ્તકમળમાં કુર્કૂટરાજને રાખી તે પ્રેમલાલચ્છી અત્યંત ઊંડું પાણી હોવાથી સમતારસથી ભરેલ હોય એમ કુંડને માનતી તેના પાણીનો સ્પર્શ કરીને આવેલા શીતલ સુગંધી પવનનું સેવન કરવા માટે કુંડના કાંઠે બેસે છે.

## સૂર્યકુંડમાં કુર્કુટરાજનું પડવું

હવે કુર્કૂટરાજ પણ પૂર્વે નહિ જોયેલા તે સૂર્યકુંડને જોઇને પ્રથમ પરમ પ્રમોદ પામી પોતાની અવસ્થાનો વિચાર કરે છે કે–

अहो तिरिअभावे मे, सोलसवरिसा गया ।
सुहं न पाविअं किंचि, एहिंगं पारलोइयं ॥ २२ ॥
कत्थ गुणावली भज्जा, कत्थ मे सुहसंपया ।
कत्थ सयणसंगो मे, कत्थ राजसुहं मम ॥ २३ ॥
सव्वं मे विहलं जाय, असुहकम्मजोगओ ।
वेरिणी हि विमाया मे, खगो हं जीइ निम्मिओ ॥ २४ ॥

અહો ! મને તિર્યંચભાવમાં સોળ વર્ષ ગયા. મેં આ લોક સંબંધી કે પરલોક સંબંધી કાંઇ સુખ પ્રાપ્ત ન કર્યું. ૨૨

ક્યાં મારી ગુણાવલી ભાર્યા ? ક્યાં મારી સુખસંપત્તિ ? ક્યાં મારા સ્વજનનો સંગ ? અને ક્યાં મારું રાજ્યસુખ? ૨૩

અશુભ કર્મના ઉદયથી મારું સર્વ નિષ્ફળ થયું, મારી વિમાતા વૈરિણી થઇ કે જેણે મને પક્ષી બનાવ્યો. ૨૪

સંસારમાં સર્વ જીવો ખરેખર પોતાનો સ્વાર્થ સાધવામાં જ તત્પર હોય છે, આથી જ આ સંસાર નિશ્ચે અસાર ગણાય છે. તેમ જ આ નટો દુષ્ટકર્મના વિપાકથી થયેલ કૂકડા સ્વરૂપે મને લઇને અનેક દેશમાં ભમ્યા, તો પણ મારા પાપ કર્મોનો અંત ન આવ્યો. મનુષ્યપણું છોડીને હું ઉકરડામાં ભમતો કૂકડો થયો. ઘણો કાળ વ્યતીત થયો, હવે મનુષ્યપણાની પ્રાપ્તિની કઇ આશા ? મારે પોતાની સ્ત્રી સમીપ વર્તતે છતે રાત્રિદિવસ કઈ રીતે પસાર કરવા ? જોવું અને બળવું એ કેવી રીતે સહન કરાય ? મારું મનોહર યૌવન નિષ્ફળ ગયું. મારી અચિંત્ય દુઃખવાર્તા વડે સર્યું. કેવળ દુઃખપાત્ર જીવતરને હું નકામું માનું છું. પ્રાપ્ત થયેલ કૂકડાપણા કરતાં મરવું સારું, તેથી હમણાં આ કુંડમાં ઝંપાપાત કરીને કલ્યાણ કરું.

असारे इह ससारे, कास को वि न विज्जइ ।
नियकम्माणुसारेण, सव्वे जीवा मिलंति हि ॥ २५ ॥

આ અસાર સંસારમાં કોઇ કોઇનું નથી. સર્વ જીવો પોતાના કર્મના અનુસારે મળે છે. ૨૫

કોની માતા, કોના પિતા, કોની સ્ત્રી; કોની નગરી ? આ અશાશ્વત ભાવો કોઇને શાશ્વત થતા નથી. આથી તેઓને વિષે મોહ ન કરવો. એ આપણા ક્યારેય થયા નથી. આથી તેમને વિષે મમત્વનો ત્યાગ કરવો જોઇએ. સર્વે સંબંધીઓ પોતપોતાનું કાર્ય સાધવામાં તત્પર હોય છે. કહ્યું છે કે–

एगो हं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ ।
एवं अदीणमणसो, अप्पाणमणुसासइ ॥ २६ ॥
एगो मे सासओ अप्पा, नाणदंसणसंजुओ ।
सेसा मे बाहिंरा भावा, सव्वे संजोगलक्खणा ॥ २७ ॥
संजोगमूला जीवेण, पत्ता दुक्खपरंपरा ।
तम्हा संजोगसंबंध, सव्वं तिविहेण वोसिरिअि ॥ २८ ॥

હું એકલો છું, મારું કોઇ નથી, હું બીજા કોઇનો નથી, આ પ્રમાણે દીનતા રહિત મનવાળો થઇ, આત્માને સમજાવે છે. ૨૬

એક મારો આત્મા શાશ્વત છે, તે આત્મા જ્ઞાન–દર્શનથી યુક્ત છે, બાકીના બધા બાહ્ય ભાવો છે અને તે સર્વ સંયોગના લક્ષણવાળા છે. ૨૭

આ જીવે સંયોગ છે મૂળ જેનું એવી દુઃખોની પરંપરા પ્રાપ્ત કરી છે, તેથી સર્વ સંયોગસંબંધને ત્રિવિધે કરીને હું હું ત્યાગ કરું છું. ૨૮

આ પ્રમાણે વિચારતો, યુગાદિનાથનું ધ્યાન કરતો, સંસારથી વિરકત ચિત્તવાળો તે પ્રેમલાલચ્છીના હાથમાંથી એકદમ ઊડીને કુંડમાં ઝંપાપાત કરે છે.

પ્રેમલાલચ્છી તેનું સાહસ જોઇને સંભ્રાંત મનવાળી થઇને કહે છે કે હે પક્ષીરાજ તેં આ શું કર્યું ? હું શિવમાળાને શું ઉત્તર આપીશ ? માત–પિતાને પણ હું શું કહીશ ? થોડા દિવસના સંબંધમાં તેં દીનમુખવાળી શરણ રહિત મને છોડીને આ શું કર્યું ? અથવા તો મારા સ્નેહની પરીક્ષા માટે તેં આ સાહસ કર્યું હોવું જોઇએ. તો ‘જેવી

તારી ગતિ તેવી મારી ગતિ હો ’ એમ વિચારીને તે પણ કોઈને કહ્યા વિના તેના સ્નેહપાશમાં બંધાઈ તેના ગ્રહણ કરવાના બહાને કુંડમાં પડે છે.

## કૂકડાપણાનો ત્યાગ કરીને ચંદ્રરાજા તરીકે પ્રગટ થવું

તે જોઈને સર્વત્ર હાહાકાર થયો. પ્રેમલાલચ્છી અકસ્માત્ તેને પકડવા માટે તૈયાર થઈ, તે વિમાતાએ બાંધેલો દોરો જે જીર્ણ થઈ ગયો હતો તે દૈવયોગે તેના હાથમાં આવ્યો અને તૂટી ગયો. તે વખતે તે કૂકડાપણાનો ત્યાગ કરીને દિવ્યરૂપને ધારણ કરનાર ચંદ્રરાજા પ્રગટ થયો. તે જોઈને સર્વ વિસ્મય પામ્યા. તે વખતે તરત જ શાસનની અધિષ્ઠાયિકા દેવીએ ત્યાં આવીને તે બન્નેને બહાર કાઢીને કુંડને કાંઠે મૂકે છે.

હવે પ્રેમલાલચ્છી સ્વસ્થતા મેળવી પોતાના ભર્તારને જોઈને અત્યંત હર્ષ પામી. વિસ્મય ઉત્પન્ન કરે એવી આ હકીકત ક્ષણમાત્રમાં બધે ઠેકાણે ફેલાઈ ગઈ. ત્યાં તીર્થમાં નિવાસ કરનારા સમ્યગ્‌દૃષ્ટિ દેવોએ તેઓની ઉપર પુષ્પવૃષ્ટિ અને ચંદનનાં છાંટણાં કર્યાં. તીર્થનો પ્રભાવ સર્વ દિશામાં ફેલાયો.

जलं सूरिअकुंडस्स, पावकम्मससोहगं ।
पसिध्धी इअ सव्वत्थ, जाया सद्धाविवड्ढणा ॥ २९ ॥

સૂર્યકુંડનું પાણી પાપરૂપી મેલને શુદ્ધ કરનારું છે. આ પ્રમાણે શ્રદ્ધા વધારનારી પ્રસિદ્ધિ સર્વ ઠેકાણે થઈ. ૨૯

સૂર્યકુંડના પાણીનો સ્પર્શ થવાથી ચંદ્રરાજાએ મનુષ્યપણું મેળવ્યું, એમ સર્વ લોકોએ જાણ્યું.

હવે પ્રેમલાલચ્છી લજ્જા ધારણ કરતી ચંદ્રરાજાને કહે છે કે–સ્વામિન્! આ કુંડમાં સ્નાન કરીને શ્રી ઋષભદેવ સ્વામિને વંદન અને પૂજન કરો. આ ગિરિરાજના પ્રભાવે તમારા સર્વ મનોરથ સિદ્ધ થયા છે અહો! આ તીર્થનું આરાધન અક્ષય ફળને આપનારું છે.

इह सिद्धा अणेगे हिं, सिज्झिसस्संति य साहवो ।
मण्णंति सासयं तित्थं, इमं मुत्तिपयं बुहा ॥ ३० ॥
सम्मत्तकप्परूक्खं, सिंचसु भावेण भत्तिरसजलओ ।
पल्लविओ सो होज्जा, तुम्ह हि विरइफलल्लाहगत्ते ॥ ३१ ॥

આ તીર્થમાં અનેક સાધુઓ સિદ્ધ થયા છે અને સિદ્ધ થશે. આ મુક્તિને આપનારા તીર્થના પંડિત પુરુષો શાશ્વત માને છે ૩૦

સમ્યકત્વરૂપી કલ્પવૃક્ષને ભક્તિરસરૂપી પાણીથી ભાવપૂર્વક સિંચન કરો કે જેથી તે પલ્લવિત થઈને તમને વિરતિરૂપ ફળનો લાભ કરનાર થાય. ૩૧

## શ્રીઋષભદેવ જિનેશ્વરનું પૂજન અને યુગાદિ જિનના ગુણગાન

હવે સ્નાન કરી તે બન્ને દંપતી અતિ ઉત્તમ દ્રવ્યો વડે

ઉપર નેત્રો સ્થિર કરી તેઓ ભાવપૂજા કરે છે. તે પછી તે ચંદ્રરાજા પુંડરીકગિરિ રાજને વંદન કરતા બોલે છે

जं किंचि नाम तित्थं, सग्गे पायालि माणुसे लोए ।
तं सव्वमेव दिट्ठं, पुंडरिए वंयिए संते ॥ ३२ ॥

સ્વર્ગમાં, પાતાળમાં અને મનુષ્યલોકમાં જે કોઇ નામરૂપ તીર્થ હોય તે સર્વનું દર્શન પુંડરીકગિરિને વંદન કરતે છતે થયું. ૩૨

केवलनाणुप्पत्ती, निव्वाणं आसि जत्थ साहूणं ।
पुंडरिए वंदिता, सव्वे ते वंदिया तत्थ ॥ ३३

જ્યાં સાધુ મહાત્માઓને કેવળ જ્ઞાનની ઉત્પત્તિ થઇ હોય, અને જ્યાં નિર્વાણ થયું હોય તે સર્વને પુંડરીકગિરિને વંદન કરવાથી તે સર્વ સ્થાનોને વંદન થયું. ૩૩

अट्ठावय-संमेए, पावा-चंपाइ उज्जित-नगे य ।
वंदियत्ता पुण्णफलं, सयगुणं तं पिं पुंडरीए ॥ ३४ ॥

અષ્ટાપદગિરિ, સંમેતશિખર પર્વત, પાવાપુરી, ચંપાપુરી અને ઉજ્જયંત ગિરિ (ગિરનાર પર્વત) ને વંદન કરવાથી જે પુણ્ય ફળ થાય છે, તેનાથી સોગણું પુણ્ય ફળ પુંડરીકગિરિને વંદન કરવાથી થાય છે. ૩૪

આ પ્રમાણે ગિરિવરને વંદન કરીને તે યુગાદિનાથ પ્રભુની સ્તુતિ કરે છે કે–હે જિનરાજ! પરમત્રિલોકનાથ! શ્રેષ્ઠ પુણ્યના સમૂહરૂપ! જેના રાગ દ્વેષ અને મોહ નાશ પામ્યા છે એવા! અચિંત્ય ચિંતામણિ! ભગવન્! પ્રથમ તીર્થંકર એવા તમે સદા જયવંતા વર્તો! હે ત્રણ ભુવનનું પાલન

ભવ્યજનોને મનવાંછિત આપવામાં નવીન કલ્પવૃક્ષ સમાન ! સર્વ સુરાસુરોના ઇંદ્રોથી પૂજાયેલા છે. ચરણકમળ જેના એવા ! અપરિમિત ગુણરત્નના રત્નાકર ! સ્થાવર અને જંગમ જગતના પ્રાણી સમુદાયમાં પ્રવર્તિત આજ્ઞાવાળા ! પ્રાણી સમુદાયના પાપકર્મરૂપી પર્વતને ભેદવામાં વજ્રસમાન ! સર્વભાવોના અનુભવરસના સાગર ! કેવળજ્ઞાન દિવાકર ! પ્રભુ ! દેવાધિદેવ ! સોનરત્નના સમુદ્ર ! તમારી આગળ અન્ય દેવો છિલ્લર જળ (ખાબોચિયા) જેવા છે, હરિ–હર બ્રહ્મા વગેરે દેવો ખદ્યોત સરખા છે.

હે દેવ ! સમુદ્રરૂપી પાત્રમાં અંજન–ગિરિસમાન કાજળ હોય, અને કલ્પવૃક્ષની શાખાની લેખની કરીને પૃથ્વીરૂપી પત્ર ઉપર જો શારદાદેવી સર્વકાળ લખે તોપણ તમારા ગુણનો પાર ન પામે.

હે જિનેન્દ્ર ! મોક્ષરૂપી પર્વતની ગુફામાં વસતા તમે સિંહ સમાન છો. તમારા ચરણકમળની સેવા માટે ટેવાયેલા અચ્યુતેન્દ્ર આદિ કિંકરો–સેવકો છે. જેમ ગંધહસ્તિના ગંધ માત્રથી અન્ય હાથીઓ મદરહિત થાય છે, તેમ અનંત ગુણના સમુદ્ર એવા તમારી આગળ અન્ય દેવો મદ વગરના થાય છે. તમે અપૂર્વ ગરુડ જેવા છો, જેથી તમારાથી કર્મરૂપી સર્પો ભય પામીને દૂર નાસે છે, જે ભવ્યજીવો તમને નમસ્કાર કરે છે, તેઓ બીજા દેવોની આગળ કયારેય પોતાનું મસ્તક નમાવતા નથી. કારણ કે કલ્પવૃક્ષની છાયા મૂકીને કંટકીવૃક્ષને કોણ સેવે ?

तुम्हाराहणमेहेण, सिंचिए भव्वभूयले ।
भवदावानलो संतिं, उवेइ पाणितावगो ॥ ३५ ॥

તમારી આરાધનારૂપી મેઘ વડે ભવ્યજીવોરૂપી પૃથ્વીતળને સિંચન કરાયે છતે પ્રાણીઓને સંતાપ કરનારો સંસારરૂપી દાવાનલ શાંતિને પામે છે. ૩૫

गुणरयणरोहणगिरी, परिसहउवसग्गसहणधरणी य ।
कम्महरिणासि-रहो, अणंतधम्मो तुमं जयसु ॥ ३६ ॥

ગુણોરૂપી રત્નોને ઉત્પન્ન કરવામાં રોહણગિરિ સમાન, પરિષહ અને ઉપસર્ગોને સહન કરવામાં પૃથ્વી સમાન, કર્મરૂપી સિંહને હણવામાં અષ્ટાપદ સમાન, અનંતધર્મવાળા તમે જયવંતા વર્તો. ૩૬

देव ! ते हुज्ज सेवा मे, ताव सोक्खविधाइणी ।
जाव हि सव्वकम्मेहिं, विमुत्तो न भवामि हं ॥ ३७ ॥

હે દેવ ! જ્યાં સુધી હું સર્વ કર્મોથી મુક્ત ન થાઉં, ત્યાં સુધી સુખને કરનારી તમારી સેવા મને થાઓ. ૩૭

આ પ્રમાણે યુગાદિદેવની સ્તુતિ ચંદ્રરાજા વિચારે છે–

कहिं मम दुहावत्था, कत्थेसो विमलायलो ।
पुव्वपुण्णुदएणेयं, जायं मे तित्थदंसणं ॥ ३८ ॥

ક્યાં મારી દુઃખી અવસ્થા ? અને ક્યાં આ વિમલાચલ ? પૂર્વ પુણ્યના ઉદયથી આ તીર્થદર્શન મને થયું. ૩૮

## ચારણ શ્રમણ મુનિ પાસેથી ધર્મશ્રવણ

તે પછી વિશુદ્ધ ભાવવાળા તે દંપતી જિનચૈત્યમાંથી

બહાર આવીને ત્યાં બેઠેલા ચારણશ્રમણ મુનિપતિને જોઇને વંદન કરીને તેના મુખે ધર્મોપદેશ સાંભળે છે–તે આ પ્રમાણે–

धम्मेण कुलपसूई, धम्मेण य दिव्वरूवसंपत्ती ।
धम्मेण धणसमिद्धी, धम्मेण सवित्थरा कित्ती ॥ ३९ ॥

ધર્મ વડે ઉત્તમકુળમાં જન્મ થાય છે, ધર્મ વડે દિવ્યરૂપની પ્રાપ્તિ થાય છે, ધર્મ વડે ધનની સમૃદ્ધિ થાય છે અને ધર્મ વડે વિસ્તારવાળી કીર્તિ થાય છે. ૩૯

जत्थ य विसयविरागो, कसायचाओ गुणेसु अणुरागो ।
किरियासु अप्पमाओ, सो धम्मो सिवसुहोवाओ ॥ ४० ॥

જેમાં વિષયો તરફ વિરાગ હોય, કષાયનો ત્યાગ હોય, ગુણો ઉપર અનુરાગ હોય, અને ક્રિયાઓમાં અપ્રમાદ હોય, તે ધર્મ મોક્ષસુખનો ઉપાય છે. ૪૦

जाएण जीवलोगे, दो चेव नरेण सिक्खियव्वाइं ।
कम्मेण जेण जीवइ, जेण मओ सुग्गइं जाइ ॥ ४१ ॥

આ જીવલોકમાં ઉત્પન્ન થયેલ મનુષ્યે બે વસ્તુ શિખવા લાયક છે, જે કામથી જીવે અને મરેલો સદ્ગતિમાં જાય. ૪૧

पूआ जिणिंदे सुरूई वएसु,
जत्तो अ सामाइअ–पोसहेसुं ।
दाणं सुपत्ते सयणं सुतित्थे,
सुसाहुसेवा सिवलोगमग्गो ॥ ४२ ॥

જિનેશ્વરની પૂજા, વ્રતોમાં સુરુચિ, સામાયિક-પૌષધમાં યત્ન, સુપાત્રમાં દાન, સુતીર્થમાં નિવાસ, સુસાધુઓની સેવા, એ શિવલોકનો માર્ગ છે.

जिणाणं पूअजत्ताए, साहूणं पज्जुवासणे ।
आवस्सयम्मि सज्झाए, उज्जमेह दिणे दिणे ॥ ४३ ॥

જિનેશ્વરની પૂજાયાત્રામાં, સાધુઓની સેવામાં આવશ્યક ક્રિયામાં અને સ્વાધ્યાયમાં પ્રતિદિન યત્ન કરો. ૪૩

આ પ્રમાણે ધર્મોપદેશ સાંભળીને તે પછી તેઓ વિમલાચલગિરિરાજને પ્રદક્ષિણા કરીને પોતાના જન્મને સફળ માને છે.

## મકરધ્વજરાજા વગેરેનું વિમલાચલગિરિ ઉપર ચંદ્રરાજાને મળવા માટે આવવું

આ બાજુ એક દાસી દોડતી વિમળાપુરીમાં જઈને મકરધ્વજરાજાને વધામણી આપે છે કે– હે મહારાજ ! સૂર્યકુંડના પ્રભાવે ચંદ્રરાજા કૂકડાપણાને તજીને મનુષ્યરૂપે પ્રગટ થયા. રાજા તે વચન સાંભળીને ઘણાં હર્ષથી ભરેલો તેણીના મુખેથી વિસ્તારપૂર્વક તેની સઘળી હકીકત જાણીને પુષ્કળ દાન વડે તે દાસીને સંતોષ પમાડે છે. આખાય નગરમાં આ વાત ઘરે ઘરે ફેલાઇ. નગરજનો પણ ચંદ્રરાજાને જોવાની ઇચ્છાવાળા હર્ષિત મનવાળા થયા.

> वयंति मुइया सव्वे, फलिया णो मणोरहा ।
> अज्जेव देवया तुट्ठा, पुव्वपुण्णाणुभावओ ॥ ४४ ॥

સર્વે આનંદ પામી બોલે છે કે– પૂર્વપુણ્યના પ્રભાવે અમારા મનોરથ ફળ્યા; આજે જ દેવતાઓ તુષ્ટ થયા. ૪૪

મકરધ્વજરાજા પ્રેમલાલચ્છીની માતા સાથે પ્રસન્ન ચિત્તવાળો થઇને સર્વ સામંત લોકોને બોલાવીને તેની આગળ સઘળી વાત જણાવે છે. તેઓ પણ કદંબપુષ્પની જેમ અત્યંત ઉલ્લાસિત મુખવાળા થયા.

તે પછી રાજાએ શિવકુમાર નટવરને અને શિવમાળાને સત્વર બોલાવીને તે હકીકત જણાવીને કહે છે કે-હે નટાધીશ! તમારા નિમિત્તે અમને પરમ લાભ થયો. અહીં તમારો મોટો ઉપકાર છે. ચંદ્રરાજાનું અહીં આગમન કયાંથી થાય? તેઓ પણ આ હકીકત સાંભળીને અત્યંત આનંદ પામ્યા.

તે પછી ચંદ્રરાજાની રક્ષા માટે જે સુભટો આવ્યા હતા, તેઓને પણ બોલાવીને આ વાતથી પરમ સંતોષ પમાડયો. એ બધા તીર્થનો પ્રભાવ જાણી અત્યંત વિસ્મય પામ્યા.

તે વખતે ધ્વજપતાકાથી શણગારેલી વિમળાપુરી ભાદરવા માસની સંધ્યા સરખી શોભે છે. તે પછી પરિવાર સહિત મકરધ્વજ રાજા વિમળાચળના શિખર ઉપર ચઢીને ચંદ્રરાજાને અત્યંત ભેટે છે. પરસ્પર મળવાથી તેઓના મન આનંદથી પરિપૂર્ણ થયા.

હવે ચંદ્રરાજા સાથે તેઓ બધા જિનમંદિરમાં જઇને યુગાદિનાથને વંદન કરીને કૃતકૃત્ય થયા. તે પછી પ્રેમલાલચ્છી પોતાના માત-પિતાના ચરણોમાં પ્રણામ કરીને કહે છે-

पुज्जा! तुम्ह पहावेणं, भत्तारं पप्प संपयं ।
जाय म्हि कयपुण्णाहं, खीणदुक्खपरंपरा ॥ ४५ ॥
इमो आभापुरीनाहो, वीरसेणनिवंगओ ।
सुज्जकुंडपहावेण, नरो जाओ हि कुक्कुडो ॥ ४६ ॥
अहुणा तुं निरिक्खाहि, निअं जामायरं वरं ।
देव्वेण विहिया ताय!, कलंकरहिया अहं ॥ ४७ ॥

હે પૂજ્યો! તમારા પ્રભાવથી ભર્તારને મેળવીને હું કૃતપુણ્ય થઇ છું. મારા દુઃખની પરંપરા ક્ષય પામી છે. ૪૫

આ આભાપુરીના ધણી, વીરસેન રાજાના પુત્ર સૂર્યકુંડના પ્રભાવે કૂકડાપણાનો ત્યાગ કરી મનુષ્ય થયા છે. ૪૬

હે પિતા ! હવે તમારા શ્રેષ્ઠ જમાઇને જુઓ, ભાગ્યયોગે હું કલંકરહિત કરાઇ છું. ૪૭

હે પિતા ! લોકમાં ઘણા સરખે સરખા દેખાય છે, તો પણ તમારા જમાઇ સરખા મનુષ્ય બીજે દેખાતા નથી. યુગાદિનાથની કૃપાથી ચંદ્રકળાની જેમ હું અતિ નિર્મળ થઇ. સિદ્ધગિરિરાજની સેવાવડે અમારા બંનેના સર્વે મનોરથ સિદ્ધ થયા.

આ પ્રમાણે પોતાની પુત્રીનાં વચન સાંભળીને અત્યંત હર્ષથી નિર્ભર હૃદયવાળો, વિકસિત નેત્રવાળો ચકોરની જેમ તે ચંદ્રરાજાને જુએ છે, સાસુ પણ જમાઇને મુક્તાફળથી વધાવે છે.

ચંદ્રરાજાના સામંતો પણ તેને પ્રણામ કરતાં કહે છે કે–હે સ્વામી ! પક્ષીરૂપે તમે અમારી ખરેખર પરીક્ષા કરી, સૂર્યકુંડના માહાત્મ્યથી તમે દિવ્યરૂપ પામ્યા. આજ સુધીની તમારી સેવા અમને સફળ થઇ.

નટસમુદાય પણ વિનયથી નમ્ર દેહવાળો ચંદ્રરાજાને નમસ્કાર કરીને તેના યશના ગુણગાન કરવા લાગ્યો.

આ પ્રમાણે દશેય દિશામાં વિમળાચલતીર્થનો પ્રભાવ ફેલાયો.

## ચંદ્રરાજાનો વિમલાપુરીમાં પ્રવેશ

હવે મંગળવાજિંત્રોના અવાજપૂર્વક ચંદ્રરાજા અને મકરધ્વજરાજા સૌધર્મેન્દ્ર અને ઇશાનેંદ્રની જેમ ઋષભદેવ

પ્રભુની ગુણસ્તુતિ ગાતાં હૃદયમાં તીર્થના મહિમાને યાદ કરતા અનુક્રમે તલેટીમાં આવ્યા. ત્યાંથી મહોત્સવપૂર્વક નગરપ્રવેશ માટે મકરધ્વજ રાજા વરઘોડો તૈયાર કરે છે. ગજરત્ન ઉપર ચઢેલો, મસ્તક ઉપર છત્ર ધારણ કરાયેલ અને બંને પડખે ચામરોથી વીંજાતો ચંદ્રરાજા આગળ ચાલ્યો. મકરધ્વજ રાજા પણ ઉત્તમ હાથી ઉપર બેસી તેની પાછળ જાય છે, તે પછી પ્રેમલાલચ્છી પણ ઉત્તમરથમાં ચઢી બીજા મુખ્ય નગરજનો પોતપોતાને યોગ્ય વાહન ઉપર ચઢેલા નિકળ્યા. અનેક પ્રકારના વાજીંત્રો આગળ વાગે છે. તે પછી બખ્તરધારી સુભાટો જાય છે. અને ત્યાં બંદીજનો સ્તુતિઓ બોલે છે.

मग्गणाणं धणं भूरिं, पदे इरे निओगिणो ।
नडा कुव्वंति नच्चाइं, गायंति वारसुंदरी ॥ ४८ ॥

અધિકારીઓ યાચકોને ઘણું ધન આપે છે, નટો નાચ કરે છે, વારાંગનાઓ ગાયન કરે છે. ૪૮

આ પ્રમાણે દુંદુભિના અવાજ વડે ગાજતી, ધ્વજ–પતાકા અને તોરણ વડે અલંકૃતવિમળાપુરીમાં નગરજનોને અત્યંત હર્ષ પમાડતો ચંદ્રરાજા પ્રવેશ કરે છે.

તે વખતે બધાં કાર્યોને છોડી દઈને નગરજનોના સમૂહ પોતપોતાના પ્રસાદના ઝરુખામાં ઊભા રહી હર્ષપૂર્વક ચંદ્રરાજાને જુએ છે અને પ્રેમલાલચ્છીને સવિશેષ આશીષ આપે છે.

આ પ્રમાણે મહોત્સવપૂર્વક બંને રાજા રાજમંદિરમાં આવીને અર્થીજનોને ઘણા દ્રવ્ય આદિનું દાન આપીને

અત્યંત તેવી રીતે ખુશ કર્યા કે પોતાને ઘરે આવેલા તેઓને તેની સ્ત્રીઓ પગ ઓળખી શકી નહિ !

તે પછી ચંદ્રરાજાએ નટાધિપતિ શિવકુમારને બોલાવીને ક્રોડ ધન આપીને તેને બીજા રાજા સમાન કર્યો તેમ જ

अगणणवित्तदाणेण, नियसामंतमंडली ।
संतोसिआ पुणो तेण, ठविआ मित्तभावओ ॥ ४९ ॥

અગણિત ધન આપી પોતાની સામંત મંડળીને સંતોષ પમાડયો અને મિત્રભાવથી પાસે રાખ્યા.

આ પ્રમાણે જેને જેને જે જે યોગ્ય હતું તેને તેને તે તે તેણે આપ્યું. દાન આપવા તૈયાર થયેલ દાતારો ક્યારે ય શું પાછું જુએ ?

તે પછી યોગ્ય રીતે સત્કાર અને સન્માન પામી પ્રસન્ન ચિત્તવાળા તેઓ પોત-પોતાને સ્થાને ગયા. તે વખતે સર્વ ઠેકાણે હર્ષના અતિરેકથી લોકમાં ચંદ્રરાજાનો યશ સોળકળાથી યુક્ત ચંદ્રની જેમ પ્રકટ થયો. અહીં અશુભકર્મના ક્ષયથી અને શ્રી સિદ્ધગિરિરાજના પ્રભાવથી પૂર્ણ મનોરથ થવાથી રોમાંચિત શરીરવાળી પ્રેમલાલચ્છીના હૃદયમાં હર્ષ સમાતો નથી.

## મકરધ્વજ રાજાનો પશ્ચાત્તાપ

હવે મકરધ્વજ રાજા પોતાની પુત્રી પાસે આવીને આંસુથી ભીંજાયેલા નેત્રવાળો પોતાના અપરાધને ખમાવતો કહે છે કે-હે પુત્રી ! પહેલા કલુષિત હૃદયવાળા મેં તને અત્યંત ખેદ પમાડયો છે, શત્રુની જેમ કષ્ટ આપનારા મારા અવગુણોને તું

વિચારતી નહિ. સોળ વરસ સુધી તારી ઉપર મેં થોડો પણ સ્નેહ ન બતાવ્યો. કુષ્ટિના વચનમાં વિશ્વાસ રાખી તને વિષકન્યા કહી વિચાર કર્યા વિના મરણ અવસ્થા પમાડી હોત તો હું કેવી ખરાબ દશા પામત? તારા વધ માટે તૈયાર થયેલા મેં તે વખતે મંત્રિનું વચન ન માન્યું હોત તો કેવું અનિષ્ટ થાત? હે પુત્રી! નશીબ બળવાન હોવાથી તું રક્ષણ કરાઈ છે, હું તો કેવળ તને દુઃખ આપનાર થયો છું. તેં પૂર્વે મને કહ્યું હતું કે–'મારો પ્રિયતમ આભાપુરીનો રાજા ચંદ્રરાજા છે' પરંતુ માયાવી માણસોથી છેતરાયેલા મૂઢ એવા મેં તારું વચન સાચું માન્યું ન હતું તે વખતે મને મતિભ્રમ થયો હતો. હમણાં તને પરણનાર ધણીને જોઇને મારું મન અત્યંત પ્રસન્ન થયું છે. કયાં આ ચંદ્રરાજા? અને કયાં તે નરાધમ કુષ્ટી? બન્નેનું અંતર મેરુ અને સરસવ જેવડું છે.

वच्छे ! ते पुण्णमुक्किट्ठं, विज्जइ तेण संपयं ।
अम्ह मणोरहा सव्वे, फलिआ सुहदायगा ॥ ५० ॥
पुत्ति ! न सरियव्वा मे, दोसा पमायसंभवा ।
अहुणाऽसुहकिच्चाणं, पच्छायावं करोमि हं ॥ ५१ ॥

હે પુત્રી! તારું પુણ્ય ઉત્કૃષ્ટ છે, તેથી હમણાં સુખદાયક અમારા સર્વ મનોરથ ફળ્યા છે. ૫૦

હે પુત્રી! પ્રમાદથી થયેલા મારા દોષો યાદ કરવા જેવા નથી. હમણાં અશુભ કૃત્યોનો હું પશ્ચાત્તાપ કરું છું. ૫૧

પોતાના પિતાનાં વચન સાંભળી પ્રેમલાલચ્છી પોતાના કર્મનો દોષ માનતી કહે છે કે–હે પિતા! તમારો કોઈ દોષ

નથી, અહીં ખરેખર પોતાનું પૂર્વે કરેલું કર્મજ અપરાધી છે. કહ્યું છે કે–

कयकम्मक्खओ नत्थि, कप्पकोडीसएसु वि ।
अवस्सं चेव भोत्तव्वं, कडं कम्मं सुहाऽसुहं ॥ ५२ ॥

અબજો કલ્પ વ્યતીત થાય તોપણ કરેલા કર્મનો ક્ષય થતો નથી. કરેલું શુભ કે અશુભ કર્મ અવશ્ય ભોગવવું પડે છે. ૫૨

गयणम्मि गहा, सयणम्मि सुवयणा सउणयावणग्गेसु ।
तह वाहरंति पुरिसं, जह दिट्ठं पुव्वकम्मेहिं ॥ ५३ ॥

આકાશમાં ગ્રહો, સ્વજનના સુવચનો, વનના અગ્રભાગમાં પક્ષીઓ પુરુષને તે કહે છે કે જે પૂર્વનાં કર્મો વડે જોવાયું હોય. ૫૩

कत्थइ जीवो बलवं, कत्थइ कम्माइं हुंति बलिआइं ।
जीवस्स य कम्मस्स य, पुव्वनिबद्धाइं वेराइं ॥ ५४ ॥

કોઈ ઠેકાણે જીવ બળવાન હોય છે, કોઈ ઠેકાણે કર્મ બળવાન હોય છે, જીવ અને કર્મને પૂર્વે બાંધેલા વૈર છે. ૫૪

હે પિતા ! પ્રાણીઓ જે સુખ–દુઃખ પામે છે, તે તો પોત--પોતાના કર્મથી બાંધેલું જ જાણવું, બીજા તો નિમિત્તમાત્ર છે.

सकयं भुंजिरे कम्मं, पाणिणो कम्मजंतिआ ।
रज्जुपासनिबद्धो हि, उसहो चक्कमए सया ॥ ५५ ॥

કર્મથીં જોડાયેલા પ્રાણીઓ પોતે કરેલા કર્મને ભોગ છે, રજ્જુપાશથી બંધાયેલો બળદ હંમેશા ભ્રમણ કરે છે. ૫૫

હે પિતા! આવા પ્રકારના ગુણગણુથી અલંકૃત ભર્તાર આપના પુણ્યપ્રભાવે મને મળ્યો છે. હું તો ગુણ વગરની છું તમારે મનમાં કાંઇક પણ લાવવું નહીં. પૂર્વની હકીકત યાદ ન કરવી. કારણ કે કદાચ પુત્ર કુપુત્ર થાય તોપણ પિતા થતા કુપિતા થતા નથી. જે દુર્જનોએ તમને ઠગ્યા, તેઓનું પણ કલ્યાણ થાઓ. જો તેઓએ એવું કર્મ ન કર્યું હોત તો લોકમાં આવી મારી પ્રસિદ્ધિ થાત નહિ. હે પિતા! તમારે મને હંમેશા અખંડિત સ્નેહપૂર્વક જોવી; મારા ભર્તાર ઉપર હંમેશા સારી દૃષ્ટિ ધારણ કરજો. હમણાં બધું સારું થયું છે.

મકરધ્વજ રાજા કહે છે કે હે પુત્રી! આ બાબતમાં તારે કોઇ જાતની ચિંતા ન કરવી, આ વિમળાપુરીથી આત્મા-પુરીની વચ્ચે જે દેશો છે, તેઓના અધિપતિ તરીકે મેં ચંદ્રરાજાને સ્થાપન કર્યા છે, તે સર્વ દેશોનો તે રાજા થશે, એમાં તારે કોઇ સંદેહ ન કરવો.

मम वंसो तए पुत्ति! सीलवईइ भूसिओ ।
पुण्णुदएण जामाया, संपत्तो मे गुणंचिओ ॥ ५६ ॥
वच्छे! ते चरियं लोगे, गाहिन्ति कविणो सया ।
सत्थेसु वि पहावो ते, वित्थारं एस्सइ धुवं ॥ ५७ ॥

હે પુત્રી! શીલવતી એવી તેં મારા વંશને શોભાવ્યો છે, પુણ્યોદયથી મને ગુણયુક્ત જમાઇ મળ્યો છે. ૫૭

હે પુત્રી! લોકમાં હંમેશા તારૂં ચરિત્ર કવિઓ ગાશે,

આ પ્રમાણે કહીને તે ચંદ્રરાજાના નિવાસ માટે સર્વાંગ-ભોગ સુંદર પ્રાસાદ આપે છે. તેમાં નિવાસ કરતો તે ચંદ્રરાજા પ્રેમલાલચ્છી સાથે દોગુંદક દેવની જેમ અનુપમ મનુષ્ય સંબંધી ભોગોને ભોગવતો ગયેલા કાળને આ જગતમાં ચંદ્ર-રાજા સરખો બીજો કોઈ રાજા થયો નથી.

## ચંદ્રરાજાએ મકરધ્વજ રાજાની આગળ પોતાની પૂર્વ વાત કહેવી

હવે એક વખત મકરધ્વજ રાજા જમાઈને એકાંતમાં પૂછે છે કે—

राय ! तुं कुक्कुडो केण, हेडणा केण निम्मिओ ? ।
किं निमित्तं कहं चेह, जायं आगमणं तुव ? ॥ ५८ ॥
परिणीआ कहं पुत्ती ? मम इत्तो कहं गओ ? ।
सव्ववुत्तंतमाऽऽइक्ख, सवणुक्कंठियस्स मे ॥ ५९ ॥

હે રાજન્ ! તમને કયા કારણે કોણે કૂકડો બનાવ્યો ? તમારું આગમન કયા નિમિત્તે અહીં થયું હતું ? ૫૮

મારી પુત્રીને તમે કેવી રીતે પરણ્યા ? અહીંથી કેવી રીતે ગયા ? સાંભળવાની ઉત્કંઠાવાળા મને સર્વ હકીકત કહો. ૫૯

ચંદ્રરાજા કહે છે કે હે મહારાજા ! મારી અપરમાતા વીરમતી નામે છે, તેણે મારી સ્ત્રી ગુણાવળીને ભોળવીને તેની સાથે આમ્રવૃક્ષ ઉપર ચઢીને અહીં આવવાનો મનોરથ કર્યો. તે હકીકત જાણીને હું પણ પહેલેથી જ તે વૃક્ષના પોલાણમાં

ઘડી માત્ર કાળ વડે અનાયાસે અમે અહીં આવ્યા. નગરીની બહાર ઉદ્યાનમાં તે વૃક્ષને સ્થાપન કરીને તે બંને તે વૃક્ષ ઉપરથી ઉતરીને નગરીમાં લગ્નમહોત્સવ જોવા માટે આવ્યા. હું પણ તેઓની પાછળ નીકળ્યો.

તે વખતે તે દિવસે તમારી પુત્રીનો સિંહલરાજાના પુત્ર સાથે વિવાહ હતો. ત્યાં હિંસકમંત્રીના પરિજનોએ મને ગ્રહણ કર્યો. તેઓએ પોતાના આવાસે લઇ જઇને વિવિધ પ્રકારે મને ભોળવ્યો, બીજો ઉપાય ન મળવાથી ભાડાથી પરણવું સ્વીકારીને મેં તમારી પુત્રીનું પાણિગ્રહણ કર્યું. સારીક્રીડાના પ્રસંગે મેં જે જે ગૂઢ અર્થવાળી સમસ્યા કહી તે સર્વ તેણે સારી રીતે જાણી લીધી. હવે જલદી પાછા ફરવાની ઉત્કંઠાવાળો હું બહાનું કાઢી ત્યાંથી નીકળી આમ્રવૃક્ષના પોલાણમાં પેઠો. પછી સાસૂ-વહુ પણ ત્યાં આવીને વૃક્ષ ઉપર ચઢયા, ત્યાંથી સુખપૂર્વક અમે બધાં આભાપુરી આવ્યા.

પરંતુ બીજા દિવસે રાત્રિની હકીકત મારી અપરમાતાએ જાણી એથી ક્રોધ પામેલી તેણે મને કૂકડા બનાવ્યો. અનુક્રમે હું નટો સાથે અન્ય દેશોમાં ભમતો અહીં આવ્યો. સિદ્ધગિરિ તીર્થાધિરાજના અનુપમ પ્રભાવે હું મનુષ્યપણું પામ્યો.

આ પ્રમાણે ચંદ્રરાજાના મુખે સર્વ વૃત્તાંત સાંભળીને પશ્ચાત્તાપમાં પરાયણ થઇ મકરધ્વજરાજા પોતાના મનમાં વિચારે છે કે અહો ! હું ચતુર હોવા છતાં કુષ્ટિવડે ઠગાયો. જો બુદ્ધિશાળી મંત્રીએ પુત્રીના વધથી મને રોકયો ન હોત તો જિંદગીપર્યંત મને દુઃખ થાત. આ પાપથી મારી શુદ્ધિ કેવી

રીતે થશે ? અહો ! આ કુષ્ટિનું દુષ્ટપણું હું કેટલું કહું ? જેણે પોતાનો દોષ છૂપાવીને નિર્દોષ એવી મારી પુત્રીને દોષવાળી કરી. આજે જ એનું કપટ પ્રગટ થયું. સાચી વાત બધે ફેલાઈ ગઈ. અત્યંત ગુપ્ત એવું પણ પાપકર્મ શું છાનું રહે ? હમણાં એ પાપીઓને યોગ્ય શિક્ષા કરું.

## મકરધ્વજ રાજાએ વધ માટે આદેશ કરેલા સિંહલરાજા આદિ પાંચેનું ચંદ્રરાજાએ છોડાવવું

એ પ્રમાણે વિચારીને રાજા કેદખાનામાં રહેલા કુષ્ટિ વગેરે પાંચેયને પોતાની પાસે બોલાવીને ક્રોધ સહિત કહે છે કે અરે દુષ્ટો ! આવા પ્રકારનું પાપકર્મ કરીને ક્યાં જશો ? હે સિંહનરેશ ! તેં ક્ષત્રિય થઈને આવું ખરાબ કામ કરીને મારી સાથે શા માટે વૈર બાંધ્યું ? હે મૂર્ખ ! ! તેં પોતાના વિનાશ માટે સૂતેલા સિંહને જગાડયો છે. જે કાર્ય તારે હાસ્ય કરનારું હતું તે મારી પુત્રીને પ્રાણઘાત કરનારું થયું. પહેલાં તો તેં મને છેતર્યો પરંતુ પછી નિર્દોષ એવી મારી પુત્રીને અણઘટતુ કલંક આપવામાં તને ભય કેમ ન ઉત્પન્ન થયો ? તારા વચનની મીઠાશ હું શું કહું ? આવું અકાર્ય કરવાથી હું તારું જીવિત અલ્પ માનું છું તેવા પ્રકારે અધમ એવા તારા સલાહકાર અધમોનું મુખ પણ જોવું તે પાપને માટે થાય.

આ પ્રમાણે તેણે કઠોર અક્ષરો વડે અત્યંત તિરસ્કાર કરીને વધ કરનારા પુરુષોને બોલાવીને વધ કરવા માટે તે

પાંચેને સોંપ્યા. પોતાના પાપોદયથી અંધ બુદ્ધિવાળા તેઓ તે વખતે કાંઇ પણ બોલ્યા નહિ

એ સમયે પરોપકારમાં તત્પર ચંદ્રરાજા ઊભો થઇને કહે છે કે–

एए पंच नराहीस ! भवंतं सरणमस्सिआ ।
अओ ताणं न देहंत–दंडो समुइओ अह ॥ ६० ॥
दुज्जणेसु वि नाऽणिट्ठं, सज्जणो चिंतए कया ।
सिया अण्णह को भेओ, सज्जणे दुज्जणे वि य ॥ ६१ ॥

હે નરાધીશ ! આ પાંચે આપને શરણે આવ્યા છે, આથી હવે તેઓને દેહાતદંડ કરવો યોગ્ય નથી. ૬૦

સજ્જન પુરુષ દુર્જનોનું પણ કયારેય અનિષ્ટ ચિંતવતા નથી. અન્યથા સજ્જન અને દુર્જનનો ભેદ કેવી રીતે થાય ? ૬૧

વળી આ અમારા ઉપકારી જાણવા. જેથી તેઓના નિમિત્તથી જેનું કુલ અને શીલ જાણવામાં આવ્યું ન હતું એવા આપણો સંબંધ જોડાયો. ઉપકારીઓને વિષે ઉપકાર કરનારા જગતમાં ઘણા હોય છે, પરંતુ અપકારીને વિષે ઉપકાર કરનારા સજ્જનો વિરલા આદર્શભૂત હોય છે. વળી તેઓને અભય આપવાથી સર્વ ઠેકાણે આપના ઘણા યશની વૃદ્ધિ થશે. કદાચ તમે એમ વિચાર કરતા હો કે–" આ અપરાધી હોવાથી અવશ્ય દંડ કરવા યોગ્ય છે. " તોપણ આજ સુધી તેઓએ કારાગૃહમાં ઘણું દુઃખ અનુભવ્યું છે. ખરેખર હવે પછી કયારે પણ આવું પાપ કરશે નહિ. વળી અહીં તમારી

પુત્રીના જ કર્મનો દોષ જાણવો. જેથી તેના અશુભ કર્મના ઉદયમાં આ બધા નિમિત્તભૂત થયા. ત્યાં બીજા શું કરે, આ કુષ્ટિકુમાર પણ દયાનું પાત્ર છે.

આ પ્રમાણે બોધ કરનારું ચંદ્રરાજાનું વચન પ્રમાણ કરીને તે મકરધ્વજ રાજાએ તે પાંચેયને બંધનમાંથી છોડાવ્યા.

તે વખતે પ્રેમલાલચ્છી પોતાના સ્વામીની આગળ પોતાના શીલનો પ્રભાવ પ્રકટ કરવા માટે સભામાં આવીને પોતાના પતિ ચંદ્રરાજાનાં ચરણો ધોઇને તેના જળ વડે કુષ્ટિના દેહને સિંચન કરે છે, તેથી તેના પ્રભાવે કનકધ્વજકુમારનો કોઢ રોગ સર્વથા વિનાશ પામ્યો.

તે વખતે આકાશમાં રહેલા દેવોએ ચંદ્રરાજાનો જય થાઓ, જય થાઓ, એ પ્રમાણે શબ્દ બોલીને તેના ઉપર પુષ્પવૃષ્ટિ કરી.

કનકધ્વજકુમારે દિવ્યરૂપ પામી હે વીરસેનરાજાના પુત્ર ! તમે ધન્ય છો ધન્ય છો, એ પ્રમાણે બોલતો તે ચંદ્રરાજાના ચરણોમાં પડીને પોતાનો અપરાધ ખમાવે છે. સર્વ સભાજનો મનમાં વિસ્મય પામી ચંદ્રરાજાના યશના ગુણગાન ગાવા લાગ્યા.

આ પ્રમાણે ચંદ્રરાજાનો યશ સર્વ ઠેકાણે પરમ વિસ્તાર પામ્યો. સર્વે ચંદ્રરાજાના સેવક થયા. તે પછી ચંદ્રરાજાએ સત્કાર કરીને શિખામણ આપીને વિસર્જન કરેલા સિંહલરાજ વગેરે બધા તેની રજા લઇને ત્યાંથી અનુક્રમે પોતાના સિંહલપુર નગરે આવ્યા.

## ચંદ્રરાજાએ ગુણાવલી ઉપર લેખ મોકલ્યો

હવે એક વખત રાત્રિમાં જાગતો ચંદ્રરાજા ગુણાવલીને યાદ કરી પોતાના મનમાં વિચારે છે–

ममाऽहो वासरा एत्थ, सुहेण वच्चिरे परं ।
गुणावलीइ भज्जाए मे हा ही केरिसी ठिई ॥ ६२ ॥
पयाणसमए पुव्वं, मए पंजरवासिणा ।
विइण्णं वयणं तीए, हा ! तं विसरिअं कहं ॥ ६३ ॥

અહો ! મારા દિવસો તો અહીં સુખપૂર્વક જાય છે, પરંતુ મારી ભાર્યા ગુણાવલીની કેવી સ્થિતિ હશે ? ૬૨

પહેલા પાંજરામાં રહેલા મેં પ્રયાણ કરતી વખતે તેને વચન આપ્યું હતું તે કેમ ભૂલી ગયો ? ૬૩

તે આ પ્રમાણે—

जया हं माणुसीभावं, पाविस्सं पढमं तया ।
मिलिस्सामि तुमं खिप्पं, नऽन्नहा वयणं मम ॥ ६४ ॥

જ્યારે હું મનુષ્યભાવ પામીશ ત્યારે પ્રથમ જલદી તને મળીશ. આ મારું વચન અન્યથા થશે નહિ.

આ વચન પ્રેમલાલચ્છીના સ્નેહરસમાં મગ્ન થયેલો હું ભૂલી ગયો. હવે તો કોઇ પણ ઉપાયે તેનો સમાગમ સાધું તો જ મારા વચનનો નિર્વાહ થાય. કારણ “ જે નિર્મળ મનથી જેને ઇચ્છે, તે તેના વડે ક્યારેય ભૂલવા યોગ્ય નથી ” એ જગતનો ધર્મ છે, તેથી જીવનપર્યંત તે પ્રિયતમાને મારે ભૂલવી ન જોઇએ. આ પ્રમાણે વિચાર કરતાં તેને પ્રાતઃ સમય થયો.

તે પછી સુખશય્યાનો ત્યાગ કરી નિત્યકર્માનુષ્ઠાન કરી તે ચંદ્રરાજા પોતાના હાથે લેખ લખી પોતાના સેવકને આપી આભાપુરી મોકલે છે. તે લેખ આપતી વખતે સેવકને ચંદ્રરાજા કહે છે કે- હે ગુણના ઘર ! આ લેખ કોઇ ન જાણે તેવી રીતે તું મારી ભાર્યા ગુણાવલીને તેમજ મંત્રીને એકાંતમાં આપજે. કારણ કે જો મારી વિમાતા તારા આગમનના સમાચાર જાણશે તો તે કાંઈક વિપરીત કરશે. તેથી

तए वि गुत्तभावेण, वट्टियव्वं तहिं तहा ।
जहा को विन याणेज्जा, तुवागमणवुत्तयं ॥ ६५ ॥

ત્યાં તારે ગુપ્તભાવે રહેવું કે જેથી તારા આગમનની હકીકત કોઇ ન જાણે. ૬૫

આથી તું એકાંતમાં ગુણાવલીની પાસે જઇને મારા વચનથી કુશળ પૂછજે, અને આ પ્રમાણે કહેજે કે-હે દેવી! તું ચિંતારહિત રહેજે, અલ્પકાળમાં જ આપણે એક ઠેકાણે મળશું, અને આભાપુરીનું રાજ્ય આનંદપૂર્વક કરશું. દુર્જન લોકોનાં નેત્રો મસળાઇ જશે. વળી બીજું એ છે કે—

पुंडरीयमहातित्थं, सव्वविग्घनिवारगं ।
इह वट्टइ भव्वाणं, सव्वयाणंददायगं ॥ ६६ ॥
पवित्र गिरिरायत्थ–सुज्जकुंडप्पहावओ ।
मणुअत्तं मए पत्तं, जुगाइप्पहुझाणओ ॥ ६७ ॥
संलद्धपरमाणंदो, सुहेणेत्थ वसामि हं ।
तुव सीलगुणग्गामे, सुमरंतो पइवासरं ॥ ६८ ॥
सुहसायरमग्गस्स, हवइ माणसं मम ।
ते संगमूसुगं देवी !, सुहं सु–सरिसाणणे ! ॥ ६९ ॥

અહીં પુંડરીક મહાતીર્થ છે, તે સર્વ વિઘ્નોને નિવારણ કરનાર છે, અને ભવ્યજનોને હંમેશા આનંદ આપનાર છે. ૬૬

પવિત્ર ગિરિરાજ ઉપર રહેલા સૂર્યકુંડના પ્રભાવે યુગાદિનાથના ધ્યાનથી હું મનુષ્યપણાને પામ્યો છું. ૬૭

પરમ આનંદ પામી હું અહીં સુખપૂર્વક તારી શીલગુણના સમૂહને હંમેશા યાદ કરતો રહું છું. ૬૮

હે ચંદ્ર સમાન મુખવાળી! સુખસાગરમાં મગ્ન એવા મારું મન તારા સંગમને ઉત્સુક છે. ૬૯

સાસુએ શિખવેલી તું કયારેય મને વિસરતી નહિ. હમણાં આપણા સમાગમમાં સર્વ અંતરાય દૂર થયા છે. પરદેશના સુગંધી પુષ્પ કરતાં પણ પોતાના દેશનો કાંટો વહાલો હોય છે. પરંતુ તારા અમૃત સરખાં વચનો સાંભળવા હું ગણો ઉત્કંઠિત છું. જે દિવસે તું મળીશ તે જ દિવસને સફળ ગણીને હૃદયમાં રહેલી સર્વ હકીકત તે વખતે તારી આગળ કહીશ. નાના કાગળમાં કેટલું લખાય ? આથી વધારે લખ્યું નથી.

આ પ્રમાણે વિશ્વાસપાત્ર સેવકને સારી રીતે સમજાવીને આભાપુરી મોકલે છે.

તે પણ વિલંબરહિત પ્રયાણ વડે આભાપુરી પહોંચીને નગરીની શોભા જોઇને હર્ષિત મનવાળો થયો.

તે પછી ગુપ્ત રીતે તે મંત્રીના ઘરે જઇને તેનો લેખ તેને આપે છે, તે પણ તે લેખ વાંચીને તેનો સાર જાણી અત્યંત હર્ષથી ભરેલો ગુણાવલી

પાસે તેને એકાંતમાં લઇ જાય છે. તે પણ તે કાગળ ગુણાવલી-ના હાથમાં આપે છે. તે પણ તે કાગળ વાંચીને તેટલો આનંદ હૃદયમાં ધારણ કરે છે કે જે આનંદ હૃદયમાં નહિ સમાવાથી નેત્રોમાંથી આંસુઓના પ્રવાહરૂપે બહાર નીકળ્યો.

અત્યંત હર્ષ પામતી તે પોતાના પ્રિયની જેમ લેખને વધાવીને છાતી ઉપર રાખીને અત્યંત ભેટે છે.

તે પછી તે ચાકર ચંદ્રરાજાના સંદેશાનાં વચનો સંભળાવે છે. તે સાંભળી અત્યંત સંતુષ્ટ થયેલી તે આવેલા તે સેવકને કહે છે કે—હે ભૃત્યવર! હું આ હકીકત કોઇની આગળ પ્રકટ કરીશ નહિ. તું પણ જેમ આવ્યો તેમ ગુપ્તપણે જજે, આ પ્રમાણે કહી તે ગુણાવલી તેનું સન્માન કરીને પોતાના સ્વામીને આપવા માટે લેખ લખી આપીને તેને વિસર્જન કરે છે.

गयम्मि सुहडे तम्मि, कुसुमसोरहं पिव ।
पसरित्था पुरीमज्झे, वत्ता संगोविया वि सा ॥ ७० ॥

તે સુભટ ગયા પછી છૂપાવેલી એવી પણ તે વાત પુષ્પની સુગંધીની જેમ નગરીમાં ફેલાઇ ગઈ. ૭૦

"ચંદ્રરાજા કૂકડાના શરીરનો ત્યાગ કરી મનુષ્યદેહ પામ્યા છે." આ પ્રમાણે કૌતૂક માનતા મનુષ્યો દરેક સ્થાને તે જ વાત કરે છે. હવે ચંદ્રરાજા જલદી અહીં આવે એ પ્રમાણે મનથી પ્રાર્થના કરે છે. આખી નગરીમાં એક વીરમતી વિના સર્વના હૃદયમાં અપૂર્વ આનંદ થયો.

## ચંદ્રરાજા કૂકડાપણાનો ત્યાગ કરી મનુષ્ય થયો તે વાત વીરમતીએ જાણી

'કૂકડો થયેલો ચંદ્રરાજા મનુષ્યપણું પામ્યો' એ વાત પરંપરાએ વીરમતીએ સાંભળી, તેથી ક્રોધ રૂપી અગ્નિથી સળગતી વિચારે છે કે-કોણ એવો શક્તિમાન છે કે મેં કૂકડારૂપે કરેલા તેને મનુષ્યરૂપ કરે? અને બીજું પણ સંભળાય છે કે તે અહીં આવવાને ઇચ્છે છે, પરંતુ તે મારી ભૂલ થઇ કે મેં તને જીવતો છોડયો. કહ્યું છે કે-

> जायमेत्त न जो सत्तुं, रोगं च पसमं नए ।
> महाबलो वि तेणेव, वुड्ढिं पप्प स हम्मए ॥ ७१ ॥

ઉત્પન્ન થવા માત્રથી જે શત્રુને અને રોગને દબાવતો નથી, તે મહાબળવાળો હોય તોપણ વૃદ્ધિ પામીને તેના વડે તે હણાય છે.

તે નાનો હોવા છતાં પણ અહીં આવવાને ઇચ્છે છે, પરંતુ તે મૂઢબુદ્ધિ જાણતો નથી કે મિષ્ટાન્ન ભોજનની જેમ તે સહેલું નથી. જુઓ! નાની બિલાડી મોટી બિલાડીનો કાન કરડવા જાય છે, એ પ્રમાણે જગત્‌માં વિપરીત નીતિ અહીં પ્રવર્તી છે. આ અસંભવિત છે, પરંતુ પહેલાં જ હું ત્યાં જઇને, તેને રુંધીને તેના ગર્વનું ખંડન કરું, ત્યારે જ મારી શ્લાઘા થશે. ચંદ્રે આજથી માંડીને મને શિખામણ આપી કે-"જે શત્રુને જીવતો રાખે, તે મૂર્ખ ગણાય છે." આ પ્રમાણે વિચારીને તે ગુણાવલીને બોલાવે છે, બોલાવીને કહે છે કે- ગુણાવલી! મેં સાંભળ્યું છે કે—જે તારો ધણી

વિમલાપુરીમાં મનુષ્ય થયો છે, અને અહીં આવવા ઇચ્છે છે, ફરીથી પણ તે મારી સાથે સ્પર્ધા કરવા ઇચ્છે છે, મનુષ્ય થવાથી ગર્વિષ્ઠ થયેલ તે મૂર્ખ ખરેખર પોતાની શક્તિને જાણતો નથી. તું આ હકીકત જાણતી હોવા છતાં પણ મારી આગળ છૂપાવતી કહેતી નથી. પરંતુ તું તારા ધણીને કાગળ લખીને જણાવ કે-' જે તમારે અહીં આવીને રાજ્યની ઇચ્છા ન કરવી ' મેં કહેલી આ વાત કોઇની આગળ તારે કહેવી નહિ. મારી સાથે માયાપ્રપંચ ન કરવો. જો તું કપટભાવે વર્તીશ તો મારા જેવી બીજી કોઇ દુષ્ટ નથી. એ તારે ન ભૂલવું. વળી તારા સ્વામીએ કાંઇ પણ લેખ આદિ મોકલ્યું હોય તે પાણીમાં ફેંકી દેવું. હે ભોળી ! હમણાં જ હું બિમલાપુરી જવાને ઇચ્છું છું. તું એકલી અહીં સુખપૂર્વક રહે. હું તે મંદબુદ્ધિવાળાને સમજાવીને જલદી પાછી આવીશ.'

ગુણાવલી કહે છે છે- કે માતા ! આવી કલ્પિત વાત કરવી આપને યોગ્ય નથી.

तुव मंतप्पहावेण, जो होसी चरणाउहो ।
तुम्ह किवं विणा सो हि, नरत्तं कहं पावए ॥ ७२ ॥

તમારા મંત્રના પ્રભાવે તે કૂકડો થયેલ છે, તમારી કૃપા વિના તે મનુષ્યપણું કેમ પામે ? ૭૨

નજરે જોયા વિના હું તે સાચું માનતી નથી. બીજી વાત એ છે કે—

तुमत्तो अहिगा सासु! अण्णा का वि न विज्जइ ।
तुम्ह कज्जं मुहा काउं, कोऽण्णो पक्कलो जगे ॥ ७३ ॥
कास वि दुज्जणस्सेयं, विलसियं एत्थ नज्जइ ।
तइया-तेरसीजोगो, एगहिं होज्ज दुल्लहो ॥ ७४ ॥
नडाणं विहगो दिण्णो, दूरओ विमलापुरी ।
कहं ते तत्थ गच्छेज्जा, संभवेज्जा कहं तु तं ? ॥ ७५ ॥
तुं विणा माय! को सक्की ?, पावेउं से नरत्तणं ।
जइ तुव किवा होज्जा, तया सो माणवो भवे ॥ ७६ ॥
गंतुं तुं तत्थ चिंतेसि, सासु! तं निप्फलं तव ।
वारिदंसणओ पुव्वं, को चएज्ज उवाणहं ॥ ७७ ॥

હે સાસુ! તમારી કરતાં બીજુ કોઇ વધારે શક્તિશાળી નથી, તમારું કામ નિષ્ફળ કરવા માટે જગત બીજો કોણ સમર્થ છે? ૭૩

આ કોઈ દુર્જનની ચેષ્ટા જણાય છે, ત્રીજ અને તેરશનો યોગ એક જ સ્થાને દુર્લભ હોય છે. ૭૪

નટોને કૂકડો આપ્યો, વિમલાપુરી દૂર છે, ત્યાં તે કેવી રીતે જાય? અને તે કેવી રીતે સંભવે? ૭૫

હે માતા! તમારા સિવાય તેને મનુષ્યપણું પમાડવા કોણ સમર્થ છે? જો તમારી કૃપા થાય તો તે મનુષ્ય થાય. ૭૬

હે સાસુ! તમે ત્યાં જવા વિચારો છો તે નકામું છે. પાણી જોયા પહેલાં મોજડીને કોણ મૂકી દે. ૭૭

હું તમારા કરતાં વધારે ચતુર નથી કે જેથી તમને શિખામણ આપું. તોપણ જે કરો તે સારી રીતે વિચારીને

કરવું. એ પ્રમાણે કહીને ગુણાવલી પોતાના સ્થાને આવી તે વાતનો જ વિચાર કરે છે.

## ચંદ્રરાજાને મારવા માટે વીરમતીએ કરેલી દેવોની આરાધના

આ તરફ વીરમતી પોતાનું કાર્ય સાધવાની ઇચ્છાવાળી સર્વ મંત્રવિદ્યાઓની આરાધના કરીને આરાધ્ય દેવોને બોલાવીને "ચંદ્રરાજા મનુષ્યપણું પામ્યો છે, તેથી હમણાં તમે તેને મારી નાખો" આ પ્રમાણે તે દેવોને આદેશ કરે છે.

દેવો પણ સારી રીતે વિચારીને કહે છે કે બહેન! સૂર્યકુંડના પ્રભાવે તે મનુષ્યપણું પામ્યો છે, એ સાચું છે. પ્રભાવથી શોભતા, ઘણા પુણ્યોદયવાળા તે રાજાનું કાંઇપણ વિપરીત કરવા માટે અમે શક્તિમાન નથી. તેના ઉપર તારો પણ પ્રયાસ નિષ્ફળ થશે. એ પુણ્યવંતની રક્ષા કરનાર અમારા કરતાં પણ બળવાન ઘણા છે. તેઓની આગળ અમારી કઇ ગણતરી તેથી આ અશુભ કર્મ અમે કરશું નહિ. આ સિવાય જે કામ હોય તે કહો.

હે મહારાણી! જો અમારું વચન તું માને તો તારે પોતાના પુત્ર સાથે વિરોધ ન કરવો. આ આભાનગરીનું રાજ્ય તેને સોંપીને, તેનું સન્માન કરીને તું હમણાં સ્વસ્થ ચિત્તે રહે.

આ પ્રમાણે દેવોનું વચન સાંભળીને ઊલટી તે વીરમતી અત્યંત કોપાકુલ થઇ, ફરીથી તેઓએ સમજાવ્યા છતાં પણ

તે પોતાના હિતને ન જાણતી કદાગ્રહને છોડતી નથી, તેથી દુરાગ્રહથી વ્યાપ્ત તેને જાણીને તે દેવો પોતાના સ્થાને ગયા.

હવે વીરમતી પોતાના મંત્રીને બોલાવીને કહે છે 'હે મંત્રી હું વિમળાપુરી તરફ જાઉં છું. આ આભાપુરીનું રાજ્ય સારી રીતે પાલન કરજે.

મંત્રી કહે છે કે 'હે મહાદેવી! હું તમને કેવી રીતે અટકાવું? તમારું વચન મારે પ્રમાણ જ છે. આપ જાઓ, તમારી કાર્ય સિદ્ધિ થાઓ.

આ પ્રમાણે મંત્રીના વચનથી પ્રસન્ન મનવાળી તે વીરમતી તેને વિશ્વાસપાત્ર માને છે. તે પછી પ્રચંડ રૂપવાળી તે ફરીથી મંત્ર શક્તિ વડે તે દેવોને આકર્ષણ કરીને તે બધાની સાથે હાથમાં તલવારને ધારણ કરી આકાશમાર્ગે વિમલાપુરી તરફ જાય છે. 'મદોન્મત્ત પુરુષો ખરેખર કોઇના હિતવચનને માનતા નથી, તેઓ તો હાર્યા પછી જ ઊભા રહે છે.' કહ્યું છે કે-

जो अहिमाणओ नेव, पासए हियमप्पणो ।
पराजयं स पावेइ, वारिओ वि न चिट्ठइ ॥ ७८ ॥

જે અભિમાનથી પોતાના હિતને જોતો નથી તે પરાજય પામે છે, વાર્યા છતાં પણ તે 'ઊભો' રહેતો નથી. ૭૮

આકાશમાર્ગે જતી વીરમતી મનમાં રોષપૂર્વક વિચારે છે કે- હું ચંદ્રરાજાને જીતીને અથવા મારી નાંખીને પછી આવીશ. પરંતુ 'બીજાનું જે વિચાર્યું તે પોતાને નિશ્ચે

થાય ’ એ પ્રમાણે મૂઢ બુદ્ધિવાળી તે જાણતી નથી. પોતાની મેળે જ તે તેને રાજ્ય આપવા માટે જાય છે. જો ભવિતવ્યતા વિપરીત હોય તો બુદ્ધિ પણ વિપરીત જ થાય છે.

## ચંદ્રરાજાના પુણ્ય પ્રભાવે વીરમતીની દેવોની આરાધના નિષ્ફળ થઈ

અહીં જ્યારે વીરમતી આભાપુરીથી નીકળી ત્યારે ચંદ્રરાજાના પુણ્યથી પ્રેરાયેલો હોય તેમ કોઈ દેવ ચંદ્રરાજા પાસે આવીને કહે છે કે– હે મહારાજ! અમારા વચનને અવગણીને તમારો વિનાશ કરવાની ઇચ્છાવાળી તમારી વિમાતા અહીં આવે છે. આથી તમારે સાવધાન થઈને રહેવું. વળી–

अज्ज पुण्णपहावो ते, गरिट्ठो वट्टए निव! ।
देव्वेण रक्खिओ पाणी, निहंतु केण सक्कइ ? ॥ ७९ ॥

હે રાજન્! આજ તમારો પુણ્ય પ્રભાવ ઘણો મોટો છે, જે પ્રાણીનું નસીબ રક્ષણ કરે છે, તેને હણવા માટે કોઈ સમર્થ નથી. ૭૯

તોપણ રત્નો સારી રીતે રક્ષણ કરવા યોગ્ય છે, એવી નીતિ છે.

આ પ્રમાણે દેવની વાણી સાંભળીને અત્યંત હર્ષિત મનવાળો એકદમ વિમાતાની સામે જવા માટે તૈયાર થાય છે. વજ્રમય બખ્તર શરીર ઉપર ધારણ કરી, મજબૂત બાંધેલી કેડ ઉપર તલવાર બાંધી તે એક જાતિવંત ઘોડા ઉપર ચઢીને આકાશમાં ઊડતા પક્ષીને પકડવામાં સમર્થ એવા ઘોડા ઉપર

ચઢેલા ઘણા પરાક્રમથી શોભતા સાત હજાર સામંતોના સમૂહથી પરિવરેલો શિકાર કરવાના બહાને વિમલાપુરીની બહાર નીકળ્યો.

## વીરમતીનું વિમલાપુરીમાં આગમન

કેટલેક દૂર જઈને ચારે તરફ નિરીક્ષણ કરતા તેણે આકાશમાર્ગે આવતી તે વીરમતીને દૂરથી જોઇ. મુખમાંથી ક્રોધાગ્નિની જવાળા વમન કરતી અંગારાની સગડીની જેમ પ્રદીપ્ત દેહવાળી તેને જોઈને પ્રસન્ન ચિત્તવાળો ચંદ્રરાજા 'આ મને આભાપુરી આવવાનું નિમંત્રણ આપવા આવે છે' એમ જાણે છે.

વીરમતી પણ દૂરથી આવતા ચંદ્રરાજાને જુએ છે, જોઈને આકાશમાં જ રહી કહે છે, કે હે ચંદ્ર! સારું કર્યું કે તું અહીં આવ્યો છે, મોટાઇને પામેલો તું કૂકડાપણાને ભૂલી ગયો છે, તેમજ અહીં આવતા તને તારા કોઇ સાસરિયાએ કેમ અટકાવ્યો નહિ? હું જીવતે છતે તું આભાપુરીમાં આવવાને ઇચ્છે છે પરંતુ તે નિષ્ફળ જ છે. કારણ કે ઊંટ નાગરવેલના પાન ચાવવા માટે યોગ્ય નથી. અરે મૂર્ખ! હવે મારી સામું શું જુએ છે? હું તને જીવતો છોડીશ નહિ તેથી તું જલદી પોતાના ઇષ્ટદેવનો યાદ કર. હું પણ જોઉં કે તું યુદ્ધમાં કેવું ક્ષત્રિયપણું બતાવે છે?

તે પછી ચંદ્રરાજા પરમ સમતાભાવ ધારણ કરીને કહે છે–

मायर ! तुं मुहा कोवं, मा कुण नमिरे मइ ।
कया वि ते पमाएण, विरूद्धं न कयं मए ॥ ८० ॥
मए समं रणं किच्चा, कहं सोहं लहिस्ससि ।
तं हि कज्जं विहेयव्वं, पज्जंते जं सुहंकरं ॥ ८१ ॥
मज्झ एण्हिं हियट्ठाए, तए जं उवदंसियं ।
तं तुमं सुमरिज्जाहि, जओ होउज सिवं तव ॥ ८२ ॥
मण्णे तुं नूयणं किंपि, कज्जं काउं इहागया ।
चरियं तव जाणामि, कहिउं तं असंपयं ॥ ८३ ॥

હે માતા ! નમ્ર એવા મારા ઉપર ફોગટ ક્રોધ ન કર. મેં ભૂલે-ચૂકે પણ કયારેય તારું વિરુદ્ધ કર્યું નથી. ૮૦

મારી સાથે યુદ્ધ કરીને તું કેવી રીતે શોભા પામીશ ? તેવું કામ કરવું જોઇએ કે જે છેવટે સુખ કરનાર હોય. ૮૧

હમણાં મેં જે હિતને માટે તને કહ્યું તે તું યાદ કર કે જેથી તારું કલ્યાણ થશે. ૮૨

હું માનું છું કે-તું કાંઇ નવીન કાર્ય કરવા માટે અહીં આવી છે, હું તારું ચરિત્ર જાણું છું પણ હમણાં તે કહેવું બરાબર નથી. ૮૩

હે ક્ષીણુપુણ્યવાળી ! તું આખા જગતનો ભાર શા માટે વહે છે, પોતાની મોટાઈ ફોગટ પ્રકટ કરે છે. કારણુ કે તારા ખોળામાં છાણુ જ છે. આથી વધારે અભિમાન ન કર.

## વીરમતીનું મરણુ અને છઠી નરકમાં જવું

આ પ્રમાણે ચંદ્રરાજાનું વચન સાંભળીને અત્યંત રોષ પામેલી પ્રચંડ સ્વરૂપ વાળી તે પાપિણી દુષ્ટ વીરમતી પ્રથમ

જ તલવારથી ચંદ્રરાજાને પ્રહાર કરે છે, તે તલવાર ચંદ્રરાજાના પુણ્યપ્રભાવે પુષ્પપત્રની જેમ તેના બખ્તર ઉપર અફળાઈને ત્યાંથી ઉછળીને વીરમતીની છાતીમાં લાગી, તેના પ્રહારથી તે પૃથ્વી ઉપર પડી ગઇ. ફરીથી તે તલવાર ચંદ્રરાજા પાસે આવી. તે પણ તે ખડ્ગને મોતી વડે વધાવીને ગ્રહણ કરે છે.

તે પછી તે વિષ્ણુકુમાર અને નમુચિનું દૃષ્ટાંત વિચારીને 'દુર્જનોને યોગ્ય ફળ આપવું જોઇએ,' એમ વિચારીને વીરમતીની ઉપર દયા કર્યા વિના, તેને કેશપાશ વડે પકડીને આકાશમાં ચક્રની જેમ ભમાડીને ધોબી જેમ વસ્ત્રને શિલાતળ ઉપર અફળાવે તેમ અફળાવી. તેથી તે શ્વાસોચ્છ્વાસ રુંધાઇ જવાથી તરત જ મરીને છઠી નરક ભૂમિમાં ગઇ.

अहो पाविट्ठलोगाणं, पावकम्माणु भावओ ।
सुलहा दुग्गई मण्णे, दुल्लहा सुगई पुणो ॥ ८४ ॥

અહો ! પાપિષ્ઠલોકોની પાપ કર્મના પ્રભાવે દુર્ગતિ હું સુલભ માનું છું, વળી તેઓને સદ્ગતિ દુર્લભ હોય છે. ૮૪

તે વખતે ચંદ્રરાજાના મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ કરીને દેવો આકાશમાં જયજય શબ્દ કરે છે. વીરમતી ત્યાં અતિગાઢ નરકની વેદના અનુભવીને સંસાર સમુદ્રમાં દીર્ઘકાળ ભમશે. ખરેખર જે ધાર્મિક પુરુષો સાથે વૈર રાખે છે; તે અત્યંત દુઃખ પામે છે.

તે પછી ચંદ્રરાજા વૈરીરૂપ દુષ્ટ શલ્યનો ઉદ્ધાર કરીને વાજિંત્રોના અવાજપૂર્વક વિમલાપુરીમાં આવ્યો. મકરધ્વજ રાજા જયદુંદુભિના અવાજને સાંભળતો ઘણો જ હર્ષ પામીને

મહોત્સવ પૂર્વક પોતાનું અર્ધ રાજ્ય તેને આપે છે. અત્યંત આનંદ રસમાં મગ્ન પ્રેમલાલચ્છી હંમેશા બે હાથ જોડી, મસ્તક નમાવી ક્ષણવાર પણ પોતાના પતિના સાંનિધ્યને નહિ છોડતી પાંચ ઇંદ્રિયોના વિષય સુખોના ભોગ વિલાસના રસમાં આસકત થઇ.

હવે ચંદ્રરાજાના પુણ્યથી પ્રેરાયેલા કોઇ દેવ આકાશમાર્ગે આભાપુરી જઇને ગુણાવલીની આગળ વીરમતીની મરણની વાત જણાવીને સ્વસ્થાને ગયો. અમૃત સમાન તે વચન સાંભળીને અત્યંત હર્ષિત હૃદયવાળી ગુણાવલી જલદી પોતાના મંત્રીને બોલાવીને તે હકીકત કહે છે.

તે મંત્રી પણ મનમાં આનંદ પામી કહે છે કે હે દેવી! જે લંગડી બિલાડીની માફક તે આપણને પગલે પગલે અશુભ શકુન કરતી હતી, તે મરણ પામી એ સારું થયું. હવે સર્વ ભય નાશ પામ્યો. ઘરમાં પરમ શાંતિ થઇ.

તે પછી મંત્રી આ હકીકત પટહ વગડાવી આખી નગરીમાં પ્રગટ કરે છે. વીરમતીના મરણની વાત સાંભળી નગરજનો મનમાં હર્ષ પામી ચંદ્રરાજાનું દર્શન કરવામાં આતુર થયેલા તેમના આમંત્રણ માટે એક ચતુર પુરુષ સાથે જલદી વિમળાપુરીમાં પત્ર મોકલે છે.

તે પછી પ્રસન્નવદનવાળી ગુણાવલી પોતાના મનમાં વિચારે છે કે મારા મનને હરણ કરનારા પ્રિયતમ હમણાં સૌરાષ્ટ્ર દેશમાં રહ્યો છે, પ્રેમલાલચ્છીએ પોતાનું ભગિનીપણું યથાર્થ

સિદ્ધ કર્યું. કારણ કે તેના જ પ્રયાસથી મારો ભર્તાર મનુષ્યપણું પામ્યો. તોપણ તેણીએ મને શોકયભાવ બતાવ્યો છે. કારણ કે તેણે મારા ધણીને ભોળવીને ત્યાંજ રોકી દીધો છે. હમણાં કોઇ ત્યાં જઇને તેને કહે કે– 'સાસરાના ઘરે નિવાસ કરવાથી પુરુષ લઘુતાને પામે છે, તો તે જલદી અહીં આવે. પરંતુ મારા એવા પ્રકારનાં વચનો તેને કોણ કહે?

કેટલાક કહે છે કે– પહેલી પરણેલી સ્ત્રી પુરુષને અત્યંત વહાલી હોય છે, વળી કેટલાક એમ પણ કહે છે કે જે નવું હોય તે પ્રિય હોય છે. જુઓ! પરિપૂર્ણ પ્રકાશ કરતા એવા પણ પૂર્ણિમાના ચંદ્રને કોઇ જોતા નથી, નાના એવા પણ બીજના ચંદ્રને સર્વ જુએ છે. તેવી રીતે મારો પ્રિય પણ પ્રેમલાલચ્છીને જ દેખે છે, સાસુના વચન પ્રમાણે ચાલનારી હું તેને અનિષ્ટ થઈ છું. તેમ જ જ્યાં કૂકડાપણું પ્રાપ્ત કર્યું ત્યાં આવવું તેને કઇ રીતે ગમે? પરંતુ તે તે જાણતા નથી કે–પ્રિયના દર્શનની અભિલાષાવાળી હું પ્રિય વિના અત્યંત કષ્ટપૂર્વક દિવસો પસાર કરું છું. મારી રાત પણ આંસુથી ભરેલા વસ્ત્રથી વ્યતીત થાય છે, મારું શરીર વિરહાગ્નિથી બળે છે, પ્રિયના સંયોગરૂપી પાણી વિના તેને શાંતિ કેવી રીતે થાય?

## ગુણાવલીએ શુકદ્વારા ચંદ્રરાજા ઉપર પત્ર મોકલ્યો

આ પ્રમાણે વિલાપ કરતી તે ગુણાવલીની આગળ એક શુક આવ્યો, તે મનુષ્ય વાણીથી તેને કહે છે કે–હે મૃગનયના! તું કોના વડે પીડા પામે છે? તું દીનમુખવાળી

કેમ દેખાય છે? હું દેવતાધિષ્ઠિત પક્ષી છું તેથી તારા દુઃખની વાત મને જણાવ. જે સાંભળી તને જલદી દુઃખ-મુક્ત કરું.

શુકનું આવા પ્રકારનું વચન સાંભળીને આશ્ચર્ય પામી ગુણાવલી કહે છે કે હે પક્ષીરાજ ! મારા સ્વામી વિદેશમાં છે, તે જ મને દુઃખ છે. તેમજ મારો સંદેશો પણ ત્યાં કોઇ લઇ જતું નથી. અને ત્યાંથી પણ અહીં કોઇ પ્રિયનો સંદેશ લાવતું નથી, આ દુઃખથી હું દુઃખી છું. મારા હૈયાનાં દુઃખની વાત ફક્ત કેવળી ભગવાન જ જાણે છે.

શુક કહે છે કે–હે બહેન ! તું ચિંતા ન કર. પત્ર લખીને મને આપ. હું તારા સ્વામીના હાથમાં પોતાના હાથે જ તે આપીશ.

આંખોમાંથી નિકળતાં ઘણા આંસુઓથી ભરાઇ ગયેલા મુખવાળી, રુદન કરતી તે ઉતાવળે–ઉતાવળે પત્ર લખીને મુદ્રાંકિત કરીને શુકને આપે છે. તે પણ પત્ર લઇ આકાશ-માર્ગે જતો અનુક્રમે વિમલાપુરીમાં આવીને ચંદ્રરાજાના હાથમાં પત્ર સોંપે છે.

ચંદ્રરાજા પણ તે પત્ર ઉઘાડીને વાંચવા લાગ્યો :–

'આભાપુરીથી તમારી ભાર્યા ગુણાવલી પ્રેમપૂર્વક વિજ્ઞપ્તિ કરે છે કે–હે વલ્લભ ! મને વિયોગદુઃખથી પીડિત જાણીને જલદી અહીં આવવા કૃપાદૃષ્ટિ કરવી ' આટલું અર્થથી જાણ્યું. બાકીનું આંસુ પડવાથી ભુંસાઇ ગયેલ કાગળ પૂરેપૂરો તેણે સારી રીતે ન વાંચ્યો.

## ચંદ્રરાજાની આભાપુરી જવાની તૈયારી

તે પછી પત્રનો ભાવાર્થ જાણી તે વિચારે છે કે-હું અહીં રહ્યો છું. મારી પ્રિયતમા ગુણાવલી ત્યાં એકલી કઇ રીતે દિવસો પસાર કરે? તેમ જ આભાપુરીની પ્રજાનું પાલન અને રાણીનું રક્ષણ મારે કરવું જોઇએ. કારણ કે તેની સાથે બાળપણથી અખંડિત સ્નેહ છે.

આ પ્રમાણે પત્ર જોવાથી રાજાનો તેનો મિલન સરખો આનંદ ક્ષણવારમાં વિષાદરૂપે પરિણમ્યો.

તે પછી ગુણાવલીના વિયોગ દુઃખ વડે વિષાદ પામેલા ચિત્તવાળા પતિને જોઇને પ્રેમલાલચ્છી પૂછે છે કે-હે સ્વામિન્! શું વિચારો છો? શું તમને પોતાનો દેશ યાદ આવ્યો છે? અથવા પ્રથમ પ્રિયા યાદ આવી છે? આ સોરઠ દેશ અને નવી આ સ્ત્રી શું તમને ગમતી નથી? હે નાથ! જો ગુણાવલી જ સ્મરણપથમાં આવી હોય અને તે કારણે જ જો વિષાદવાળા થયા હો તો તેને અહીં બોલાવો. હું તેના આદેશનું પાલન કરનારી હંમેશા કિંકરીની જેમ તેની સેવા કરીશ. વળી બીજી વાત એ છે કે-જો મારા પિતાએ આ સોરઠદેશનું રાજ્ય તમને સોંપ્યું છે, તો સુખપૂર્વક તમે તે રાજ્યનું પાલન કરો. મુખમાં આવેલા કોળિયાને મૂકી દેવા કેમ વિચારો છો?

ચંદ્રરાજા કહે છે કે-હે ચંદ્રાનને! આજે મારી આભાપુરી નગરી રાજા વગરની શૂન્ય છે, નાયક વગરના દેશની વ્યવસ્થા કેવી રીતે સંભવે? વીરમતીથી અત્યંત પીડાયેલા

સીમાડાના રાજાઓ પણ હમણાં પોતાના દેશને અત્યંત ઉપદ્રવ કરે છે, તેથી ત્યાં જઈને તેઓને પણ મારે અવશ્ય વશ કરવાના છે. ત્યાંથી પત્ર આવ્યો છે, આથી હે પ્રિયા ! અહીં હું કેવી રીતે રહું ? તેથી–

इअ पियवयं सोच्चा, रहस्सं तस्स वेयइ ।
बुद्धिमंता हि जाणंति, गूढवत्तं पि सत्तरं ॥ ८५ ॥

આ પ્રમાણે પ્રિયનું વચન સાંભળીને તેનું રહસ્ય તે જાણે છે. બુદ્ધિમાન પુરુષો ગુપ્ત વાત તરત જાણે છે. ૮૫

પતિભક્તિપરાયણ તે પણ તેનું વચન માન્ય કરે છે. તેથી ચંદ્રરાજ મકરધ્વજ પાસે જઈને પોતાની બધી હકીકત જણાવીને કહે છે કે–હે રાજન ! આભાપુરીથી આવવા માટે આમંત્રણ આવ્યું છે, તેથી ત્યાં અવશ્ય જવાનું છે, તે રાજ્યની પણ રક્ષા કરવી જોઈએ. હમણાં તે નગરી રાજા વિના શૂન્ય છે, આપ મને ઘણા પ્રકારે પરિપૂર્ણ સુખ અને અને મોટું પદ આપ્યું. તેથી આપને મૂકીને ત્યાં જવું મને રુચતું નથી, તમારો મારી ઉપર મોટો ઉપકાર છે, તમારા સ્નેહપાશથી બંધાયેલો તમને ક્યારેય હું ભૂલીશ નહિ; આથી કૃપા કરીને હમણાં ત્યાં જવા માટે અનુજ્ઞા આપો. જેથી ત્યાં પોતાના રાજ્યનું પાલન કરું.

खेमपत्तं किवं किच्चा, पेसियव्वं ममोवरिं ।
समए सुहसमायार–प्पयाणाऽऽणंदकारणं ॥ ८६ ॥
मइ नेहो जहा अत्थि, धरियव्वो सया तहा ।
वीसरिस्सं कया हं न, उवयारगुणं तुव ॥ ८७ ॥

કૃપા કરીને સમયે સુખસમાચાર આપી આનંદના કારણ રૂપ કુશળપત્ર મારી ઉપર મોકલજો. ૮૬

જેવો મારી ઉપર સ્નેહ છે, તેવો હંમેશા રાખજો. હું તમારા ઉપકારગુણને ક્યારે ય ભૂલીશ નહિ. ૮૭

આ પ્રમાણે ચંદ્રરાજાનાં વચનો સાંભળી મકરધ્વજ રાજાએ ત્યાં રહેવા માટે ઘણા ઉપાય કર્યા. તોપણ તે પોતાનો વિચાર છોડતા નથી. તેથી મકરધ્વજ રાજા કહે છે કે-'હે રાજેન્દ્ર !' મદોન્મત્ત હાથી હાથમાં રહેતો નથી. ખેડૂતને બાંધી રાખ્યે ખેતી થતી નથી, માગેલા આભરણ હંમેશા રહેતા નથી, મહેમાનો ઘરમાં હંમેશા રહેતા નથી. પરદેશી સાથે સ્નેહ શું હંમેશ સ્થિરતા પામે ? તમને રોકવા હું અશક્ત છું, તેથી સુખેથી પોતાની નગરીમાં જાઓ. તમે અહીંથી જશો પરંતુ મારા હૈયામાંથી જો જાવ તો તમને હું પ્રશંસા પાત્ર ગણું, આ પ્રમાણે ઘણા યુક્તિયુક્ત વચનો વડે સમજાવ્યા છતાં પણ ચંદ્રરાજા પોતાના આગ્રહને છોડતો નથી, તેથી તે તેને જવા માટે રજા આપે છે.

તે પછી તેના ગમન માટે પ્રયાણની સર્વ સામગ્રી તૈયાર કરવા માટે તે સેવકોને આદેશ કરે છે.

ચંદ્રરાજા હર્ષિત ચિત્તવાળો પોતાના આવાસે આવીને પોતાના સામંત વર્ગને તૈયારી કરવા કહે છે.

## ચંદ્રરાજા સાથે જતી પ્રેમલાલચ્છીને માતપિતાની હિતશિક્ષા

આ તરફ મકરધ્વજ રાજા પ્રેમલાલચ્છીને બોલાવીને કહે છે કે—હે પુત્રી ! તું અમને ગુણરત્નના કરંડિયાની જેમ

અત્યંત પ્રિય છે, તારા સ્વામી પોતાની આભાપુરી તરફ જવા માટે હમણાં ઉત્સુક થયા છે, ઘણું સમજાવ્યા છતાં પણ તે અહીં રહેતા નથી, તેથી તારી ત્યાં જવા માટે શું ઈચ્છા છે? અથવા અહીં રહેવા માટે તું ઇચ્છે છે? પ્રેમલાલચ્છી કહે છે–

ताय! तुं किं न याणेसि, सईण चरियं वरं ।
छाहिव्व नियभत्तारं, सई नेव विमुंचइ ॥ ८८ ॥

હે પિતા! શું તમે સતીઓના શ્રેષ્ઠ ચરિતને જાણતા નથી? સતી પોતાના પતિને છાયાની જેમ છોડતી નથી. ૮૮

તેથી હું પોતાના પતિ સાથે જઇશ. પહેલાં પણ તેનાથી છેતરાયેલી મેં અસહ્ય પીડા અનુભવી. હવે તેના વગર ક્ષણવાર પણ અહીં રહીશ નહિ. એ પ્રમાણે વચન સાંભળી મકરધ્વજ રાજાએ 'આ પતિભક્તિ પરાયણ છે.' તેથી તેણે જવું એ જ સારું, એ પ્રમાણે જાણ્યું. તેમજ પ્રેમલાલચ્છીની જવાની ઇચ્છા જાણીને તેની માતા વિચારે છે–

पुत्तं जायं वरं मण्णे, नियगेहविहूसणं ।
पुत्तं दक्खमवि मण्णे, परगेहस्स मंडणं ॥ ८९ ॥
पुत्रीमंता परायत्ता, परगेहसुहंकरा ।
पुत्तीणं सयगेणावि, सुण्णं होइ गिहं नियं ॥ ९० ॥
परिणीआ सया पुत्ती, भत्तारं चिअ पासइ ।
पिउहरं न चिंतेज्जा, जणगवच्छला वि सा ॥ ९१ ॥

હું ઉત્પન્ન થયેલ પુત્રને શ્રેષ્ઠ માનું છું, કારણ કે તે

પોતાના ઘરના આભૂષણરૂપ છે, ચતુર એવી પણ પુત્રીને હું પરગૃહના આભૂષણરૂપ માનું છું. ૮૯

પુત્રીવાળા પરાધીન હોય છે, પારકા ઘરને સુખ કરનારા છે, સો પુત્રી હોય તોપણ પોતાનું ઘર શૂન્ય થાય છે. ૯૦

પરણાવેલી પુત્રી હંમેશા ભર્તારને જ જુએ છે. પિતા ઉપર પ્રેમવાળી હોવા છતાં તે પિતાના ઘરનો વિચાર કરતી નથી. ૯૧

સાસરાનું ઘર પુષ્કળ ધનથી ભરેલું હોવા છતાં તે પુત્રી સામાન્ય ધનવાળા પિતાના ઘરેથી પણ ધન લઇ જવા ઇચ્છે છે. નીતિશાસ્ત્રમાં પણ કન્યાને સાક્ષાત્ ચિંતા કહી છે. કહ્યું છે કે–

> कि लट्ठं लहिही वरं पिययमं, किं तस्स संपज्जिही,
> किं लोयं ससुराइयं नियगुणग्गामेण रंजिस्सए ।
> किं सीलं परिपालिही पसविही, किं पुत्तमेवं धुवं,
> चिंता मुत्तिमई पिऊण भवणे, संवट्टए कन्नगा ॥ ९२ ॥

તે ઉત્તમ વરને શું પામશે ? તેને પ્રિય થશે ? સાસરા વગેરે લોકને પોતાના ગુણના સમૂહથી શું આનંદ પમાડશે ? શીલને શું પાલન કરશે ? નિશ્ચે શીલવંત પુત્રને જન્મ આપશે ? આ પ્રમાણે પિતાના ઘરમાં કન્યા સાક્ષાત્ ચિંતા રૂપે હોય છે. ૯૨

આ પ્રમાણે વિચારતી મહાદેવી રાજાને કહે છે.

> सामि ! पुत्तिं वियाणाहि, पियसोक्खाणुसारिणिं ।
> जोव्वणं दुद्दमं मण्णे, जुवईणं पियं विणा ॥ ९३ ॥

હે સ્વામિન્ ! પુત્રીને પ્રિયના સુખને અનુસરનારી જાણવી.

કારણ કે યુવતીઓને પ્રિય વિના યૌવન દુર્ગમ્ય હોય એમ હું માનું છે. ૯૩

આથી તે તેના પ્રિય સાથે જાય. તે પછી પ્રેમલાલચ્છીના માતા–પિતાએ તેને તૈયાર કરીને મનને આનંદ પમાડે તેવો દાસ–દાસી વર્ગ, શયન–આસન–વસ્ત્ર--રત્નાભૂષણ--શ્રેષ્ઠ વાહન અને મધુર ખાદ્ય પદાર્થો તેને આપે છે.

તે પછી ચંદ્રરાજા અશ્વરત્ન ઉપર ચઢી ત્યાં આવી રાજાને પ્રણામ કરીને પ્રયાણની અનુજ્ઞા માગે છે. હવે શણ-ગાર સજેલી પ્રેમલાલચ્છીને વાહનમાં બેસાડીને સ્ત્રી સહિત મકરધ્વજ રાજા ચંદ્રરાજાને કહે છે કે–હે રાજન્ ! આજ સુધી તમારી થાપણની જેમ મેં આ પુત્રીને કલ્પવૃક્ષની જેમ રાખી અને મોટી કરી, આજે તે તમને સોંપું છું, જેવી રીતે તેની પ્રતિષ્ઠા વધે તેવી રીતે તેને સારી રીતે પાલન કરજો. ભોળી એવી આ બાલિકા કયારેય ઘરથી બહાર નીકળી નથી, કોઇ ઠેકાણે તેની ભૂલ થાય તો માફ કરજો. માત--પિતાને પુત્રીનો વિરહ શલ્યની જેમ અસહ્ય થાય, તેને મોકલવા માટે ચિત્ત ઉત્સાહ કરતું નથી, તોપણ પતિની સાથે જતી એવી તેને અમે રોકવા સમર્થ નથી. આ રાજ્ય તમારું જ છે, તેનું પાલન કરવા તમે જલદી આવજો, વડની શાખાની જેમ તમારા મનોરથો વિસ્તાર પામો.

તે પછી પ્રેમલાલચ્છીને આલિંગન કરી તેની માતા કહે છે-- હે પુત્રી ! સાસરાને ઘરે જઇને સદાચાર વડે પોતાના

પિતાની પ્રતિષ્ઠા વધારજે. શોકયને મોટી બેનની જેમ માનીને વિનયથી નમ્ર થઈ તેના વચનનું પાલન કરજે. સાસુ-સસરા ઘરમાં નથી, તેથી પ્રિયતમના ચિત્તને સંપૂર્ણ અનુસરજે. કોઇની સાથે ફોગટ રોષ કરતી નહિ.

तु दक्खा सि त्ति जाणामि, पमाओ होज्ज नो तव ।
तह वि अम्हाणमायारो, तेण हियं वयामि हं ॥ ९४ ॥
समागयम्मि कट्ठम्मि, धम्मज्झाणपरा सया ।
तुमं सद्धम्मकिच्चेसु, पमायं मा विहिंज्जसु ॥ ९५ ॥
धरियव्वं न मुद्धत्तं, जत्थ तत्थ कया वि हिं ।
दाणपुण्णाइकिच्चेसु, मा विग्धकारिणी भव ॥ ९६ ॥

તું ચતુર છે એ હું સમજું છું, તારી ભૂલ ન થાય, તોપણ અમારો આચાર છે, તેથી હું હિત વચન કહું છું. ૯૪

કષ્ટ આવે ત્યારે હંમેશા ધર્મધ્યાનમાં તત્પર થજે, તું ઉત્તમ ધર્મકાર્યોમાં પ્રમાદ કરતી નહિ. ૯૫

જ્યાં ત્યાં કયારેય ભોળપણ રાખવું નહિ. દાન-પુણ્ય આદિ કાર્યોમાં અંતરાય કરનારી થતી નહિ. ૯૬

યથાયોગ્ય બંને કુળની વૃદ્ધિ કરનારી સુખપૂર્વક રહેજે, એમ કહીને વિયોગના દુઃખ વડે દુઃખિત એવી તે આંસુઓની ધારા વડે તેને ન્હવરાવે છે. પ્રેમલાલચ્છી પણ માત-પિતાના વિયોગમાં ઘણું દુઃખ ધારણ કરે છે. તેની બાળપણથી સાથે ફરનારી સખીઓ ચારે બાજુથી એક ઠેકાણે મળીને તેના વિયોગથી દુઃખી થયેલી ત્યાં આવી. પ્રેમલાલચ્છીએ તેઓને સ્નેહગર્ભિત વચનો વડે શાંત કરી, તે વખતે આકાશમાં રહેલા ખેચરો પણ પોતાના રથને અટકાવી ક્ષણવાર ત્યાં ઊભા રહ્યા. તે પછી સ્નેહ સહિત દષ્ટિથી સર્વને બોલાવીને પ્રેમલાલચ્છી પ્રયાણની દિશા ગ્રહણ કરે છે.

હવે સાસુ ચંદ્રરાજાના કપાળમાં કંકુ વડે તિલક કરીને હસ્તકમળમાં પૂર્વના પુણ્યના પૂંજ સમાન નાળિયેર ફળ આપે છે. તે પછી ચંદ્રરાજાએ આદેશ કરવાથી સૈનિકોએ તેની સાથે પ્રયાણ કર્યું. દુંદુભિના અવાજથી દિશાઓને ગજાવતો, મકરધ્વજ રાજા વડે અનુસરાયેલો ચંદ્રરાજા નગરીના મધ્ય માર્ગેથી નીકળતો ચતુષ્પથ-ચૌટામાં આવ્યો. ત્યાં નગરજનો તેને મુક્તાફળ વડે વધાવે છે. તેના ગુણગાન કરતી યુવતીઓ અને પ્રેમલાલચ્છીની સખીઓ 'ચંદ્રરાજા ચિરકાળ જીવો' એ પ્રમાણે આશિષ આપે છે. ફરી આ નગરીમાં તરત આવીને દર્શન આપજો, અમે તમારો મંગળદીપ કરશું.

આ પ્રમાણે સર્વના શુભ આશીર્વાદ લઇને તે સર્વે આનંદ-મહોત્સવ અને શોભા સહિત જતાં સિદ્ધાચલ ગિરિવરની પાસે આવ્યા.

## વિમલગિરિની યાત્રા કરીને ચંદ્રરાજાનું પ્રયાણ

ત્યાં તલેટી પાસે આવીને શ્વસુર આદિ પરિજનથી પરિવરેલા ચંદ્રરાજા શ્રી ઋષભદેવ જિનેશ્વરની સ્તુતિ કરતાં મહાતીર્થને વંદન કરે છે અને સ્તુતિ કરે છે.

नमुक्कारसमो मंतो, सत्तुंजयसमो गिरी ।
सुज्जकुंडभवं नीरं, न संति भुवणत्तए ॥ ९७ ॥
किच्चा पावसहस्साइं, हच्चा जंतुसयाणि य ।
इमं तित्थं समासज्ज, तिरिया वि दिवंगया ॥ ९८ ॥
सत्तुंजयं हि झाइत्ता, नमिअ रेवयायलं ।
गयपए सिणाइत्ता, पुणो जम्मो न विज्जइ ॥ ९९ ॥
जो दिट्ठो हरए पावं, णओ हणइ दुग्गइं ।
सिद्धगिरी जएउजेसो, अक्खयाणंददायगो ॥ १०० ॥

નમસ્કાર સમાન મંત્ર, શ્રી શત્રુંજય સમાન ગિરિ અને સૂર્યકુંડનું પાણી ત્રણેય ભુવનમાં નથી. ૯૭

હજારો પાપ કરીને, સેંકડો જીવોને હણીને આ તીર્થને પામીને તિર્યંચો પણ સ્વર્ગમાં ગયા છે. ૯૮

શત્રુંજયનું ધ્યાન કરી, રૈવતગિરિ (ગિરનાર)ને નમસ્કાર કરી, ગજપદ કુંડમાં સ્નાન કરવાથી ફરીથી જન્મ લેવો પડતો નથી. ૯૯

જેનું દર્શન કરવાથી પાપ દૂર થાય છે, નમસ્કાર કરવાથી દુર્ગતિ નાશ પામે છે તે અક્ષય આનંદને આપનાર સિદ્ધગિરિ જયવંતો વર્તે છે. ૧૦૦

આ પ્રમાણે સ્તુતિઓ બોલીને વિમલાચલ ગિરિવર ઉપર ચઢીને શ્રી ઋષભદેવ પ્રભુની પૂજા કરી અનુક્રમે સર્વ ચૈત્યોને વંદન કરીને પછી તલેટીએ આવ્યા.

તે પછી ચંદ્રરાજા મકરધ્વજ રાજા વગેરે સર્વને પાછા મોકલીને આભાપુરી તરફ પ્રયાણ કરે છે. મકરધ્વજ રાજા તેની રજા લઈને વિમલાપુરી તરફ ગયા.

પરિવાર સહિત શિવકુમાર પણ ચંદ્રરાજા સાથે નીકળે છે. તે માર્ગમાં હંમેશા નવા નવા નાટક કરતો તેના ચિત્તને આનંદ પમાડે છે.

આ પ્રમાણે ચંદ્રરાજા નિરંતર પ્રયાણ કરતો, વિવિધ દેશોને જોતો અનેક રાજાઓને પોતાને આધીન કરતો,

પોતાના સૈન્યમાં વૃદ્ધિ કરતો પગલે પગલે દરેક નગરમાં રાજકન્યાઓને પરણતો અનુક્રમે પોતનપુરમાં આવ્યો. તેના પરિસરમાં સૈન્યસહિત તે નિવાસ કરે છે.

આ તે જ નગર છે કે જ્યાં પહેલા ચંદ્રરાજા કૂકડાપણે ત્યાં આવ્યો હતો અને તેના સ્વરને શકુન માનીને શ્રેષ્ઠિપુત્ર લીલાધર જે વિદેશમાં ગયો હતો, તે દૈવયોગે તે જ દિવસે વિદેશથી ઘરે આવ્યો હતો. તેથી તેના આખા કુટુંબમાં આનંદ પ્રવર્ત્યો હતો.

## પોતનપુરમાં આગમન

તે લીલાધરની પત્ની લીલાવતીએ કૂકડાની સાથે પરમ સ્નેહ તે વખતે બાંધ્યો હતો. તે કૂકડાપણાના સ્નેહને યાદ કરતી પોતાના પ્રિયની રજા લઈને ચંદ્રરાજાને પોતાના ઘરે ભોજન માટે આમંત્રણ આપે છે. ઘણા પ્રકારના સ્વાદિષ્ટ ભોજનો વડે તેની ભક્તિ કરે છે તે ચંદ્રરાજા પણ તેને બહેન સમાન ગણતો વસ્ત્રાભરણ આદિથી તેનો સત્કાર કરે છે. તે પછી તેની રજા લઈ પોતાના આવાસે આવ્યો. તે દિવસે રાત્રિની અંદર શું થયું તે સાંભળો.

## ઇંદ્રે કરેલી ચંદ્રરાજાના શીલની પ્રશંસા

આ તરફ દેવસભામાં રહેલ દેવેન્દ્ર દેવોની આગળ કહે છે કે જંબૂદ્વીપમાં ભરતક્ષેત્ર છે, ત્યાં આભાનગરીમાં ચંદ્રરાજા રાજ્ય કરે છે, તેની અપરમાતા વીરમતીએ તેને કૂકડો બનાવી

દીધો હતો, તે સિદ્ધાચળ ગયો હતો, ત્યાં મહાતીર્થના પ્રભાવે સૂર્યકુંડમાં સ્નાન કરવાથી મનુષ્યપણું પામ્યો. સ્વદાર સંતોષી તે હમણાં પોતનપુરમાં રહ્યો છે. મેરુ પર્વતની જેમ તે રાજાને શીલથી ચલાયમાન કરવા માટે દેવ કે વિદ્યાધર કોઈ સમર્થ નથી.

## દેવે વિદ્યાધરી રૂપે આવીને ચંદ્રરાજાના શીલની પરીક્ષા કરી

આ પ્રમાણે ઇંદ્રનું વચન સાંભળી, અશ્રદ્ધા કરતો કોઈ દેવ તરત જ મધ્યરાત્રિએ પોતનપુરમાં આવ્યો. તે અત્યંત મનોહર વિદ્યાધરીનું રૂપ વિકૂર્વીને ઉદ્યાનની અંદર કરુણ સ્વરે રુદન કરે છે. નિદ્રારહિત થયેલો ચંદ્રરાજા રુદનનો શબ્દ સાંભળીને વિચારે છે કે–અહો ! હમણાં અર્ધરાત્રિના સમયે કોઈ દુ:ખી અબળા છે કે જે આ પ્રમાણે રડે છે, તેની તપાસ કરવી જોઇએ, એમ વિચારીને પરોપકાર કરવામાં તત્પર તે એકલો હાથમાં તલવાર લઈ તરત જ રુદનના શબ્દને અનુસારે જતો ઉદ્યાનના નિકુંજ ભાગમાં આવ્યો. ત્યાં કામદેવની દીપમાળા જેવી દિવ્ય અલંકારોથી વિભૂષિત દેહવાળી તે વિદ્યાધરીને જોઈને વિસ્મય પામી તે પૂછે છે કે હે સુંદર અંગવાળી ! તું એકલી મધ્યરાત્રિએ કયા દુ:ખ વડે અહીં રહી રડે છે ? તું કોણ છે ? મારાથી ભયની શંકા ન કર. તારે જે દુ:ખ હોય તે નિ:શંક મનથી મને કહે, હું તારું દુ:ખ દૂર કરીશ.

આ પ્રમાણે ચંદ્રરાજાનાં વચનો સાંભળીને તે કહે છે કે– 'હે આભાનરપતિ! હું વિદ્યાધરની દુઃખસાગરમાં ડૂબેલી પુત્રી છું. મારી હકીકત ન કહી શકાય એવી છે, મારો ક્રૂર સ્વભાવવાળો સ્વામી રોષ પામી મારી સાથે કલેશ કરી દીન એવી મને અહીં મૂકીને કોઇ ઠેકાણે ગયો છે, તેવા પ્રકારે ન કરવા યોગ્ય અકાર્ય તેણે કર્યું છે, અનાથ એવી હું ક્યાં જાઉં? અબળા એવી મારી કઈ ગતિ થશે? તે કારણથી નિરાધાર અને દીન એવી હું રડું છું.

दुब्बलस्स बलं राया, बालाणं रोयणं बलं ।
बलं मुक्खस्स मोणत्तं, चोरस्स अणओ बलं ॥ १०१ ॥

દુર્બળનું બળ રાજા છે, બાળકોનું બળ રુદન છે, મૂર્ખનું બળ મૌન છે, ચોરનું બળ અનીતિ છે. ૧૦૧

હમણાં તમે મારું આક્રંદ સાંભળીને અહીં આવ્યા છો, આથી મારી રક્ષા કરો. રુદન કરતી એવી મારો ત્યાગ કરવો યોગ્ય નથી. મને ભાર્યાપણે સ્વીકારીને તમે દુઃખસમુદ્રમાંથી મારો ઉદ્ધાર કરો. જગતમાં તમારો યશ વૃદ્ધિ પામશે. ક્ષત્રિય પુરુષો શરણાગત વત્સલ સંભળાય છે. આથી હે ક્ષત્રિયનરવૃષભ! તમે મારી પ્રાર્થનાનો ભંગ ન કરો. પરોપકારમાં આસક્ત એવા પુત્રને કોઇક જ માતા જન્મ આપે છે. કહ્યું છે કે–

नियउअरपूरणे विहु, असमत्था तेहिं किंपि जाएहिं ।
सुसमत्था जे न परो–वयारिणो तेहिं वि न किंपि ॥ १०२ ॥
परपत्थणापवन्नं, मा जणणि! जणेसि एरिसं पुत्तं ।
मा उअरे वि धरिज्जसु, पत्थिअभंगो कओ जेण ॥ १०३ ॥

विहलं जो अवलंबइ, आवइपडियं च जो समुद्धरइ ।
सरणागयं च रक्खइ, तिसु तेसु अलंकिआ पुढवी ॥ १०४ ॥

કેટલાક પોતાનું પેટ ભરવા પણ અસમર્થ હોય છે તેઓના જન્મ વડે શું? વળી જે સમર્થ હોવા છતાં પરોપકાર કરતા નથી. તેઓના જન્મથી પણ કાંઇ લાભ નથી. ૧૦૨

હે માતા! જે પારકા પાસે યાચના કરે છે, એવા પુત્રને તું જન્મ આપીશ નહિ. વળી જેણે પ્રાર્થનાનો ભંગ કર્યો છે, એવા પુત્રને તો તું ઉદરમાં ધારણ કરતી નહિ. ૧૦૩

જે દુઃખી માણસને આલંબન આપે છે, સંકટમાં પડેલાનો જે ઉદ્ધાર કરે છે, અને શરણે આવેલાનું જે રક્ષણ કરે છે, તે ત્રણ વડે આ પૃથ્વી અલંકૃત છે. ૧૦૪

તમારી આકૃતિ જ પરોપકારીપણાનું સૂચન કરે છે. આથી મને તમારું જ શરણ છે.

ચંદ્રરાજા તે સ્ત્રીનું વચન સાંભળીને કહે છે કે–હે ભદ્રે! ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલી સ્ત્રીઓને આવું વચન બોલવું યુક્ત નથી. ક્ષત્રિયો પરસ્ત્રીમાં આસક્ત થતા નથી. હે સુભગા! જે સ્ત્રી પરપુરુષને ઇચ્છે છે, તેનું મુખ પણ જોવા લાયક નથી. અતિમધુર પણ પારકાનું એંઠું પકવાન્ન ઉત્તમ પુરુષો ખાતા નથી. એંઠું અન્ન તો કાગડા અને શિયાળ વગેરે ખાય છે, સિંહ તો પોતે હણેલા હાથીને જ ખાય છે. આથી હે મુગ્ધા! અયુક્ત વચન ન બોલ. જો તું કહે તો તારા ધણી સાથે મેળાપ તને કરાવું. આ જગતમાં જે અકુલીન હોય છે, તે જ પરસ્ત્રીમાં આસક્ત થાય છે. કહ્યું છે કે–

अलसा होइ अकज्जे, पाणिवहे पंगुला सया होइ ।
परतत्तीसु अ वहिरा, जच्चंधा परकलत्तेसु ॥ १०५ ॥
जो वज्जइ परदारं, सो सेवइ नो कयावि परदारं ।
सकलत्ते संतुट्ठो, सकलत्तो सो नरो होइ ॥ १०६ ॥
ते कह न वंदणिज्जा, रूवं दट्ठूण परकलत्ताणं ।
धाराहयव्व वसहा, वच्चंति महिं पलोअंता ॥ १०७ ॥
सुविसुद्धसीवजुत्तो, पावइ कित्तिं जसं च इह लोए ।
सव्वजणवल्लहो च्चिय, सुहगइभागी अ परलोए ॥ १०८ ॥
वरं अग्गिम्मि पवेसो, वरं विसुध्धेण कम्मुणा मरणं ।
मा गहियव्वयभंगो, मा जीअं खलियसीलस्स ॥ १०९ ॥

(ઉત્તમ પુરુષો) અકાર્યમાં આળસુ હોય છે, જીવની હિંસા કરવામાં હંમેશા પાંગળા હોય છે, પારકાની નિંદા સાંભળવામાં બહેરા હોય છે. ૧૦૫

જે પરસ્ત્રીનો ત્યાગ કરે છે, તે ક્યારેય પારકાના દારને સેવતા નથી, જે પોતાની સ્ત્રીમાં સંતુષ્ટ હોય છે, તે મણુસ સર્વનું રક્ષણ કરનાર થાય છે. ૧૦૬

જેમ ધારાથી હણાયેલા વૃષભો પૃથ્વી તરફ જોતા ગમન કરે છે, તેમ પરસ્ત્રીનું રૂપ જોઇ નીચે જુવે છે તે કેમ વંદન કરવા લાયક ન થાય. ૧૦૭

સુવિશુદ્ધ શીલથી યુકત હોય તે આ લોકમાં યશ-કીર્તિને પામે છે અને સજ્જનોને પ્રિય થાય છે અને પરલોકમાં સુખ ભોગવનાર થાય છે. ૧૦૮

અગ્નિમાં પ્રવેશ કરવો સારો, વિશુદ્ધ કાર્ય વડે મરવું સારું, પણ ગ્રહણ કરતા વ્રતનો ભંગ સારો નથી, અને શીલભ્રષ્ટ થયેલાનું જીવિત સારું નથી. ૧૦૯

આથી કુલીન માણસો પ્રાણાંતે પણ નિંદિત કાર્ય કયારે ય કરતા નથી.

આ પ્રમાણે ચંદ્રરાજાનાં વચનો સાંભળીને ઉત્કૃષ્ટ રોષવાળી તે વિદ્યાધરી તેને કહે છે-જો મારી પ્રાર્થનાને તમે સ્વીકારતા નથી તો તમે ક્ષત્રિયકુળમાં ઉત્પન્ન થયેલા નથી. હમણાં જો તમે મારો સ્વીકારનહીં કરો તો હું તમને સ્ત્રીહત્યાનું પાપ આપીશ તેથી કૃપા કરીને-

खत्तियकुलजाओ सि, परकज्जरओ जइ ।
तो मे सरणहीणाए, वयणं अणुमन्नसु ॥ ११० ॥

જો તમો ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થયા છો અને પરકાર્યમાં રત છો, તો શરણ રહિત એવું મારું વચન કબૂલ કરો. ૧૧૦

ચંદ્રરાજા કહે છે કે હે સુંદરી! સ્ત્રીહત્યાના પાપ કરતાં પણ શીલભંગનું પાપ વધારે કહેવાય છે; તું સાંભળ-પહેલા દશરથ રાજાના પુત્ર રામની પત્ની સીતાનું અપહરણ કરવાથી રાવણ મૃત્યુ પામીને દુર્ગતિમાં ગયો. પાંડવોની સ્ત્રી દ્રૌપદીનું હરણ કરવાથી પદ્મોત્તર રાજા દુઃખી થયો. અહલ્યાનો સંગમ કરવાથી ગૌતમઋષિના શાપથી ઇંદ્ર હજાર યોનિપણાને પામ્યો. હિમાલયની પુત્રી પાર્વતીની અભિલાષા કરવાથી ભસ્માંગદ અસુર ભસ્મીભૂત થયો. આ પ્રમાણે પરસ્ત્રીના સંગમાં આસકત કોણ લોકમાં સુખી થયો? જે અખંડિત શીલવ્રત પાળે છે, તે અહીં સુખ અનુભવીને શાશ્વત અવ્યાબાધ સુખ પામે છે,

સ્ત્રીઓ સંસારસમુદ્રમાં ડૂબવા માટે શિલા સમાન છે, તેથી તેનો ત્યાગ કરીને અનેક ભવ્ય જીવો સંસાર સમુદ્ર પાર પામ્યા. લોહપુતળીની જેમ પરસ્ત્રીનું આલિંગન કરી કેટલાય પુરુષો સંસાર સમુદ્રમાં ડૂબી ગયા છે કે આજ સુધી તેઓ બહાર નીકળ્યા નથી. વળી—

ललियंग कुमारो वि, परित्थीसंगमुस्सुओ ।
असज्झदुक्खमावन्नो, कामभोगांधिओ जडो ॥ १११ ॥

પરસ્ત્રીના સંગમાં ઉત્સુક, કામભોગોમાં અંધ બનેલ, જડ લલિતાંગ કુમાર પણ અસહ્ય દુઃખોને પામ્યો છે. ૧૧૧ કહ્યું છે કે

संसारे हयविहिणा, महिलारूवेण मंडियं पासं ।
बज्झंति जाणमाणा, अयाणमाणा वि बज्झंति ॥ ११२ ॥
गंगाइ वालुअ सायरे जलं हिमवओ य परिमाणं ।
जाणंति बुद्धिमंता, महिलाहिययं न याणंति ॥ ११३ ॥
उन्नयमाणा अखलिय–परक्कम सुपंडिआ वि गुणकलिआ ।
महिलाहिं अंगुलीसु अ, नच्चाविज्जंति ते वि नरा ॥ ११४ ॥

હત્યારા વિધાતાએ સંસારમાં સ્ત્રીરૂપે જાળ પાથરી છે, તેમાં જાણનારા પણ બંધાય છે અને નહિ જાણનારા પણ બંધાય છે. ૧૧૨

ગંગામાં રેતી, સમુદ્રમાં પાણી, અને હિમાલયનું પરિમાણ બુદ્ધિમાન પુરુષો જાણે છે, પણ સ્ત્રીના હૃદયને જાણતા નથી. ૧૧૩

ઉન્નત માનવાળા, અસ્ખલિત પરાક્રમવાળા, ઉત્તમપંડિત અને ગુણથી શોભતા મનુષ્યો પણ સ્રીઓ વડે આંગળી ઉપર નચાવાય છે. ૧૧૪

હું એવી જાતનો મૂર્ખ નથી કે જાણવા છતાં પણ સંસારમાં ભ્રમણ કરી અસહ્ય દુઃખનું પાત્ર થાઉં. સ્રીહત્યાના ભયથી આ લોકમાં અગ્નિમાં બળેલો એક ભવમાં દુઃખ પામે છે, પરંતુ કામાગ્નિથી બળેલો મનુષ્ય ઘણા ભવોમાં હજારો દુઃખ પામે છે. તું મારી ધર્મબહેન છે અથવા ધર્મમાતા છે. તેથી ઉચ્ચકુળમાં ઉપજેલી તારો આવા પ્રકારના વચન વિકારો યોગ્ય નથી.

આ પ્રમાણે શીલવ્રતમાં દઢ બુદ્ધિવાળા ચંદ્રરાજાને જોઇને તે દેવ વિદ્યાધરીના રૂપનો ત્યાગ કરી, પોતાના રૂપે ત્યાં પ્રગટ થયો. સત્ય પ્રતિજ્ઞાવાળા ચંદ્રરાજાના મસ્તક ઉપર પુષ્પવૃષ્ટિ કરીને તે કહે છે કે તારા માતા-પિતાને ધન્ય છે. જેઓએ તેવા પ્રકારના શીલગુણથી યુકત ઉત્તમ પુત્ર મેળવ્યો છે. તું પણ જેવી રીતે ઇંદ્રે પ્રશંસા કરી તેવો શીલગુણથી સુશોભિત છે. જેથી મેં કપટપૂર્વક છેતર્યા છતાં પણ તું નિર્મળ શીલવ્રત ધારણ કરવાના સ્વભાવવાળો જણાયો છે. એમ કહી તેને નમસ્કાર કરી દેવ સ્વસ્થાને ગયો.

હવે ચંદ્રરાજા પણ ત્યાંથી પાછા ફરીને પ્રેમલાલચ્છીની પાસે ગયો.

પ્રભાતસમયે સર્વની અનુજ્ઞા લઇને ચંદ્રરાજા પોતનપુરથી પ્રયાણ કરે છે. માર્ગમાં અનેક રાજાઓને જીતતો અને

સાતસો રાજકન્યાઓને પરણી અનુક્રમે તે આભાપુરીથી પાસે આવ્યો.

તે વખતે તેનું આગમન સાંભળીને ગુણાવલી, સુમતિ મંત્રી અને નગરજનો ઘણો આનંદ પામ્યા. સર્વે તૈયાર થઈને ચંદ્રરાજાને મહોત્સવપૂર્વક તોરણ–ધ્વજાપતાકાથી સુશોભિત નગરીમાં પ્રવેશ કરાવે છે.

સર્વ લોકોથી પ્રણામ કરાયેલ મહારાજા સર્વ પ્રજાવર્ગનું સારી રીતે સન્માન કરે છે.

તે વખતે નગરીમાં પ્રવેશ કરતા ચંદ્રરાજાને જોવા માટે ઘણા માણસોના સમુદાય ત્યાં ભેગા થયા, દરેક ઘરે હર્ષના વધામણાં થયાં. તે વખતે દરેક માણસોના મનની અંદર ઘણો આનંદ પ્રગટ થયો. ભાટ–ચારણોના સમૂહ ચંદ્રરાજાના ગુણગાણ ગાવા લાગ્યા.

અસંખ્ય પ્રદેશવાળો જીવ જેમ શરીરમાં આત્મપ્રદેશો સાથે પ્રવેશ કરે છે, તેમ રાજા સંખ્યાતીત પરિવાર સાથે નગરીમાં પ્રવેશ કરે છે. પ્રવેશ સમયે તેની આગળ અનેક હાથી, ઘોડા, રથ, પાયદળ, ધ્વજ ધારણ કરનારા ચાલે છે, તે પછી તેની સાતસો પત્નીઓના સેંકડો રથો સાત નયના સો–સો ચક્રવાલની જેમ જાય છે.

ત્યાં મદોન્મત્ત ભ્રમરના ઝંકાર શબ્દથી ચંદ્રરાજાના યશને ગાતા હોય એમ મદઝરતા હાથીઓ શોભે છે, અનેક જાતના અશ્વોના સમૂહો દિશાઓને ગજાવે છે, ચંદ્રરાજાની

કીર્તિરૂપી નદીના તરંગ સરખા ઉછળતા ઘોડાઓ તેમજ વિજયની નિશાની સરખી પાંચ વર્ણની ધ્વજ-પતાકાઓ શોભે છે. પાયદળના સમૂહથી પરિવરેલો, લાંછન રહિત ચંદ્રરાજા જ્યોતિષ ચક્ર વડે ચંદ્રની જેમ શોભે છે. બીજાં પણ મેઘના શબ્દનું અનુકરણ કરતાં મંગલ વાજિંત્રો વાગે છે. પગલે પગલે નગરલોકો ચંદ્રરાજાને નમન કરતાં કહે છે કે–હે સ્વામિન્! ચાતકની જેમ તમારાં દર્શનને ઇચ્છતા અમે આજે તમને જોઇને કૃતાર્થ થયા છીએ. હે રાજન્! આપ દીર્ઘકાળ રાજ્ય કરો.

હાથી ઉપર ચઢેલ ચંદ્રરાજા યાચક લોકોને બહુ દાન આપતા જાય છે. કેટલીક પુરયુવતીઓ મોતીઓ વડે તેને વધાવે છે, કેટલીક સ્ત્રીઓ પગલે પગલે ધવલમંગળ ગાય છે, સ્થવીરવૃદ્ધાઓ તેને શુભાશિષ આપે છે.

ચંદ્રરાજા સર્વની તરફ અમૃત (મીઠી) દૃષ્ટિએ જોતો અનુક્રમે રાજમંદિર તરફ જાય છે. ગજરત્ન ઉપરથી ઊતરીને નિષધ પર્વત ઉપર સૂર્યની જેમ રાજસભામાં બેસે છે. તે પછી તે મંત્રી વગેરેને, તથા સર્વ નગરજનોને પ્રસન્નદષ્ટિએ જોઇને વિસર્જન કરે છે.

હવે સ્ત્રીઓ સાથે ચંદ્રરાજા પણ અંતઃપુરમાં આવ્યો. હર્ષિત થયેલી ગુણાવલી મહાદેવી ચંદ્રરાજાનાં ચરણોમાં પ્રણામ કરે છે. સાતસો સ્ત્રીઓ તે ગુણાવલીના પગમાં પડે છે. આ પ્રમાણે સર્વે પરસ્પર મળીને કૃતકૃત્ય થયા અને પરમ પ્રસન્ન ચિત્તવાળા થયા.

તે પછી રાજા સર્વ સ્ત્રીઓને નિવાસ માટે જુદા જુદા આવાસો આપીને પોતે ગુણાવલીના નિવાસમાં રહ્યો.

અત્યંત હર્ષિત મનવાળી તે ઉત્તમ રસવાળી રસોઇ બનાવીને પોતાના પતિને જમાડીને અત્યંત ખુશ કરે છે.

તેવી રીતે બીજી સર્વ પ્રિયાઓ પતિભક્તિમાં લીનચિત્ત-વાળી થઇને ચંદ્રરાજા સાથે ક્રીડા કરતી ક્ષીર નીરની જેમ જળ માછલીની જેમ સ્નેહ ભાવે રહેતી ક્યારેય શોક્યભાવ બતાવતી નથી.

જ્યાં ધણી અતિનિપુણ હોય ત્યાં વિષમતા થતી નથી, તેથી સાતસો સ્ત્રીઓ પણ એક ચિત્તની જેમ સાથે રહે છે, રમે અને વિવિધ ક્રીડા કરે છે.

ચંદ્રરાજાએ ગુણાવલીને પટ્ટરાણી પદે સ્થાપી. બીજી રાણીઓ પણ તે જોઇ પરમસંતોષ પામી.

આ પ્રમાણે ચંદ્રરાજા સુખપૂર્વક રાજ્ય કરતો નગરજનોને પણ ઘણો પ્રિય થયો.

હવે એકાંતમાં રહેલી ગુણાવલી હાસ્યજનક વચનો વડે પોતાના સ્વામી સાથે ક્રીડા કરતી કહે છે કે 'હે નાથ! આપના વિરહમાં મેં મહાકષ્ટપૂર્વક સોળ વર્ષ કાઢયા, હું તો મારી બહેન પ્રેમલાલચ્છીનો અત્યંત ઉપકાર માનું છું. તેનું કલ્યાણ થાઓ, સિદ્ધાચલ ગિરિવર પણ ચિરકાળ જયવંતો રહો. જેથી મને ફરીથી પણ તમારું દર્શન થયું તોપણ હે નાથ! સાસુ સાથે હું વિમલાપુરી ન ગઇ હોત તો પ્રેમલા-લચ્છીને કેવી રીતે પરણી શક્ત? તેથી તમારે મારો પણ ઉપકાર માનવો જોઇએ!'

ચંદ્રરાજ કાંઈક હસીને કહે છે કે–'હે પ્રિયા! આટલાં વર્ષ સુધી મેં પક્ષીપણું અનુભવ્યું, ત્યાં પણ તારો ઉપકાર માનીશ!'

ગુણાવલી કહે છે કે 'હે સ્વામી! જો તમે કૂકડો ન થયા હોત તો તમારું વિમલગિરિ ઉપર ગમન અને મહાતીર્થનું સ્પર્શન, વંદન અને આવા પ્રકારની સુખસંપત્તિ કેવી રીતે થાત? અને સંસારસમુદ્રને કેવી રીતે તરી શકાત? તેથી હે પ્રિય!

मम दे.से न पासाहि, गुणग्गाही भवाहि तुं ।
उत्तमपुरिसाणं हि, एस मग्गो सिया सया ॥ ११५ ॥

તમે મારા દોષોને ન જુઓ, અને ગુણગ્રાહી થાઓ, કારણ કે ઉત્તમ પુરુષોનો હંમેશા આ માર્ગ હોય છે. ૧૧૫ કહ્યું છે કે–

अवगणइ दोसलक्खं इक्कं मन्नेइ जे कयं सुकयं ।
सयणो हंससहावो, पिअइ पयं वज्जए नीरं ॥ ११६ ॥

સજ્જન લાખ દોષોને અવગણે છે, એક જે સારું કાર્ય કર્યું હોય તેને માન્ય કરે છે. સજ્જન હંસ સરખા સ્વભાવવાળો છે, હંસ દૂધ પીવે છે અને પાણીને છોડી દે છે. ૧૧૬

મંદબુદ્ધિવાળી હું સાસુની શિખામણને અનુસરનારી થઈ, તેનું ફળ પોતાના કર્માનુસારે મેં ઘણુ મેળવ્યું. હે પ્રાણનાથ! તમારા વિરહરૂપી અગ્નિથી પીડાયેલી મારા નેત્રોની અશ્રુઓની ધારા આજ સુધી સુકાઈ નથી, તેથી દૈવ પાસે પ્રાર્થના કરું છું કે–કોઈ ભવાંતરમાં આવી સાસુ મને મળજો નહિ, તેણે

મને એવી રીતે દંડ કર્યો કે જીવનપર્યંત તે ભૂલી શકીશ નહિ. જે દિવસે તમે શિવમાળાની સાથે ગયા, ત્યારથી માંડીને મારા જે દિવસો ગયા તે તો પરમાત્મા જ જાણે છે, હવે હું મનુષ્યભાવમાં આવી છું. હે સ્વામી! આ વાત તમને ખુશ કરવા માટે કહેતી નથી.'

હવે ચંદ્રરાજા સ્નેહપૂર્વક કહે છે– 'હે પ્રિયા! તારું કહેલું બધું મેં જાણ્યું. તને હું પ્રાણો કરતાં પણ અધિક માનું છું, તું મને બધી રીતે અનુકૂળ વર્તનારી છે, એ પ્રમાણે જાણીને હું પૂર્વના સ્નેહને યાદ કરતો, મકરધ્વજ રાજાએ વાર્યા છતાં પણ વિમળાપુરીથી અહીં તરત આવ્યો છું. હવે આ બધો ઘરનો કારભાર તું ચલાવ, હું તો ચિંતારહિત થઇ તારું જે આપેલું હોય તે ખાઇશ, અને ધર્મમાં બુદ્ધિ રાખી આનંદપૂર્વક ફરીશ.'

આ પ્રમાણે સ્વામીનાં વચન સાંભળીને ગુણાવલી ઘણો આનંદ પામી. આ પ્રમાણે પ્રતિદિન આનંદગોષ્ટિ કરતાં તેઓના દિવસો જાય છે.

એક દિવસ રાજસભામાં બેઠેલા ચંદ્રરાજા સકળ સામંત અને વિદ્વદ્વર્ગથી સેવાયેલો નગરજનોને બોલાવીને પોતાનું સર્વ વૃત્તાંત કહેવા લાગ્યો, તે સાંભળીને વિસ્મિત મનવાળા તેઓ બધા તેના પુણ્ય પ્રભાવને વખાણતાં શુભઆશિષ આપે છે. ત્યારથી માંડીને નગરલોકો યથાસ્થિત સુખ અનુભવવા લાગ્યા.

તે સાતસો અંતઃપુરની સ્ત્રીઓ હંમેશા હાવભાવ–વિલાસ સહિત નવ–નવું નિપુણપણું બતાવતી ગીતિ, પ્રહેલિકા, ગાથા

દોધક, છંદ વગેરે કાવ્યો વડે રાજાના ચિત્તને પ્રસન્ન કરે છે. ચંદ્રરાજા ઘણા પુણ્યોદય વડે તેઓની સાથે ઘણા પ્રકારે ભોગો ભોગવતો અખંડિત રાજ્ય પાળે છે.

શિવકુમાર વગેરે નટોના ઉપકારને યાદ કરી ચંદ્રરાજાએ પહેલાં ઘણું દ્રવ્ય આપ્યું હતું. હમણાં તે ગામ વગેરે સારભૂત વસ્તુઓ તેઓને આપી વિશેષે કરીને તે બધાને ખુશ કરે છે. કારણ કે ઉત્તમ પુરુષો ઉત્કૃષ્ટ સંપત્તિ પામીને પણ ઉપકારને ભૂલતા નથી. અધમ પુરુષો ધન મળ્યા પછી ક્યારે ય તે ઉપકારને યાદ કરતા નથી.

દશે ય દિશાઓમાં જેનો યશ વિસ્તાર પામ્યો છે એવો ચંદ્રરાજા સર્વત્ર પ્રસિદ્ધિ પામ્યો. તેના રાજ્યમાં સર્વ પ્રજા સુખી હતી. મનુષ્ય, દેવ અને તિર્યંચો પણ તેનો જય જય ઉચ્ચારે છે.

ગુણાવલી અને પ્રેમલાલચ્છીનો પણ પરસ્પર સ્નેહ તેઓનાં બે નેત્રની જેમ, ભારંડપક્ષીના દેહની જેમ અતિગાઢ થયો. જેથી ક્ષણ વાર પણ તેઓ વિયોગ સહન કરતી નથી. રાજા પણ તે બંને ઉપર સમાનભાવે જુએ છે. તેની દૃષ્ટિરૂપી તક્ર (છાશ)ના સંયોગ વડે તેઓનો સ્નેહરૂપી ગોરસ (દૂધ) પરમ સ્નિગ્ધપણાને પામ્યો.

## ગુણાવલી અને પ્રેમલાલચ્છીને પુત્રજન્મ

આ પ્રમાણે સુખવિલાસમાં મગ્ન તેઓના કેટલાક દિવસો ગયે છતે અનુક્રમે કોઇ દેવ દેવલોકમાંથી ચ્યવીને ગુણાવલીના

ઉદરમાં શુભસ્વપ્નથી સૂચિત પુત્રપણે અવતર્યો. ગર્ભના મહિના પૂર્ણ થયે છતે ગુણાવલી પુત્રરત્નને જન્મ આપે છે. ત્યારે

आणंदियमणा काई, अंतेउरनिवासिणी ।
नमंसित्ता निवं दासी, वुत्तजम्मं निवेयइ ॥ ११७ ॥
दारिद्रनासगं तीए, धणं दच्चा नरीसज्ञे ।
दव्वेण भूरिणा कासी, पुत्तजम्ममहूसवं ॥ ११८ ॥

આનંદિત મનવાળી અંતઃપુરમાં રહેનારી કોઇ દાસી રાજાને નમસ્કાર કરી પુત્રજન્મ નિવેદન કરે છે. ૧૧૭

રાજાએ તેના દારિદ્રને નાશ કરનારા ઘણું ધન આપીને, ઘણા દ્રવ્યથી પુત્રનો જન્મ મહોત્સવ કર્યો. ૧૧૮

ચંદ્રરાજા પ્રશસ્ત લક્ષણ યુકત પુત્રને જોઇને મનમાં આનંદ પામી બારમા દિવસે જન્મનક્ષત્રને અનુસાર ગુણથી યુકત **ગુણશેખર** એ પ્રમાણે નામ પાડે છે. સૂર્યની જેમ દેદીપ્યમાન, કામદેવ સમાન રૂપવાળો તે કલ્પવૃક્ષની જેમ માતા–પિતાના મનોરથો સાથે અનુક્રમે વૃદ્ધિ પામે છે.

તે પછી પ્રેમલાલચ્છી પણ રૂપના ભંડાર સરખા પુત્રને જન્મ આપે છે. રાજા તેનું **મણિશેખર** એ પ્રમાણે નામ સ્થાપે છે.

તે બંને પુત્રો સાથે વધતા, ક્રીડા કરતાં માતા–પિતાના ચિત્તમાં ઉત્કૃષ્ટ આનંદ ઉત્પન્ન કરે છે. ચંદ્રરાજા બંને પુત્રો-ને ખોળામાં રાખીને બાળક્રીડા વડે રમાડતો પરમ હર્ષ પામે છે. માનસ સરોવરના કાંઠે રાજહંસની જેમ વિલાસ કરતા

તે બંને પુત્રો શોભે છે. શત્રુસમૂહને શલ્ય સમાન અને પોતાના કુળના સ્તંભ સમાન તેઓ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની જેમ સાથે રહીને શસ્ત્રાસ્ત્ર વિદ્યાઓનો અભ્યાસ કરે છે. અનુક્રમે યૌવન પામી અશ્વરૂઢ અને ગજારૂઢ થઇ સ્વેચ્છાએ નગરમાં અને ઉદ્યાનમાં પરિભ્રમણ કરતા વિવિધ ક્રીડાઓ કરે છે. વિલાસ કરતા તે કુમારોનું સ્વરૂપ જોવા માટે સૂર્ય પોતાના રથને અટકાવીને ક્ષણવાર ત્યાં સ્થિર થતો હોય તેમ દેખાય છે. દેવેન્દ્ર પણ હાથી ઉપર ચઢેલા તેઓને જોઇને, 'આ મારા સિંહાસનને અપહરણ કરશે ' એમ શંકા કરે છે.

આ પ્રમાણે તુલના ન કરી શકાય એવા બળવાળા, વાસુદેવ સરખા ચંદ્રરાજાના શીલ પ્રભાવ વડે ત્રણ ખંડ ભરતમાં તેની અખંડ આજ્ઞા વગર પ્રયાસે વિસ્તાર પામી. કૃતજ્ઞશેખર ચંદ્રરાજા વિમલાચલગિરિના ઉપકારને યાદ કરતો રાત્રિદિવસ તેનું જ ધ્યાન કરતો કાલ પસાર કરે છે. અનુક્રમે તે પોતાના યશઃપુંજ સરખા અનેક નિર્મલ જિનચૈત્યો અને નવીન જિનબિંબો કરાવીને આચાર્ય ભગવંતો પાસે વિધિપૂર્વક પ્રતિષ્ઠા કરાવે છે.

एवं धम्मरओ भूवो, पेरंतो अवरे जणे ।
सया सद्धम्मकिच्चेसु, कुणेइ सासणुन्नइं ॥ ११९ ॥

આ પ્રમાણે ધર્મમાં રક્ત રાજા, બીજા લોકોને પણ ઉત્તમ ધર્મકાર્યોમાં પ્રેરણા કરતો હંમેશા શાસનની ઉન્નતિ કરે છે. ૧૧૯

## શ્રી મુનિસુવ્રત સ્વામીનું આભાપુરીમાં આગમન અને સમવસરણ

હવે શ્રી મુનિસુવ્રત તીર્થંકર ગ્રામાનુગ્રામ વિચરતા અનુક્રમે આભાપુરીમાં આવ્યા. ત્યાં કુસુમાકર ઉદ્યાનમાં ચારે નિકાયના દેવો આવીને સમવસરણ રચે છે. પરમાત્મા પૂર્વ દ્વારે સમવસરણમાં પ્રવેશ કરીને, ચૈત્યવૃક્ષને ત્રણવાર પ્રદક્ષિણા કરતા नमो तित्थस्स (તીર્થને નમસ્કાર થાઓ) એમ બોલીને પૂર્વાભિમુખ સિંહાસનમાં બેસી પ્રભુ ભવ્યજનોના સંદેહને દૂર કરનારી, દેવ મનુષ્ય અને તિર્યંચની ભાષાને અનુસરનારી, મેઘની ગર્જનાનું અનુકરણ કરનારી, સંસારના દુઃખથી સંતપ્ત પ્રાણી સમુદાયના સંતાપને અપહરણ કરનારી, યોજન પ્રમાણ ભૂમિમાં વિસ્તાર પામતી મધુર વાણી વડે દેવ, મનુષ્ય અને તિર્યંચની પર્ષદામાં ધર્મદેશના કરે છે.

આ તરફ દ્વારપાળ વડે નિવેદન કરાયેલ ઉદ્યાનપાલક રાજસભામાં આવીને પ્રણામ કરી સિંહાસન પર બેઠેલા ચંદ્રરાજ નૃપતિને પ્રણામ કરી જણાવે છે કે

सामि ! अम्हाण उज्जाणे, उक्किट्ठाणंददायगो ।
मुणिसुव्वयतित्थेसो, अज्ज इह समागओ ॥ १२० ॥

હે સ્વામી ! આજે અહીં આપણા ઉદ્યાનમાં ઉત્કૃષ્ટ આનંદને આપનારા શ્રી મુનિસુવ્રત તીર્થંકર પધાર્યા છે. ૧૨૦

ચંદ્રરાજા શ્રી જિનેશ્વર ભગવંતનું આગમન સાંભળીને મનમાં ઘણો હર્ષ પામી, વનપાલકને પ્રીતિદાન આપીને

નગરીની અંદર આ ઘોષણા કરાવે છે કે 'હે લોકો! લોકાલોકને મુનિસુવ્રત જિનેશ્વર ભગવંત નગરીના ઉદ્યાનમાં સમોસર્યા છે. પ્રભાતે ચંદ્રરાજા સર્વઋદ્ધિથી તેમને વંદન કરવા માટે જશે તેથી તમારે પણ તે તીર્થંકર ભગવંતને વંદન કરવું.

## પરિવાર સાથે ચંદ્રરાજાનું વંદન માટે ગમન અને જિનેશ્વરની દેશનાનું શ્રવણ

રાજા સવારે હય-ગજ-રથ અને પાયદળ સૈન્ય સાથે ચતુરંગી સેનાને તૈયાર કરીને ધ્વજપતાકા વડે નગરીને અલંકૃત કરીને વાજિંત્રોના નાદપૂર્વક અંતઃપુરની સ્ત્રીઓ, પુત્રો વગેરે પરિવાર સહિત ઉત્તમ હાથી ઉપર ચઢી સર્વઋદ્ધિથી શ્રી મુનિસુવ્રત તીર્થંકરને વંદન કરવા માટે નીકળ્યો. તેવી રીતે પરિવાર સહિત નગરીના લોકો અલંકારોથી વિભૂષિત થઇ નીકળ્યા.

દૂરથી દેવોએ રચેલા ત્રણ ગઢથી સુશોભિત સમવસરણને જોઇને રાજા ઘણો પ્રમુદિત ચિત્તવાળો થયો. નજીક જતાં તે વાહનનો ત્યાગ કરી પાંચ અભિગમપૂર્વક શિવમંદિરમાં ચઢવા સરખા સમવસરણની સોપાન પંકિતમાં ચઢતો અનુક્રમે શ્રી જિનેશ્વર ભગવંતને જુએ છે. જોઇને પરિવાર સહિત ત્રણ પ્રદક્ષિણા કરીને તીર્થંકરને વંદન કરે છે. પછી સર્વ સાધુઓને વંદન કરીને પરમાનંદ પામ્યો.

તે વખતે પોતપોતાને યોગ્ય આસન ઉપર રહેલી જિનેશ્વરના મુખકમળ ઉપર દૃષ્ટિ સ્થાપન કરી બાર પર્ષદા જિનેશ્વરની દેશના સાંભળવામાં તત્પર થઇ.

તીર્થંકર લોકાલોકના ભાવને દર્શાવતી, સંસારરૂપી વૃક્ષને છેદવામાં કુહાડા સરખી દેશના શરુ કરે છે

હે ભવ્યો ! આ જીવ સત્તાવન ઉત્તર ભેદથી ભેદવાલા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ હેતુઓ વડે કર્મ બાંધે છે. તેની મૂળ પ્રકૃતિઓ જ્ઞાનાવરણીય વગેરે આઠ છે, અને ઉત્તર પ્રકૃતિઓ એકસો અઠ્ઠાવન ભેદવાળી છે.

અનાદિકાળથી કર્માધીન જીવ પોતાના સ્વરૂપને ભૂલી જઇને વિભાવદશામાં રમે છે. તેથી તેની ઉપર કર્મ રાજાનું બળ અતિશય વધારે વર્તે છે, આ જીવન અસંખ્યાત પ્રદેશ છે, તેમાંના આઠ પ્રદેશ ઉપર કર્મો હોતા નથી, આથી તે પ્રદેશો કર્મોથી અનાવૃત હોય છે. તેથી આ જીવનું ચૈતન્ય સ્વરૂપ નિરંતર રહે છે. જો તે પ્રદેશ કર્મથી ઢંકાયેલા હોત તો જીવ અજીવપણું પામત.

અનાદિકાળથી દૃઢકર્મબળથી આવરણ પામેલો વિમૂઢ જીવ પોતાના જ્ઞાનાદિ ગુણોને જોતો નથી, મિથ્યાત્વ ભાવથી વાસિત થયેલો અશુદ્ધ માર્ગમાં પડેલો, પરવસ્તુને પોતાની માનતો મોહથી અંધબુદ્ધિવાળો કામભોગની પિપાસાવાળો સંસાર સાગરમાં ભ્રમણ કરે છે. મદઝરતા હાથીના ગંડસ્થળના મૂળમાં મદોન્મત્ત ભ્રમરશ્રેણીની જેમ પૌદ્ગલિક સુખના રસાસ્વાદમાં આસક્ત વારંવાર ત્યાં ને ત્યાં જ ભમે છે. જીવોનું મૂળ સ્થાન સૂક્ષ્મ નિગોદ છે. અને તે અવ્યવહાર રાશિ કહેવાય છે. ત્યાં વાલાગ્ર પ્રમાણ આકાશ ક્ષેત્રમાં અસંખ્યાત ગોળા છે. દરેક

ગોળામાં અસંખ્યાતા શરીરરૂપ નિગોદો હોય છે અને એકેક નિગોદમાં અનંત જીવો હોય છે, કહ્યું છે કે

गोला य असंखिज्जा, असंखनिगोयओ हवइ गोलो ।
इक्किक्कम्मि निगोए, अणंतजीवा मुणेयव्वा ॥ १२१ ॥

ગોળા અસંખ્યાતા છે, એકેકે ગોળો અસંખ્ય નિગોદમય છે. એકેકે નિગોદમાં અનંત જીવો જાણવા. ૧૨૧

અત્યંત સૂક્ષ્મભાવને પામેલા એ જીવોનું સ્વરૂપ વિશિષ્ટ જ્ઞાનીઓ જ જાણે છે. અનાદિકાળથી જીવો સૂક્ષ્મ નિગોદમાં રહેલા હોય છે. કહ્યું છે કે

अत्थि अणंता जीवा, जेहि न पत्तो तसाइपरिणामो ।
उप्पज्जंति चयंति य पुणो वि तत्थेव तत्थेव ॥ १२२ ॥

એવા અનંતા જીવો છે કે જેઓએ ત્રાસ આદિ પરિણામ પ્રાપ્ત કર્યો નથી. વારંવાર ત્યાં ને ત્યાં જ ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે. ૧૨૨

તેઓમાંથી કોઈક ભાગ્યયોગે તથા ભવ્યત્વ આદિ ભાવથી બાદર પૃથ્વીકાય આદિરૂપ વ્યવહાર રાશિમાં આવે છે, ત્યાંથી નીકળેલો જીવ વિકલેંદ્રિયપણાને પામે છે, ત્યાંથી પંચેંદ્રિય તિર્યંચોમાં આવે છે, ત્યાંથી ક્રમે કરીને મનુષ્યપણું પામે છે. મનુષ્યપણું પામ્યે છતે પણ સદ્ધર્મને નહિ પામેલો, મહારંભ અને મહાપરિગ્રહ આદિ પાપકર્મમાં આસકત મૂઢ જીવ નરકગતિમાં જાય છે, ત્યાં અનેક પ્રકારનાં કષ્ટો સહન કરે છે, દુરંત દુઃખોનું કારણ તો વિષય-કષાયો જ જાણવા. તેમાં આસકત જીવ વિવેક વગરનો કૃત્ય અકૃત્ય જાણતો નથી આથી જ પોતાના હિતને સાધી શકતો નથી.

મમતારૂપી ગણિકા વિષયાસક્ત જીવને વશ કરીને ઈચ્છા મુજબ નચાવે છે, પરવશ પડેલો મોહાંધ પ્રાણી સર્વ વિનાશ કરાવનારી સંસારભ્રમણ કરનારા તેનું સ્વરૂપ જાણતો નથી, પોતાના સ્વરૂપને ભૂલી, પાંચ ઇન્દ્રિયોના વિષયસુખમાં આસક્ત થયેલો, શુદ્ધ દેવ-ગુરુ ધર્મના સ્વરૂપને ન જાણવાથી કુદેવ-કુગુરુ અને કુધર્મને આરાધવામાં તત્પર થયેલો તે સુદેવ આદિની ઉપેક્ષા કરે છે, ફરીથી પણ તૈજસ-કાર્મણ શરીરરૂપી નાવમાં બેસી તે રાગ દ્વેષ વડે સંસાર સમુદ્રમાં તેવી રીતે ભ્રમણ કરે છે કે જેથી મોક્ષફળ આપનાર જિનાગમરૂપી કાંઠે પહોંચતો નથી. આ પ્રમાણે લાંબો વખત સંસારમાં ભટકતો જ્યારે શુભ નિમિત્તનો સંયોગ થાય ત્યારે એકાંત હિતકર સમ્યકત્વને પામે છે, અનુક્રમે દેશવિરતિને પામે છે. તે વખતે તેને વ્રતોમાં અને પચ્ચક્ખાણમાં અતિતીવ્ર રુચિ થાય છે, એથી ધીમે ધીમે પૂર્વે બાંધેલાં કર્મો ક્ષય પામે છે; અહીં બાર વ્રતોનું પાલન કરતાં કોઇને પુણ્યોદયથી સર્વવિરતિનો પરિણામ થાય છે, કહ્યું છે કે—

सम्मत्तम्मि उ लध्धे, पलियपुहुत्तेण सावओ होज्जा ।
चरणोवसम-खयाणं, सागरसंखंतरा हुंति ॥ १२३ ॥

સમ્યકત પ્રાપ્ત થયે છતાં પલ્યોપમ પૃથકત્વે (૨ થી ૯ પલ્યોપમે) શ્રાવક થાય, ચારિત્રમોહનીયનો ઉપશમ અને ક્ષય કરવામાં સંખ્યાત અસંખ્યાત સાગરોપમ થાય છે. ૧૨૩

તે પછી તે ચારિત્ર ગ્રહણ કરીને અપ્રમત્તભાવે તેનું પાલન કરતો રેચક-પૂરક આદિ કરવા વડે પાંચ પ્રકારનાં પ્રાણો

(પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન) ની સિદ્ધિ કરીને અનુક્રમે અષ્ટાંગ (યમ–નિયમ–આસન પ્રાણાયામ–પ્રત્યાહાર ધારણા–ધ્યાન-સામાધિ) યોગને સાધે છે. તારા દૃષ્ટિથી માંડીને નિયમ વગેરે યોગના અંગોની આરાધનામાં તત્પર થયેલા અમૃતાનુષ્ઠાન વડે અનુક્રમે જીવ શુદ્ધ આત્મસ્વરૂપને મેળવીને અનંત કાળથી આવરણ પામેલા કેવળ જ્ઞાનને પ્રકટ કરે છે. કેવળજ્ઞાન પામેલો જીવ છેવટે ત્રણ યોગનો રોધ કરી લેશ્યા રહિતપણાને પામેલો એરંડબીજના દૃષ્ટાંતે દેહનો ત્યાગ કરી પાંચમી ગતિ-મોક્ષને પામે છે. જ્યાં ગયેલા જીવની સાદી અનંત સ્થિતિ છે. વળી સંસારના કારણભૂત કર્મોનો અત્યંત વિનાશ થવાથી ત્યાંથી જીવને પાછું આવવાનું થતું નથી. તેથી હે ભવ્યો! જો તમે અવ્યાબાધ, અક્ષયસુખવાળા જરામરણ રહિત શાશ્વતપદ–મોક્ષને ઇચ્છતા હો તો અહિંસારૂપી મૂળવાળા સદ્ધર્મની આરાધના કરો. જીવહિંસા સર્વથા કરવા યોગ્ય નથી. કહ્યું છે કે–

हंतूण परप्पाणे, अप्पाणं जो करेइ सप्पाणं ।
अप्पाणं दिअहाणं, कओ अ नासेइ अप्पाणं ॥ १२४ ॥
किं ताए पढियाए, पयकोडीए पलालभूआए ।
जत्थित्तियं न नायं, 'परस्स पीडा न कायव्वा' ॥ १२५ ॥
इक्कस्स कए निअजीविअस्स, बहुआउ जीवकोडीओ ।
दुक्खे ठवंति जे केइ, ताण किं सासयं जीअं ॥ १२६ ॥
न सा दिक्खा न सा भिक्खा, न तं दाणं न सो तवो ।
न तं झाणं न तं मोणं, दया जहिं न विज्जइ ॥ १२७ ॥

પારકાના પ્રાણોનો વિનાશ કરીને જે પોતાને પ્રાણ સહિત કરે છે, તે થોડા દિવસ માટે પોતાનો વિનાશ કરે છે. ૧૨૪

પ્રલાપભૂત કરોડો પદ ભણવા માત્રથી શું ? જ્યાં એટલું
ણ ન જાણ્યું કે 'પારકાને પીડા ન કરવી જોઇએ.' ૧૨૫

એક પોતાના જીવિત માટે ઘણાં કરોડો જીવોને જે કોઇ
ઃખમાં સ્થાપન કરે છે તો શું તેઓનું જીવિત શાશ્વત
છે ? ૧૨૬

જ્યાં જીવદયા ન હો તે દીક્ષા નથી, તે ભિક્ષા નથી, તે
ાન નથી, તે તપ નથી, તે ધ્યાન નથી, તે મૌન નથી. ૧૨૭

તેથી દયામૂળ સર્વજ્ઞપ્રણીત ધર્મારાધન વિના પ્રાણીઓ
મોક્ષસુખ પામતા નથી. આથી—

सासयसुहमिच्छंता, भव्वा ! विसुद्धभावओ ।
जिणिंदकहियं धम्मं, सम्मं सइ निसेवहं ॥ १२८ ॥
संतरससुहामग्गा, होह तत्तनिरिक्खगा ।
जएह कम्ममोक्खट्ठं, होज्ज सिद्धिसुहं जओ ॥ १२९ ॥

હે ભવ્યો ! જો તમે શાશ્વત સુખને ઇચ્છો, તો વિશુદ્ધ
ભાવે જિનેશ્વરે કહેલા ધર્મને હંમેશા સારી રીતે સેવો. ૧૨૮

શાંતરસરૂપી અમૃતમાં મગ્ન બની, તત્ત્વ જોનારા થાઓ,
કર્મનો ક્ષય કરવા યત્ન કરો, જેથી સિદ્ધિસુખ થાય. ૧૨૯

અહીં હાથના કંકણ જોવા માટે અરીસાની જરૂર નથી
તેમ અન્ય દૃષ્ટાંત બતાવવું નકામું છે. મારું જ સ્વરૂપ જુઓ.

આ પ્રમાણે શ્રી મુનિસુવ્રત ભગવાનની અમૃતમય દેશના
સાંભળીને ચંદ્રરાજા વગેરે પર્ષદા અત્યંત પ્રમોદ પામી.
વૈરાગ્યવાસિત મનવાળા કેટલાક યથાશક્તિ વ્રત–નિયમ ગ્રહણ
કરવા તત્પર થયા.

## શ્રી મુનિસુવ્રત સ્વામીએ કહેલ ચંદ્રરાજા વગેરેના પૂર્વભવો

તે વખતે ચંદ્રરાજા બે હાથ જોડી ઊભા થઇને પ્રભુને નમસ્કાર કરીને પૂછે છે કે હે ભગવંત! કયા કર્મથી અપરમાતાએ કૂકડો બનાવ્યો? કયા કર્મથી હું નટો સાથે ભમ્યો? પ્રેમલાલચ્છીના હાથમાં હું કેવી રીતે આવ્યો? કયા કર્મથી વિમલાચલ ગયેલો હું મનુષ્યપણું પામ્યો? શા માટે હિંસક મંત્રીએ આવા પ્રકારની પ્રબળ ઠગાઇ કરી? કનકધ્વજકુમાર કયા કર્મ વડે કુષ્ટિપણું પામ્યો? ગુણાવલિ સાથે ફરીથી સંયોગ કયા કર્મ વડે થયો? હે ત્રણેય કાળના સર્વ ભાવને જાણનાર! ત્રિલોકનાથ! સંસારસમુદ્રમાં નાવ સમાન! વીતરાગ! ભગવંત! તમારે કાંઇ પણ અજ્ઞાત નથી. આથી મારા સર્વ સંશયોને છેદો.

આ પ્રમાણે ચંદ્રરાજાની વિજ્ઞપ્તિ સાંભળીને જગતના નાથ તેના પૂર્વભવનું સ્વરૂપ કહેવાની શરૂઆત કરે છે.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં વિદર્ભ નામે દેશ છે. ત્યાં જગતના તિલકભૂત મનોહર તિલકાપુરી નામે નગરી છે. ત્યાં શત્રુ સમૂહને જીતનાર મદનભ્રમ નામે રાજા રાજ્ય કરે છે. તેને વીજળીની પ્રભા સરખી કમલમાલા નામે સ્ત્રી છે, તેને કલ્પવૃક્ષની મંજરી સરખી તિલકમંજરી નામે પુત્રી છે. તે બાળપણાથી મિથ્યાત્વવાસિત મનવાળી ભક્ષ્યાભક્ષ્યના વિવેક વગરની પાપોદયથી હંમેશા જિનધર્મ ઉપર દ્વેષ રાખે છે.

જેવી માખીને ચંદનવૃક્ષ ગમે નહિ તેથી ચંદનવૃક્ષને હાનિ નથી પરતુ તે તેની સુગંધના લાભથી વંચિત થાય છે, તેમ જિનધર્મને હાનિ નથી પરંતુ તે પોતાની જાતે જ અત્યંત દુઃખના પાત્ર થાય છે. મદિરા વડે સિંચન કરાયેલ વિષવલ્લીની જેમ તે રાજપુત્રી માત-પિતા વડે પાલન કરાતી અનુક્રમે વૃદ્ધિ પામે છે. તોપણ તેના હૃદયમાં લસણમાં કસ્તૂરીના સુગંધની જેમ મોક્ષસુખ આપનાર જિનધર્મ આવાસ કરતો નથી.

હવે તે રાજાને સુબુદ્ધિ નામે મંત્રી છે. તેને રૂપલાવણ્ય સંપન્ન રૂપમતી નામે પુત્રી છે, સા બાળપણાથી માંડીને જિનધર્મથી વાસિત હૃદયવાળી જિનાગમના તત્ત્વરૂપ અમૃતનું પાન કરવામાં તત્પર અમૃતરસથી સિંચાયેલા કલ્પવલ્લીની જેમ વૃદ્ધિ પામી. સાધ્વીઓના સમાગમથી શાસ્ત્રાભ્યાસ કરવાથી નવ તત્ત્વોનું સ્વરૂપ જાણનારી એવી તે હંમેશા જિનપૂજન આદિ સદ્ધર્મકૃત્ય કરતી, સાધુ-સાધ્વીઓને દોષરહિત આહાર આદિ આપીને પછી પોતે જમે છે.

હવે એક વખત પૂર્વભવના સંબંધથી રાજપુત્રી અને પ્રધાનપુત્રીને પરસ્પર મળવાથી અતિગાઢ પ્રીતિ તેવી જાતની થઇ કે જેથી અભેદભાવને પામેલી તે બંને ક્ષણવાર પણ વિરહ સહન કરી શકતી નથી.

એક વખત તેઓ એકાંતમાં વિચારે છે કે- આપણે એવા પ્રકારનો અનુપમ સ્નેહ છે કે- જો આપણે જુદા જુદા પતિને વરશું તો તે સ્નેહ કેવી રીતે રહેશે ? તેથી આપણે એક જ પતિને પરણવું, આ પ્રમાણે તેઓએ નિશ્ચય કર્યો. 'રાજપુત્રી

જિનમતની દ્વેષિણી ને' એ પહેલા તો તેણે ન જાણ્યું, જ્યારે તે જાણ્યું ત્યારે અતિચતુર એવી તે રૂપવતી સ્નેહભંગના ભયથી જાણતા છતાં પણ મૌન રહી

મંત્રીપુત્રીના ઘરે સાધ્વીઓ પ્રતિદિન આહાર નિમિત્તે આવે છે. ગુરુ ભક્તિમાં તત્પર એવી તે વંદન કરીને વિનય પૂર્વક તેઓને આહાર પાણી આપીને કેટલાક પગલા તેની પાછળ જઈને પાછી આવે છે.

હવે એક વખત તેના ઘરે આવેલી રાજપુત્રી તેવા પ્રકારની ભક્તિમાં તત્પર મંત્રીપુત્રીને જોઇ, તીવ્ર રોષ પામી તેને પોતાની પાસે બોલાવીને કહે છે કે હે સખી ! તું રોષ પામતી નહિ, હું સાચું કહું છું કે આ આર્યાઓ લજ્જા વગરની મલીન દેહ અને વસ્ત્રવાળી, બકધ્યાન કરતી બીજા લોકોને ઠગે છે, આ ધૂતારીઓનું દર્શન અમાંગલિક છે, તેની સંગત સુખાવહ નથી, તેનો ઘરમાં પ્રવેશ અશુભ કરનારો છે, એ મંત્રેલુ ચૂર્ણ મસ્તકમાં નાખીને ભદ્રિકજનોને ઠગે છે, અસત્ય વાતો કહીને લોકમાં કલેશ ઉપજાવે છે, સુખશાતા પૂછીને મીઠા વચન વડે લોકોને વશ કરે છે, 'સેકડો ઉંદર મારીને બિલાડી પાટ ઉપર બેસે' તેમ પેટ ભરવામાં અશકય એવી માથું મુંડાવીને આ આર્યા થઇ છે, મધુરપાન–ભોજનની લાલસાથી તને ભણાવવા માટે આવે છે, કુલ બાલિકાઓને તેઓની સોબત ક્ષણવાર પણ ઉચિત નથી. 'જાણીને કોણ કૂવામાં પડે' જો આ ચાર ભેગી થાય તો શહેર ઉજ્જડ કરે, જે માત્રાની ઝોળીઓ લઇ ઘરે ઘરે ભમી ઇચ્છા મુજબ

ભોજન મેળવી ઉદરને સ્પર્શ કરતી રહે છે. હે બહેન ! પૂજ્ય ભાવે આવી આર્યાઓને તું ગુરુ તરીકે માને છે અને ચરણકમળમાં વાંદે છે તે સારું નથી. જો એક દિવસ પણ તેઓને આહાર-પાણી આપીશ નહિ તો તે વખતે તારી પણ તર્જના કરશે. આથી તેઓની છાયામાં રહેવું એ પણ પાપને માટે થાય. તેઓનું અહીં આગમન પણ મને ગમતું નથી. એ આર્યાઓ કોઇને આધીન થતી નથી અને થશે નહિ, આથી તેઓનો સંસર્ગ હું નિવારું છું, હું તો તેઓથી દૂર જ રહું છું.

આ પ્રમાણે તિલકમંજરીના મુખેથી સાધ્વીનિંદાગર્ભિત વચનો સાંભળીને રૂપમતી કહે છે કે હે બહેન! વિચાર કર્યા વિના આવા પ્રકારનું શું બોલે છે? નિરતિચાર પાંચ મહાવ્રતોનું પાલન કરવામાં રત, લોભ અને મોહને જેણે જીતી લીધો છે એવી, સંવેગરૂપી સરોવરને કાંઠે રાજહંસ સરખી, પવિત્ર આશયવાળી સદૈવ રમે છે, મહાન ઉપકાર કરવામાં તત્પર એવા તેઓના ઉપકારને ક્ષણવાર પણ વિસરવા હું સમર્થ નથી, જો તેઓના અવગુણોને હું સમર્થ જોઉં તો મારો નરકમાં વાસ થાય. જે તું તેઓની નિંદા કરે છે, તે તો તું ખરેખર તેઓના પાપોનું પ્રક્ષાલન કરે છે, એમ જાણવું. જેઓએ જિનમતનાં તત્ત્વોના શુભ ઉપદેશ વડે મારો સંસાર સમુદ્રથી ઉદ્ધાર કર્યો, તેઓનું અહર્નિશ કલ્યાણ થાઓ. જેઓના પ્રસાદે પશુજીવનનો ત્યાગ કરી હું યથાર્થ મનુષ્યભવને પામી.

एआसिं सरणं मज्झ, सया अत्थु पए पए ।
जम्मंतरम्मि कंखेमि, तासिं सेवं अणुत्तमं ॥ १३० ॥

હંમેશા પગલે પગલે મને તેઓનું શરણુ હો. જન્માંતરમાં તેઓની સર્વોત્તમ સેવા ઇચ્છું છું. ૧૩૦

હંમેશા તેઓ નમસ્કાર કરવા લાયક છે, ઉત્તમ શીલવડે શોભતા આ ઉત્તમ સાધ્વીઓની આભવ અને પરભવમાં દુઃખ આપનારી નિંદા કયારેય ન કરવી જોઈએ. તેઓની નિંદાથી માણુસ પાપનું ભાજન થાય છે. તેનો સુકૃતતરુ સુકાઈ જાય છે.

આ પ્રમાણે મંત્રીપુત્રીનાં વચનો સાંભળીને રાજપુત્રી મૌન ધરીને પોતાના સ્થાને ગઇ.

બીજે દિવસે તેવી જ રીતે તિલકમંજરી રૂપમતીને મળવા માટે આવી. તે વખતે તે ઘરના આંગણામાં મોતીનો હાર ગૂંથે છે. તે સમયે ભિક્ષા માટે એક સાધ્વી તેના ઘેર આવ્યા. તે વખતે તે પોતાના કાનનું આભૂષણુ પરોવતી હતી, સાધ્વીને આવેલા જોઇને તે કાનનું આભૂષણુ થાળીમાં મૂકીને અત્યંત હર્ષિત ચિત્તવાળી ઊભી થઇને પકવાન્ન આદિ શુદ્ધ આહાર સાધ્વીને આપીને ઘી લેવા માટે ઘરની અંદર ગઇ. તે વખતે સાધ્વીદ્વેષિણી તે રાજપુત્રી થાળીમાં રહેલા તે કાનના આભરણુને કોઈ ન જાણે તેવી રીતે લઇને સાધ્વીના ઉત્તરીય વસ્ત્રમાં બાંધે છે, ભક્તિના સમૂહથી ભરેલા ચિત્તવાળી મંત્રીપુત્રી ઘી લાવીને સાધ્વીને આપતી પોતાને ધન્ય માને છે. જે વસ્તુ આવા પ્રકારના સુપાત્રમાં અપાય તે જ સફળ છે. જે

અજ્ઞાનીઓ આવા પ્રકારના સાધુ-સાધ્વીઓના ગુણોને ઉવેખે છે, તેઓનો જન્મ નિષ્ફળ જ છે, એમ તે વિચારે છે.

તે પછી તે રૂપમતી દરવાજા સુધી સાધ્વીની પાછળ જઈને નમસ્કાર કરી પાછી આવી. તે કાનના આભરણ વગરની મોતીના હારની થાળી જોઈ કહે છે કે હે સખી! આ થાળી-માંથી તેં મારું કાનનું ભૂષણ ગ્રહણ કર્યું જણાય છે, તે જલદી આપ. તું શું આ રીતે મારી હાંસી કરે છે? જો તેનાથી જ તારે કામ હોય તો બીજું પણ લે, તારાથી મારે કાંઈ વધારે નથી. તું મને છેતરે છે, પરંતુ હું છેતરાઈશ નહિ. આ રીતે જીવતી માંખ ગળી જવાય નહિ.

રાજપુત્રી કહે છે કે-બહેન! જેમાં તને ખેદ થાય તેવો ઉપહાસ હું ક્યારે ય ન કરું. તારું કર્ણભૂષણ મેં લીધું નથી, પરંતુ જ્યારે તું ઘી લેવા માટે ઘરની અંદર ગઈ ત્યારે તારી ગુરુણીએ તે લીધું છે. એ રીતે મેં પ્રત્યક્ષ જોયું છે. પરંતુ તને દુઃખ થાય, તેથી મેં એ વાત પ્રગટ ન કરી. કહ્યું છે કે-

मम्मपयासणे जेसिं, दुहियं होज्ज माणसं ।
तस्साऽणुच्चारणं लोगे, संमयं सोक्खदायगं ॥ १३१ ॥

જેનો મર્મ પ્રકાશ કરવામાં મન દુઃખી થાય, તેનો ઉચ્ચાર ન કરવો એ લોકમાં તે સુખદાયક મનાયું છે. ૧૩૧

તેં મારી ઉપર ચોરીનું કલંક આપવા વિચાર કર્યો. પરંતુ અહીં ચોરી કરનાર બીજો છે અને પકડાય છે બીજો,

એવું થયું. હું સોગનપૂર્વક કહું છું કે-મેં તારું કર્ણભૂષણ લીધું નથી. મારી ઉપર સર્વથા શંકા ન કરવી.

રૂપમતી ન સંભવી શકે એવું તેનું વચન સાંભળીને તરત રોષ પામી કહે છે કે-હે સખી! મારું કાનનું આભરણ તેં જો ન લીધું હોય તો સારું, પરંતુ મારી ગુરુણી ઉપર તું જૂઠા કલંકનું આરોપણ શા માટે મૂકે છે? આવા પ્રકારના પાપ-વચન કરતાં મૌન રહેવું સારું, કારણ વિના તને મારી ગુરુણી સાથે વિદ્વેષ કેમ થયો? હંમેશા ધર્મમાર્ગમાં રહેલા શુદ્ધ એવા મારા સાધ્વીના અવર્ણવાદમાં તત્પર તારી જીભ કેમ સ્ખલના ન પામી? જે આપ્યા વિના તરણું પણ ગ્રહણ કરતા નથી, તે મારા કર્ણાભરણને કેમ ગ્રહણ કરે? ગ્રહણ કરીને તેને શું કરે? તેણે તો મણિમાણેક-રત્નાદિથી ભરેલા ઘરને છોડીને દીક્ષા લીધી છે, તેમ જ પાંચ મહાવ્રતથી યુક્ત, પાંચ પ્રકારના આચાર પાળવામાં રક્ત, પ્રશાંત ગંભીર મનવાળા, ધ્યાન અને અધ્યયનમાં જોડાયેલા, સાવદ્યયોગથી અટકેલા, સર્વદા ધર્મ-કર્મમાં લીન છે. શીલરૂપી અલંકારને ધારણ કરનાર એની ઉપર કોઈને શંકા ન હોય, એને દરિદ્ર ભિખારી સરખા ન જાણવા, એમને ઉપશમ-સંવેગ આદિ અધ્યાત્મ-રૂપી આભૂષણોની આગળ આ આભૂષણની કઈ ગણતરી?

नेक्खंति धणसंपत्तिं, अदिण्णं नेव गिण्हिरे ।
निरिक्खित्ता सया भूमिं, पयं ठवंति उत्तमा ॥ १३२ ॥
सुद्धाहारं गवेसंति, संजमगुणपोसगं ।
महासईउ पभासिं, तुच्छभावो न विज्जइ ॥ १३३ ॥

ઉત્તમ એવા જે આર્યાઓ ધનસંપત્તિને જોતા નથી, આપ્યા વિના લેતા નથી, હંમેશા ભૂમિને જોઈને પગ મૂકે છે. ૧૩૨

સંયમ ગુણપોષક શુદ્ધ આહારની ગવેષણા કરે છે, એ મહાસતીઓને તુચ્છભાવ હોતો નથી. ૧૩૩

આથી એ મારું કર્ણભૂષણ કેવી રીતે અપહરણ કરે, તારું વચન અસત્ય છે.

રાજપુત્રી કહે છે કે—હે ધર્માંધ ! વધારે ન બોલ, મારા વચનમાં જો તને સંદેહ હોય તો તેના ઉપાશ્રયમાં જઈએ. તેના વસ્ત્રમાં બાંધેલ તે કાનની વાળીને જો બતાવું તો મને સાચું બોલનારી માનજે,

તેનું વચન સ્વીકારીને અશ્રદ્ધા કરતી તે રૂપમતી રાજપુત્રી સાથે ઉપાશ્રયમાં આવી.

તે વખતે તે આર્યા ઈર્યાપથિકી પ્રતિક્રમીને ગોચરીને આલોવે છે, તે વખતે ઉપાશ્રયની અંદર જઈને ભક્તિના સમૂહથી નમ્ર મસ્તકવાળી મંત્રીપુત્રી તેમને વંદન કરીને મૌન રહી. આર્યા મુખ ઉપર મુહપત્તી રાખીને કહે છે કે—આજે અમારે ગોચરીનો વિલંબ થયો છે, તેથી ક્ષણવાર બહાર ઊભા રહો, જો ગાથા શીખવી હશે તો પછી આપીશ.

આ પ્રમાણે ગુરુણીનું વચન સાંભળીને ઉપાશ્રયમાંથી બહાર જતી રૂપમતીને રોકીને રાજપુત્રી કહે છે કે—કેમ

બહાર જાય છે? કામ તો અહીં જ છે, એ પ્રમાણે બોલતી તે તેને હાથથી પકડીને અંદર લાવે છે.

આ પ્રમાણે વિવાદ કરતી તે બંનેના કલહનો અવાજ સાંભળીને તે સાધ્વી મનમાં શંકા પામી વિચારે છે કે-આજે આ આમ કેમ કરે છે? આજે અહીં કોઈ નવીન દેખાય છે.

તેટલામાં રાજપુત્રી કહે છે કે-હે આર્યા! આવી જાતનું ભિક્ષાટન કયા ગુરુણીએ તમને શિખવ્યું છે કે-ભિક્ષાની સાથે ચોરી પણ કરવી. આ મારી સખી તમારા માટે ઘી લેવા માટે ઘરની અંદર ગઈ, ત્યારે તમે એના કાનનું ભૂષણ ગુપ્તપણે લઇ લીધું. મેં તમારું એ કામ નજરોનજર જોયું હતું, પરંતુ મારી સખીને દુઃખ થાય તેથી મેં તે વખતે કાંઇ પણ ન કહ્યું. જો આ કામનું પરિણામ જાણતી હોત તો તે વખતે જ તેને તરત કહેત, તેથી હમણાં એના કાનનું આભરણ આપી ઘો, કારણ કે તમારી શિષ્યાએ મારી ઉપર ચોરીનું આળ આપ્યું છે, તેથી અનિચ્છાએ મેં કહ્યું છે, તેથી જો તેણીનું આભૂષણ જલદી આપી દેશો તો આ વાત કોઇ જાણશે નહિ, અન્યથા તો આખાય નગરમાં તમારી ચોરીને પ્રગટ કરીશ.

તે આર્યા રાજપુત્રીના આવી જાતના દોષારોપણનાં વચનો સાંભળીને વ્યાકુળ મનવાળા કહે છે કે- હે રાજપુત્રી! રાજકુળમાં ઉત્પન્ન થઇને આવા પ્રકારનું અસત્ય કેમ બોલે છે? હું કાંઇ પણ લાવી નથી, જો તને સંશય હોય તો મારા પાત્રા-તરપણી-ઝોળી વગેરે ઉપકરણો જોઇને નિર્ણય કર.

કેવી જાતનું તારું કર્ણભૂષણ છે? તે હું જાણતી નથી, પરિગ્રહથી રહિત અમારે સાધ્વીઓને તેનાથી કાંઇ પણ પ્રયોજન નથી.

રાજપુત્રી રોષપૂર્વક કહે છે કે–પાત્ર વગેરે જોવાથી મારે કામ નથી. સરળ થઇને તે આપી દ્યો.

તે આર્યા તેનું સ્વરૂપ ન જાણતા દીનમુખવાળા મૌન રહ્યા.

તે પછી રાજપુત્રી પોતે જ પાસે જઈને તેના ઉત્તરીય વસ્ત્રમાં બાંધેલા કર્ણભૂષણને છોડીને રૂપમતી આપે છે. આપીને સાધ્વીની હીલના કરતી કહે છે–

> सहि ! मुद्धा सि नूणं तुं, धम्माऽधम्मं न याणेसि ।
> इओ पारब्भ अज्जाणं, न कज्जा संगई तए ॥ १३४ ॥

હે સખી! તું ખરેખર ભોળી છે, ધર્મ–અધર્મ જાણતી નથી, હવેથી તારા આર્યાઓની સોબત ન કરવી. ૧૩૪

તેનો માયાપ્રપંચ જાણીને રૂપમતી કહે છે–

> भूवपुत्ति ! तुव–च्चेसा विज्जईकूऽप्पणा ।
> अज्जेसा सव्वहाऽकज्जं, न कुज्जा धम्मसालिणी ॥ १३५ ॥
> महासई इमा अत्थि, साहुणी सरलासया ।
> कयांवि चोरियं नेव, विहेज्जा वयधारिणी ॥ १३६ ॥

હે રાજપુત્રી! આ તારી જ કૂટ કલ્પના છે, ધર્મથી શોભતા આ આર્યા સર્વથા અકાર્ય ન કરે. ૧૩૫

આ સરળ આશયવાળા સાધ્વી મહાસતી છે, વ્રત ધારણ કરનાર તે ક્યારે ય ચોરી ન કરે. ૧૩૬

તે પછી તે નમ્રતાપૂર્વક સાધ્વીજીને કહે છે કે– હે ભગવતી! આ રાજકન્યા ધૂર્ત મિથ્યાત્વવાસિત જિનધર્મની દ્વેષી છે, આથી તેને આવી દુર્બુદ્ધિ થઈ છે, તેથી આપે તેની ઉપેક્ષા કરવી. તેના તરફ ન જોવું.

આ પ્રમાણે કહી તે બન્ને પોત–પોતાને ઘેર ગયા. આ પ્રમાણે રાજપુત્રીનો સાધ્વી ઉપર કલંક આરોપણ કરવાનો પ્રપંચ નિષ્ફળ ગયો.

હવે વિશુદ્ધ શીલવાળા તે સાધ્વી નિમિત્ત વિના પોતાના આત્માને કલંકિત થયેલ જાણી ગાઢ દુઃખમાં પડેલા ફરીથી વિચારે છે કે–મારી આ હકીકત આખા ય નગરમાં વિસ્તાર પામશે. રાજાની પુત્રીનું વચન કોણ ન માને, જેથી લોકમાં નિંદા થાય, આવી જાતના કલંકિત જીવિત વડે સર્યું. આ પ્રમાણે કલંક સહિત જીવિતને નહિ ઈચ્છતા તેણે દોરડા વડે ગળામાં પાશ બાંધ્યો.

अहो चरित्तवंता हि, रोसदोसपराजिआ ।
विहेइरे अकिच्चं पि, दुग्गइपायहेउयं ॥ १३७ ॥

અહો! રોષરૂપી દોષ પરાજિત થયેલા ચારિત્રવંત આત્માઓ પણ પ્રાયઃ દુર્ગતિના કારણભૂત અકાર્યને કરે છે. ૧૩૭

તે વખતે ઉપાશ્રયની નજીક રહેતી સુરસુંદરી નામની કોઈક શ્રાવિકા આ હકીકત જાણીને તરત જ ત્યાં આવીને

સાધ્વીના કંઠપાશને છેદીને તેમે શીતલ ઉપચારોથી સાવધાન કરીને ઉપશમના વચનો વડે પ્રશાંત મનવાળા કરીને ભોજન કરાવ્યું.

હવે આર્યા પણ પ્રશાંત રોષવાળા થઈ, પોતાના આચારને યાદ કરી, સમતાગુણથી વિભૂષિત નિરતિચાર ચારિત્ર પાળવા લાગ્યા. રાજપુત્રી તિલકમંજરીએ તેવા પ્રકારના અવર્ણવાદથી ઉત્પન્ન થયેલ દુષ્કર્મ વડે અત્યંત ચીકણું કર્મ બાંધ્યું.

તે પછી તિલકમંજરી અને રૂપમતીને ક્યારેક ક્યારેક જૈનમત અને શૈવમતનાં તત્ત્વોમાં વિવાદ થાય છે. બંને ય પોત–પોતાના ધર્માનુષ્ઠાનમાં તત્પર બીજાના ધર્મને માનતા નથી.

હવે એક વખત વિરાટ દેશનો અધિપતિ જિતશત્રુ નામે રાજા પોતાના પુત્ર સૂરસેન માટે સમાનરૂપ ગુણવાળી તિલકમંજરીના માગા માટે પોતાના મંત્રીને તિલકાપુરી મોકલે છે. તે પણ નિરંતર પ્રયાણ વડે ત્યાં જઈને મદનભ્રમ રાજાને પ્રણામ કરીને પોતાની હકીકત જણાવે છે. રાજા તેનું વચન સાંભળીને એકાંતમાં પોતાની પુત્રીને પૂછે છે. તે પણ લજ્જા ધારણ કરી કહે છે કે–હે પિતા! મારી સખી મંત્રીપુત્રી જો તે વરને ઇચ્છે, તો અમે બન્ને તે વરને વરીએ, કારણ કે બાળપણથી જ અમે બન્ને એ 'એક વર વરવો' એ પ્રમાણે સંકેત કર્યો છે. જેથી અમારો વિયોગ ન થાય.

મદનભ્રમ રાજા તે સમયે જ પોતાના મંત્રીને બોલાવીને તે વાત જણાવીને કહે છે કે– હે મંત્રી! જો તારી પુત્રી એ વરને પસંદ કરે તો બંનેનો સાથે વિવાહ નક્કી કરીએ.

મંત્રીએ કહ્યું કે- રાજન્! આ વિષયમાં મારો કોઈ વિરોધ નથી. આપને જો ગમે તો મને પણ એ સંબંધ માન્ય છે.

તે પછી વિરાટ દેશના મંત્રીને પોતાની પાસે બોલાવીને મદનભ્રમ રાજાએ પોતાનો અભિપ્રાય કહ્યો કે- અમે મારી પુત્રીનો અને મંત્રીપુત્રીનો વિવાહ તમારા રાજપુત્ર સૂરસેનકુમાર સાથે કબૂલ કરીએ છીએ. તે સાંભળી હર્ષિત ચિત્તવાળો વિરાટદેશના મંત્રીએ શ્રેષ્ઠ જ્યોતિષીને બોલાવીને લગ્નનો દિવસ નક્કી કર્યો. ત્યાર પછી મદનભ્રમ રાજાની અનુજ્ઞા લઈ વિરાટનગર ગયો. પોતાના સ્વામીની આગળ વિવાહની વાત તે જણાવે છે, વિરાટ નરપતિ તે સાંભળી પરમપ્રમોદ પામ્યો.

તે પછી લગ્નનો દિવસ નજીક આવ્યો ત્યારે મોટા આડંબર વડે શ્રેષ્ઠ વાહનો તૈયાર કરી વિરાટ નૃપતિ સૂરસેનકુમાર સાથે તિલકાપુરી આવ્યો. મોટા મહોત્સવપૂર્વક તેઓનો વિવાહ થયો. કરમોચન સમયે મદનભ્રમ રાજાએ તથા મંત્રીએ હાથી, ઘોડા, રથ, વસ્ત્ર, આભરણ વગેરે ઘણું આપ્યું.

બન્ને સ્ત્રી સાથે સૂરસેનકુમાર પોતાના પિતા આદિ પરિવાર સાથે પોતાની નગરીમાં આવ્યો. બન્ને ય વહુઓ સાસુ-સસરાની મર્યાદા ધારણ કરતી, ગૃહકાર્યો કરતી, પોતાના પતિ સાથે બહુ પ્રકારે કામભોગો ભોગવતી અત્યંત સુખપૂર્વક કાળ પસાર કરે છે. સાસુ ઘરનો ભાર ઉપાડવામાં સમર્થ બન્ને વહુને જાણી તેઓની ઉપર ઘરના કામનો ભાર નાખી પોતે ચિંતારહિત થઈ.

તે પછી તે બંને સખીઓ સમય પ્રમાણે ઘરનાં કાર્યો કરતી, પોત–પોતાના ધર્મનું આરાધન કરતી સુખપૂર્વક રહે છે. કુલવધૂઓને એ જ કરવા લાયક છે. તેઓનો સુખ ભોગવતાં ક્યારેક ક્યારેક પરસ્પર ધર્મમાં વિવાદ થાય છે, તે કારણથી તે બંને એક મનવાળી ન થઈ. તેમ જ પરસ્પર શોક્યભાવથી વિશેષે કરીને વિભિન્નતાનું બીજું કારણ પણ ઉપસ્થિત થયું. કારણ કે લોકમાં કહેવાય છે કે– શોક્યપણા કરતાં શૂળી સારી. કારણ કે શૂળીથી એક પગલે જ પીલાય છે, શોક્ય તો પગલે પગલે બાળે છે. સગી બહેનો પણ જો સમાન પતિવાળી થાય તો તેઓ પરસ્પર ઘણો દ્વેષ ધારણ કરે છે. તો આમનું શું કહેવું ? કોઈ એક વસ્તુમાં એકી સાથે તેઓને અભિલાષ થાય, ત્યારે અવશ્ય વૈરબુદ્ધિ થાય છે. કારણ કે એક જ સમયે બંનેના ઉપભોગનું સાધન થતું નથી તેથી ઉપજતો ક્લેશ પ્રતિદિન વધે છે જ જે કારણથી કહ્યું છે કે–

सवक्कित्तसमं दुक्खं, नऽन्नं लोगम्मि विज्जइ ।
बहिणि त्ति जणा तम्मि, ववहारपरा मुहा ॥ १३८ ॥

લોકમાં શોક્યસમાન બીજું દુઃખ નથી. લોકો તેમાં 'બહેન' એવો વ્યવહાર કરવામાં તત્પર નકામા થાય છે.

તેઓ પરસ્પર અસત્ય કલંક અને ઉપાલંભ આપે છે. અસત્ય વચન બોલીને વિદ્વેષ વધારે છે. તેમજ બે ભાર્યાવાળા પુરુષનું સુખ તો સુખાભાસ જ છે, તેનો અવતાર જ નકામો છે, જેવી રીતે અર્ધાંગમાં ગૌરીને, અને મસ્તક વડે ગંગાને

ધારણ કરતો શંકર પણ પરિભ્રમણ પામ્યો. તો બીજાનું તો શું કહેવું ! સૂરસેન કુમાર તો પોતાના કામમાં હોશિયાર તંબોળી તંબોલની જેમ સમાન દૃષ્ટિએ તેઓને મનને સંભાળે છે.

હવે એક વખત બીજા દ્વીપમાંથી કોઇ પારધીએ શ્યામ શિખવાળી, રક્ત નેત્રવાળી, સોના જેવી ચાંચવાળી, શ્વેત-કૃષ્ણવર્ણ યુક્ત પાંખના મધ્યભાગવાળી, અમૃત સમાન વાણી-વાળી, કાવ્ય-કથા અને આલાપ વડે લોકોને ચિત્તને આનંદ પમાડતી સુંદર અંગવાળી એક સારિકા પક્ષિણીને મેળવી.

તેણે વિચાર્યું કે- 'આ અતિઅદ્‌ભુત રૂપવાળી પક્ષિણી રાજદ્વારે શોભે' એમ વિચારીને તેણે તે તિલકમંજરીના પિતા મદનભ્રમ રાજાને ભેટ કરી. તેના મધુર વચન સાંભળવાથી તુષ્ટ થયેલા રાજાએ તેને સુવર્ણના પાંજરામાં રાખીને પોતાની પુત્રીને રમવા માટે વૈરાટનગરમાં મોકલી, તિલકમંજરી પણ સુંદર રૂપવાળી અને મધુરવાણીવાળી તેને જોઇને પરમ પ્રમોદ પામી.

તે હંમેશા તેને જ રમાડતી નવા નવા ખાદ્ય પદાર્થો વડે તેનું પોષણ કરતી એકલી જ આનંદ અનુભવે છે, પોતા શોકય રૂપમતીને રમવા માટે ક્ષણ માત્ર પણ આપતી નથી. રૂપમતી તે માગે છે, ત્યારે તિલકંમજરી ગર્વ સહિત કહે છે કે- પોતાના પિતાના ઘરેથી તું પણ કેમ મંગાવતી નથી, સ્નેહથી ભરેલા મારા પિતાએ આ પક્ષિણી મોકલી છે, તને પોતાના પિતા પાસે તે માગવામાં શું શરમ થાય છે?

તિલકમંજરીના તેવા પ્રકારનાં કર્કશ વચન સાંભળીને મનમાં ખેદ પામી સરળ સ્વભાવવાળી રૂપમતી તે વખતે 'રોષ એ કાર્યને વિનાશ કરનાર છે' એમ જાણીને રોષ કરતી નથી.

હવે એક વખત રૂપવતીએ તેવા પ્રકારની સારિકા ઇચ્છતી પોતાના પિતાની ઉપર પત્ર મોકલ્યો. મંત્રી પણ પુત્રીનો પત્ર વાંચીને 'શોકયના કારણે આ પત્ર લખાયો છે' એ પ્રમાણે નિર્ણય કરે છે.

તે પછી તેણે વન, પર્વત, નગરના ઉદ્યાન વગેરે અનેક પ્રદેશોમાં તપાસ કરાવી, પરંતુ તેવા પ્રકારના રૂપાદિગુણથી યુકત પક્ષિણી કોઇ ઠેકાણે ન મળી. તેથી ખિન્ન ચિત્તવાળા તેણે વિચાર્યું કે –જો હમણાં પક્ષિણી નહિ મોકલું તો મારી પુત્રીને ઘણું દુઃખ થશે. તેથી સેંકડો યત્ન કરીને પણ તેનો મનોરથ પૂરો કરવો જોઇએ, એમ વિચારતા તેણે એક સારિકા સરખી કોશીજાતિની નીલવર્ણવાળી કોઇ પક્ષિણી મેળવી. તેને સુવર્ણના પાંજરામાં રાખીને તે પોતાની પુત્રીને મોકલે છે. તે પણ તેને ખોળામાં રાખીને રમાડે છે, અને તેને પાળવા માટે એક પુરુષને રાખે છે. પોતે તેનું રક્ષણ કરવામાં સારી રીતે હંમેશા સાવધાન ચિત્તવાળી થાય છે.

એક વખત દાસી તેનું સ્વરૂપ તિલકમંજરીને કહે છે. તે સાંભળી તેને ઘણો રોષ ઉત્પન્ન થયો. તેણે વિચાર્યું કે– મારી ઉપર ઇર્ષ્યા ધારણ કરતી એણે પોતાના પિતાના ઘરેથી આ પક્ષિણીને મંગાવી છે.

અહો ! શોકયની પ્રવૃત્તિ વિલક્ષણ હોય છે, કારણ કે એ સુખની અભિલાષાવાળી હોવા છતાં પણ ઈર્ષ્યાથી બળેલી એક એકના સુખના લેશને પણ સહન કરતી નથી.

હવે એક વખત બંનેય શોકય પોત પોતાની પક્ષિણીને લઈને સાથે બેઠેલી પરસ્પર વિવાદ કરે છે. જેથી રૂપમતીએ આ કોશી પક્ષિણી મંગાવી નથી, પરંતુ છાણમાં નાખીને વીંછી લવાયો છે.

તેઓમાંની એક કહે છે કે– મારી પક્ષિણી સુંદર છે, બીજી કહે છે કે- મારી જ સુંદર છે, આ પ્રમાણે પરસ્પર વિવાદ કરતી તેઓએ પ્રતિજ્ઞા કરી.

સમાનરૂપવાળા આ બંનેમાં જે પક્ષિણી મધુર અવાજ કરે તે ઉત્કૃષ્ટ જાણવી. આ રીતે અહીં પરીક્ષા હો.

તે પછી તિલકમંજરી પહેલા જ પોતાની પક્ષિણીને બોલવા માટે પ્રેરણા કરે છે. તે પક્ષિણી સર્વ ગીત કાવ્યકળામાં કુશળ મધુર વચનો વડે સર્વને પ્રસન્ન કરે છે, એથી તિલકમંજરી પ્રમુદિત ચિત્તવાળી થઈ.

હવે રૂપમતી પોતાની પક્ષિણીને બોલવા માટે આદેશ કરે છે, પણ તે મનુષ્યની ભાષા જાણતી નથી. તેથી મધુર કયાંથી બોલે ? આથી ઘણો ખેદ પામી રૂપમતી વિચારે છે કે– આ મારી પક્ષિણી બાહ્યથી રૂપમાત્ર વડે જ રમણીય છે, પરંતુ એનામાં કોઈ ગુણ દેખાતો નથી.

હવે વિજય પ્રાપ્ત કરી, તિલકમંજરી રૂપમતીને કઠોર અક્ષરો વડે રૂપમતીને તર્જના કરે છે કે– હે અસત્યવાદિની !

અસત્ય પ્રલાપો વડે નકામી તું અમારા જેવા લોકોને પીડે છે! કયાં મધુર બોલનારી સુંદર અંગવાળી મારી પક્ષિણી! અને કયાં કટુ શબ્દ બોલનારી તારી પક્ષિણી? મારી પક્ષિણીની આગળ તારી કોશી પક્ષિણી હજારમા ભાગને પણ યોગ્ય નથી.

આ પ્રમાણે તિલકમંજરીના અભિમાન ભરેલાં વચનો સહન કરવાને અસમર્થ રૂપમતી જિનમતમાં કુશળ અને દક્ષ હોવા છતાં પોતાની પક્ષિણી ઉપર અત્યંત કોપ કરે છે, ત્યારે તેનો રક્ષક પુરુષ તેને સમજાવે છે કે–'હે સ્વામિની! દીન એવી આ પક્ષિણી ઉપર રોષ ન કરો. અહીં એનો કયો દોષ છે? આ પ્રમાણે અનેક વચનની યુક્તિ વડે નિવાર્યા છતાં પણ તે ઉતાવળે પક્ષિણીની પાંખોને મૂળમાંથી ખેંચી કાઢે છે, ત્યાં નિરપરાધી પક્ષિણીનું શું બળ ચાલે? તે પક્ષિણી સોળ પહોર સુધી ગાઢ પીડા અનુભવીને આર્તધ્યાનમાં તત્પર મરીને દાસીએ આપેલા નવકારના મહાપ્રભાવે મનુષ્યાયુષ્ય બાંધી વૈતાઢયપર્વત ઉપર ગગનવલ્લભ નગરના રાજા પવનવેગ રાજાની વેગવતી ભાર્યાની કુક્ષિમાં પુત્રીપણે ઉત્પન્ન થઇ. ગર્ભસમય પરિપૂર્ણ થયે વેગવતી તેને જન્મ આપે છે, બારમા દિવસે રાજાએ તેનું **વીરમતી** નામ સ્થાપન કર્યું. યૌવનવયને પામેલી તેને આભાપુરીના રાજા વીરસેન રાજા સાથે પરણાવે છે. અપ્સરાઓ પાસેથી પ્રાપ્ત થયેલી વિદ્યાના બળે તે પોતાના પતિ સ્વર્ગમાં ગયે છતે પોતે જ આભાપુરીનું રાજ્ય કરવા લાગી. રૂપમતીની દાસીએ અંતિમ સમયે કોશી પક્ષિણીને પંચનમસ્કાર મહામંત્ર સંભળાવ્યો તેથી તેના પ્રભાવે એ વીરમતીને વિવિધ વિદ્યા અને રાજ્યસમૃદ્ધિથી યુક્ત માનવભવ મળ્યો.

હવે રૂપમતી કોશી પક્ષિણીના દેહને યોગ્ય સ્થાને પરિઠવીને જિનમતના તત્ત્વનો સાર જાણતી એવી તેણીને પાછળથી પક્ષિણીના વધથી ઘણું દુઃખ ઉત્પન્ન થવાથી અત્યંત પશ્ચાત્તાપ કરે છે કે– અવિચારી કાર્ય કરનારી મને ધિક્કાર થાઓ. જે અનુપમ લોકોત્તમ જિનધર્મને પામીને પણ નિર્દય એવી મેં નિરપરાધી પક્ષિણીને મારી નાખી, મારી કઇ ગતિ થશે?

હવે મિથ્યાત્વથી હણાયેલા ચિત્તવાળી, ગર્વિષ્ઠ દુષ્ટ આશયવાળી તિલકમંજરી પક્ષિણીના વધને સાંભળીને જિનમતની નિંદા કરતી રૂપમતીને કહે છે કે– આજે જ તારો જિનધર્મ મેં જોયો, જ્યાં મુખમાં દયા–દયા એમ પોકાર કરાય છે કાર્ય તો આવા પ્રકારનાં થાય છે. હે પાપિણી! તને દીન એવી નિરપરાધી આવી જાતની પક્ષિણીનો વધ કરવામાં દયા કેમ ન થઈ? તેને હણવા માટે તારા હાથ કેમ સ્ખલના ન પામ્યા? હું પ્રાણોના નાશમાં પણ આવા પ્રકારના અનાથ જીવની હિંસા ન કરું.

આ પ્રમાણે શોકયના એવા પ્રકારનાં વચનો વડે રૂપમતીને ઘણો ખેદ ઉત્પન્ન થયો. પ્રતિદિન વિવાદ કરતાં તેઓનો ધર્મક્લેશ પરમવૃદ્ધિ પામ્યો. પોતાના ભર્તાર વડે હિતશિક્ષાથી નિવારવા છતાં પણ તે બન્ને અટકતી નથી. પરંતુ અગ્નિમાં નાંખેલા ઘીની જેમ તેઓની વિદ્વેષની જ્વાલાઓ વૃદ્ધિ પામી. કેમે ય કરીને શાંત થતી નથી.

પક્ષિણીને હણીને રૂપમતી વારંવાર પોતાને નિંદતી પશ્ચાત્તાપ વડે તે કર્મને શિથિલ કરે છે. 'આથી ચતુર

પુરુષો વિચાર કર્યા વિના ક્યારેય કાર્ય કરતા નથી. વગર-વિચાર્યે કરેલું કાર્ય મોટા અનર્થને માટે થાય છે.'

તે આત્માને કહે છે કે રે જીવ! તું સમજ! જે કાંઇ કરવાને તું ઇચ્છે, તે તારે વિચારીને કરવું જોઇએ. અન્યથા જાણતાં–અજાણતાં કરેલું અશુભ કાર્ય ભોગવ્યા વિના ક્ષય પામતું નથી, કરેલા તે કર્મ વડે નવા કર્મનો બંધ અશુભકર્મ વિપાકરૂપી ફળ આપનાર થાય છે, તે અશુભ કર્મોને ભોગવતો જીવ ફરીથી બીજા અશુભ કર્મો બાંધે છે, તેથી ફરીથી તે કર્મો વડે કાશી કરવતની જેમ બંને પ્રકારે વિડંબના પામતો જીવ સંસારમાં ભમતો દુઃખના અંતને પામતો નથી.

આ પ્રમાણે પોતાના આત્માની નિંદા કરતી રૂપમતી. અકૃત્ય કરનાર હોવા છતાં પણ જિનેશ્વરે કહેલા તત્ત્વજ્ઞાનના વિચારમાં પ્રવીણ પશ્ચાત્તાપમાં તત્પર અશુભ કર્મોને શિથિલ કરીને પુરુષવેદ બાંધે છે. તે પછી આયુષ્ય પૂર્ણ કરી તે મરીને વીરસેન રાજાની ચંદ્રાવતી રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થઇ. ગર્ભના દિવસો પૂર્ણ થયે તે પુત્ર રત્નને જન્મ આપે છે. રાજાએ **'ચંદ્રરાજ'** એ પ્રમાણે તેનું નામ સ્થાપન કર્યું હે રાજન્! તે જ તું છે. વિધિ વડે આચરેલો ધર્મ નિષ્ફળ થતો જ નથી. કહ્યું છે કે–

> धम्मेण कुलपसूई, धम्मेण य दिव्वसूवसंपत्ती ।
> धम्मेण धणसमिद्धी, धम्मेण सवित्थरा कित्ती ।। १३९ ।।

ધર્મ વડે ઉત્તમકુળમાં જન્મ થાય છે, ધર્મ વડે દિવ્યરૂપની પ્રાપ્તિ થાય છે, ધર્મવડે ધન સમૃદ્ધિ થાય છે, ધર્મ વડે વિસ્તારવાળી કીર્તિ પ્રાપ્ત થાય છે. ૧૩૯

તેમજ કોશી પક્ષિણીનો જે રક્ષક હતો તે પણ મરણ પામીને તારો **સુમતિ** નામે પ્રધાન થયો. જેથી મરણ અવસ્થામાં કોશીની ઉપર એને દયા આવી હતી તેથી તેને ફળ મળ્યું.

તેમજ સાધ્વીના ઉપાશ્રયની પાડોશી જે સુરસુંદરી હતી, જેણે સાધ્વીનો કંઠ પાશ દૂર કર્યો હતો, તે મૃત્ય પામીને તારી સ્ત્રી **ગુણાવલી** થઇ, રાજપુત્રી તિલકમંજરી જે મિથ્યાદષ્ટિ હતી તે અહીં **પ્રેમલાલચ્છી** થઇ છે. સાધ્વીનો જીવ કાલધર્મ પામીને **કનકધ્વજ** કુષ્ટિ થયો. મોહરૂપી અંધકારથી અંધ થયેલા પ્રાણીઓ કર્મોની ગહન ગતિને જાણતા નથી. પરિણામે તે ગાઢ દુઃખને ઉત્પન્ન કરનારા થાય છે.

તેમજ તિલકમંજરીની પક્ષિણીનો જીવ મરીને **કપિલા** નામે ધાવમાતા થઈ. જે પક્ષિણીના ભવમાં પરસ્પર કલેશનું નિમિત્ત પામી હતી તે પ્રમાણે જ આ ભવમાં પણ વૈરિણી થઇ.

જે રાજપુત્રીનો તેમજ મંત્રીપુત્રીનો સ્વામી સૂરસેનકુમાર હતો તે મરીને **શિવકુમાર** નટ થયો. રૂપમતીની જે દાસી હતી તે મરીને નટપુત્રી **શિવમાળા** ઉત્પન્ન થઇ. સારિકાપક્ષિણીનો પાલક કાળ કરીને **હિંસક** નામે મંત્રી થયો. ઉદયે આવેલાં કર્મોના પ્રવાહોને રોકવા કોઇ પણ સમર્થ નથી.

આ પ્રમાણે શ્રી મુનિસુવ્રત તીર્થંકર સર્વેના પૂર્વભવો કહીને ચંદ્રરાજાને કહે છે કે હે રાજન્! તને વધારે શું કહું?

પોતે પૂર્વભાવમાં કરેલાં કર્મોના વિચિત્ર સ્વરૂપને જાણ. જેની તેં પાંખ કાપી નાખી હતી તે કોશી પક્ષિણીએ વીરમતી થઇને પૂર્વભવના વૈરથી બંધાયેલી તેણે આ ભવમાં તને કૂકડો કરીને વિવિધ પ્રકારે દુઃખ આપ્યું. કરેલાં કર્મો જ્યારે ઉદયે આવે છે ત્યારે તે અવશ્ય ભોગવવાં જ પડે. શક્તિશાળી પુરુષ પણ તેને અટકાવવા સમર્થ થતો નથી.

તેમજ તિલકમંજરીના ભવમાં સાધ્વીની ઉપર ચોરીનું કલંક આપવાથી પ્રેમલાલચ્છીને કનકધ્વજ થયેલા સાધ્વીના જીવે 'આ કોઢ કરનારી છે' એ પ્રમાણે કલંકસહિત કરાઇ. અને 'આ વિષકન્યા છે' એ પ્રમાણે પ્રસિદ્ધિ પામી.

પૂર્વજન્મમાં રૂપમતીની પાસે કોશી પક્ષિણીના રક્ષકનું બળ નિષ્ફળ ગયું; તેમ વીરમતીની પાસે તેના વચનને અનુસરનારી ગુણાવલી ભર્તારના રક્ષણમાં અશક્તિમાન રોતી તેમજ વીરમતીએ કરેલા કૂકડાસ્વરૂપ તને જોતી અત્યંત દુઃખી થઇ.

રૂપમતીના દાસીએ કોશીપક્ષિણીને મૃત્યુકાળે નવકાર આપી નિર્યામણા કરાવી તે સ્નેહથી આ જન્મમાં શિવમાળાએ કૂકડાને લાવીને પ્રેમલાલચ્છીને આપ્યો તેણે પણ તેનું આત્માની જેમ રક્ષણ કર્યું.

આ પ્રમાણે સુર–અસુર અને મનુષ્યોએ જેમના ચરણ-કમળની સેવા કરી છે એવા પરમાત્માએ બતાવેલા પોત-પોતાના પૂર્વભવના સ્વરૂપને સાંભળીને ચંદ્રરાજા વગેરે સર્વે પ્રતિબોધ પામ્યા.

## ચંદ્રરાજાનો સંવેગ અને પોતાની સ્ત્રીઓને પોતાનો અભિપ્રાય જણાવવો

હવે પરમોપકારી ત્રિલોકનાથના ચરણકમળને પ્રાપ્ત કરીને ચંદ્રરાજા ભક્તિબહુમાનપૂર્વક જિનેશ્વરને નમસ્કાર કરીને વિજ્ઞપ્તિ કરે છે કે– હે નાથ! તમારા જેવા તારક મળ્યા છતાં પણ જો હું સંસારસમુદ્રને પાર કરનારો ન થાઉં તો પછી મારો બીજો કયો આધાર? હે ત્રિલોક દિવાકર! સંસારના ભયથી ત્રાસ પામેલા મને તમારાં ચરણકમળ શરણ હો. ભક્તિના સમૂહથી નમ્ર મને પોતાનો જાણી આપે મારી ક્યારે ય ઉપેક્ષા ન કરવી. મદોન્મત્ત હાથીઓ પાણીના પૂરને જોઇને ખેંચાઇ જવાના ભયથી પાછા ફરે છે, પણ તે પાણીનાં પૂરમાં સન્મુખ ચાલતા છતાં મત્સ્ય વગેરે પાણીને પોતાનું શું નથી માનતા? તેથી હે જગત્પ્રભો! મારી ઉપર દયા કરીને ઘણાં દુઃખના સમૂહથી ભરેલા સંસાર–સમુદ્રથી મારો ઉદ્ધાર કરો.

ત્રિલોક ગુરુ જિનેશ્વર કહે છે કે– હે દેવાનુપ્રિય! જો તને સુખની ઇચ્છા હોય તો ઉત્તમ કાર્યમાં તરત જ ઉદ્યમ કરવો. પ્રતિબંધ ન કર.

ચંદ્રરાજા 'તેમ થાઓ' એમ કહીને પરિવાર સહિત જિનરાજને વંદન કરીને પોતાના નગરમાં આવ્યો.

હવે મુનિસુવ્રત તીર્થંકરની દેશનારૂપી અમૃતના પાન વડે અને પોતાના પૂર્વભવનું વૃત્તાંત સાંભળવા વડે સંસારથી

વિરક્ત ચિત્તવાળો ઇંદ્રિયોના વિષયના સમૂહને વિષ સમાન માનતો એકાંતમાં ગુણાવલી અને પ્રેમલાલચ્છીને બોલાવીને પોતાનો અભિપ્રાય જણાવે છે કે- હે પ્રિયાઓ ! જિનેશ્વરની શ્રેષ્ઠ દેશનાવડે પ્રતિબોધ પામેલો હું શ્રી મુનિસુવ્રતસ્વામીની ચરણ સમીપે સંસારરોગનો વિનાશ કરવામાં ઔષધિરૂપ સંયમને હું ગ્રહણ કરીશ, આ સંસાર દુઃખમય છે. કહ્યું છે કે-

जम्मदुक्खं जरादुक्खं, रोगा य मरणाणि य ।
अहो दुक्खो हु संसारो, जत्थ कीसंति जंतूणो ॥ १४० ॥
संसारो दुहहेऊ, दुक्खकलो दुसहदुक्खरूवो य ।
न चयंति तं पि जीवा, अइबद्धा नेहनिअलेहिं ॥ १४१ ॥

(સંસારમાં) જન્મનું દુઃખ છે, જરાનું દુઃખ છે, રોગો છે, મરણો છે, અહો ! આ સંસાર દુઃખરૂપ છે, જેમાં પ્રાણીઓ ક્લેશ પામે છે. ૧૪૦

સંસાર એ દુઃખનો હેતુ છે, દુઃખરૂપ ફળવાળો છે, દુઃસહ દુઃખરૂપ છે, તોપણ સ્નેહરૂપી બેડીથી બંધાયેલા જીવો તે સંસારનો ત્યાગ કરી શકતા નથી.

જિનવચનરૂપી અમૃતથી સિંચન પામેલું મન રાજ્ય સુખ અને કામભોગ આદિમાં તૃપ્તિ પામતું નથી. વળી રૂપ અશાશ્વત છે, જીવિત વીજળી જેવું ચંચળ છે, યૌવન સંધ્યાના રંગની જેમ ક્ષણવાર રમણીય છે, લક્ષ્મી હાથીના કાનની જેમ ચંચળ છે, અને ઇન્દ્રધનુષ્ય સમાન વિષયસુખને જાણીને તેઓમાં મને આનંદ થતો નથી. હમણા શુભધ્યાનમાં મગ્ન મારી ચિત્તવૃત્તિ ઉદાસીન ભાવને પામી છે, પ્રાણીઓનું

આયુષ્ય અંજલિમાં રહેલ પ્રાણીની માફક ક્ષણે ક્ષણે ઓછું થાય છે, પાણીના પરપોટાની માફક વિનાશ પામે છે, આ શરીરનું રક્ષણ કરવા છતાં કુલટા સ્ત્રીની જેમ હંમેશા અવિશ્વાસ કરવા લાયક છે. હે ચંદ્રસમાન મુખવાળી ! માંસ અને લોહીના કાદવ વડે રચેલ હાડપિંજર રૂપી ભીંતવાળું નસોરૂપી કાષ્ટવડે મંડિત છે. ઉપરનો ભાગ જેનો એવી, કેશરૂપી ઘાસથી ઢંકાયેલ, શ્વાસોચ્છ્વાસરૂપી થાંભલાના અગ્રભાગથી ટેકાવાળી, સ્નાન વિલેપન આદિ વડે સંસ્કાર કર્યા છતાં પણ ક્ષણ વિનશ્વર આ દેહરૂપી ઝૂંપડીને નિરંતર અશન-પાન આદિ વડે પૂરતાં છતાં અપૂર્ણની જેમ ખાલી જ થાય છે. મર્યાદા પૂર્ણ થયા પછી ક્ષણ વાર પણ તે રહેતું નથી. તેવા પ્રકારના અસ્થિર પાંદડા સરખી કાયારૂપી નાવ વડે અપાર એવા સંસાર સમુદ્ર કેવી રીતે તરી શકાય ? દેહ અને જીવનો સંયોગ અનંતીવાર થયો છે, તોપણ તત્ત્વજ્ઞાનથી વિમુખ પ્રાણીઓ યથાસ્થિત લાભ પામતા નથી. આ સંસારસમુદ્રમાં ગાંડી સ્ત્રીના મસ્તક ઉપર રહેલા ઘડાની જેમ સર્વ પદાર્થોનો સમૂહ અસ્થિર છે, તેમ જ આ સંસારમાં પ્રાણીઓ ઘણા પરિશ્રમથી મણિ, માણેક, મોતી, રાજ્ય ભૂમિ, સ્ત્રી, પુત્ર આદિ સમૃદ્ધિને મેળવે છે, તોપણ તે સર્વ અહીં જ રહે છે, સાથે કાંઇ પણ આવતું નથી, આ જીવ એકલો જ ખાલી હાથે ભવાંતરમાં જાય છે, ધર્મ જ જીવને શરણભૂત થાય છે. કહ્યું છે કે-

जयसिरिवंछियसुहए, अणिट्ठहरणे य तिवग्गसारम्मि ।
इह-परलोयहियट्ठं, सम्मं धम्मम्मि उज्जमह ॥ १४२ ॥

धम्मो बंधु सुमित्तोय, धम्मो य परमो गुरू ।
मुक्खमग्गपयन्नाणं, धम्मो परमसंदणो ॥ १४३ ॥
जिणधम्मोऽयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।
सग्गापवग्गसुक्खाणं, फलाणं दायगो इमो ॥ १४४ ॥
अथिरेण थिरो समलेण निम्मलो परवसेण साहीणो ।
देहेण जइ विढप्पइ, धम्मो ता किं न पज्जत्तं ॥ १४५ ॥

જય, લક્ષ્મી અને વાંછિત સુખ આપનાર, અનિષ્ટને દૂર કરનારા, ત્રણ વર્ગ (ધર્મ-અર્થ-કામ) માં સારભૂત એવા ધર્મમાં આલોક અને પરલોકના સુખ માટે હંમેશા ઉદ્યમ કરો. ૧૪૨

ધર્મ એ બંધુ છે, ધર્મ એ ઉત્તમ મિત્ર છે, ધર્મ એ પરમ ગુરુ છે, મોક્ષમાર્ગે પ્રયાણ કરનારાઓને ધર્મ એ શ્રેષ્ઠ રથ સમાન છે. ૧૪૩

જિનધર્મ એ જીવોને માટે અપૂર્વ કલ્પવૃક્ષ છે, એ ધર્મ સ્વર્ગ અને મોક્ષના સુખરૂપ ફલોને આપનાર છે. ૧૪૪

અસ્થિર વડે સ્થિર, મલીન વડે નિર્મળ, પરવશ વડે સ્વાધીન દેહ વડે ધર્મ મેળવાય તો શું પર્યાપ્ત નથી? ૧૪૫

આ પ્રમાણે સંસારનું સ્વરૂપ જાણીને મારું મન ઉદ્વેગ પામ્યું છે, સંસારવાસ મને રુચતો નથી, તેથી હમણાં મને રજા આપો તો હું સંસારરૂપી રોગને શાંત કરવામાં ઔષધરૂપ ચારિત્ર ગ્રહણ કરું. દુર્વાર એવા રાગાદિ શત્રુઓને દૂર કરનાર, પરોપકાર કરવામાં તત્પર વીતરાગ ભગવંત તીર્થંકરના વચનોમાં મને સંપૂર્ણ શ્રદ્ધા થઈ છે. આજ સુધી

મારો જન્મ નિષ્ફળ ગયો. આથી તમારી જો અનુજ્ઞા હોય તો હું ચારિત્ર સ્વીકારું. કયો ભૂખ્યો માણસ મુખ સમીપ રહેલા અમૃત જેવા રસયુક્ત ઘેબરને ખાવા માટે ઉદ્યમ ન કરે!

આ પ્રમાણે પોતાના પ્રિયનાં વચનો સાંભળીને ગુણાવલી અને પ્રેમલાલચ્છી બન્ને સ્ત્રીઓએ તેને સંસારમાં રહેવા માટે ઘણા ઉપાય કર્યા, તોપણ વૈરાગ્યવાસિત ચિત્તવાળા રાજાને જાણીને ચલાયમાન ન કરી શકી, ત્યારે તેઓએ ચારિત્ર ગ્રહણ કરવા માટે અનુજ્ઞા આપી.

તે પછી હર્ષિત મનવાળો ચંદ્રરાજા ગુણાવલીના પુત્ર ગુણશેખરને આભાપુરીના રાજ્ય ઉપર સ્થાપીને મણિશેખર વગેરે બીજા કુમારોને જુદા જુદા દેશો વહેંચી દઈને તે સર્વને સંતોષ પમાડે છે.

## શ્રી મુનિસુવ્રતસ્વામી પાસે ચંદ્રરાજા વગેરેનું દીક્ષા ગ્રહણ

તે પછી ચારિત્ર ગ્રહણ કરવાની ઉત્કંઠાવાળા ચંદ્રરાજાને જોઈને ગુણાવલી વગેરે સાતસો રાણી, સુમતિ મંત્રી, શિવકુમાર નટ, એ સર્વે વિનયપૂર્વક કહે છે કે– હે નાથ! આ અસાર સંસારનું સ્વરૂપ જાણનારા એવા અમે પણ તમારી સાથે દીક્ષા ગ્રહણ કરશું. એ પ્રમાણે તેઓનું વચન સાંભળીને ચંદ્રરાજા પ્રસન્ન મનવાળો થયો.

હવે પિતાની ભક્તિ કરવામાં રક્ત ગુણશેખર અને મણિશેખર પોતાના વૈભવના અનુસારે મોટા આડંબરથી

દીક્ષામહોત્સવ કરે છે. ચંદ્રરાજા પરિવાર સહિત દીન-અનાથ આદિને દાન આપતો મોટા ઉત્સવ વડે મુનિસુવ્રત સ્વામીની પાસે જાય છે, પરમાત્માને વંદન કરીને યથાસ્થાને તે સર્વ બેઠા. જિનેશ્વરદેવ સંસારસાગરથી તારનારી દેશના આપે છે :

संसारंमि असारे, नत्थि सुहं वाहिवेयणापउरे ।
जाणंतो इह जीवो, न कुणइ जिणदेसियं धम्मं ॥ १४६ ॥
बंधवा सुहिणो सव्वे, पियमायापुत्तभारिया ।
पेअवणाउ निअत्तंति, दाऊण सलिलंजलिं ॥ १४७ ॥
अऽकम्मपासबद्धो, संसार चारए ठाइ ।
अऽकम्मपासमुक्को, आया सिवमंदिरे ठाइ ॥ १४८ ॥
विहवो सज्जणसंगो, विसयसुहाइं विलासललिआइं ।
नलिणीदलग्गघोलिर-जललवरिचंचलं सव्वं ॥ १४९ ॥
अणिच्चाइं सरीराइं, विहवो नेव सासओ ।
निच्चं संनिहिओ मच्चू, कायव्वो धम्मसंगहो ॥ १५० ॥
दुलहो पुण जिणधम्मो, तुमं पमायागरो सुहेसीय ।
दुसहं च नरयदुक्खं, कह होहिइ तं न याणामो ॥ १५१ ॥
लोगे सारो धम्मो, धम्मंपि य नाणसारयं बिंति ।
नाणं संजमसारं, संजमसारं च निव्वाणं ॥ १५२ ॥

ઘણા વ્યાધિ અને વેદનાવાળા આ અસાર સંસારમાં સુખ નથી એમ જાણવા છતાં પણ અહીં જીવ જિનેશ્વર કહેલા ધર્મને કરતો નથી. ૧૪૬

બાંધવો, પિતા, માતા, પુત્ર, સ્ત્રી વગેરે સર્વ સ્વજનો જલાંજલિ આપીને સ્મશાનમાંથી પાછા ફરે છે. ૧૪૭

આત્મા આઠ કર્મરૂપી પાશથી બંધાયેલો સંસારરૂપી

કેદખાનામાં રહે છે, અને આઠ કર્મરૂપી પાશથી મુક્ત થયેલો આત્મા મોક્ષમંદિરમાં રહે છે. ૧૪૮

વૈભવ, સજ્જનનો સંગ, વિલાસથી મનોહર વિષયસુખો, કમળપત્રના અગ્રભાગ ઉપર કંપતા પાણીના બિંદુ સમાન સર્વ ચંચળ છે. ૧૪૯

શરીર અનિત્ય છે, વૈભવ શાશ્વત નથી, મૃત્યુ હંમેશા નજીક રહેલ છે, માટે ધર્મનો સંગ્રહ કરવો જોઇએ. ૧૫૦

આ જિનધર્મ દુર્લભ છે, તું પ્રમાદની ખાણરૂપ અને સુખની ઇચ્છાવાળો છે, નરકના દુઃખ દુઃસહ છે, કેવી રીતે થશે તે અમે જાણતા નથી. ૧૫૧

લોકમાં ધર્મ સાર છે, ધર્મ પણ જ્ઞાન રૂપી સારવાળો છે, જ્ઞાન એ સંયમના સારવાળું છે, અને સંયમનો સાર નિર્વાણ–મોક્ષ છે. ૧૫૨

આ પ્રમાણે જગત્પ્રભુની દેશનારૂપી અમૃતરસના પાન વડે તેઓનો વૈરાગ્યભાવ વધારે વૃદ્ધિપણાને પામ્યો. ઇંદ્રાદિ દેવો પણ ચંદ્રરાજાની ઘણી પ્રશંસા કરે છે. તે પછી ચંદ્રરાજાના પુત્ર ગુણશેખર રાજા શ્રી મુનિસુવ્રત તીર્થંકરને પ્રાર્થના કરે છે કે– હે ભગવંત ! મોક્ષસુખની અભિલાષાવાળા અમારા પિતા વગેરેને ચારિત્ર આપવા માટે કૃપા કરો.

શ્રી જિનેશ્વરદેવ આ પ્રમાણે જાણે છે કે–જેમ કાંસાના પાત્રમાં જળબિંદુ રહેતા નથી, તેવી રીતે જ ચંદ્રરાજાના ચિત્તમાં વિષયોનો રાગ રહેવા માટે શક્ય નથી, તોપણ દીક્ષાનું દૃઢપણે પાલન કરવા માટે ચંદ્રરાજાને પોતાની પાસે બોલાવીને કહે છે કે– હે ચંદ્રનરેશ ! તું સંયમ લેવા તૈયાર

થયો છે, તે શ્રેષ્ઠ છે, પરંતુ સંયમ ગ્રહણુ અત્યંત દુષ્કર છે, ખડ્ગધારા સરખું છે, મહાકષ્ઠ ત્યાં જવાય છે, મીણુના દાંતો વડે લોઢાના ચણા ચાવવા જેવું છે, રેતીના કોળિયાની જેમ કષાયનો ત્યાગ અને પરીષહો તેમજ ઉપસર્ગોને સહન કરવા તે અત્યંત દુષ્કળ છે. કહ્યું છે કે–

कसाया जास नोच्छिन्ना, न खिया मणनिग्गहो ।
इंदियाइं न गुत्ताइं, पव्वज्जा तास निप्फला ।। १५३ ।।
अन्नाणं खलु कट्ठं, कोहाईओ वि सव्वपावाओ ।
जेणावरिआ लोगा, हियाहियं तेव जाणंति ।। १५४ ।।

જેઓના કષાય દૂર થયા નથી, જેઓને મનનો નિગ્રહ થયો નથી- જેઓએ ઇંદ્રિયોને કાબૂમાં રાખી નથી, તેઓની દીક્ષા નિષ્ફળ છે. ૧૫૩

ક્રોધ આદિ સર્વ પાપો કરતાં પણુ અજ્ઞાન વધુ કષ્ટરૂપ છે, જે અજ્ઞાનથી આવરણુ પામેલા લોકો હિત અને અહિત-ને જાણુતા નથી. ૧૫૪

વળી અશુભ ધ્યાનયોગ વડે જ્યારે વ્રતરૂપ પર્વતના શિખર ઉપરથી જીવોનું પતન થાય છે, ત્યારે તેઓની કોઈ ઠેકાણે શુદ્ધિ થતી નથી, તેથી, તેઓ દુર્ગતિમાં જ પરિભ્રમણુ કરે છે. આથી તારે જે કાંઇ કરવું હોય તે સારી રીતે વિચારીને કરવું.

આ પ્રમાણે શ્રી જિનેશ્વર દેવનું વચન સાંભળીને ચંદ્રરાજાએ કહ્યું કે–હે સ્વામી ! આપે યથાર્થ જ કહ્યું છે.

એમાં કોઇ સંદેહ નથી, અને ચારિત્રનું પાલન અતિ દુષ્કર છે, પરંતુ તે કાયર કઠિન નથી.

આ પ્રમાણે ચંદ્રરાજાનો ચારિત્ર ગ્રહણ કરવામાં દૃઢ ભાવ જોઇને ભગવંતે તેને ચારિત્ર આપવાનું સ્વીકાર્યું.

તે પછી પ્રમુદિત ચિત્તવાળો ચંદ્રરાજા જેમ સાપ કાંચળીને ઉતારે તેમ શરીર ઉપરથી સર્વ આભારણને ઉતારે છે, તે પછી કર્મરૂપી વૃક્ષના મૂળને ઉખેડી નાંખતો હોય તેમ મસ્તકના કેશોને ઉખેડતો તે પંચમુષ્ટિ લોચ કરે છે. તે પછી શુદ્ધ અનુષ્ઠાન સ્વરૂપ મહાવ્રતોને ગ્રહણ કરવા માટે તૈયાર થયો.

તે વખતે પરમાત્મા તેને ધર્મધ્વજ (ઓઘો) અને મુહપત્તિ આદિ મુનિવેશ સમર્પણ કરીને મસ્તક ઉપર શિવવધૂને વશ કરવા માટે જાણે શ્રેષ્ઠ સુગંધથી ભરેલા વાસચૂર્ણને નાંખે છે, પછી ઇંદ્ર આદિ દેવો પણ તેની ઉપર વાસક્ષેપ કરે છે. તે પછી ત્રિલોકપ્રભુ તેને મહાવ્રતો ઉચ્ચરાવે છે, અને તે રાજર્ષિ થયા.

તે પછી દેવેન્દ્ર, અસુરેન્દ્ર અને રાજાઓ તે ચંદ્રરાજર્ષિને વંદન કરે છે, સુમતિ મંત્રીએ પણ તે વખતે જ દીક્ષા ગ્રહણ કરી. તેણે પણ ચંદ્રરાજર્ષિનું યથાર્થ મંત્રીપદ મેળવ્યું. તે પછી શિવકુમાર નટ પણ સંસારસંબંધી નટપણાનો ત્યાગ કરીને લોકરૂપી વાંસના અગ્રભાગ ઉપર ચઢવાને દુષ્કર ચરણક્રીડા કરવા માટે નવીન સંયમરૂપી નાટકની ક્રિયાને અંગીકાર કરે છે, અથવા તે પણ નટપણું છોડીને ચારિત્ર ગ્રહણ કરે છે.

એ પ્રમાણે તે વખતે ગુણાવલી, પ્રેમલાલચ્છી, શિવમાળા તેમજ બીજી અનેક ચંદ્રરાજાની પત્નીઓ પોતાના પતિના માર્ગને અનુસરી ચારિત્ર ગ્રહણ કર્યું. તે પછી સંયમ ગ્રહણ કરવામાં અશક્ત બીજા લોકોએ પ્રભુના ચરણ સમીપે વિવિધ વ્રત નિયમો લીધાં

## આભાપુરીથી વિહાર અને હિતશિક્ષા

હવે મુનિસુવ્રત તીર્થંકર ચંદ્રરાજર્ષિ વગેરે ગણુથી પરિવૃત થઈ આભાપુરીથી વિહાર કર્યો. ગુણશેખર વગેરે રાજાઓ દૂર સુધી તેઓની પાછળ જઈ, પાછા ફરતી વખતે તે સર્વે પરિવાર સહિત પ્રભુને વંદન કરીને પોત–પોતાના નામ ગ્રહણપૂર્વક બોલ્યા કે–હે પ્રભુ ! અહીંથી નીકળેલા તમે અમારા ઉપર સર્વથા સ્નેહ રહિત થશો. પરંતુ અમે સંસારી આપને વિશે સ્નેહ કેવી રીતે છોડશું ? આપ તો અમને ભૂલી જશો પણ અમે આપને ભૂલવામાં અસમર્થ છીએ, આપે તો તૃણની જેમ રાજ્ય છોડી દીધું, પરંતુ મૂઢ એવા અમે તે કેવી રીતે છોડી શકીએ ? હે રાજર્ષિ ! તમે તો શરીરના મેલની જેમ સર્વનો ત્યાગ કરીને શાશ્વતસુખના કારણભૂત અનુપમ સંયમમાર્ગ સ્વીકાર્યો છે, હવે પછી અમને હિતકારી ઉપદેશ કોણ આપશે ?પરંતુ અમે આપની આગળ એક જ પ્રાર્થના કરીએ છીએ કે હંમેશા આપના ચરણ-કમળના ધ્યાનમાં રક્ત અમે ઉપેક્ષા કરવા લાયક નથી, ફરીથી ક્યારેક અહીં આવીને અમને દર્શનનો લાભ આપશો.

સર્વને 'ધર્મલાભ' રૂપ આશીષ આપતાં ચંદ્રરાજર્ષિએ કહ્યું :–

अणिच्चाइं सरीराइं, विहवो नेव सासओ ।
निच्चं संनिहिओ मच्चू, कायव्वो धम्मसंगहो ॥ १५५ ॥
धम्मं करेह तुरियं, धम्मेण य हुंति सव्वसुक्खाइं ।
सो अभयपयाणेणं, पंचिंदिय–निग्गहेणं च ॥ १५६ ॥
मज्जं विसयकसाया, निद्दा विगहा य पंचमी भणिया ।
एए पंच पमाया, जीवं पाडंति संसारे ॥ १५७ ॥
बालो पाओ रमणासत्तो, तरूणो पाओ रमणीरत्तो ।
वुड्ढो पाओ चिंतामग्गो, तमहो ! धम्मे को वि न लग्गो ॥ १५८ ॥
असासयं जीवियमाहुलोए, धम्मं चरे साहुजिणोवइट्ठं ।
धम्मो य ताणं सरणं गईय, धम्मं निसेवित्तु सुहं लहंति ॥ १५९ ॥

શરીર અનિત્ય છે, વૈભવ શાશ્વત નથી, મૃત્યુ હંમેશા નજીક રહેલું છે, તેથી ધર્મનો સંગ્રહ કરવો. ૧૫૫

ધર્મ જલદી કરો, ધર્મથી સર્વસુખ થાય છે, તે ધર્મ અભય આપવાથી અને પાંચ ઇંદ્રિયોને વશ કરવાથી થાય છે. ૧૫૬

મદિરા, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ જીવને સંસારમાં પાડે છે. ૧૫૭

બાળક પ્રાય: રમવામાં આસકત હોય છે, યુવાન પ્રાય: સ્ત્રીમાં આસક્ત હોય છે, વૃદ્ધ પ્રાય: ચિંતામગ્ન હોય છે, તેથી આશ્ચર્ય છે કે કોઇ ધર્મમાં લાગ્યા નથી. ૧૫૮

આ લોકમાં જ્ઞાનીઓ જીવિતને અશાશ્વત કહે છે, માટે જિનેશ્વરે કહેલા ધર્મને સારી રીતે આચરો. ધર્મ એ રક્ષણ

છે, ગતિ છે, શરણ છે. જીવો ધર્મનું સેવન કરીને સુખી થાય છે. ૧૫૯

આ પ્રમાણે ક્ષણે ક્ષણે વિનાશ પામનારા આ સંસારના સ્વરૂપને જાણીને તમે હંમેશા ધર્મકાર્યમાં ઉદ્યમ કરજો. પ્રમાદ કરવા લાયક નથી, એમ કહીને ચંદ્રરાજર્ષિએ બીજી તરફ વિહાર કર્યો.

ગુણશેખર આદિ સકળ સ્વજનો આંસુ સહિત નેત્રવાળા વારંવાર તે મુનિવર વગેરેને દૃષ્ટિમાર્ગ સુધી જોતાં ઊભા રહે છે, જ્યારે સાધુ-સાધ્વીઓ અદૃશ્ય થયા ત્યારે તેઓ કષ્ટથી પાછા ફરીને સ્વસ્થાને આવ્યા.

## ચંદ્રરાજર્ષિનો શાસ્ત્રાભ્યાસ

તે પછી ચંદ્રરાજર્ષિ પ્રમાદનો ત્યાગ કરીને મોક્ષમાર્ગને સાધતા સ્થવીર મુનિવર પાસે વિનયપૂર્વક સિદ્ધાંતનો અભ્યાસ કરતા, અનુક્રમે ચારિત્રની ક્રિયાના સમૂહ સાથે પરમ નિપુણ-પણાને પામ્યા.

હવે સુમતિ અને શિવકુમાર મુનિ પણ ચંદ્રરાજર્ષિની બહુમાનપૂર્વક વિનયથી સેવા કરતાં શાસ્ત્રાભ્યાસ કરે છે.

ગુણાવલી વગેરે સાધ્વીઓ પણ પ્રવર્તિનીની પાસે સાધુ સમાચારીની શિક્ષા ગ્રહણ કરતી સિદ્ધાંત જ્ઞાનના અભ્યાસ સાથે ધ્યાન, તપ અને સંયમ ક્રિયાના અનુષ્ઠાનોમાં પણ રક્ત થઇ. તેઓ પણ સિંહની જેમ સંયમ ગ્રહણ કરીને

તેવી જ રીતે નિરતિચારપણે તેના પાલનમાં તત્પર સુશ્રદ્ધા અને સંવેગથી ભરેલી અખંડિત જિનાજ્ઞાનું આરાધન કરવામાં રત થઇ.

અગાધ શ્રુતસાગરનું અવગાહન કરતા, રાગ-દ્વેષ રહિત હંમેશા સંયમક્રિયામાં આસકત તે સર્વને અધ્યાત્મરત્નની પ્રાપ્તિ વિશેષપણે પ્રગટ થઇ. તેથી તેઓ આત્મપ્રશંસા અને પરનિંદા આદિ દોષોનો સર્વથા ત્યાગ કરીને પ્રમત્ત-અપ્રમત્ત નામના ગુણસ્થાનમાં રહી, અધ્યાત્મમાર્ગમાં વિહરવા લાગ્યા.

હવે ચંદ્રરાજર્ષિ અતિચારરહિત ચારિત્રની આરાધના કરતા, નિર્મળ તત્ત્વજ્ઞાનમાં રત, અપ્રમત્તભાવે છ જીવનિકાયની દયા કરતા, સકલ પ્રાણીગણને આત્મસમાન જોતા, પુદ્ગલ દ્રવ્યમાં આસકત ચેતન દ્રવ્યને આધ્યાત્મિક વિશુદ્ધ ભાવ વડે ઉદ્ધાર કરતા, વિવેક જ્ઞાન વડે જડ અને ચૈતન્યનો યથાસ્થિત ભેદ જાણતા, સમતા વગેરે ગુણોને જ પોતાના આત્મસ્વરૂપ પ્રગટ કરવામાં તત્ત્વથી હેતુપણે માનતા, અષ્ટ પ્રવચન માતાના ખોળામાં હંમેશા રમતા, ક્ષમારૂપી ખડ્ગ વડે મોહરાજાને પરાજય પમાડતા, અંતરંગવર્તિ સંવેગરૂપી ગંગાનદી વડે પરમાનંદમય પોતાના આત્માને સ્નાન કરાવતા, દેહરૂપી રથને દર્શન-જ્ઞાન આદિ ત્રણ રત્નના સુયોગરૂપ સન્માર્ગમાં ચલાવતા, જિનધર્મના વિવેકરૂપી પર્વતમાંથી પ્રાપ્ત કરી છે. અનુભવરૂપી રસકૂપિકા જેણે એવા, સૌભાગ્યથી વિભૂષિત સંતોષરૂપી ઘરમાં રહેલા ક્ષાયિકભાવને સાધતા, પાંચ મેરુ

સરખા પાંચ મહાવ્રતોને ઉલ્લાસ પામતા પોતાના વીર્ય વડે વહન કરતા, પાંચ ઇંદ્રિયરૂપી હરણોને સિંહની જેમ સંવર-રૂપી વાડમાં રુંધતા, સમભાવ વડે દેવ, અસુર અને મનુષ્યોએ કરેલા ઉપસર્ગોને સારી રીતે સહન કરતા, ક્ષમા વગેરે દશ પ્રકારના યતિધર્મની ભાવનાથી વાસિત ચિત્તવાળા પૃથ્વીતળ ઉપર વિચરે છે-આવા પ્રકારે તે-

पडिलोमेऽणुलोमें य, सहमाणो परीसहे ।
गुणे अत्तगए सव्वे, लहए मोक्खसाहगे ॥ १६० ॥
जहग्गितावाइगयं सुवण्णं,
सुद्धिं परं पावइ भूसणाय ।
तहोवसग्गाइरिउस्स जेआ,
निअप्पसुद्धिं लहए पगामं ॥ १६१ ॥
जहा जहा संतरसेण सिप्पाई,
अप्पक्खिई निद्धयमा हि जायए ।
तहा तहा सुद्धफलप्पदाइणी,
जच्चसुवण्णं व कुडं सा रेहइ ॥ १६२ ॥
होइ सुद्धो जया अप्पा, सयणुट्ठाणतप्परो ।
तएव तस्स साहुस्स, सुलहा सिवसंपया ॥ १६३ ॥
भवसोक्खविरत्तो जो, होइ अप्पगवेसगो ।
तस्स नाणाइजुत्तस्स, निव्वाणंदो न दुल्लहो ॥ १६४ ॥

પ્રતિકૂળ અને અનુકૂળ પરિષહોને સહન કરતા, મોક્ષસાધક આત્મગુણોને તે મેળવે છે. ૧૬૦

જેમ અગ્નિથી તપેલ સોનું આભૂષણ માટે શ્રેષ્ઠ શુદ્ધિને પામે છે, તેમ ઉપસર્ગ આદિ શત્રુઓને જીતનાર પોતાની આત્મશુદ્ધિને સારી રીતે મેળવે છે. ૧૬૧

જેમ જેમ આત્મારૂપી પૃથ્વી શાંત રસ વડે સીંચાય છે તેમ તેમ તે વધારે સ્નિગ્ધ થાય છે, શુદ્ધ ફળને આપનારી જાતિવંત સુવર્ણની જેમ તે અત્યંત શોભે છે. ૧૬૨

જ્યારે શુદ્ધ આત્મા ઉત્તમ અનુષ્ઠાનમાં તત્પર થાય છે, ત્યારે તે સાધુપુરુષને મોક્ષની સંપતિ સુલભ થાય છે. ૧૬૩

સંસારના સુખથી વિરક્ત બની જે આત્માને શોધનાર થાય છે, જ્ઞાનાદિ ગુણથી યુક્ત એવા તેને નિત્યાનંદ-મોક્ષ દુર્લભ નથી. ૧૬૪

## ચંદ્રરાજર્ષિને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ

આ પ્રમાણે ચંદ્રરાજર્ષિ નિર્મળ સંયમની આરાધનાની વિશુદ્ધિ વડે વધતા પરિણામવાળા અનુક્રમે ક્ષપકશ્રેણી ઉપર ચઢીને નવમા-દશમા ગુણસ્થાને સર્વથા મોહરાજાની પ્રબલ સેનાને જીતી વીતરાગ થઈ બાકી રહેલા ઘનઘાતી કર્મોનો વિનાશ કરવા તૈયાર થયા.

અહીં અગ્યારમા ચીકણા ઉપશાંતમોહ ગુણસ્થાને ગયેલા પ્રાણીઓ પતન પામે જ છે, તેથી તે અપ્રતિપાતી વધતા વિશુદ્ધ પરિણામ વડે તે ગુણસ્થાનને નહિ સ્પર્શ કરતા બારમા ક્ષીણમોહ નામના ગુણસ્થાનકને પામીને ત્રણ બાકીના ઘાતિકર્મોને સર્વથા ખપાવીને શાશ્વત સુખના કારણરૂપ લોકાલોક પ્રકાશક કેવલ જ્ઞાન અને કેવલદર્શનને પ્રાપ્ત કરે છે, તે વખતે આત્માના જ્ઞાનાદિ ગુણોને રોકનારા કાર્યરૂપ જે કર્મપુદ્ગલો હતા તે કારણભાવને પામ્યા. અથવા તે આત્મપ્રદેશોથી જુદા થયેલા

અકર્મભાવને પામ્યા. તે પછી યથાખ્યાત ચારિત્રને પામેલા તે કેવલજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થવાથી લોકલોકના ભાવોને પ્રકાશ કરનારા થયા. કહ્યું છે કે—

नाणं मोहमहंधयारलहरी–संहारसूरुग्गमो,
नाणं दिट्ठ-अदिट्ठ-इट्ठघडणा–संकप्पकप्पद्दुमो ।
नाणं दुज्जयकम्मकुंजरघडा–पंचत्तपंचाणणो,
नाणं जीव–अजीव–वत्थु–विसरस्सालोयणे लोयणं ॥ १६५ ॥

જ્ઞાન એ મોહરૂપી અંધકારના તરંગોનો નાશ કરવામાં સૂર્યના ઉદય જેવું છે, જ્ઞાન એ જોયેલા અને નહીં જોયેલા ઈષ્ટને પ્રાપ્ત કરવા માટે સંકલ્પરૂપ કલ્પવૃક્ષ જેવું છે, જ્ઞાન એ દુર્જય એવા કર્મરૂપી હાથીઓની ઘટાનો વિનાશ કરવા માટે સિંહ જેવું છે, જ્ઞાન એ જીવ અને અજીવરૂપ વસ્તુના સમૂહને જોવા માટે નેત્રરૂપ છે. ૧૬૫

सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।
उभयं पि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥ १६६ ॥

સાંભળીને કલ્યાણ (પુણ્ય)ને જાણે છે, સાંભળીને પાપને જાણે છે, બંનેયને સાંભળવાથી જાણે છે, જે કલ્યાણરૂપ હોય તે આચરવું જોઇએ. ૧૬૬

तं नाणमेव न हवइ, जम्मिय उदिए विभाइ रागगणो ।
तमस्स कुओऽत्थि सत्ती दिणयरकिरणग्गओ ठाउं ॥ १६७ ॥

તે જ્ઞાન જ નથી કે જેનો ઉદય થયે છતે રાગનો

સમૂહ પ્રકાશ કરે, સૂર્યના કિરણુ આગળ રહેવા માટે અંધકારની શકિત ક્યાંથી હોય ? ૧૬૭

તે પછી તે સકળ જીવોની ગતિઆગતિ વગેરે સર્વ ભાવોને હાથમાં રહેલાં આમળાની જેમ જોવા લાગ્યા. સમસ્ત જીવ-અજીવગત સર્વ ભાવોમાં સર્વથા ભ્રાંતિરહિત થયા.

તે વખતે નજીક રહેલા સમ્યગ્દૃષ્ટિ દેવો ઘાતીકર્મના ક્ષયથી કેવળ જ્ઞાન પામેલા તેને સર્વજ્ઞ જાણીને તેમના કેવલજ્ઞાનનો મહોત્સવ કરે છે, હર્ષિત થયેલા દેવોએ અપૂર્વ સુવર્ણકમળની રચના કરી. ત્યાં બેસીને ચંદ્રકેવલી મોહતિમિરને દૂર કરનારી ધર્મદેશના આપે છે :—

## શ્રી ચંદ્રકેવલીની ધર્મદેશના

આ સંસારમાં જીવ અનાદિ છે, જીવનો સંસાર અનાદિ છે, એ સંસાર અનાદિ કર્મ સંયોગથી બનેલો, દુઃખરૂપ, દુઃખના ફળરૂપ અને દુઃખના અનુબંધવાળો છે. કહ્યું છે કે—

जम्मं दुक्खं जरा दुक्खं, रोगाणि मरणाणिय ।
अहो दुक्खो हु संसारो, जत्थ किस्संति जंतुणो ॥ १६८ ॥

જન્મ એ દુઃખ છે, જરા એ દુઃખ છે, રોગ અને મરણુ દુઃખરૂપ છે, અહો આ સંસાર દુઃખરૂપ છે, જેમાં પ્રાણીઓ ક્લેશ પામે છે. ૧૬૮

તે સંસારનો વિચ્છેદ શુદ્ધધર્મથી થાય છે, શુદ્ધધર્મની પ્રાપ્તિ પાપકર્મનો વિનાશ થવાથી થાય છે, પાપકર્મનો વિનાશ

મનુષ્ય જન્મમાં જ થાય છે, અત્યંત દુર્લભ મનુષ્ય જન્મ આદિ સામગ્રી ઘણા પુણ્યના ઉદયથી થાય છે. કહ્યું છે કે—

संपुण्ण–इंदियत्तं, माणूसत्तं च आरिअखित्तं ।
जाई कुलजिणधम्मों, लभ्मंति पभूयपुण्णेहिं ॥ १६९ ॥
सुद्धो बोहो सुगुरूहिं, संगमो उवसमो दयालुत्तं ।
दक्खिण्णं करणं जं, लभ्मंति पभूयपुण्णेहिं ॥ १७० ॥

સંપૂર્ણ, ઇંદ્રિયપણું, મનુષ્યપણું આર્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, ઉત્તમ કુળ એ સર્વ ઘણા પુણ્યવડે પ્રાપ્ત થાય છે. ૧૬૯

શુદ્ધ બોધ, સુગુરુઓ સાથે સંગમ, ઉપશમ, દયાળુપણું, દાક્ષિણ્ય કરવું, એ ઘણા પુણ્ય વડે પ્રાપ્ત થાય છે. ૧૭૦

પાપકર્મના વિનાશનું અને પુણ્યોદયનું નિમિત્ત તેમ જ પરમપદ--મોક્ષને પમાડનાર દાનાદિ ચતુષ્ક (દાન–શીલ–તપ–ભાવ) રૂપ શુદ્ધ ધર્મ જ પ્રધાન સાધન છે. શુદ્ધધર્મની પ્રાપ્તિ ચાર ગતિમાં પણ મનુષ્યભવમાં જ છે. આ મનુષ્ય-ભવ પ્રબલ પુણ્યોદયથી મળે છે કહ્યું છે કે—

देवा विसयपसत्ता, नेरइया विविहदुक्खसंतत्ता ।
तिरिया विवेगविगला, मणुआणं धम्मसामग्गी ॥ १७१ ॥

દેવો વિષયમાં આસક્ત હોય છે, નારકીઓ વિવિધ દુઃખોથી સંતપ્ત હોય છે. તિર્યંચો વિવેકરહિત હોય છે. મનુષ્યોને ધર્મની સામગ્રી છે. ૧૭૧

મનુષ્યભવ મળ્યે છતે ઇંદ્રિયના વિષયો અને કષાયોનો ત્યાગ કરીને હંમેશા દાન–શીલ–તપ અને ભાવ ધર્મોમાં

ઉદ્યમ કરવો જોઇએ. કારણ કે જે વિષયમાં મૂઢ પ્રાણીઓને અનંત દુઃખ આપનારા વિષય-કષાયો નરક-નિગોદરૂપ ભવ-સમુદ્રમાં અનંતવાર ભમાડે છે, તેમાંથી ફરીથી મનુષ્યભવ અનંતકાળે પણ મેળવાતો નથી. કહ્યું છે કે- ૧૭૨

अच्छिनिमीलणमेत्तं, नत्थि सुहं दुक्खमेव पडिबद्धं ।
नरए नेरइयाणं, अहोनिसं पच्चमाणाणं ॥ १७२ ॥
जं नरए नेरइया, दुक्खं पावंति गोअमा ! निच्चं ।
तं पुण निगोअमज्झे, अणंतगुणं मुणेयव्वं ॥ १७३ ॥

નરકમાં રાત્રિ દિવસ રંધાતા નરકના જીવોને આંખ મીંચે એટલા કાળ સુધી પણ સુખ નથી, દુઃખ જ જોડાયેલું હોય છે. ૧૭૨

હે ગૌતમ! નારકીમાં નારક જીવો જે દુઃખ પામે છે, તેના કરતાં નિગોદની અંદર અનંતગણું દુઃખ જાણવું. ૧૭૩

તેથી મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગરૂપ ચાર કારણોથી પીડાયેલા, અનાદિકાળથી મોહવાસના વડે નિદ્રા, ભય, મૈથુન અને પરિગ્રહ આદિ સંજ્ઞામાં આસક્ત, અનેક પ્રકારના દુઃખસાગરમાં નિમગ્ન અશરણ પ્રાણી સમુદાયને જોઇને દુર્ગતિના નાશ માટે શાશ્વત સુખસંપત્તિને આપવામાં સમર્થ ધર્માનુષ્ઠાનમાં વિશેષે કરીને યત્ન કરવો જોઇએ. કહ્યું છે કે-

जाएण जीवलोगे, दो चेव नरेण सिक्खियव्वाइं ।
कम्मेण जेण जीवइ, जेण मओ सुग्गइं जाइ ॥ १७४ ॥

જીવલોકમાં ઉત્પન્ન થયેલ મનુષ્યે એ વાત શીખવી જોઇએ. જે કામ વડે જીવે અને મર્યા પછી સદ્‌ગતિમાં જાય. ૧૭૪

जत्थ य विसयविरागो, कसायच्चाओ गुणेसु अणुरागो ।
किरियासु अप्पमाओ, सो धम्मो सिवसुहोवाओ ॥ १७५ ॥

જ્યાં વિષયો પ્રત્યે વિરાગ હોય, કષાયોનો ત્યાગ હોય, ગુણો ઉપર અનુરાગ હોય, ક્રિયાઓમાં અપ્રમાદ હોય, તે ધર્મ મોક્ષસુખનો ઉપાય છે. ૧૭૫

दाणेण लब्भए लच्छी, सीलेण सुहसंपया ।
तवो कम्मविणासाय, भावणा भवनासिणी ॥ १७६ ॥

દાનથી લક્ષ્મી મળે, શીલથી સુખસંપત્તિ થાય, તપ એ કર્મના નાશ માટે છે. અને ભાવના ભવનો નાશ કરનારી છે. ૧૭૬

दालिद्दनासणं दाणं, सीलं दुग्गइनासणं ।
अन्नाणनासिणी पण्णा, भावणा भवनासिणी ॥ १७७ ॥

દાન એ દારિદ્રનો નાશ કરનાર છે, શીલ એ દુર્ગતિનો નાશ કરનાર છે, પ્રજ્ઞા–બુદ્ધિ એ અજ્ઞાનનો નાશ કરનાર છે અને ભાવના એ સંસારનો નાશ કરનારી છે. ૧૭૭

**દાન :**

पढमाइपारणाइं अकरिंसु करिंति तह करिस्संति ।
अरिहंता भगवंता, जस्स घरे तेसि धुवसिद्धी ॥ १७८ ॥

અરિહંત ભગવંતોએ જેઓના ઘરે પ્રથમ પારણા કર્યા છે, કરે છે અને કરશે તેઓની નિશ્ચે સિદ્ધિ–મોક્ષ થાય છે. ૧૭૮

**શીલ :**

जे केइ कम्ममुक्का, सिद्धासिज्झंति सिज्झिहिंति तहा ।
सव्वेसिं तेसिं बलं, विसालसीलस्स माहप्पं ॥ १७९ ॥

જે કોઈ કર્મથી મુક્ત થઈ સિદ્ધ થયા છે, સિદ્ધ થાય છે અને સિદ્ધ થશે, તે સર્વનું બળ વિશાળ શીલનું માહાત્મ્ય છે. ૧૭૯

**તપ :**

किं बहुणा भणिएणं, जं कस्स वि कहवि कत्थवि सुहाइं ।
दीसंति भुवणमज्झे, तत्थ तवो कारणं चेव ॥ १८० ॥

વધારે કહેવાથી શું ? જે કોઈને કોઈ રીતે કોઈ ઠેકાણે ભુવનમાં સુખ દેખાય છે તેમાં તપ જ કારણ છે. ૧૮૦

**ભાવ :**

भावच्चिय परमत्थो, भावो धम्मस्स साहगो भणिओ ।
सम्मत्तस्स वि बीअं, भावच्चिय बिंति जगगुरूणा ॥ १८१ ॥

ભાવ એ જ પરમાર્થ–સત્ય છે, ભાવ એ જ ધર્મનો સાધક કહેલ છે, જગદ્ગુરુ–જિનેશ્વરો ભાવને જ સમ્યકત્વનું બીજ કહે છે. ૧૮૧

આ પ્રમાણે અમૃતસમાન ચંદ્રરાજ કેવળીની દેશના સાંભળીને ઘણા ભવ્ય જીવો વ્રત–નિયમ ગ્રહણ કરવા વડે પોતાના જીવિતને સફળ કરે છે.

તે પછી જંગમતીર્થ સ્વરૂપ શ્રી ચંદ્રકેવળી પૃથ્વીને પવિત્ર કરતા, બાળ–મધ્યમ અને ઉત્તમ વગેરે પ્રાણીઓને યથાયોગ્ય ઉપદેશ કરતા કેટલાક અગમ્ય–અગોચર ભાવોને પ્રકાશ કરતા અનુક્રમે વિહાર કરતા **સિધ્ધાચલ તીર્થ-ક્ષેત્રમાં** આવ્યા.

## શ્રી સિદ્ધાચલતીર્થમાં ચંદ્રકેવલીનો મોક્ષ

જે આ પવિત્ર તીર્થ પહેલા પણ તેમને મનુષ્યપણું પમાડવામાં પરમ ઉપકારનું કારણ થયું હતું, ફરીથી પણ જ્ઞાન વડે જાણ્યું કે જે આ તીર્થ પર્યંતે પણ મને સિદ્ધિપદ આપનાર થશે, અહીં અનંત મુનિવરો સિદ્ધિ પદ પામ્યા છે, આ ગિરિરાજના સ્મરણમાત્રથી પ્રાણીઓના સર્વ કર્મોનો વિનાશ થાય છે. એ પ્રમાણે જાણતાં તેમણે તે જ મહાતીર્થમાં એક માસની સંલેખના કરી.

તે ચંદ્રરાજમહર્ષિ એક હજાર વર્ષ દીક્ષાપર્યાય પાળીને, ત્રીશ હજાર વર્ષનું સર્વ આયુષ્ય ભોગવીને, છેવટે યોગનિરોધ કરીને ચૌદમા અયોગી ગુણસ્થાનકે પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારસમય પ્રમાણ રહીને તે વખતે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર અઘાતી કર્મોનો સર્વથા ક્ષય કરીને અનંતવીર્ય, અખેદત્વ, અતીંદ્રિય અને અક્ષયપણું મેળવીને એક સમય માત્ર ઊર્ધ્વગતિ કરીને સિદ્ધિપદ પામ્યા.

સર્વાર્થસિદ્ધ વિમાનની ઉપર બાર યોજન ગયા પછી ઉત્તાન છત્રના આકારે રહેલી ઇષત્પ્રાગ્ભારા નામે પૃથ્વી છે, તે પીસ્તાલીશ લાખ યોજન વિસ્તારવાળી છે, પરિધિવડે સાધિક ત્રણગુણી છે, તેની ઉપર એક યોજને લોકનો અંત ભાગ છે, તે યોજનનો ઉપરનો જે કોશ (ગાઉ) છે. તે કોશના છઠ્ઠા ભાગે સિદ્ધોની અવગાહના જીવના પ્રદેશથી બનેલા આકારવાળી છે. ત્યાં જન્મ-જરા-મરણથી મુક્ત, કર્મકલંકથી રહિત, પીડા રહિત, કેવળજ્ઞાન અને કેવળદર્શન વાળા, નિરુપમ સુખથી વ્યાપ્ત સર્વથા કૃતકૃત્ય સાદિ અપર્યવસિત અક્ષયાનંદ સ્વરૂપ તે ઉત્પન્ન થયા. કહ્યું છે કે—

अलोए पडिहया सिद्धा, लोयग्गे य पइट्ठिया ।
इहं बुंदिं चइत्ताणं, तत्थ गंतूण सिज्झइ ॥ १८२ ॥
ईसिं पब्भाराए, सीयाए जोयणम्मि लोगंतो ।
बारसहि जोयणेहिं, सिद्धी सव्वट्ठसिद्धाओ ॥ १८३ ॥

સિદ્ધ ભગવંતો અલોકમાં પ્રતિહત, લોકના અગ્રભાગે પ્રતિષ્ઠિત છે, આ શરીરનો ત્યાગ કરીને ત્યાં જઇને સિદ્ધ થાય છે. ૧૮૨

શ્વેત ઇષદ્પ્રાગ્ભારા નામની પૃથ્વીથી લોકોના અંત એક યોજને છે, સર્વાર્થ સિદ્ધ વિમાનથી બાર યોજને સિદ્ધિસ્થાન છે. ૧૮૩

**સિદ્ધશિલાનું સ્વરૂપ :—**

निम्मल-दगरयवण्णा, तुसार-गोखीर-हारसरिवण्णा ।
उत्ताणय-छत्तयसंठिया उ भणिया जिणवरेहिं ॥ १८४ ॥
बहुमज्झदेसभागे, अट्ठेव य जोयणाइं बाहल्लं ।
चरिमंतेसु य तणुई, अंगुल-संखिज्जई भागं ॥ १८५ ॥
ईसी पब्भाराए, उवरिं खलु जोयणस्स जो कोसो ।
कोसस्स य छब्भागे, सिद्धाणोगाहणा भणिया ॥ १८६ ॥

નિર્મળ પાણી, રૂપું, બરફ, ગાયનું દૂધ અને હાર સરખા વર્ણવાળી, ઉત્તાન છત્રના આકારે રહેલી સિદ્ધશિલા જિનેશ્વરોએ કહી છે, ૧૮૪

તે સિદ્ધશિલા મધ્યભાગમાં આઠ યોજન જાડી છે, અને છેલ્લા અંતભાગમાં અંગુલના અસંખ્યાતમા ભાગ જેવી પાતળી છે. ૧૮૫

ઇષદ્પ્રાગ્ભારા નામની તે સિદ્ધશીલાની ઉપર એક યોજનનો ઉપરનો જે કોશ, તે કોશના છઠ્ઠા ભાગે ( ૩૩૩ $\frac{1}{3}$

ધનુષ્ય ) માં સિદ્ધોની અવગાહના કહી છે. ૧૮૬

હવે સુમતિ અને શિવકુમાર સાધુ તથા ગુણાવલી અને પ્રેમલાલચ્છી સાધ્વી પણ અનુક્રમે આઠ કર્મો ખપાવીને સિદ્ધિપદ પામ્યા.

શિવમાળા પ્રમુખ સાધ્વીનો પરિવાર સર્વાર્થ સિદ્ધ વિમાનમાં ગયો, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણે ઉત્પન્ન થઇને તે સર્વ સિદ્ધિસુખ પામશે. આ પ્રમાણે શીલરત્નના પ્રભાવે જેવી રીતે તેઓના આવા પ્રકારની ઇષ્ટસિદ્ધિ થઇ, તેવી રીતે હે ભવ્ય જીવો ! ચંદ્રરાજાની જેમ બીજા પણ જે બ્રહ્મવ્રત પાળે તે મુક્તિ સુખ મેળવે છે. જે નવ બ્રહ્મચર્યની ગુપ્તિ વડે વિશુદ્ધ શીલવાળો વિમલગિરિવરને સ્પર્શ કરે છે તે ચંદ્રરાજાની પેઠે પરમ શાંત સુધારસનો આસ્વાદ કરનાર થાય છે.

चंदस्स पयडभावो, सत्तुवहो य गमणं च आभाए ।
संजमगहणं सिवपयलाहो कहिया चउत्थंमि ।। १८७ ।।

આ ચોથા ઉદ્દેશામાં ચંદ્રરાજાનું પ્રકટ થવું, શત્રુનો વધ, આભાપુરીમાં ગમન, સંયમનું ગ્રહણ, અને મોક્ષપદની પ્રાપ્તિ કહ્યા છે. ૧૮૭

## પ્રશસ્તિ

एवं निम्मलसीलोवरिं चरितं हि चंदरायस्स ।
सोच्चा तहा सुसीले, जत्तो भविएण कायव्वो ।। १ ।।

આ પ્રમાણે નિર્મળ શીલ ઉપર શ્રી ચંદ્રરાજાનું ચરિત્ર સાંભળીને, ભવ્ય જીવોએ ઉત્તમશીલને વિષે યત્ન કરવો. ૧

एवं चंदनिवइणो निम्मलयरगुणगणे हि गाइत्ता ।
भव्वाण सीलरयणे, मए सुसिक्खा वरा दिण्णा ॥ २ ॥

આ પ્રમાણે ચંદ્રરાજાના નિર્મળ શ્રેષ્ઠ ગુણના સમૂહને કહીને ભવ્ય જીવોને શીલરત્ન પાલન માટે મેં શ્રેષ્ઠ શિખામણ આપી. ૨

एवं चरियं सोच्चा, उवहसियव्वं न केण विबुहेण ।
इह जाया जा खलणा, बुहसिट्ठा तं विसोहंतु ॥ ३ ॥

આ ચરિત્ર સાંભળીને કોઇ પંડિત પુરુષે હાંસી કરવી નહિ, અહીં જે કોઇ સ્ખલના થઇ હોય તે શિષ્ટ એવા પંડિત પુરુષો શુદ્ધ કરજો. ૩

एत्थ न पयलालित्त, उत्तमकविसारिसी न पयरयणा ।
मंदमइबोहणट्ठं, तह वि मम उज्जमो सहलो ॥ ४ ॥

અહીં પદલાલિત્ય નથી. ઉત્તમ કવિ સરખી પદરચના નથી, તોપણ મંદબુદ્ધિવાળા જીવોને બોધ કરવા માટે મારો આ ઉદ્યમ સફળ છે. ૪

सोआ भवइ पवित्तो, जइया गुणगाणओ सुपुरिसाणं ।
तइया तस्स पणेआ, कहं न होज्ज पवित्तयमो ॥ ५ ॥

સુપુરુષોના ગુણગાનથી જ્યારે શ્રોતા પવિત્ર થાય છે, ત્યારે તેના પ્રણેતા-રચનાર પવિત્રતમ કેમ ન થાય? અર્થાત્ થાય જ. ૫

सिरिसेणसूरिराओ, सपरसमय रयणरासिपारीणो ।
आसी जिणवरसासण-पहावगो तवगणाहिवई ॥ ६ ॥

સ્વ-પર-સિદ્ધાંત સમુદ્રના પારગામી શ્રી સેનસૂરિરાજ જિનેશ્વર શાસનની પ્રભાવના કરનાર તપગણના અધિપતિ થયા. ૬.

उज्झायकित्तिविजओ, स जाओ तस्स पंडिओ सीसो ।
तस्स सिरिमाणविजओ, सीसो कइसेहरो जाओ ॥ ७ ॥

તેમના શિષ્ય ઉપાધ્યાય કીર્તિવિજય થયા, તેમના શિષ્ય પંડિત માનવિજય કવિ શેખર થયા. ૭

सीसो उ रूवविजओ संभूओ तस्स नाण लद्धिजुओ ।
तस्स वि सीसप्पवरो, मोहणविजओ बुहो जाओ ॥ ८ ॥

તેમના શિષ્ય જ્ઞાનલબ્ધિથી યુક્ત રૂપવિજય થયા, તેમના શિષ્યપ્રવર પંડિત મોહન વિજય થયા. ૮

तेण विबुहेण रम्मो, रसो सिरिचंदरायनिवइस्स ।
भवियहियय-मोअगरो, ललियपयालंकिओ रइओ ॥ ९ ॥

તે પંડિત મોહનવિજયે શ્રી ચંદ્રરાજ નૃપતિનો રાસ ભવ્યજીવોના હૃદયને આનંદ કરનારો, મનોહર પદોથી અલંકૃત રચ્યો. ૯

सिरिथंभतित्थनयरे, रइयं रासाणुसारिचरियमिमं ।
थंभणपासकिवाए, आससिसूरं जए जयउ ॥ १० ॥

શ્રી સ્થંભતીર્થનગરે (ખંભાત નગરે) રાસને અનુસારે આ ચરિત્ર શ્રી સ્તંભન પાર્શ્વનાથની કૃપાથી રચ્યું, તે યાવચ્ચન્દ્ર દિવા કરો જગતમાં જયવંતુ વર્તો. ૧૦

सिरिणेमिसूरिरायं, पगुरुं पणमामि धोरबंभवयं ।
पोढप्पह वक्कलियं, तवग छगयणसहस्सकरं ॥ ११॥

ઘોર મજબૂત બ્રહ્મવ્રતધારી પ્રૌઢ પ્રભાવથી વ્યાપ્ત તપગચ્છરૂપી આકાશમાં સૂર્ય સમાન પ્રગુરુ શ્રી નેમિસૂરિરાજ ને હું પ્રણામ કરું છું. ૧૧

पारिंति गंथरयणे, जस्स पसाएण मारिसा मंदा ।
समयण्णुं गुरूरायं, नमिमो सिरिसूरिविन्नाणं ॥ १२ ॥

જેમની કૃપાથી મારી જેવા મંદ પણ ગ્રંથ રચવામાં પાર પામે છે, તે સમયજ્ઞ ગુરુરાજશ્રી વિજ્ઞાનસૂરિ મહારાજને નમસ્કાર કરું છું. ૧૨

सीसेण तस्स रइयं, नरवइसिरिचंदरायचरियमिमं ।
कत्थूरायरिएणं, वरिसे भुअहत्थ-नहिं-नेत्ते ॥ १३ ॥

તેમના શિષ્ય આચાર્ય કસ્તૂરસૂરિએ આ નરપતિ શ્રી ચંદ્રરાજાનું ચરિત્ર ૨૦૨૨ ની સાલમાં રચ્યું. ૧૩

એ પ્રમાણે તપાગચ્છાધિપતિશ્રી કંદબગિરિ વગેરે અનેક તીર્થોના ઉદ્ધાર કરનાર શાસન પ્રભાવક આ બાલ બ્રહ્મચારી સૂરીશ્વરશેખર આચાર્ય શ્રી વિજય નેમિસૂરીશ્વર પટ્ટાલંકાર સમયજ્ઞ વાત્સલ્યવારિધિ આચાર્ય વિજયવિજ્ઞાનસૂરીશ્વર પટ્ટધર સિદ્ધાંત મહોદધિ પ્રાકૃતભાષા વિશારદ આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિએ રચેલા પ્રાકૃત શ્રી ચંદ્રરાજચરિત્રમાં ચંદ્રરાજાનું પ્રગટ થવું, વીરમતીનો વધ, આભાપુરીમાં પ્રયાણ, સંયમ-ગ્રહણ, મુક્તિ પદ ગમન સ્વરૂપ ચતુર્થ ઉદ્દેશનો અનુવાદ સમાપ્ત થયો.